સોદાગર શાહ

-વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ શાહ

: લેખક :
વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

: પ્રકાશક :
નવયુગ પુસ્તક ભંડાર
બુકસેલર્સ : : પબ્લિશર્સ
નવા નાકા રોડ
રાજકોટ-૩૬૦૦૦૧ : : : [સૌરાષ્ટ્ર]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ–૩૬૦૦૦૧ : [સૌરાષ્ટ્ર]

*

(c) વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

*

પુનઃમુદ્રણ : ચોથું
[૧૯૮૧]

*

કિંમત
રૂા. ૨૮–૦૦

*

: મુદ્રક :
બિપિન એન. શાહ
બિપિન પ્રિન્ટરી
મુ. સાદરા ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તપ, ધર્મ અને કર્તવ્ય પ્રત્યે જેઓ
સદાય જાગૃત રહ્યાં છે તે મારાં પરમ પૂજ્ય
ગં. સ્વ. સ્વ. શ્રી ચંપાબેન સોમચંદ શાહ
ઉનાવા વાળાનાં આત્માને સાદર સમર્પિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી રચિત પુસ્તકો

૧૬ –૦૦ ભેદની ભીતરમાં	૨૩–૦૦ નટરાજ : અંજના
૨૬–૫૦ પ્રેતનું રહસ્ય	૨૩–૦૦ નટરાજ : મેખલાપુત્ર
૨૦–૦૦ નંદિની શાહ	૨૧–૫૦ પાયલબાજે : કલ્યાણી
૨૨–૫૦ રૂપકોશા : રાજનર્તકી	૨૨–૫૦ પાયલબાજે : ઈલાચિ
૨૨–૫૦ રૂપકોશા : સ્થૂલભદ્ર	૨૦–૦૦ નિર્ધનપતિ
૨૬–૫૦ સિદ્ધવૈતાલ : રોહિણી	૧૮–૦૦ રજની રંગભરી
૨૬–૫૦ સિદ્ધવૈતાલ : અનંગલેખા	૧૮–૦૦ સંસાર ચાલ્યો જાય છે
૨૭–૦૦ સિદ્ધવૈતાલ : માયાપુરી	૧૮–૦૦ સંસાર એક સ્વપ્ન
૨૫–૦૦ પુંજો પાવરીયો	૧૮–૦૦ સૌભાગ્ય કંકણ
૧૬–૦૦ સ્મરણ માધુરી	૧૬–૫૦ રાજનંદિની
૨૮–૦૦ દેવા શાહ	૧૫–૦૦ સ્નેહપ્રિયા
૨૮–૦૦ ભાવડ શાહ	૧૩–૫૦ તરંગલોલા
૨૦–૦૦ જાવડ શેઠ	૧૦–૫૦ અંજનાસુંદરી
૨૦–૦૦ સુદર્શન શેઠ	૧૫–૦૦ પુણ્યપ્રભાવ ૧ લો
૧૯–૦૦ એ ગૌરી એ સાંવરી	૧૫–૦૦ પુણ્યપ્રભાવ ૨ જો
૧૮–૫૦ પ્રિયંકર	૧૦–૦૦ ચર સમ્રાટ
૨૦–૦૦ ભવબંધન : મલયસુંદરી	૧૦–૦૦ આર્ય લલિતાંગ
૨૦–૦૦ ભવબંધન : મહાબલકુમાર	૧૦–૨૫ નાથ અનાથ
	૧૪–૭૫ નમિરાજ

નવયુગ પુસ્તક ભંડાર : નવા નાકા રોડ
રાજકોટ : ૩૬૦૦૦૧
[સૌરાષ્ટ્ર]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોડી પળો માટે

સૌરાષ્ટ્રનો ભૂતકાલિન ઈતિહાસ ઘણો જ ભવ્ય, ગૌરવવન્તો, પ્રેમ, ત્યાગ, શૌર્ય અને ભક્તિથી સભર ભરેલો પડ્યો છે.

સૌરાષ્ટ્રની ધરતીમાં આવેલાં નાના મોટાં પ્રત્યેક ગામડાનાં હૃદયમાં તેના ભૂતગૌરવ સંસ્મરણો દટાયેલાં પડયાં છે.

જેમ પાદરે પાદરે ઉભેલા પાળીયાઓ પાછળ પ્રેમ-શૌર્યની એકાદ કથા ભરી પડી છે તેમ ઘરેઘરના પાયામાં પણ ભાવના અને સમર્પણની કહાણીઓ ઘરબાયેલી છે.

એવી જ એક મરદાનગીભરી ઐતિહાસિક કહાણી આ પુસ્તકમાં ગુંથવામાં આવી છે.

જેને આજ આપણે મહુવા તરીકે ઓળખીએ છીએ તેનું પ્રાચીન નામ મધુમતી નગરી હતું અને તે કાળે સમગ્ર રાષ્ટ્ર પર સમ્રાટ વીર વિક્રમની આણ ફરતી હતી.

મહારાજ વિક્રમાદિત્યે જે વણિકને મધુમતિ નગરી મિત્ર ભાવે અને તેના ગુણનીય પૂજ્ય રૂપે આપેલી, તે પુરુષ સૌરાષ્ટ્રનો ધરતીનો એક પ્રમાણિક અને અટલ નિશ્ચય બળવાળો વેપારી ભાવડ શાહ.

ભાવડ શાહ આવી પડેલી વિપત્તિઓનો કેવી રીતે મુકાબલો કરે છે તે વાત આ નવલકથાના અંગ સમાન છે.

ખરેખર, ધર્મ પ્રત્યે અચળ શ્રદ્ધા રાખનારાઓ ગમે તેવી વિપત્તિને ધોળાંને પી જતા હોય છે...ભાવડ શાહના જીવનની સાચી સુવાસ એ આદર્શમાં જ પડી છે.

આજ આ કથાની બીજી આવૃત્તિ થાય છે.

ભાવડ શાહનો પુત્ર જાવડ પણ ઘણું જ ગૌરવભર્યું પાત્ર છે. એના જીવનનાં પ્રસંગો ખૂબજ પ્રેરક છે...'જાવડશેઠ' રજુ કરવાની મારી આશા સફળ થઈ છે.

આ કથામાં મુદ્રણ દોષ રહી ગયા હોય તે બનવા જોગ છે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે ઝડપી ગતિમાં કોઈ વાર આવું બની જતું હોય છે. આમ છતાં ખૂબજ કાળજી રાખી છે.

આ કથા મારી અગાઉની કથાઓ માફક અવશ્ય વાચક વર્ગને પ્રિય થઈ પડશે એવા વિશ્વાસ સાથે અને વાચક મિત્રોના સદ્‌ભાવ પ્રત્યેની અટલ શ્રદ્ધા સાથે હું સર્વનો આભાર માનવાની આ તક મસ્તકે ધારણ કરી લઉં છું.

ત્રીજી આવૃત્તિ વખતે

આ કથાની આજ ટૂંકગાળામાં ત્રીજી આવૃત્તિ થાય છે. ગુજરાતના વાંચકો મારી કથાઓને પોતાની માની મને મહાન પુરસ્કાર આપ્યો છે. તેમ હું માનું છું. આ કથાનક નરનાર બન્નેને પ્રિય થઈ પડયું હતું અને લોકોએ મારા પર અભિનંદનનાં ફૂલ વેર્યાં હતાં.

હું સર્વ વાચક સમુદાયનો હાર્દિક આભાર માનું છું.

સં. ૨૦૩૨ના ભાદરવા સુદ ૮
રાજકોટ

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

ચોથી આવૃત્તિ વેળાએ

ભાવડ શાહની ચોથી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. મારા પિતાશ્રીએ પ્રસ્તાવનામાં કથા વિષે પોતાની મનોભાવના વ્યક્ત કરી છે. ગુજરાતી વાંચક સમુદાયે આ કથાને પોતાની માનીને જે પ્રેમ દર્શાવ્યો છે તે ભૂલાય તેમ નથી.

ગુજરાતી વાંચકોનો આ પળે હું આભાર માનું છું. આજ મારા પિતાશ્રી હયાત નથી છતાં તેમની અમરકૃતિઓ ગુજરાતી વાંચકોના હૈયે વસેલી છે અને પ્રેરણા આપી રહી છે. તે અતિ ગૌરવની વાત છે.

સંવત ૨૦૩૭ : આસો સુદ ૧૦
કરણપરા, કિશોરસિંહજી રોડ
ધામીનિવાસ,
રાજકોટ-૩૬૦૦૦૧

વિમલકુમાર મોહનલાલ ધામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભા વ ડ શા હ

[ઐતિહાસિક નવલકથા]

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—: અનુક્રમ :—

પ્રકરણ		પૃષ્ઠ
૧	વેપારનો દાવ	૩
૨	ભાગ્યની રમત	૧૫
૩	માનવી કે દેવ ?	૨૯
૪	ભાઈ બહેન	૪૨
૫	વિયોગના અશ્રુ	૫૬
૬	નારાયણ	૬૯
૭	દર્દમાં આનંદ	૮૫
૮	મિત્રનાં લગ્ન	૧૦૧
૯	રાજનો સાળો	૧૧૪
૧૦	જાળ તુટી ગઈ	૧૨૬
૧૧	જાળ સામે જાળ	૧૩૯
૧૨	મધુર સ્વપ્ન	૧૫૨
૧૩	આવું ન શોભે	૧૬૫
૧૪	કઠણ માનવી	૧૭૮
૧૫	ભવિષ્ય વાણી	૧૯૨
૧૬	મિત્ર-મિલન	૨૦૭
૧૭	હાટડી માંડી	૨૨૩
૧૮	લક્ષ્મી	૨૩૬
૧૯	બહેન આવી...	૨૪૮
૨૦	મલુકચંદ	૨૬૧
૨૧	પશુમાંથી માણસ	૨૭૪
૨૨	બહેનનું સુખ	૨૮૮
૨૩	સોગઠી ઊંધી પડી	૩૦૧
૨૪	સાધનાની ભેટ	૩૧૪
૨૫	રાજપદ	૩૨૭
૨૬	વાદળ વિખરાયાં	૩૩૯
	ઉપસંહાર	૩૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મને શરણે ગયેલા એ ને
દુઃખ, દર્દ કે વિપત્તિ કદી પણ
અકળાવતાં નથી.... કારણ કે
ધર્મ પોતે જ એનું રક્ષણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ વેપારનો દાવ !

જે કાળની આ કથા છે તે કાળ આ દેશ માટે સુવર્ણયુગ ગણાતો હતો. તે સમયે માલવનાથ વીર વિક્રમાદિત્યની આણ સમગ્ર ભારતમાં ફરતી હતી.

વીર વિક્રમે પોતાના પચાસમાં વર્ષે શકોના હુમલાઓને ખતમ કર્યા હતા અને રાષ્ટ્રને નિર્ભય બનાવ્યું હતું. ભારતીય જનતાએ પોતાના પરદુઃખભંજન મહારાજાને શકારિનું બિરૂદ આપ્યું હતું....અને એજ વર્ષે બાણુલાખ માળવાના સમર્થ સ્વામીને ચક્રવર્તિનું ગૌરવ પ્રાપ્ત થયું હતું...વીર વિક્રમે સમગ્ર માલવ જનતાનું દેણું રાજકોષમાંથી લેણદારોને ચૂકવી આપ્યું હતું અને તેઓ પરદુઃખભંજન તરીકે સમગ્ર રાષ્ટ્રમાં મશહુર બન્યા હતા.

મહારાજ વિક્રમાદિત્યનો જન્મ કાર્તિક શુદિ એકમના શુભ દિવસે હતો....રાષ્ટ્રના જ્યોતિષાચાર્યોએ વીર વિક્રમના એકાવનમાં વર્ષથી વિક્રમાબ્દનો પ્રારંભ કર્યો હતો. તે સમયે ધર્મ સંવત ચાલતો હતો અને તેને લગભગ ચારહજારથી વધારે વર્ષ વીતી ગયાં હતાં....બીજો વીર સંવત ચાલતો હતો અને તેને માત્ર પાંચસો વર્ષ પણ પુરાં થયાં નહોતાં.... આજ પણ વીર નિર્વાણ સંવત ચાલુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્રમની પ્રથમ સદીના પ્રારંભ કાળનો આ સમય છે.

રાષ્ટ્રમાં અનેક નાનાં મોટાં રાજ્યો હોવા છતાં સહુએ મહાપરાક્રમી વીર વિક્રમની આણ મસ્તકે ધારણ કરી છે.

જનતાને કોઈ પ્રકારની હાડમારીનો અનુભવ થતો જ નથી.

ધનધાન્યનું ઉત્પાદન એટલા વિપુલ પ્રમાણમાં થતું હોય છે કે બારબાર દુષ્કાળ એકસાથે પડે તો પણ કોઈ ને ભુખથી મોતને ભેટવું પડતું નથી.

ભારતના વેપારીઓની સાખ અનેડ છે. નફાખોરી, દગાખોરી, વધારે નફો લેવાની શોષણખોરી, ભેળસેળ વાળી પાપવૃત્તિ વગેરે કોઈ અનિષ્ટો વેપારીના જીવનમાં કે વર્તનમાં પ્રવેશી શકયાં નથી.

સમગ્ર ભારતમાં મોટાભાગનો વેપાર જૈન પરિવારોનાં હાથમાં હતો. જૈનો ધર્માશ્રયે જીવતા હોવાથી પ્રમાણિકતાને ગુમાવવા કરતાં મોતને ભેટવાનું પસંદ કરતા હતા.

જ્ઞાનની ઉજ્વળ રેખાઓ ચારે દિશાએ પથરાયેલી હતી. નાલંદા, તક્ષશિલા, વલ્લભીપુર, પૃથ્વીસ્થાનપુર, અવંતિ, પાટલીપુત્ર, મણિપુર વગેરે અનેક સ્થળે મહાન-વિદ્યાલયો ચાલતાં હતાં.

તક્ષશિલાના વિરાટ વિદ્યાલયમાં આરોગ્ય, દેહ વિજ્ઞાન અને ચિકિત્સાનો અભ્યાસ કરનારા એક લાખથી પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એ સિવાય અન્ય કલાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શાસ્ત્રોનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણા મોટા પ્રમાણમાં હતી.

રાજનીતિ, વૈદક, શસ્ત્રકલા, વાણિજ્ય, સંગીતશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઉદ્યોગશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, વ્યાકરણ, ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, કામશાસ્ત્ર, નૃત્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર વગેરે અનેક વિષયોનું જ્ઞાન વિવિધ વિદ્યાલયોમાં અપાતું હતું અને ઊર્તિણ થતા વિદ્યાર્થીઓને વિવિધ ઉપાધિઓ પ્રાપ્ત થતી હતી.

કાગળ બનાવવાનો ઉદ્યોગ કાશ્મીરમાં શૈકાઓથી વિકસ્યો હતો. આમજનતા વહી–ચોપડામાં એ કાગળનો ઉપયોગ કરતી. પરંતુ ગ્રંથો, દસ્તાવેજો વગેરેમાં તામ્રપત્ર અને તાલપત્રનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. કારણ કે તાલ અને તામ્રપત્રની આયુષ્યમર્યાદા હજારો વર્ષની હતી.

વ્યાપાર, ખેતી અને ઉદ્યોગ સમગ્ર રાષ્ટ્રમાં મુક્ત હતા. કોઈ કોઈના ધંધામાં ડખલ કરતું નહિ અને રાજ્ય કદી પણ એકહથ્થુ વ્યાપાર અથવા તો પોતાના હાથમાં વેપારનો દોર પકડતું નહિ. તે કાળે એક સુંદર કહેવત પણ હતી કે જેનો રાજા વેપારી તેની પ્રજા ભીખારી. લોકો પર કરભારણનો કોઈ મોટો બોજો સ્વપ્નમાં પણ લાદવામાં આવતો નહોતો. કોઈ રાજા એકાદ કર વધારે નાખે અથવા રાજધનનો કુમાર્ગે અપવ્યય કરે તો પ્રજારૂપી મહાજન તે રાજાને કાન પકડીને ગાદી પરથી ઉઠાડી મૂકતું. આમ છતાં રાજા બળવાન હોય અને મહાજન નિર્બળ હોય તો જનતા તેના રાજ્યનો ત્યાગ કરીને ચાલી જતી. પરંતુ આવું ભાગ્યે જ બનતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજતંત્ર ધર્માશ્રિત હતું. પ્રજા પણ ધર્માશ્રિત હતી. અને મહાજનતંત્ર તો ધર્મ ભાવનાના પાયા સમાન જ હતું. તે કાળે સનાતનધર્મ, જૈનધર્મ, શૈવધર્મ અને શક્તિધર્મ સમગ્ર પ્રજા જીવનમાં આર્યધર્મની મહા સરિતાઓ રૂપે વહેતા હતા. બૌદ્ધધર્મનો જેટલા વેગથી ઉદય થયો હતો, તેટલા જ વેગથી તેનો વિલય પણ થવા માંડયો હતો.

આર્થિક એકમો રૂપી જ્ઞાતિ સંસ્થાઓ અનેક હતી. પરંતુ એ સર્વ વર્ણાશ્રમની છાયા નીચે જ વસતો હતી.

લોકોનાં ચિત્ત ઉદાર, પ્રેમમય અને નિર્દોષ હતાં. સ્ત્રી જાતિનો ઉત્પત્તિ સવિશેષ હોવાથી એકથી વધુ પત્ની કરવાનો રીવાજ થઈ પડયો હતો....પરંતુ મોટા ભાગના પુરુષો એક જ પત્ની રાખતા હતા.

જ્યાં સુખ, સમૃદ્ધિ અને વૈભવ હોય ત્યાં વિલાસ આવે જ છે; અને જાતીય આકર્ષણ કયા યુગમાં અસ્ત થયું છે ? મૈરેય પાન, જુગાર, ગણિકાસંગ વગેરે દુષણો મોટી મોટી નગરીઓમાં હતાં જ....પરંતુ એ દુષણ રૂપે જ હતાં...કલા રૂપે નહિં. એ દુષણનો ભોગ બનનારાઓ પણ એને પાપ જ માનતા હતા. ગણિકા જીવનના અનેક પ્રકાર હતા. એક ગણિકા તંત્ર એવું હતું કે જે અધિકારીઓને કામશાસ્ત્ર અને કૂટનીતિ શીખવતું, બીજું ગણિકાતંત્ર રૂપ-યૌવનનો વેપાર કરતું. આ કાળે નર્તક સંપ્રદાય ઘણો પવિત્ર ગણાતો હતો. તેઓ કેવળ કલાનું જ વિતરણ કરવામાં પોતાનું કર્તવ્ય માનતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમતમાં ધૈર્ય અને સમભાવનો ગુણ વિકસેલો હતો. ગરીબો શ્રીમંતને જોઈને કદી પણ રોષે નહોતા ભરાતા અને શ્રીમંત ગરીબો પ્રત્યે ઉપેક્ષાભાવ નહોતો રાખતો. સુખદુઃખનું મૂળ સ્રોત વર્ણવ્યવસ્થા નહિ પણ કર્મ ફળમાં સમાયેલ હોવાથી ગરીબાઈ એ ગુનો નહોતો અને અમીરી એ પાપ નહોતું અને વધારે ઉત્તમ વસ્તુ તો એ હતી કે રહેણી કરણીમાં સહુ સરખા જ રહેતા.

ધનવાનો દાનધર્મને મહત્વ આપીને પોતાનું ધન અન્યના કલ્યાણ અર્થે છે એવું દર્શાવી શકતા હતા. અને ગુણ–અવગુણ તો સાથે જ હોય છે. એક હજાર ઉદાર માનવીમાં એકાદ કૃપણ પણ હોય....!

લોકનેતા રૂપે તે કાળે સ્વાર્થાંધ કે સત્તાંધ માણસો હતા જ નહિ....ત્યાગી, સાધુઓ, મુનિવરો, સંતો અને ભક્તો જ હતા. તેઓની જીવનધારામાંથી જ જનતાને જીવવાનું બળ મળતું....તેઓની વાણીમાંથી જ જનતાને અમૃત મળતું.

આમ સમગ્ર રાષ્ટ્ર ધર્માશ્રિત રાજમાર્ગ પર ચાલતું હતું. વેપારીઓ દૂર દૂરના અને સાગરપારના દેશોમાં વેપાર ખેડતા હતા. રાષ્ટ્રનો સાગરતટ વિશાળ હોવાથી વહાણ-વટાનો વિકાસ વિશ્વના કોઈ પણ દેશ કરતાં ખૂબ જ ઉન્નત બન્યો હતો અને સાગરપારના દેશો સાથે ભારતનો વેપાર સંકળાયેલો હતો....તે માલ લઈ જતો....ત્યાંથી લાવતો. સાથોસાથ સંસ્કાર પણ લઈ જતો અને વિદેશની જનતાને ઉદાર હૃદયે આપતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા ભવ્ય, મહાન અને સમૃદ્ધ સુવર્ણયુગમાં સૌરાષ્ટ્ર દેશમાં આવેલા કાંપિલ્યપુર નગરમાં આપણી કથાનો પ્રારંભ થાય છે.

કાંપિલ્યપુરનગર સુખી અને સમૃદ્ધ હતું. ત્યાંનો રાજા તપનરાજ વીરવિક્રમાદિત્યની આજ્ઞા મુજબ રાજ્ય કરતો હતો. નગરીમાં જૈનોનાં પરિવારો વ્યાપારક્ષેત્રમાં અગ્રગણ્ય હતા. છસ્રાત પરિવારો તો એવા હતા કે જે કોટ્યાધિપતિ તરીકે પંકાતા હતા.

કાંપિલ્યપુરના નગરશેઠ ધર્મદાસશેઠનો મોટા ભાગનો વ્યાપાર વિદેશો સાથે હતો....એજ રીતે ત્યાં વસતા ભાવડ-શેઠનો વ્યાપાર આસપાસના પ્રદેશમાં પથરાયેલો હતો.

ભાવડ એક તેજસ્વી નવજવાન હતો. સોળવર્ષની ઉમ્મરે તેનાં લગ્ન તેરવર્ષની ભાગ્યવતી નામની કન્યા સાથે થયાં હતાં. ભાવડ જેમ સશક્ત, બુદ્ધિચતુર, કાબેલ અને ધર્મભાવ પૂર્ણ હતો, તેમ ભાગ્યવતી પણ રૂપવતી, સંસ્કારી, ગુણવતી અને ધર્મીષ્ઠ હતી.

ભાવડનું સગપણતો નાનપણમાં જ થયું હતું પરંતુ લગ્ન પછી માત્ર બે જ વર્ષમાં ત્રણ ત્રણ માસના અંતરે તેનાં માતા પિતા સ્વર્ગે સિધાવી ગયા હતા. પરિવાર બહુ મોટો નહોતો. એક બહેન હતી તે સાસરે હતી અને સુખી હતી.

માત્ર અઢાર વર્ષની ઉમ્મરે તેના મસ્તક પર બીકતી પેઢીનો બોજ આવી પડ્યો. જે વયે ખીલતા યૌવનનાં સુમધુર સ્વપ્ન રચાતાં હોય છે, જે વયે અંતરમાં મિલનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક અવ્યક્ત કવિતા ગુંજતી હોય છે અને જે વચે પ્રિયાના મધુર હાસ્યની ઝંખના રહેતી હોય છે, તે વચે વ્યાપાર અને વ્યવહારનો બોજો આવી પડે ત્યારે મનમાં કેવું થાય ?

પરંતુ ભાવડ પરમ જૈન હતો. માતાના ધાવણમાંથી જ તેને ધર્મના સંસ્કાર મળ્યા હતા. રાત્રિભોજનનો તો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો અને છ વર્ષની ઉમ્મરે તે હંમેશ સામાયિક કરતો....બાર વર્ષની વયે પંચપ્રતિક્રમણ શીખી ગયો હતો....અને જ્યારે તેના લગ્ન થયાં ત્યારે તેણે પર્વતીથિનાં પાલનની પ્રતિજ્ઞા લીધી હતી. આવા માનવીના ચિત્તને યૌવનવયની મધુર કલ્પનાઓ કદી પણ ચંચળ બનાવતી નથી કે પીડિત કરતી નથી.

વ્યાપાર અને વ્યવહારનો બોજો તેણે સહર્ષ ઉઠાવી લીધો. રહેણાકનું મકાન ઘણું વિશાળ હતું. વીસેક જેટલી ઘોડીઓ, આઠ જોડી બળદ, સો જેટલી ગાયો, દાસદાસીઓ વગેરે હોવા છતાં ભાગ્યવતી એક પળ માટે પણ નવરી બેસતી નહોતી.

નિયમિત સામાયિક, શ્રી જિનપૂજા, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ તો કરવાની જ રહેતી....સાથોસાથ સમગ્ર ભવનની દેખરેખ, પશુઓની સંભાળ, રસોઈની કાળજી વગેરે ઘરકામમાં તે પ્રસન્ન ચિત્તે પરોવાયેલી રહેતી.

આવી ગુણવાન અને આદર્શ પત્ની મળ્યાનો ભાવડને હર્ષ પણ થતો. તે માનતો હતો કે પુણ્ય પાંસરા હોય ત્યારે જ આવું નારી રત્ન પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંપિલ્યપુરનો નવજવાન નગરશેઠ ધર્મદાસ ભાવડ કરતાં બે વર્ષ મોટો હતો અને સાધાર્મિક હોવાથી બંને મિત્રો પણ હતા.

ઘણા માણસોમાં કોઈ વાર અમુક શક્તિ પૂર્વ પૂણ્યના યોગે પ્રાકૃતિક મળતી હોય છે. ભાવડમાં એવી જ એક શક્તિ હતી....અશ્વોની પરખની.

એક વાર એક યતિ પોતાના બે શિષ્યો સાથે વિહાર કરતા કરતા કાંપિલ્યપુર નગરીમાં આવ્યા હતા....તે વખતે ભાવડની વય ચૌદ વર્ષની હતી અને સંતપુરૂષોની વૈયાવચ્ચ કરવાની તેના મનમાં ભાવના હતી. તે રોજ રાતે પ્રતિક્રમણ કરીને યતિવર્ય પાસે બેસતો. એમના પગ દબાવતો, એમનું કોઇ પણ કાર્ય હોય તો તે કરી આપતો, યતિશ્રી આ કિશોરની મુખમુદ્રા પરથી ઘણું ઘણું વાંચી ગયા હોય કે ગમે તે હોય પણ તેઓએ ભાવડને અશ્વ પરીક્ષા અને પરિચર્યાનું શાસ્ત્ર ચાર મહિનાના ગાળામાં શીખવી દીધું. મનમાં રસ ન હોય તો બાર વર્ષે પણ વિદ્યા પ્રાપ્ત થતી નથી. ભાવડના મનમાં અશ્વ વિદ્યા શીખવાનો ઉલ્લાસ જાગ્યો હતો અને ગુરૂદેવ પરની પરમ શ્રદ્ધાના કારણે તે કેવળ ચાર મહિનામાં અશ્વવિદ્યા સંપાદન કરી શકયો હતો.

તે જ્યારે સોળ વર્ષનો થયો ત્યારે તે કુશળ અશ્વ પરિક્ષક છે એમ લોકોને લાગવા માંડયું....અને અઢાર વર્ષનો થયો ત્યારે કોઈને અશ્વ ખરીદવો હોય તો તે ભાવડની સલાહ લેવા માટે આવી પહોંચતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વણિકની સંપત્તિ મોટે ભાગે દટાયેલી નથી રહેતી.... વેરાયેલી અથવા તો વાવેલી જ હોય છે. ભાવડના ભવનમાં રોકડ નાણું ઘણું અલ્પ હતું કારણ કે વેપારમાં વેરાયેલું હતું....પરંતુ હરદાગીના વગેરેનું મૂલ્ય એક લાખ સુવર્ણ મુદ્રાથી પણ વધારે ગણાતું.

વેપારમાં વાવેલું ધન યોગ્ય વર્ષા હોય તો અનેક ગણું થઈ પડે છે અને કોઈ વાર એ ધન ખતરો પણ ઊભો કરે છે.

નવજવાન નગરશેઠ ધર્મદાસનો ધીકતો વેપાર વિદેશો સાથે જ હતો. કાપડ, કરિયાણું, અફિણ, ઔષધો કાંતવાનાં હાથયંત્રો, સંગીતના સાજો વગેરેની નિકાસ વિદેશમાં થતી અને એના બદલામાં સુવર્ણ પ્રાપ્ત થતું તેમજ વિદેશોનો મૂલ્યવાન માલ પણ મળતો.

ધર્મદાસના પિતાનું મૃત્યુ લગભગ આઠ વર્ષ પહેલાં થયું હતું....એ વખતે ધર્મદાસે કિશોરાવસ્થામાં પગ મૂક્યો હતો પરંતુ તેનો પરિવાર સમૃદ્ધ હતો, મુનિમો ઉત્તમ હતા....પિતાના મૃત્યુ પછી નગરશેઠની પાઘડી તેના મસ્તકે આવી પડી હતી....

અને આજ વીસ વર્ષની વયે તેણે એક વિદેશ યાત્રાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પ તેણે પોતાના મિત્ર ભાવડ સમક્ષ રજુ કર્યો....ત્યારે ભાવડે કહ્યું : "ધર્મદાસ, તારા સંકલ્પનો હું વિરોધ કરી શકતો નથી....કારણ કે વેપારીએ એક વાર વિદેશયાત્રા કરી લેવી જોઈએ....એથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત પેઢી પર્યંત આબરૂ, લક્ષ્મી અને સંસ્કાર જળવાય છે.”

“તો પછી તું પણ સાહસ કરને. સ્થાનિક વ્યાપારમાં કશું વળશે નહિ....ઠીક છે....સુખનો રોટલો મળશે.... પણ એકવાર યવદ્વીપ જઈ આવીશ તો....”

“હું સમજું છું....પણ મારી પરિસ્થિતિ સાવ નિરાળી છે. તારો પરિવાર સમૃદ્ધ છે....મારા પરિવારમાં માત્ર અમે બે....હું જઉં તો તારી ભાભી આવડા વિશાળ મકાનમાં એકલી રહી ન શકે અને વેપારમાં વેરાયેલું ધન સાવ એળે જાય....મારા મુનિમ કાકા પણ હવે સાવ અશક્ત બની ગયા છે....જો મને કોઈ સુયોગ્ય મુનિમ મળી જાય તો એને એકવાર વિદેશ મોકલવા ઈચ્છું છું.”

“જતાં પહેલાં હું એવા ઉત્તમ મુનિમની વ્યવસ્થા કરી દઈશ....” ધર્મદાસે કહ્યું.

“તો મારું કાર્ય થઈ જાય.”

“પણ વિદેશયાત્રામાં જેમ મોટો લાભ છૂપાયો છે તેમ દરિયાનાં તોફાનનું જોખમ પણ માથે પડ્યું હોય છે.”

“હું જાણું છું. જોખમતો દરેક વેપારમાં પડેલું જ હોય છે....બાકી તો ભાગ્ય અને પુણ્યનાં આધારે જ બધું બને છે.” ભાવડે કહ્યું.

ત્યાર પછી વિદેશ સાથેના વ્યાપારની કેટલીક વ્યવહારિક વાતો કરીને બંને મિત્રો છૂટા પડ્યા.

અને પોતાનો મિત્ર વધારે સમૃદ્ધ બને એવી ભાવના વડે પ્રેરાઈને ધર્મદાસે એક જ મહિનામાં એક અનુભવી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણિક અને બે વાર વિદેશયાત્રા ખેડી આવેલો કુશળ મુનિમ શોધી આવ્યો.

અને ધર્મદાસ ચૌદ વહાણો ભરીને સ્વર્ણદ્વીપ, યવદ્વીપ, સૂર્યદ્વીપ જેવા દૂરદૂરના પ્રવાસે બીજે જ મહીને રવાના થઈ ગયો.

આ પ્રસંગે ભાવડ મિત્રને વિદાય આપવા દસકોશ દૂરના બંદરે પણ ગયો હતો અને બંને મિત્રો સજળ નયને પરસ્પરને ભેટી છૂટા પડયા.

અનુભવિ મુનિમ કરમચંદની સલાહ પ્રમાણે ઉત્તમ પ્રકારના બાર વહાણો ભાડેથી લેવામાં આવ્યા અને માલની ખરીદી શરૂ થઈ.

બાર બાર વહાણ ભરીને માલ લઈ જવો એ કંઈ નાની સૂની વાત નહોતી. એટલો માલ લઈ જવામાં પુષ્કળ ધન જોઈએ ભાવડને પોતાનો મૂળ વ્યાપાર લગભગ સંકેલી લેવો પડયો....તે ઉપરાંત ઘરમાં રાખેલું કેટલુંક સુવર્ણ પણ કાઢવું પડયું અને કેટલોક માલ આંટ ઉપર ખરીદવો પડયો.

આમ ચારેક મહીનાના ગાળામાં ભાવડ શેઠનાં બાર વહાણો ભરાઈ ગયાં. એક ઉત્તમ દિવસે શુકન વગેરે જોઇને મુનિમ કરમચંદ બારેય વહાણો સહિત યવદ્વીપ તરફ રવાના થયો.

ભાવડને એક વાતની ખાત્રી થઈ ગઈ હતી કે મુનિમ કરમચંદ માત્ર પ્રમાણિક છે એમ નથી પરંતુ પાવરધો અને કાબેલ પણ છે. એના વિશ્વાસે આટલી સંપત્તિ મૂકવામાં કોઈ પ્રકારનો ભય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદાય વેળાએ કરમચંદે પણ કહ્યું : "શેઠજી, શાસન-દેવની કૃપા તો હું માત્ર પાંચ જ વર્ષમાં પાછો આવી જઇશ. આપે આપના સઘળા ધનનો દાવ આ ધંધા પર મૂકયો છે તે હું જાણું છું અને હું વિશ્વાસ આપું છું કે હું પાછો ફરીશ ત્યારે આપે જે ધન રોકયું છે તે કરતાં દસ ગણું ધન હું સાથે લેતો આવીશ."

" મને આપના પ્રત્યે પુરો વિશ્વાસ છે–વળી હું કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખનારો છું....આપ મુક્ત હૃદયે વેપાર ખેડજો....આમ તો મારી પોતાની સાથે આવવાની ઇચ્છા હતી....પરંતુ ઘરના સંયોગોની ઉપેક્ષા કરવી મને ઉચિત નથી લાગતી....મને લાગે છે કે ધર્મદાસ શેઠ આપને યવદ્વીપમાં ભેગા થઈ જશે."

" હા....અને હું આપને અવારનવાર જે કોઈ વહાણો પાછા ફરતાં હશે તેની સાથે વિગતથી સંદેશો મોકલતો રહીશ." કરમચંદે કહ્યું.

આમ એગણીસમાં વરસે પદાર્પણ કરી ચૂકેલા નવ-જવાન ભાવડ શેઠનાં બાર વહાણો મુનિમ કરમચંદ સાથે સાગરની સફરે વિદાય થઈ ગયાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરમચંદ મુનિમને વિદાય આપી ને ભાવડ ઘેર આવી ગયેા. એ વખતે રાત્રિનેા પ્રથમ પ્રહર ચાલતેા હતેા. ભાગ્યવતી પ્રતિક્રમણ કરવા બેઠી હતી. ભાવડ પણ હાથ-મુખ ધેાઈ વસ્ત્રો બદલાવીને પ્રતિક્રમણ કરવા બેસી ગયેા.

તેની ગણત્રી દી' છતાં અહીં આવી પહેાંચવાની હતી....પરંતુ બંદર પર થેાડેા વિલંબ થયેા....અને જે વેપારીને ત્યાં ભેાજન લેવાનું હતું ત્યાં પણ થેાડીવાર લાગી.... અને મધ્યાન્હ સમયે પ્રવાસ કરવેા ઉચિત નહેાતેા એટલે ઘેર પહેાંચતા રાત્રિકાળ થઈ ગયેા હતેા.

ભાગ્યવતી પ્રતિક્રમણ કરીને ઉઠી ત્યારે તેને ખબર પડી કે સ્વામી આવી ગયા છે અને પ્રતિક્રમણ કરવા બેઠા છે. એથી તેણે દૂધનાં ઠામમાં જમણ નાખીને ઘરકામ સંપેટવું શરૂ કર્યું. જે દાસ દાસીઓ પેાતાના ઘેર રહેતાં હતાં તે સહુને વિદાય કર્યાં. ત્યાર પછી ગૌશાળા અને અશ્વશાળાનાં પશુઓ અંગેની વ્યવસ્થા કરીને ભાગ્યવતી ભવનમાં આવી.

ભાવડ પ્રતિક્રમણ કરીને પેાતાના ખંડમાં આવ્યેા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ભાગ્યવતી સ્વામીની રાહ જોતી એક વાતાયન પાસે ઊભી હતી.

ભાવડે પ્રિયતમા તરફ જોઈને કહ્યું: "શું વિચારે છે?"

"કંઈ નહિ....આપની રાહ જોતી ઊભી છું. બંદરે બહુ વાર લાગી?"

ભાવડે નજીક આવી પત્નીના ખભા પર હાથ મૂકતાં કહ્યું: "દેવદાસ શેઠને ત્યાં જમવાનું હતું....જરા વાર લાગી....મધ્યાન્હ સમયે નીકળવું ઉચિત ન લાગ્યું. આપણા મુનિમને કેમ છે?"

"હું એમને ઘેર ગઈ હતી....એમને એમ છે....વૈદ્ય કહી ગયા હતા કે આ એમની છેલ્લી પથારી છે." ભાગ્યવતીએ કહ્યું.

"કાલ સવારે પૂજા કરવા જઈશ ત્યારે મુનિમ કાકા પાસે જઈ આવીશ." કહી ભાવડ પલંગ પર બેઠો. ભાગ્યવતી પણ તેની બાજુમાં બેસતાં બોલી: "મુનિમ કાકા કહેતા હતા કે શેઠે બહુ ઉતાવળ કરી નાખી છે."

"કઈ વાતમાં?"

"પરદેશનો વેપાર ખેડવામાં."

"ઉતાવળ નથી કરી....સમજી વિચારીને જ સાહસ કર્યું છે—પરંતુ સાહસ જરા મોટું થઈ ગયું છે....ત્રણલાખ મુદ્રા વ્યાજે લેવી પડી છે. બાકી આ ફેરો સફળ થાય એટલે સાત પેઢીનું સુખ થઈ જશે."

"વેપારમાં સાહસ તો ખેડવું જોઈએ....સાહસ વગરના વેપારમાં શોભા શું? તમે જો આઠ વહાણ ભરાવ્યાં હોત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો વ્યાજે કાંઈ લેવું ન પડત અને આપણો ધંધો નભી શકત."

"તારી વાત સાચી છે....પણ બાર વહાણ ભર્યાં હોય તો જ ધાર્યો માલ લઈ જઈ શકાય...કરમચંદ ઘણો જ કુશળ છે. પાંચ વર્ષમાં જ તે બેપ પતાવીને પાછો આવશે. આપણો ધંધો સાંકડો થઈ ગયો છે એમાં ના નથી....છતાં આપણા વ્યવહારને જરાય વાંધો નહિ આવે....એક બે વરસમાં હું પણ આપણા ધંધાને સારી સ્થિતિમાં મૂકી શકીશ."

પત્ની પ્રસન્ન નજરે પતિ સામે જોઈ રહી. તે સ્વામીના ઉત્સાહને ભાંગવા નહોતી ઈચ્છતી તેમ બોટો ભય ઊભો કરવા પણ નહોતી માગતી....તે મૌન રહી.

પત્નીને મૌન જોઈને ભાવડે કહ્યું: "ચિંતાનું કાંઈ કારણ નથી. આબરૂના બળે વેપારી કરોડોનો વેપાર કરતો હોય છે. અત્યારે આપણો અહીંનો ધંધો સંકોચાઈ ગયો છે....પણ એકાદ મહિનામાં જ એને હું જમાવી દઈશ. દોઢ લાખ-મુદ્રાની ઉઘરાણી હજી પથરાયેલી છે...એમાંથી ઓછામાં ઓછી પચાસેક હજારની તો આવી શકે એમ છે....અને છેવટે આપણે આપણા કર્મ કયાં વેચી નાખ્યાં છે ?'

'મને એવી કાંઈ ચિંતા નથી. આતો આપણી જ્ઞાતિના શેઠિયાઓ કહેતા હતા કે આપે ગજા ઉપરવટનો દાવ મૂકયો છે....દાવ પાધરો પડે તો સાતપેઢી તરી જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાં કોઈ શક નથી....પણ સાગરની સફર ભારે જોખમી છે. બે વરસ પહેલાં વિનયચંદ્રના દસ વહાણો સાગરનાં તળીયે જઈ બેઠાં હતાં....બિચારો પાયમાલ થઈ ગયો.... જુવાન દિકરો યે ગુમાવ્યો ને સંપત્તિ પણ ગુમાવી."

ભાવડ હસી પડયો તે હસતાં હસતાં બોલ્યો : "સાગર બેડમાં મોટામાં મોટું ભયસ્થાન હોય તો તે સાગરના તોફાનીપણાનું જ છે....અને આ ભયસ્થાન મારા કે કરમચંદની નજર બહાર નહોતું....વળી ઘરમદાસે પણ મને આ વાત કરી હતી. આવું જોખમ બેડયા વગર બીજો કોઈ ઉપાય પણ નથી. જો આપણી આ બેપ હેમખેમ પતી જાય તો બીજી બેપમાં હું ને તું સાથે જઈશું."

"નારે....હું યે નહિ આવું ને તમનેય જવા નહિ દઉં....આપણે બેજ માણસ છીએ....વધારે ધન ભેગું કરીને કરવું છે શું ?"

"તું શું એમ માને છે કે આપણે બેજ રહેશું ? બેના ચાર નહીં થાય ?" હસતાં હસતાં ભાવડે કહ્યું અને પત્નીનો સુકોમળ હાથ પોતાના બંને હાથ વચ્ચે લઈ ને પંપાળવો શરૂ કર્યો.

પત્નીએ પોતાનું મસ્તક સ્વામીના સાથળ પર ઢાળી દીધું.

ભાવડે પ્રિયતમાના કપાળ પર હાથ ફેરવવા માંડયો.

વહાણ વિદાય કર્યાને ત્રણેક મહિના વીતી ગયા.

આ ત્રણ માસના ગાળામાં પચાસેક હન્તરની ઉઘરાણી પણ પાકી ગઈ અને પેઢીમાં માલ પણ બડકાવો શરૂ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધંધો સાંકડો થઈ ગયો હોવાથી આસપાસના નગરોમાં વેરાયેલો વેપાર સંકેલી લેવો પડયો હતો....કારણ કે એમ કરવા જતાં પાંચેક લાખ સુવર્ણમુદ્રાઓનું દેણું કરવું પડે અને એ રીતે દેણું વધારીને વેપાર ખેડવો તે યોગ્ય પણ નથી.

આમ વિચારીને ભાવડે સ્થાનિક પેઢીને પૂર્વવત્ બનાવવી શરૂ કરી. પેઢીનું મોટું નામ હતું. સાત પેઢીની આબરૂ હતી....ભાવડ પોતે પણ પ્રમાણિક અને સાત્વિક હતો. વેપારમાં કોઈ પ્રકારની ઘાલમેલ કરીને ગ્રાહકોને છેતરવામાં તે ભયંકર પાપ માનતો હતો એટલે બીજા છ એક માસમાં તેનો સ્થાનિક વેપાર પગભર થઈ ગયો....પરંતુ ત્રણ લાખ મુદ્રાઓનું દેણું ભરી શકાય એવી પરિસ્થિતિ સર્જી શકાઈ નહિ....અને કયાંથી સર્જી શકાય ? ઉઘરાણી જેટલી આવી તે કરતાં વધારે પથરાવા માંડી હતી....અને આંટ પર માલ પણ લાવવો પડતો હતો.

વહાણોની વિદાયને એક વરસ પુરૂં થયું. ભાવડના હૈયામાં આશાનું એક મધુર સ્વપ્ન જાગ્યું....કરમચંદ ચવદ્વિપ પહોંચી ગયો હશે....માલની લેતીદેતીમાં પડયો હશે અને થોડા જ સમયમાં તેનો સંદેશો પણ આવશે !

ભાગ્યની રમત કોઈ કળી શકતું નથી. એ રમત રંગમાં ચગી હોય અને કયારે પલટો લઈ લે છે તે ચબરાક માનવીઓ પણ કલ્પી શકતા નથી.

વહાણોની વિદાયને એક વર્ષ પુરૂં થયા પછી પાંચ સાત દિવસ ગયા હશે ત્યાં એક અજાણ્યો જુવાન માનવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંપિલ્યપુરમાં આવ્યો અને ભાવડ શેઠની પેઢીની પૂછપરછ કરતો કરતો બજારમાં પહોંચ્યો.

ભાવડ થોડીવાર પહેલાં જ પેઢીએ આવ્યો હતો.... નગરીમાં મોટી નાની દુકાનો ખોલવાનો સમય દિવસના બીજા પ્રહરનો હતો. વેપારીઓ સવારે વહેલા ઉઠી પ્રાતઃકાર્ય પતાવે.... પૂજાપાઠ કરે, અને પ્રથમ પ્રહર પુરો થતાં જ જમીને દુકાને આવે, મધ્યાન્હનો આરામ કરવાની ખાસ આદત કોઈને ન હોય....છતાં બપોર વખતે બે ઘડી પેઢીના ગાદીતકીએ જ દેહ લંબાવે ને આરામ કરે.... જૈન વેપારીઓ દ્વી' આથમ્યા પહેલાં જ પેઢી વધાવીને ચાલ્યા જાય. કોઈને કામ વધારે હોય તો વાણોતરો દુકાન ખુલ્લી રાખે ને શેઠિયાઓ વાળુ, પ્રતિક્રમણ વગેરે પતાવીને પાછા આવે તે રાતના દોઢ પ્રહર સુધી બેસે. ભાવડ તો હંમેશ મુજબ સૂર્યાસ્ત પહેલાં જ પેઢી વધાવીને ઘેર ચાલ્યો જતો.

અજાણ્યો માનવી ભાવડ શેઠની પેઢીએ આવ્યો અને બોલ્યો : "ભાવડશેઠની આ દુકાન ?"

"હા....પધારો....શું કામ છે ?" ભાવડે કહ્યું.

"મારે ભાવડ શેઠને મળવું છે....એક વાત કહેવા આજ સવારે ભૃગુકચ્છ બંદરેથી આવ્યો છું."

"તો વાતચત નીરાંતે કરશું....પ્રથમ આપ ઘેર ચાલો ને સ્નાન ભોજન કરી લ્યો."

"ઈ હું પતાવીને જ આવ્યો છું ને મારે સાંજે પાછું વિદાય થાવું છે....હજી બંદરે પહોંચવું છે...."

"આટલી ઉતાવળ શા માટે ?" ભાવડે પૂછયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" એક મહત્વનો સંદેશો આપવા જ આવ્યો છું.... એક મહિનાથી વિચાર કરતો હતો....આજ આવી શકાણું.... ભાવડ શેઠ કયારે મળશે ? "

" હું જ ભાવડ છું...."

" આપ પોતે ભાવડ શેઠ ! સારું....તો આપણે અંદર બેસીએ."

ભાવડના મનમાં થયું....વેપારની કંઈક બાનગી વાત હશે. એટલે તે ઊભો થયો અને પેઢીની અંદરના ભાગમાં અજાણ્યા અતિથિને લઈ ને ગયો.

અંદરના ભાગમાં એક ખૂણામાં ગાદી તકીયો બિછાવેલા હતાં. ભાવડશેઠે આદર પૂર્વક નૂતન અતિથિને બેસાડતા કહ્યું : " આપનું શુભનામ ? "

" સરૂપચંદ....ભૃગુકચ્છના પ્રેમચંદ શેઠનો દીકરો...."

" ત્યારે તો મારાં ધનભાગ્ય. તો તો તમારાથી આજને આજ જઈ શકાશે નહીં."

" મારે ગયા વગર છૂટકો નથી. નાનું વહાણ લઈ ને આવ્યો છું ને રાતના પહેલે પોરે જ વહાણ લઈ ને વિદાય થવું છે. શેઠજી, સમાચાર આપવા તો આવ્યો છું પણ એક કડવી ફરજ બજાવવા. સમાચાર ભારે દુઃખદ છે."

ભાવડ ગંભીર બની ગયો. એવા તે કયા સમાચાર હશે ? તે બોલ્યો : " કહે...."

"આપના બાર વહાણ લઈ ને કરમચંદ મુનિમ એકાદ વરસ પહેલાં તમારા બંદરેથી ઊપડયા હતા ને ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હા....આજ એક વરસને સાત દી થયા."

"કરમચંદ બાર વહાણો લઈને લગભગ બે મહિને લંકાદ્વિપના બંદરે આવી પહોંચ્યા....હું પણ મારા પંદર વહાણ સાથે લંકાદ્વિપમાં જ હતો. કરમચંદે ત્યાં બે વહાણ જેટલો માલ સારી રીતેવહેંચ્યો ને ત્યાંનો એટલોજ ખરીદ્યો. લંકાદ્વિપના મુખ્ય બંદરે જ અમારો મેળાપ થઈ ગયો હતો....મારો છ વહાણોનો માલ વેંચાઈ ગયો ...અને મેં પણ ત્યાંથી માલ ભર્યો....ચારેક મહિના અમે ત્યાં રોકાયા ને પછી યવદ્વિપ તરફ અમારા બંને કાફલા રવાના થયા. લંકાદ્વિપમાં અમને ઘણો સારો નફો મળ્યો હતો અને અમે બંનેએ સોનું પણ ખરીદ્યું હતું. પરંતુ અમારાં ભાગ્ય વક્ર બની ગયાં....યવદ્વિપ પહોંચીએ તે પહેલાં જ સાગરમાં એકાએક ભયંકર તોફાન–ઝંઝાવાત.....પ્રલય જેવા વંટોળ વગેરેનો પ્રારંભ થયો. અમારા નાવિકો ઘણા કુશળ હતા.... પણ વિપત્તિ વરસી પડે ત્યારે કુશળતા કામ નથી આવતી. આપના બારે ય વહાણો સાગરમાં સમાઈ ગયાં ને મારા ચૌદ વહાણો સાગરના તળીયે પોઢયા....મારું એક જ વહાણ બચી ગયું....મારા પંદર વહાણના સાડા ચારસો બલાસીઓ-માંથી માત્ર સવાસો બચી શકયા....આપના બાર વહાણોનાં લગભગ ત્રણસો જેટલા માણસોમાંથી માત્ર બેંતાલીસ બચી શકયા. મારા વહાણના મુખીએ કરમચંદને માંડમાંડ બચાવી લીધો....અને અમે પાછા વળ્યા. સત્યાવીસ વહાણનો કાફલો લઈને ગયા હતા અને એક વહાણ સાથે અમારે પાછું ફરવું પડયું....અમે એક મહિના પહેલાં જ ભૃગુકચ્છના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંદરે ઊતર્યા....કરમચંદ ભારે બિમાર પડી ગયા....હજુ પણ તેઓ ખાટલાવશ છે....એમને ઊભા થતાં હજી ચાર પાંચ મહિના થઈ જશે....અહીં બંદરે ઉતરીને પ્રથમ એના પરિવારને સમાચાર આપ્યા ને એમને સાથે આવવા તૈયાર થવાનું કહીને હું આપને આ દુઃખદ સમાચાર દેવા આવ્યો છું."

ભારે હૈયે ભાવડે આ સમાચાર સાંભળ્યા....કહો કે પોતાના સ્વપ્નના વિનાશના સમાચાર સાંભળ્યા.

પરંતુ ભાવડે હિંમત ગુમાવ્યા વગર કહ્યું: "સ્વરૂપચંદશેઠ, આ તો બધી ભાગ્યની રમત છે....દુઃખ વખતે હિંમત ન હારવી અને સુખ વખતે હર્ષને કાબુમાં રાખવો એ જ વેપારીનું કર્તવ્ય છે. પરંતુ આપ આ રીતે આજને આજ જાઓ એ મને બરાબર નથી લાગતું."

"શેઠજી, હું જરૂર રોકાઈ જાત. પણ ગયા વગર છૂટકો નથી. એક તો કરમચંદના પરિવારને લઈ જવો છે.... બીજું મારા ચૌદ વહાણોનું નુકસાન એટલું બધું થયું છે કે હવે શું કરવું, એ એક ભારે ચિંતા છે. લાભ નુકશાન એ કર્માધિન છે એ વાત હું પણ સમજું છું....પરંતુ વહેવારનો ઉકેલ તો કરવો જ જોઈએ...અને આ સમાચાર મારા સિવાય કોઈ માણસ સાથે મોકલું તે મારા પિતાશ્રીને બરાબર નહોતું લાગતું....એટલે મારે આવવું પડ્યું છે.... નહિ તો હું જરૂર આપને ત્યાં રોકાઈ જાત...." સ્વરૂપચંદે કહ્યું.

ભાવડને પણ આ વાત બરાબર લાગી...છતાં તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગ્રહ કરીને સાંજ પહેલાં જમાડીને વિદાય આપવાની વાત કબુલ કરાવી.

સાત સાત પેઢીની કમાણી વેપારના એક જ દાવમાં જ્યારે અલોપ થઈ જાય ત્યારે માનવી સાવ ભાંગી પડે અથવા પાગલ બની જાય...અને તેમાંય માથે દેવું પણ હોય ત્યારે દુઃખનો પાર ન રહે.

પરંતુ નવજવાન ભાવડે પોતાના હૈયાને ધર્મના બળ વડે સ્વસ્થ રાખ્યું અને થોડીવાર પછી ભાવડ મેમાન સાથે પોતાના ભવન પર ગયો.

ઘેર આવીને બંને બેઠક ખંડમાં ગયા. સ્વરૂપચંદે જોયું ભાવડશેઠનું ભવન અતિ વિશાળ છે...ઉજળું છે અને સમૃદ્ધિવાળું છે. તેના મનમાં થયું...ભાવડ શેઠ પાસે પુષ્કળ સંપત્તિ હોવી જોઈએ. નહિ તો બાર વહાણ ખુડી ગયાના સમાચાર સાંભળીને ગમે તેવો મજબુત માણસ પણ એક વાર ખળભળી જાય. જ્યારે ભાવડ શેઠના ચહેરા પર કોઈ પ્રકારની ગભરામણ દેખાતી નથી. આમ સમજીને સ્વરૂપચંદે મનમાં કંઈક સંતોષ માની લીધો.

એક દાસી જળના પાત્રો આપી ગઈ. એક બીજી દાસી મુખવાસનો થાળ લઈને આવી. ભાવડે તે દાસીને પૂછયું; "તારાં શેઠાણી શું કરે છે?"

"સામાયિક કરવા બેઠાં છે...કંઈ સમાચાર આપું!"

"ના સામાયિક કરીને ઊભા થાય ત્યારે કહેજે કે એક મેમાન છે ને સાંજ પહેલાં જવાના છે એટલે રસોઈનો પ્રબંધ કરે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જી....!" કહી મુખવાસનો થાળ મૂકીને દાસી ચાલી ગઈ.

સ્વરૂપચંદ અને ભાવડ સાગરના તોફાનની વાતોમાં પડયા. સ્વરૂપચંદે તો તોફાનનો અનુભવ કર્યો હતો એટલે તેણે તોફાન કેવું હતું, કેવી આંધિ ચગી હતી અને સાગરનાં લોઢ કેવા ઉછળતા હતા તે વાત વિગતથી કહી.

ત્યાર પછી ભાવડે સ્વરૂપચંદને આડે પડખે થવાનું જણાવ્યું એટલે સ્વરૂપચંદે કહ્યું : "શેઠજી, મને આદત જ નથી. આપ...."

"મને પણ આદત નથી." ભાવડ આછું હસ્યો.

વાતોમાં ને વાતોમાં સમય વીતી ગયો.

બંને ભોજનગૃહમાં ગયાં.

ભાગ્યવતીએ પોતે ભોજનના થાળ પીરસવા શરૂ કર્યા ત્યારે ભાવડે કહ્યું : "ભૃગુકચ્છના શાહ સોદાગર પ્રેમચંદ મયાચંદ શેઠના સુપુત્ર છે....આજ સાંજ પહેલાં જ પાછા જવાના છે."

"તે આટલી ઉતાવળ શા માટે ?"

"મને એક વાતનો સંદેશો આપવા આવ્યા હતા અને તેઓ બીજાં કામના લીધે રોકાઈ શકે એમ નથી. મેં એમને ઘણો આગ્રહ કર્યો ત્યારે તો આટલું રોકાણા." ભાવડ શેઠે કહ્યું.

બંનેએ જમવાનું શરૂ કર્યું.

ઉત્તમ પ્રકારની વિવિધ ભોજન સામગ્રી હતી. સ્વરૂપચંદના મનમાં પાકી ખાત્રી થઈ કે ભાવડ શેઠને બાર વહાણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નુકશાનની અસર થઈ નથી....તેને એ પણ થયું કે ભાવડ શેઠનાં પત્ની પણ નવયૌવના હોવા છતાં ઘણાં જ પીઢ લાગે છે.

ભોજન સમાપ્ત કરીને બંને પુનઃ બેઠક ખંડમાં આવ્યા. થોડીવાર વિશ્રામ લઈને સ્વરૂપચંદે કહ્યું "હવે મને આજ્ઞા આપો....હજી મારે દશ કોશનો પંથ કાપવો છે."

"આપનું વાહન...."

"મારો અશ્વ દરવાજા બહાર એક માળીને ત્યાં રાખ્યો છે" કહી સ્વરૂપચંદ ઊભો થયો.

ભાવડ પણ ઉભો થયો અને બોલ્યો : "ચાલો, હું પણ તમારી સાથે આવું છું."

"આપ શા માટે...."

"આપ છેક ભૃગુકચ્છથી અહીં સુધી આંટો આપો ને હું દરવાજા સુધીયે ન આવું ? આપ બે પળ ઊભા રહો... હું હમણાજ આવ્યો" કહી ભાવડ શેઠ પોતાના ઓરડે ગયા.

ભાગ્યવતી જમવા બેઠી હતી. ભાવડ ભોજનગૃહમાં ગયો અને બોલ્યો : "તારા પટારાની ચાવી કયાં છે ?"

"કેમ કંઇ જોઈએ છે ?"

"હા....સોએક સુવર્ણ મુદ્રા કાઢવી છે."

પત્નીએ તરત કેડયે ભરાવેલો ચાવીનો ઝુડો કાઢીને સ્વામીને આપ્યો.

ભાવડ પત્નીના ખંડમાં ગયા અને પટારામાંથી સો સુવર્ણ મુદ્રાની એક નાની થેલી કાઢીને પોતાની કમ્મરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરાવી દીધી. ત્યાર પછી એક દાસી સાથે ચાવીનો ઝુડો પત્નીને મોકલાવી પોતે બેઠક ખંડમાં આવ્યો.

તરત બંને જુવાનો ઘરબહાર નીકળી ગયા. સાંજ પડવાને હજી ઘણી વાર હતી.

નગરીનો દરવાજો પણ બહુ દૂર નહોતો. બંને વાતો કરતા કરતા માળીના નાના ઉપવનમાં પહોંચ્યા.

અશ્વ જોઈને જ ભાવડે કહ્યું : " આ તો બંદરેથી જ મેળવ્યો લાગે છે."

"હા... કહી સ્વરૂપચંદે પોતાનો અશ્વ તૈયાર કર્યો.

ભાવડ શેઠે કહ્યું : " સ્વરૂપચંદ શેઠ, મારું એક કામ કરજો...આ નાનકડી થેલી કરમચંદના પરિવારને આપજો. આમ તો મારે કરમચંદને મળવા આવવું જોઈએ...પણ શું કરું ? ઘરમાં અન્ય કોઈ પુરુષ નથી...છતાં એકાદ મહિનામાં હું આવીશ. કરમચંદને મારાવતી ધૈર્ય આપજો અને કહેજો કે ભાવિભાવ બન્યા કરે છે...એની વિમાસણ ન હોય... એના પરિવારને પણ ધૈર્ય આપજો..."

સ્વરૂપચંદે કહ્યું : " શેઠજી, આપ ઘણા મોટામનના લાગો છો. કરમચંદ મુનિમ અમારા પરિચિત છે....તેઓએ અમારે ત્યાં અગાઉ ત્રણ વર્ષ કામ કર્યું હતું...ઘણો જ પ્રમાણિક અને નિખાલસ માણસ છે...આપ એના અંગે કશી ચિંતા કરશો નહિ. પણ આપ એકવાર મારાં બહેનને લઈને જરૂર આવજો...ભૃગુકચ્છના દહેરાસરો ઘણા જ ભવ્ય છે...પ્રાચીન પણ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તીર્થનાં દર્શન કરવાં એ મોટામાં મોટું પુણ્યોપાર્જન છે...અને મારી પોતાની પણ ભાવના છે. સિદ્ધ ગિરિવર પર આજે કોઈ જઈ શકતું નથી એટલે દર વરસે આટલામાં કયાંક જઈ આવીએ..."

"આપ જરૂર આવી શકશો એક તો કરમચંદનું નિમિત છે અને આપની ભાવના છે..." સ્વરૂપચંદે કહ્યું.

"આપની વાત સાચી છે...પણ માનવી પોતે સંસારમાં રહે છે ત્યાં સુધી કદી સ્વાધિન થઈ શકતો નથી. સમય, સંયોગ અને પરિસ્થિતિના દાસ સહુને રહેવું પડે છે...હું એકલો તો અવશ્ય આવી જઈશ." ભાવડે કહ્યું.

સ્વરૂપચંદે અશ્વ પર બેસતાં પહેલાં ભાવડ શેઠના બંને હાથ પકડીને પોતાનો ઉરભાવ વ્યક્ત કર્યો.

ત્યાર પછી તે વિદાય થયો.

ભાવડ ઘર તરફ પાછો વળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ ઘેર ન જતાં સીધો દુકાને ગયો. આસપાસના ગામડાંની ધરાકી પતી ગઈ હતી....

નાના મુનિમે શેઠને પાછા ફરેલા જોઈને કહ્યું : "એમાન ન આવ્યા ?"

"એમને અત્યારે જ પાછા ફરવું હતું. એટલે હું વોળાવવા ગયો હતો." કહી ભાવડ ગાદી પર બેસી ગયો.

બાર બાર વહાણ ડૂબી ગયાના અતિ દુઃખદ સમાચાર મળ્યા હોવા છતાં આશાનો તૈયાર કરેલો દોર છિન્ન-ભિન્ન થઈ ગયો હોવા છતાં, અને મસ્તક પર દેણાનો બોજ પડેલો હોવા છતાં ભાવડના ચહેરા પર કોઈ કળી શકે એવી વ્યથાની રેખાઓ હતી જ નહિ. એનો એ પ્રસન્ન-ભાવ ! એની એ સૌમ્યતા ! અને એનું એ નિર્મળ ચિત્ત !

નાના મુનિમે કહ્યું : "શેઠજી, આજ બાસ કંઈ ઉઘરાણી આવી નથી."

"કંઈ હરકત નહિ...કાલ આવશે...પણ આપણે હવે ઉધારી પર ધ્યાન આપવું પડશે."

"મારા પિતાશ્રી પણ મને કહેતા હતા કે શેઠ મનના ભારે ઉદાર છે...ઉધાર આપવામાં તું જરા ધ્યાન રાખજે..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તારા પિતાશ્રી તો ઘણા અનુભવી છે. બિચારા વાતરોગથી સાવ અપંગ બની ગયા એટલે શું થાય? મારા વતી તું એમને કુશળ પૂછજે." ભાવડે કહ્યું.

ત્યાર પછી આજના વકરાની ને વેંચાણની તપાસ કરીને ભાવડ ઊભો થતાં બોલ્યો: "તમારું કામ પતે એટલે દુકાન વધાવી લેજો."

આટલું કહીને ભાવડ વિદાય થયો, તે ઘેર ન જતાં સીધો શ્રી જિનમંદિરે ગયો. ભાવપૂર્વક શ્રી જિનેશ્વર ભગવંતનાં દર્શન કર્યા અને કહ્યું: "હે ત્રણ જગતના નાથ, કોઇ પાપ કર્મના ઉદયથી વિપત્તિ આવી પડે છે...વિપત્તિકાળે આપનું રક્ષણ મારાથી ન ચૂકાય અને મારું મન ચંચળ ન બને એટલું બળ મને અવશ્ય આપજો...આપ સમા લોકેશ્વર સમક્ષ કોઇ પ્રકારનાં સુખ સાધનની માગણી કરવી એ આપને ન સમજ્યા બરાબર છે. એથી જ હું કેવળ એટલી પ્રાર્થના કરું છું કે ધર્મમાં સ્થિર રહેવાનું આપ મને બળ આપજો આપ કૃપામય છો...એટલી કૃપા મારા પર અવશ્ય વરસાવજો."

આ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતની આરાધના કરીને ભાવડ પોતાના ઘર તરફ ગયો...

દહેરાસરથી થોડે જ દૂર જતા સામેથી ભાગ્યવતી આવતી દેખાણી. ભાગ્યવતીએ પ્રસન્ન નજરે સ્વામી તરફ જોયું...પણ કશું કહ્યું નહિ.

ભાવડ જ્યારે ભવન પર પહોંચ્યો ત્યારે તેના મનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર આવ્યો, ' બાર વહાણ બુડી ગયાની વાત હજી નગરીમાં જાહેર નથી થઈ...પણ આવી વાત ઢાંકી ઢંકાશે નહિં...આજ નહિં તો પાંચપંદર દિવસે આ વાત અવશ્ય પ્રગટ થશે. જીવતા રહેલા બલાસીઓ જ્યારે આ નગરીમાં આવશે ત્યારે આ વાત લોકોના જાણવામાં આવશે તે પહેલાં મારે લેણદારો અંગેનો પ્રબંધ કરવો જોઈએ...અને પત્નીને પણ વાત કહેવી જોઈએ. આવી વાત પોતાના અર્ધાંગથી છુપાવવી તે ન્યાયયુક્ત નથી.

આમ વિચારમાંને વિચારમાં કેટલો સમય પસાર થઈ ગયો તે કહ્યી શકાયું નહિં. એક દાસ આવીને દીપમાલિકા પ્રગટાવી ગયો...પણ ભાવડને એનો ખ્યાલ સરખોયે ન રહ્યો.

જ્યારે ભાગ્યવતીએ બેઠક ખંડમાં આવીને કહ્યું : " એકલા બેઠા બેઠા શું વિચારી રહ્યા છો ? "

" કંઈ નહિં તારી વાટ જોતો બેઠો છું.. ચાલો પ્રતિક્રમણ કરી લઈ એ." ભાવડ ઊભો થયો.

બંનેએ પ્રતિક્રમણ કર્યું.

ભાગ્યવતી ઘરકામ સંપેટવા ચાલી ગઈ.

ભાવડ પુનઃ બેઠક ખંડમાં આવ્યો અને વિચારે ચડી ગયો. લેણદારોને પાઇએ પાઈ ચૂકવવી જોઈ એ...મારું ગમે તે થાય પણ સાત પેઢીની આબરૂને જરાયે આંચ ન આવવી જોઈ એ. આવો નિશ્ચય તેણે મનથી કરી લીધો.

આ નિશ્ચય ઘણો કપરો હતો. દેણું એટલું હતું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરબાર, અશ્વો, ગાયો, રાચરચીલુ બધું વેંચવા છતાં દેણું પતે કે કેમ ? એ એક પ્રશ્ન હતો પણ પ્રશ્ન ગમે તેવો કઠિન હોય છતાં એનો ઉકેલ લાવવો જ જોઈએ. તેના મનમાં એ પણ થયું કે–" ધરમદાસ અહીં હોત તો જરૂર ઉત્તમ માર્ગદર્શન મળત...પણ એને આવતાં તો હજી પાંચ છ વરસ લાગે...અને આવા પ્રસંગે સગા સ્નેહીઓ પાસે હાથ લંબાવવો તે વ્યવહારૂ હોવા છતાં ઉચિત નથી. પડતી પેઢીને ટેકો આપવા કોઈનું મન માનતું નથી. એટલે ભલે ભીખારી થઈ જવું પડે પણ નાખેલું વેણ પાછું વળે ને મનને દુઃખ થાય એવું કરવું જ નહિ.

મનમાં પાપ હોય તો માનવી છટકવાનો માર્ગ શોધે...પણ ભાવડના મનમાં એવી કોઈ કલ્પનાને ય સ્થાન નહોતું.

આમ વિચારમાં ને વિચારમાં ઘણો સમય વીતી ગયો. ઘરનું સઘળું કાર્ય સંપેટીને ભાગ્યવતી બેઠક ખંડમાં આવી અને બોલી : " હજી આપ અહીં જ બેઠા છો ? "

" હા ભાગુ, તને એક વાત કરવી છે એટલે વિચારતો હતો કે મારે કેવી રીતે વાત કરવી ? "

" લે...મને વાત કહેવામાં વળી વિચારવાનું શું હોય ? "

" વાત એવી વિચિત્ર છે કે કહું તોય દુઃખ અને ન કહું તોય દુઃખ..."

" તે ઊભા તો થાઓ...દોઢ પોર રાત વીતી ગઈ છે...તમને દુઃખ થાય એવું મારે કાંઈ સાંભળવું નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે ઊભા થતાં કહ્યું : " મેં તને ન કહ્યું કે વાત ભારે વિચિત્ર છે....કહું તો તને દુઃખ થાય અને ન કહું તો મને દુઃખ થાય...."

" ઓલ્યા મેમાન આવેલા ત્યારનું મને દેખાયું છે કે આપ કંઈક ચિંતામાં પડી ગયા છો."

" ચિંતા જેવું તો ખાસ કંઈ નહોતું...પણ વિચારમાં મૂકાવાપણું જરૂર છે...ચાલ સૂતા સૂતા વાત કરશું." કહી ભાવડ ઓઠકખંડમાંથી બહાર નીકળી ગયો.

શયનખંડમાં આવ્યા પછી ભાવડ પલંગ પર ન બેસતાં એક ખૂણામાં બિછાવેલી ગાદી પર બેસી ગયો.

ભાગ્યવતી પણ અહીં રહેતા દાસદાસીઓને સૂચના આપીને આવી ગઈ અને પતિની પડખે ગાદી પર બેસતાં બોલી : " કહો...મને કોઈ વાતનું દુઃખ નહિ થાય."

ભાવડ પત્નીના સુંદર સૌમ્ય વદન સામે પળભર જોઈ રહ્યો. ત્યાર પછી બોલ્યો : " ભાગુ, પહેલાં બેચાર પ્રશ્નો કરી લઉ...પછી વાત કરું...આપણે આ મકાન છોડીને કોઈ નાના મકાનમાં રહેવા જઈએ તો તને ગમશે ?"

" તમે સાથે હો પછી મને વગડામાં પણ ગમે.... આવો પ્રશ્ન આજે શા માટે ?"

" દરદાગીના વગર કેવળ સૌભાગ્ય ચિહ્ન ધારણ કરીને રહેવું પડે તો ?"

" મને સીધી વાત કરોને...આજ તમે આટલા ગંભીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ બની ગયા છો? હું બરોબર કહું છું કે તમે જ મારું સર્વસ્વ છો...દર, દાગીના બધું તમારામાં જ છે.”

“હાથે કામ કરવું પડે તો!”

પત્ની હસી પડી અને હસતાં હસતાં બોલી: “શું આપને એમ લાગે છે કે મને ઘરકામ કરવું ગમતું નથી? ખરું કહું તો આટલા બધા માણસોથી જ હું થાકી જઉં છું.”

“તો હવે વાત સાંભળ...” કહી ભાવડે ધૈર્ય પૂર્વક અને સ્થિર સ્વરે સ્વરૂપચંદે આપેલા સમાચાર કહી સંભળાવ્યા.

આવા સમાચાર સાંભળ્યા પછી ભાગ્યવતી થોડીવાર માટે અવાક્ બની ગઈ. સ્વામી પરિહાસ તો નહિ કરતા હોયને? ના...એમના ચહેરા પર પરિહાસની એક પણ રેખા નથી. તે બોલી: “આ વાતની આપે પાકી ખાત્રી કરી લીધી છે?”

“સ્વરૂપચંદ એક ખાનદાન અને શ્રીમંત પિતાનો પુત્ર છે...આ વાત ફેલાય નહિ એટલા ખાતર તે જાતે કહેવા આવ્યો હતો....બિમાર કરમચંદ પણ એને ત્યાં છે.... એટલે આ વાતમાં સંશય રાખવાનું કોઇ કારણ નથી.”

“બરાબર છે...તો હવે શું કરવા ધારો છો?”

“પહેલું કામ દેણું પતાવવાનું કરવું છે....આમ કરવા જતાં ઘરબાર, ઢોરઢાંખર, દરદાગીનો બધું જતું કરવું પડશે અને આપણે બંનેએ કોઇ નાના મકાનમાં ગરીબાઈથી શોભતું જીવન વિતાવવું પડશે.”

“આપણી પેઢી?”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એ પણ જતી કરવી પડશે. આબરુ સચવાશે તો ભવિષ્યમાં નવી પેઢી ઊભી કરતાં વાર નહિ લાગે. મારે મન બાર વહાણ બુડી ગયાં એ વાત મોટી નથી....દેવામાંથી કેવી રીતે હેમખેમ પાર ઉતરી જવું એ જ વાત મોટી છે."

પત્ની નીચે નજરે જોતી બેસી રહી.

પત્નીને મૌન જોઈને ભાવડે કહ્યું : "તારાથી આ પરિવર્તન સહી ન શકાય તો બે એક વર્ષ માટે હું તને તારે પિયર...."

"સ્વામી...."

ભાવડ પત્ની સામે જોઈ રહ્યો.

ભાગ્યવતીએ કહ્યું : "શું આપે મને માત્ર મીણની જ પુતળી ધારી છે ? આવી વેદના વચ્ચે આપને છોડીને હું મારે પિયર જઉં એમ માનો છો ?"

"નહિ ભાગુ....તું તો મારી પ્રેરણા છે....મારો વિસામો છે....આતો સ્ત્રીનું હૃદય કોમળ હોય એટલે..."

"હું એક મરદની પત્ની છું....ગમે તે સંયોગો ને પરિસ્થિતિનો મુકાબલો કરતાં મને પણ આવડે છે...પરંતુ..."

"શું ?"

"આપણા સ્નેહી સંબંધીઓ ઘણાય છે....એ લોકો શું આપણને સહાય ન કરી શકે ?"

"મેં એ વિચાર પણ જોયો છે....દેણું કરીને દેણું ચૂકવવું અને આપણી નકલી અમીરાત જાળવી રાખવી એ મને જરાય ઉચિત લાગતું નથી. અંગત સગાઓમાં તારા પિતા મને કઈ રીતે સહાયક બની શકે ? એમની પોતાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ પણ ચિંતાકારક છે....અને મારા બનેવી શ્રીમંત છે....પણ આવે વખતે સગાવહાલાઓ લાજ કાઢીને એક તરફ ખસી જાય છે....સોનાની જળ હાથમાં શોભે.... પાણીમાં નહિ. એટલે જ મેં કોઈ સ્નેહી સ્વજનને કહ્યા વગર આપણું કામ પતાવી લેવાનો વિચાર કર્યો છે."

"દેણું કેટલું ક છે!"

"આમ તો કુલ દેણું સાડાચાર લાખ મુદ્રાઓનું છે....ઉઘરાણીમાં બે લાખ મુદ્રાઓ પાથરવી પડી છે....પણ મને શ્રદ્ધા છે કે ઉઘરાણીમાંથી ઓછામાં ઓછી લાખ સવાલાખ મુદ્રાઓ તો મળી રહેશે....એથી સ્થાનિક વેપારીઓનું દેણું પતી જશે...બાકીનું ત્રણ લાખનું દેણું પતાવવા માટે આપણે આ બધું જતું કરવું પડશે."

ભાગ્યવતી વિચારમાં પડી ગઈ. બે પળ પછી બોલી, "લેણદારો ધૈર્ય રાખે તો!"

"પડતીમાં કોઈ ધૈર્ય ન રાખે અને આ વાત કાંઈ છૂપી તો રહેવાની નથી. પાંચ પંદર દિવસે જાહેર થઈ જશે....પછી કોણ ધૈર્ય રાખે? અને વ્યાજ ચડાવીને કયાં સુધી ધંધો ધપાવવો? એમાં બરકત પણ રહે નહિ, આતો દસગણી આવકની એક આશા હતી...."

"બરાબર છે....તમે જે નક્કી કર્યું છે તે ડહાપણભર્યું છે....આબરૂ જેવી મુડી બીજી કોઈ નથી."

આમ વાતો કરતાં કરતાં પતિપત્ની મોડીરાતે સૂઈ ગયાં.

અને વળતે જ દિવસે ભાવડે પોતાનો નિર્ણય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમલી બનાવવા માંડયો. પેઢીએ બેસીને તેણે વાણોતરોને રોકડેથી જ વેંચાણ કરવાની સૂચના આપી દીધી અને ઉઘરાણી માટે પુરતી વ્યવસ્થા કરી.

દસબાર દિવસમાં જ લગભગ સવાલાખની ઉઘરાણી ભેગી થઈ ગઈ...બીજા પંદર દિવસમાં સઘળો માલ વેચી નાખ્યો અને વીસેક હજારની બીજી ઉઘરાણી પાકી. ઘરની દુકાન પણ સારી કિંમતે વેંચાઈ ગઈ.

અને ભાવડ શેઠનાં બારેય વહાણ મઘદરિયે ડૂબી ગયાની વાત ખુલ્લી થઈ ગઈ.

ભાવડશેઠે સ્થાનિક વેપાર અંગેનું બધું દેણું પતાવી દીધું...હવે માત્ર વહાણના માલ અંગેનું દેણું રહ્યું હતું. ભાવડ શેઠે એક મરદને છાજે એવી સ્વસ્થતા રાખીને સાત સાત પેઢીનો દરદાગીનો વેંચી નાખ્યો...જે કે વહાણનો માલ ખરીદતી વખતે તેણે જેટલું સુવર્ણ હતું તે સઘળું વેંચી નાખ્યું હતું...ઢોર ઢાંખર આપી દીધાં પોતાના જુના ખેડૂતોને ત્યાં. બધી ઘોડીઓ વેંચી નાખી...મકાન પણ વેંચી નાખ્યું અને ગામમાં ને ગામમાં એક બે ઓરડાનું મકાન ખરીદી લીધું. બધાં દાસ, દાસીઓ, નોકર, ચાકર, વાણોતર સહુને ઘણા જ વેદનાભર્યા હૈયે છૂટા કર્યા.

ગામમાં એમની હરોળનાં વેપારીઓ ભાવડની સ્થિરતા જોઈને દાંતમાં આંગળા કરડવા માંડયા. કેટલાક વેપારીઓ કહેતા કે : "ભાવડે એક તો સમજ્યા વગરનું સાહસ કર્યું ને ગરીબી વહોરીને આબરૂનું પૂંછડું પકડી રાખ્યું. આતો વેપાર છે....આસમાની સુલતાની આવી પડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાં શું થાય ? ભાવડે પચાસ ટકા દેવું ચૂકવ્યું હોય તો બધું જળવાઈ રહેત.”

લોક મુખે કદી ગરણું બાંધી શકાતું નથી. ચડતીમાં સહુ વખાણ કરે ને પડતી વખતે પડખે ન ઊભા રહેતાં અવગુણ શોધી શોધીને ટીકા કરે !

પરંતુ ભાવડે તો પોતાના નિશ્ચયને સાકાર બનાવી દીધો....ટીકાઓ, અપવાદો અને ચર્ચાઓની જરા પણ પરવા કર્યા વગર તેણે બધું દેણું ચૂકવી દીધું....એક દોકડો પણ કોઈને ઓછો ન આપ્યો.

સમગ્ર દેણું પતાવીને તે જ્યારે ફારગ થયો ત્યારે તેને નીરાંત થઈ પણ તેની જાહોજલાલી અદૃશ્ય થઈ ગઈ.

બે ઓરડાઓનું એક મોટા ફળીવાળું મકાન !

દરદાગીનામાં એક નાકની ચૂંક, એક સોનાની સાદી વીંટી, એક મંગલસૂત્ર ને ચાર સોનાની બંગડીઓ !

બપપુરતાં ઠામવાસણ રાખ્યાં હતાં....

જરૂર પુરતાં ગાદલાં ગોદડાં રાખ્યાં હતાં....

વધારાનું જે કંઈ હતું તે પોતાના નોકર ચાકરોને દાસદાસીઓને વિદાયની ભેટ રૂપે આપી દીધું હતું.

આ બધું પતાવ્યા પછી તેને સમાચાર મળ્યા કે કરમચંદ મૃત્યુનો ભોગ થઈ ગયો છે....અને તેનો પરિવાર પાછો આવી ગયો છે....ભાવડ મુનિમ કરમચંદના પરિવારને મળવા એક દિવસ બંદરી ગામ જાગલ ગયો. પરિવારને હિંમત આપી...અને પોતાનો નાનો વેપાર કરવામાટે ત્રણસો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવર્ણમુદ્રિકાઓ બચી હતી તેમાંથી અઢીસો સુવર્ણમુદ્રાઓ કરમચંદના પરિવારને આપી અને તે પાછો આવ્યો.

તેણે બાર મહિના ચાલે એટલું અનાજ ભરી લીધું હતું....આમ છતાં રોજ દેડ ખર્ચ તો ઊભો જ હતો....પચાસમાંથી પચીસ મુદ્રાઓ પત્નીને આપી....પચીસ મુદ્રામાં વેપાર શું કરવો ?

છએક મહિના ઘેર બેસીને કાઢ્યા. આવી પરિસ્થિતિ વચ્ચે પણ બંને માણસોએ પોતાની ધાર્મિક પ્રવૃત્તિમાં જરાયે કાપ નહોતો મૂક્યો.

શ્રી જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, વ્રતપાલન વગેરે ક્રિયાઓ બંને માણસો જાણ્યે કશું બન્યું નથી તેમ કરવા માંડ્યા.

ઘેર બેડાં કયાં સુધી ચલાવી શકાય ? આશ્ચર્ય તો એ વાતનું હતું કે જ્યારે જહોજલાલી હતી ત્યારે સગા સંબંધીઓ હર્ષભેર આવતા હતા અને શેઠ શેઠ કહીને જીભ પણ સૂકવતા નહોતા. પરંતુ આ પડતીના સમાચાર સાંભળીને કોઈ સ્નેહી કે સ્વજન ભાવડ કઈ દિશામાં રહે છે તે જોવાયે આવતો નહિ.

એની બહેને બે ત્રણ વાર પોતાને ત્યાં આવી જવાનો સંદેશો પાઠવ્યો હતો....પણ ભાવડ સમજતો હતો કે બિચારી ભોળી બહેનનું બનેવીના સ્વભાવ આગળ કશું ચાલતું નથી....અને આવા સમયે ત્યાં જવાનો અર્થ પણ એ જ થશે કે ભાવડ કંઈક સહાય માટે આવ્યો છે ! અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એથી ગૌરવ પણ જળવાશે નહિં આથી તેણે થાળે પડયા પછી આવીશ એમ કહેવરાવ્યું.

ભાવડનો સાળો બે ત્રણ વાર બહેન પાસે આવી ગયો હતો....પણ એની પરિસ્થિતિ એવી નહોતી કે સહાયક થઈ ને ઊભો રહે....

એક દિવસે ભાવડે પત્નીને કહ્યું : " આમ તો આપણે સાવ ખાલી થઈ ગયા છીએ. નાનો એવો ધંધો શરૂ કરવાનો વિચાર કર્યો છે....પણ એ પહેલાં જો તારી ઇચ્છા હોય તો આસપાસનાં તીર્થસ્થાનોમાં યાત્રા કરી આવીએ. જો તને હરકત ન હોય તો ગીરનારજી જઈ આવીએ. લગ્ન પછી આપણે યાત્રા કરી શકયા નથી."

" મારી ના નથી. પણ યાત્રાએ જશું કેવી રીતે? મારી પાસે તમારી દીધેલી પચીસ મુદ્રાઓ પડી છે."

" એ તો ઘણી થઈ પડશે, તીર્થ દર્શનથી આપણા મન પ્રફુલ્લ બનશે અને પૂર્વકર્મના ફળ ભોગવવાનું બળ પણ પ્રાપ્ત થશે."

" પછી આવીને શું કરવું ?" પત્નીએ પ્રશ્ન કર્યો.

" કાંક વગર મુડીએ ચાલે એવો ધંધો શરૂ કરીશ."

આવા દુઃખમાં પણ પત્ની હસી પડી અને બોલી : " વગર મુડીનો ધંધો ? "

" જો....જે હાથે દાન કર્યું છે, જે હાથે આપી છૂટવામાં કર્તવ્ય માનું છું, તે હાથ કોઈ પાસે યાચના કરવા લાંબો તો નહીં થઈ શકે....અને હજી હું કાંઈ ભાંગી ગયો નથી. કર્મરાજાએ ભલે બધું છીનવી લીધું....પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા આરોગ્યને તો બચાવી રાખ્યું છે....મને એકવીસમું વર્ષ ચાલે છે....યૌવનનો પ્રારંભ કાળ છે....તારું આરોગ્ય પણ જળવાઈ રહ્યું છે ને ધૈર્યપૂર્વક તું સ્વામીને સાથ આપી રહી છે....હું કોથળામાં થોડો ઘણો માલ ભરીને આસપાસના ગામડામાં ફેરીનો ધંધો કરીશ. આપણે કદાચ દૂધ ચોખા નહીં ખાઈ શકીએ પણ જાતમહેનતથી પ્રાપ્ત કરેલું ધાન તો જરૂર પેટ ભરીને નીરાંતે ખાઈ શકશું.''

''આપ ફેરી કરવા જશો ?''

''કેમ, એમાં તને કંઈ ભય લાગે છે ?''

''પણ આપે કદી વાહન વગર...''

''ભાગુ, સપનાની વાતો સંભારવામાં શું વળવાનું છે ? બરી મજા તો પરિસ્થિતિનો છાતી કાઢીને સામનો કરવામાં છે...તું સાવ નિશ્ચિંત રહે...તારો ભાવડ દરેક પરિસ્થિતિને પચાવી શકશે.''

પત્ની શ્રદ્ધા ભરી નજરે પતિના પ્રફુલ્લ વદન સામે જોઈ રહી. તેના મનમાં થયું આ માનવ છે કે દેવ ? પત્ની હર્ષભર્યા ભાવે સ્વામીને વળગી પડી.

એક સપ્તાહ પછી બંને માણસો એક ગાડું લઈને ગિરનારની યાત્રાએ જવા નીકળી પડ્યા.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવાસ કઠિન તો હતો જ...પરંતુ ભાવડને પોતાના એક મિત્ર ખેડૂત પાસેથી ગાડું મળ્યું હતું...એના બળદ એક દિવસે ભાવડના જ હતા. સ્થિતિ પલટાતાં ઉત્તમ બળદની જોડી તેણે પોતાના મિત્રને ભેટ રૂપે આપી હતી. એ જ બળદો આજે પોતાના માલિકને સાથ આપી રહ્યા હતા. બળદો તેજસ્વી અને શ્રેષ્ઠ હતા એટલે પ્રવાસના કઠિન માર્ગમાં પણ કશી હરકત નહોતી આવતી...વળી પોતાનાં સઘળાં કામ છોડીને ભાવડનો ખેડૂત મિત્ર રાઘવ પોતે જ ગાડાખેડુ રૂપે આવ્યો હતો.

ભાતાનાં ત્રણચાર ડબરા ભરી રાખ્યા હતા અને બાજરાનો લોટ ને મગની દાળ, ચોખા વગેરે સાથે રાખ્યાં હતાં. વાટમાં ખૂટે ત્યારે ગમે તે સ્થળે રાતવાસો રહેવાનું અને ત્યાં ભાગ્યવતી ભાત કરી લેતી અને રસોઈ રોજ એકવાર કરવાનો નિયમ રાખ્યો હતો.

પ્રવાસના આઠમે દિવસે ભાવડે પત્નીને કહ્યું : " ભાગુ, આજ રાતે બળકડે આપણે ઉપડીશું એટલે દિવસના પ્રથમ પ્રહરે બેનનું ગામ આવશે."

" નંદપુર આવશે ? "

" હા...મને લાગે છે કે આપણે ત્યાં ન રોકાતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ કોશ દૂરના એક ગામડામાં રોકાઇને રસોઈ બનાવીએ.” ભાવડે કહ્યું.

ભાગ્યવતીએ બે પળ વિચારીને કહ્યું : “ આપણે આવો ક્ષોભ શા માટે રાખવો જોઇએ ! મારગમાં બેનનું ઘર આવે ને મળ્યા વગર જઈએ તો કેટલું હીણું લાગે ? બેનને ખબર પડે તો એમને સાસરીનાં મેણાં પણ સાંભળવા પડે....! આપણે ગામને પાદર ગાડું છોડીને બેનને મળવા જઈ આવીશું....અને સાંજ વેળાએ ચાલતા થશું....ને ત્રણ ગાઉ છેટેના ગામડે રોકાશું.”

રાઘવે પણ આ વાતમાં ટેકો આપ્યો.

એમજ થયું. બીજે દિવસે પહેલો પ્રહર પુરો થાય તે પહેલાં જ નંદપુરના પાદરમાં આવેલી એક આંબાવાડીએ ગાડું ઊભું રહી ગયું.

આંબાવાડીમાં એક કુવો હતો. રાઘવે ગાડામાંથી બે ચરૂ ને એક ઘડો લઈ લીધાં. ભાવડે વરાડી લીધી. ભાગ્યવતીએ કહ્યું : “ નાહીને જ જવું છે ને ? ”

“ હા....ઈ વધારે ઠીક પડશે.” ભાવડે કહ્યું.

“ નંદપુરમાં દહેરાસર છે કે નહિ ? ”

“ નથી....નહિ તો આપણે પૂજા કરીને જ જાત.” કહી ભાવડ રાઘવની પાછળ પાછળ કુવે ગયો.

શૌચ, દાતણ આદિ પ્રાતઃકાર્ય પતાવીને ત્રણેયે વારા ફરતી સ્નાન કરી લીધું. ત્યાર પછી ધોયેલાં વસ્ત્રો ધારણ કરીને ભાવડ ને ભાગ્યવતી ગામમાં જવા તૈયાર થઈ ગયાં.

રાઘવે બળદને નીરણ નાખી....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે કહ્યું : "રાઘવ, તું શીરામણ કરી લેજે....કાંઈ લાવવા કરવાનું છે ?"

"ના...બળદ માટે ખોળ કપાસીયા આજનો દી ચાલે એમ છે...." રાઘવે કહ્યું.

"તો પછી લઈ આવવા પડશે....હવે વાટમાં કોઈ મોટું ગામ નંઈ આવે....બેદિ પછી તો આપણે રૈવતાચલ પહોંચી જશું."

"તમે બેય બેનને ત્યાં જાઓ...લાવવા કરવાનું બધું હું લઈ આવીશ...આંબાવાડીનો રખવાળ કયાંક બહાર ગયો લાગે છે...ઈ આવશે તંઈ હું જઈ આવીશ."

"તો જમવા ટાણે બેનને ઘેર આવજે...તને ઘર તો જડશેને ?"

"બેનને બેવાર મૂકવા આવ્યો તો એટલે મને બબર છે." રાઘવે કહ્યું.

ભાવડ પોતાની પત્ની સાથે નંદપુરમાં દાખલ થયો.

મીઠાચંદ શેઠનું ઘર પ્રખ્યાત હતું અને ભાવડ એક વાર અહીં આવેલો. આજ મીઠાચંદ શેઠ નહોતા પણ તેનો મોટો પુત્ર મલુકચંદ જે બનેવી થતો હતો તેજ બધો વેપાર ને વહીવટ સંભાળતો. મલુકચંદ ત્રીસ બત્રીસ વર્ષનો હતો....બેન સુરજ છવ્વીસ વર્ષની હતી. મલુકચંદ પાસે સારું એવું ધન હતું....આસપાસનાં દસબાર ગામનો વેપાર એને ત્યાં જ હતો. ચાર વાડીઓ હતી...પાંચ બેતર હતાં પણ મલુકચંદનો સ્વભાવ કંઈક વધુ પડતો લોભી હતો. તેને ધનનો સંગ્રહ કરવામાં જેટલો રસ હતો તેટલો રસ ધનનો ઉપયોગ કરવામાં નહોતો. પેઢીનું નામ મોટું અને જાણીતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી અવારનવાર શુભકાર્યના ફાળાઓ આવતા....એ વખતે તેનું ચિત્ત ભારે વિકળ બની જતું. જ્યાં સૌ રૌપ્ય મુદ્રાઓ આપવાની હોય ત્યાં મહામહેનતે તે દસ મુદ્રાઓ આપતો.

ભાવડ પોતાના બનેવીનો આ સ્વભાવ જાણતો હતો. ઘણી આગળ બેનનું કાંઈ ચાલતું નહોતું....બેનનો સ્વભાવ ઉદાર હોવા છતાં તે સાવ બિચારી હતી....કારણ કે માથે સાસુ બેઠાં હતાં અને એક વિધવા નણંદ હતી...બંને મા દિકરી મલુકચંદ કરતાં સવાયાં હતાં ઘેર સારૂં એવું દુઃખણું હતું...લગભગ એંસી ગાયો હતી....પણ જ્યાં બધાં લોભી હોય ત્યાં એક ઉદારનું કંઈ ઉપજતું નથી.

ભાગ્યવતીને આ વાતની ખબર તો હતી જ.... પણ તેણે આગળ કદી જોયું નહોતું. પરણ્યા પછી તે બે વાર પિયર ગઈ હતી...સાસુ સસરાના અવસાન પછી તે ભાવડથી અળગી જ થઈ શકી નહોતી....

ભાવડ અને ભાગ્યવતી બેનને ઘેર ગયાં...

બેન ફળીમાં બેઠી બેઠી કંઈક કામ કરી રહી હતી....ભાઈ ભાભીને ડેલીમાં દાખલ થયેલાં જોતાં જ તે ઊભી થઈ ગઈ...તેના નયનો અંતરના હર્ષથી...નાચી ઊઠ્યાં... તેણે ઓસરીની કોરે બેઠેલાં સાસુ સામે જોઈને કહ્યું, " બાઈજી, મારાં ભાઈ ભાભી આવ્યાં છે ! "

ભાઇ ભાભી આવ્યાં છે એટલું સાંભળતાં જ સાસુના હૈયામાં જાણે તેલ રેડાયું ! પણ લોભી માણસોને દંભ કરતાં સારો આવડે છે....સાસુએ કહ્યું : " આવો આવો....ભાવડ શા....આવો...અરે, અગાઉથી સમાચાર મોકલ્યા હોત તો મલુકચંદને સામો મોકલત....બેય સાજાં નરવાં છોને ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ ને ભાગ્યવતી બેનની સાસુને પગે લાગ્યાં. ભાવડે કહ્યું : " ધર્મની કૃપાથી સુખરૂપ છીએ. ગિરનારજીની યાત્રાએ નિકળ્યાં છીએ....રસ્તાનાં બેનનું ઘર આવે એટલે એમને એમ જવું ઉચિત ન ગણાય....આપની તબિયત સારી છે ને ? " ભાવડે કહ્યું.

ત્યાંતો સુરજબેનની નણંદ પણ ઓરડામાંથી બહાર આવી. સુરજ પણ હાથ મોઢુ ધોઇને પોતાની ભાભી સાથે એક ઓરડામાં ગઈ.

એક નોકરને ડોશીમાએ હાટડીએ દોડાવ્યો....ને કહેવરાવ્યું કે મલુકચંદ ઘરે આવે...કંપિલપરથી ભાવડશા ને તેનાં ઘરવાળાં આવ્યાં છે.

નોકર દોડતો પેઢીએ ગયો. મલુકચંદ થડે બેઠો હતો, નોકરે સમાચાર આપ્યા...મલુકચંદ ભારે મુંઝવણમાં મુકાઈ ગયો. તેના મનમાં થયું, ભાવડ આવ્યો છે કાંક મદદ માગવા...ઓછામાં ઓછી દસ પંદર હજાર સુવર્ણ-મુદ્રાઓની માગણી કરશે....ના પડાય નહિ ને દેવાનો કોઈ અરથ નઈ....વ્યાજે અપાય નઈ ને ધન પાછું મળાય નહિ...ભારે સંકડામણમાં આવી પડયો ! તેણે નોકરને કહ્યું: " માને કહેજે કે શેઠ એક દરબારના કામે બાજુનાં ગામડે ગયા છે...સાંજે આવી પહોંચશે."

નોકર શેઠના સ્વભાવથી પરિચિત હતો. તેને પણ ખબર પડી ગઈ હતી કે ઓલદોલ સાયબીવાળા ભાવડ શેઠ વેપારના કારણે બધું ખોઈ બેઠા છે...શેઠની આવી નબળી મનોવૃત્તિને મનમાં ભાંડતો ભાંડતો નોકર ઘર તરફ પાછો વળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલુકચંદે પોતાના મુનિમને કહ્યું : " હું આપણી વાડીએ જાઉં છું...રોજમેળ ને આવરો લેતો જાઉં છું... ત્યાં લીમડાનાં છાયે નામાનું કામ થઈ જશે...દોત કલમ પણ તૈયાર કરજો."

અડધી ઘડીમાં જ મલુકચંદ બે ચોપડા ને દોત બડીયો લઈ ને વાડી તરફ વિદાય થયો. ગમના દરવાજા બહાર નીકળતાં જ રાઘવે મલુકચંદ શેઠને જોયા. તેના મનમાં થયું, કાંક કામે જતા લાગે છે એટલે ટોક કરવી તે ઠીક નહિ.

મલુકચંદ મનમાં અનેક તર્ક વિતર્ક કરતો કરતો વાડીના મારગે વળી ગયો. રાઘવ ગાડું–બળદ વગેરે આંબાવાડીના રખવાળને ભળાવીને મલુકચંદશેઠના ઘેર જવા જ નિકળ્યો હતો.

ભાવડ ઓસરીમાં બાંધેલી બાટ પર બેઠો હતો... તેની સામે બેનની નણંદ અને સાસુ ચાકળે બેઠાં હતાં ત્યાં પેઢીએ ગયેલો નોકર આવ્યો. ડોશીમાએ કહ્યું : " મલુકચંદ આવે છે ને ? "

" બા, શેઠ તો પેઢીએ છે જ નહિ...મુનિમને પૂછયું એટલે ખબર મળ્યા કે કોક દરબાર હાર્યે પરગામ ગીયા છે ને સાંજે આવશે."

મા પણ મલુકચંદની જ હતીને ! બધું સમજી ગઈ... તેણે ભાવડ સામે જોઈને કહ્યું : " ભાવડશેઠ, એકલાનાં માથે બધો ભાર હોય તંઈ બધી પાંતીના વેપાર ઉપાડવા પડે છે... પણ અમે છઈ તમને કોઈ પાંતીની મોળપ નહિ જણાવા દઈ..તમારો સરસામાન કયાં છે ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ગાડું ગામ બહાર ઊભું રખાવ્યું છે ને અમારે નમતા પોરે ઉપડવાનું છે..." ભાવડે કહ્યું.

"પણ એમ કાંઈ ચાલે ! મલુકચંદને મળ્યા વગર. જશો ? ના...ના...તો ઈ ગાંડીયો મારા માથે ઝાડવાં જ વાવે ! ના ભઈ, એટલે આવ્યા છો તી પાંચપંદરની નીરાંતે રોકાઈને જાઓ...ગિરનાર કાંઈ છેટો નથી...બે અઢી દીનો રસ્તો છે...."

એક ઓરડામાં સુરજ અને ભાગ્યવતી વાતો કરતાં બેઠાં હતાં. નોકરે શેઠ બહારગામ ગયા હોવાના આપેલા સમાચાર સાંભળીને સુરજ બધું સમજી ગઈ. પણ શું કરે ? પોતાની જાંગ કોની પાસે ખુલ્લી કરાય ?

બહારથી ડોશીએ બુમ મારી : "....તારા ભાઈ તો નમતા બપોરે જ જવાના છે...મેં'થી સમજતા નથી મલુકચંદ હોત તો સમજાવત..."

ભાવડે કહ્યું : "મા, આમાં સમજવા ન સમજવાનું કાંઈ છે નહિ...અમારે દસમની સાંજ સુધીમાં તળાટીએ પોંચી જાવું પડે તેમ છે...ત્રણ જાત્રા કરવી છે...ને ઢાણુ તેદશનો અપવાસ કરવો છે...એટલે આ વખત તો મને માફ જ કરજો."

સુરજ બહાર આવી અને સાસુ સામે જોઈ ને બોલી : "બાઈજી, મારા ભાભીએ મને બધી વાત કરી છે...અત્યારે મારા ભાઈભાભી રોકાઈ શકે તેમ નથી. આમ તો રસોઈ તૈયાર જ થઈ ગયેલી છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" રોટલા ને દાળમાં કાંઈ વળતું હશે ? કંસાર બનાવી નાખો...." ડોશીએ કહ્યું.

" બાઈજી, મારાં ભાઈભાભીને જાત્રા ન થાય ત્યાં સુધી ગળપણની આડી છે....' સુરજે કહ્યું.

ડોશીએ તરત ભાવડ સામે જોઈને કહ્યું: "શેઠ આવી તે આડીયું રખાતી હશે...! હજી તમે કયાં મોટા ભડભાદર થઈ ગીયા છો ? હજી તો વહુ પણ માંડ અઢાર વરસની હશે.... આવી આડીયું કયે દખે રાખવી જોઈ....ના આજ તો તમારે છૂટ રાખવી જ પડશે."

" મા, આપ તો ધર્મિષ્ઠ છો....વ્રતભંગનું પાપ કેટલું લાગે ? આપ ચિંતા કરશો નહિ."

એજ વખતે ડેલીમાં રાઘવ દાખલ થયો ને બોલ્યોઃ " મા રામ રામ...."

" આવ્ય ભઈ..તને ઓળખ્યો નઈ...."

ભાવડે કહ્યું : " ઈતો અમારો રાઘવ છે. અમારા ભેગો છે..."

રાઘવ ઓસરી પર આવ્યો ને ડોશીમાને પગે પડયો.

ડોશીએ કહ્યું : " આવ ભઈ આવ . હવે તો આંખે ઝાંખપ આવે છે તે બરાબર કળી શકાતું નથી..."

રાઘવ એક તરફ બેસી ગયો.

સુરજ પોતાની ભાભીને લઈ ને રસોડામાં ગઈ.

ભાગ્યવતીએ પૂછયું : " ભાભી, ઘરમાં કોઈ કામ-વાળી નથી ? "

" ના ભાભી....હું બધેય પોંચી વળું છું....એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોકર છે....એક ગોવાળ છે.” સુરજે હસતાં હસતાં કહ્યું. તેના મનમાં ભાઈ ને કેવું કે નુકશાન થયું ને અત્યારે કેમ છે, એ બધું પૂછવાનું ઘણું થતું હતું....પણ જીભ ઊપડતી નહોતી. તે એટલું જોઈ શકી હતી કે ભાઈ ભાભીના ચહેરા પર કોઈ પ્રકારની ચિંતા જણાતી નથી...ભાભીના અંગ પર દરદાગીનો ઘણો અલ્પ છે...પણ ગમતરે નીકળે તઈ જોખમ ભેગું ન રાખે એવું યે બને.

થોડીવાર પછી બધાએ ભોજન કરી લીધું.

ડોશીમાએ બે ઘડી આડે પડખે થવાનું કહ્યું...પણ ભાવડ સહુને પગે લાગીને ઊભો થયો.

સુરજે ભાભીને કહ્યું : “ભાભી, તમારું ગાડું આંબાવાડીયે છે તે હું મળવા આવીશ તમે કયારે ચાલવાનાં છો ?”

“નમતા બપોરે નીકળી જશું. ગાયને પાલો છે એટલે હરકત આવે એવું નથી.” ભાગ્યવતીએ કહ્યું.

સાસુએ કહ્યું : “ભાવડ શેઠ, આમ તમે હાલ્યા જાઓ ઈ બરાબર નથી...હવે તમે જાત્રાની આડી લીધી છે....એટલે હું'ય તમને વધારે આગ્રહ કરી શકતી નથી.... પણ તમારે વાટમાં જોતી કરતી વસ્તુની જરૂર હોય તો આ ઘર પરાયું માનશો નઈ.”

ભાવડે આછા હાસ્ય સહિત કહ્યું : “મા એવી કાંઈ જરૂર હોત તો હું જરૂર માગી લેત....અમે બધું સાથે જ રાખ્યું છે....”

થોડીવાર પછી ભાવડ, ભાગ્યવતી અને રાઘવ વિદાય થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડોશી, નણંદ ને સુરજ શેરીના નાકા સુધી વેાળાવવા આવ્યા.

ડોશી અને નણંદે છૂટકારાનેા દમ લીધેા....તેના મનમાં ભય હતેા કે કાંક ઉધાર કે મદદની માગણી કરશે તેા ભારે થઈ પડશે...ના પાડી શકાય નહિ ને દીધું પાછું વળે એમ નથી.

રસેાડાનું કામ સંપેટી...એંઠવાડ કાઢી, વાસણ માંજીને સુરજે હાથ મેાં ધેાઈ લીધાં.

મા દીકરી તેા જમીને આડે...પડખે થયાં હતાં.... નીરાંતે પેાઢી ગયાં હતાં.

સુરજે આંબાવાડીયે જવાની તૈયારી કરી...બહાર જવાનાં લુગડાં બદલાવ્યાં. અને પેાતાના બાનગી મજુસમાંથી સેા સુવર્ણમુદ્રાની એક થેલી કાઢી...આ સુવર્ણમુદ્રાએા એના પિયરની જ હતી, કેાઈ વાર કામ આવે એ ગણત્રીએ ભાવડ બેન આવે ત્યારે આપતેા હતેા. મુદ્રાની થેલી કેડયે છૂપાવીને તે બહાર નીકળી.

સાસુ ને નણંદ બંને સૂતાં હતાં. સુરજે સાસુ પાસે જઈ ને આસ્તેથી કહ્યું : "બાઈજી, હું જરા મારાં ભાઈ ભાભીને વેાળાવવા જઉં છું.

સાસુ તરત બેઠાં થઈ ગયાં. વહુ સામે ધારી ધારીને જોયું...વહુના હાથ ખાલી હતા એટલે સાસુએ કહ્યું: "તે જઈ આવ્ય...પણ ખાલી હાથે નેાં જવાય...કાંક સુખડી બુખડી કરવીતીને..."

"એમને ગળપણની તેા બાધા છે..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તો થોડાંક પોતાયાં કરી નાખવાનાં....હવે તો પોંચાય એવું નથી...જા.. ઝટ મળીને આવજે .." કહી સાસુ પાછાં સૂઈ ગયાં.

નણંદ ત્રાંસી નજરે ભાભી સામે જોઈ રહી હતી.

સુરજ ભાઈ ને મળવા ડેલી બહાર નીળી ગઈ. દિકરીએ માને કહ્યું: "બા, ભાભીના ગળામાં ને હાથમાં નજર કરી હતીને ?"

"હા.. ફીકર કરવા જેવું કાંઈ નથી. ને દાગીનો તો એના પીયરનો છે...આપે તો ભલે...એમાં આપણે કાંઈ કહી શકીએ નહિ." ડોશીએ કહ્યું.

સુરજ આંબાવાડીયે પહોંચી ત્યારે રાઘવ બળદને પાણી પાઈ ને દોરી રહ્યો હતો....ભાઈ ભાભી એક આંબા નીચે ગોદડું પાથરીને બેઠાં હતાં. રાઘવે મલુકચંદને જોયાની વાત કરી હતી અને ભાવડે એ વાત સાંભળી ન સાંભળી કરી નાખી હતી.

બેનને આવતી જોતાં જ ભાઈ ઊભો થઈ ગયો અને બોલ્યો: "આવ્ય બેન...તારી ભાભી મને કહેતીતી કે બેનને ઘરનો ઢસરડો ઘણો ખેંચવો પડે છે."

"સાસરીમાં તો બધું ય કરવું પડે." હસતાં હસતાં સુરજે કહ્યું અને ભાભી પાસે બેસી ગઈ.

થોડીવાર અરસપરસની વાતો કરીને સુરજે કહ્યું: "ભાઇ, તારું અત્યારે કેમ ચાલે છે એ હું પૂછી શકી નથી.. અને પૂછીને ય હું કાંઈ કરી શકું એ સ્થિતિમાં નથી...પણ મને એક વિચાર આવ્યો છે."

હસતાં હસતાં ભાઈ એ બેનનો હાથ પકડીને લાડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભર્યા સ્વરે કહ્યું : " હું તારી સ્થિતિ બરાબર જાણું છું.... બોલ તને કયો વિચાર આવ્યો છે ? "

" તું માને તો કહું...."

" માનવા જેવું હશે તો જરૂર માનીશ."

" તો મારો પિયરનો દર દાગીનો મારા હાથમાં છે તે એના ઉપર મારો જ હક્ક છે....ઈ બધો હું તને આપું...'

" પગલી નહિ તો ! શું તું એમ માને છે કે તારો ભાઈ ધન નથી માટે દુઃખી છે ? બેન, તારો દાગીનો લઈ ને હું કયા ભવે છૂટું ? અને મારે ધનની જરૂર પણ નથી....મારો સંસાર સુખ અને સંતોષથી ચાલે છે....કામ હાથે કરવું પડે છે પણ ઈ કાંઈ શરમની વાત નથી. તારે ત્યાં પુષ્કળ ધન હોવા છતાં તારે પણ કામ હાથે જ કરવું પડે છે ! ને વળી મારા બનેવીનો સ્વભાવ હું જાણું છું...તું એક નાની વીંટી સરખી આપે તોય એના મનને દુઃખ થાય ને તારા સંસારમાં નકામો કલહ ઊભો થાય....ના બેન....એવું કશું કરવાની જરૂર નથી."

બેનનાં નયનો સજળ બની ગયાં. રાઘવે કહ્યું : " શેઠ, ટાણું થવા આવ્યું છે....ગાડું જોડું ને ? "

" બેન આવી છે તે ઘડિક બેસીયે....તું'ય બેસ..."

" તમે મલુકચંદ શેઠનું પૂછ્યું ? " રાઘવે એક તરફ બેસતાં કહ્યું.

" એમાં પૂછવાનું હોય જ નહિ....હું'ય જાણું છું ને મારી બેન પણ જાણે છે."

સુરજ વેદના ભર્યું હસી અને બોલી : " રાધુ, સ્વભાવનું કોઈ ઓસડ છે જ નઈ....ઈ તો મને મારી માના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂડા સંસ્કાર મળ્યા છે તે હસતાં હસતાં બધું પી જાઉં છું.”

રાઘવે કહ્યું : “ગમે તેમ તોય બેન તો ભાવડ શેઠનાં ને!”

સુરજે કેડયમાં છુપાવેલી સુવર્ણ મુદ્રાની કોથળી કાઢતાં કહ્યું : “ભાઈ, આમાં સો મુદ્રા છે....તું સાથે લઈ જા...”

“બેન, ખરેખર મારે કશી જરૂર નથી. હું પચીસ સુવર્ણ મુદ્રા લઈ ને નીકળ્યો છું...હજી બે મુદ્રા પણ પુરી ખરચાણી નથી.”

“હું તારા માટે નથી કહેતી...ત્યાં મારાવતી શુભ કામમાં વાપરજે...દાદાની આંગીમાં, આરતીમાં જમણવારમાં તને જેમ ગમે તેમ વાપરજે....તારા બનેવીના હાથે એક કોડી પણ શુભ માર્ગમાં ખરચાય એમ નથી. પરણીને આ ઘેર આવ્યા પછી એ લોકોએ કોઈ તીર્થસ્થાનમાં યાત્રા પણ કરી નથી....એટલે તારા પાપકર્મ કંઈક હળવા થાય એટલા ભાગ્ય...” કહેતાં કહેતાં સુરજ ગળગળી થઈ ગઈ અને રડી પડી.

ભાગ્યવતીએ તરત સુરજના હાથમાંથી થેલી લઈ લીધી ને કહ્યું: “બેન, તમારી વાત હું સાચવીશ...તમારા નિમિત્તની આંગી રચાવીશ... યાત્રિકો જે હશે તેને જમાડીશ...તમે કોચવાશો નહિં.”

ભાવડે કહ્યું : “બેન, તારી બધી સ્થિતિ હું સમજું છું....પણ કર્મરાજા સમો વાળશે ત્યારે હું તને નહિ ભૂલું. તું જે સમતા રાખી રહી છે તે બરાબર જાળવજે... ધર્મધ્યાન જરાય ચૂકીશ નહિં. કાંઈ નો બને તો નવકાર-મંત્રનું સ્મરણ જરૂર કરજે.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંસુ લૂછીને સુરજે કહ્યું : " સામાયિક, પ્રતિક્રમણ ને વ્રત નિયમ મેં બરાબર જાળવી રાખ્યાં છે. એથી જ હું ધીરજ રાખી રહી છું."

ત્યાર પછી ભાગ્યવતીએ સ્વામી સામે જોઇને કહ્યું " મેં વાત કરીતી ઈ ભૂલી ગયા ? "

" નથી ભૂલ્યેા...શું તું મને ભૂલકણેા ધારે છે ? " કહી ભાવડે કેડયે ભરાવેલી બે સુવર્ણમુદ્રાઓ કાઢી અને બેનને આપતાં કહ્યું : ' બેન, આ તારું કાપડું...."

" ભાઈ...."

" તારેા ભાઈ ઈનેા ઈ છે...જરાય ભાંગી ગયેા નથી...મારે જેટલું આપવું જોઈ એટલું નથી આપી શકતેા પણ શું કરું ? સમય પ્રમાણે સહુએ વર્તવું જોઈ એ."

" ના ભાઇ....કાપડાની હું ના નહિ પાડું...મને એક રૌપ્ય મુદ્રા આપ આટલું બધું નઈ..."

" બેનને સેાના સિવાય કશું ન દેખાય ઈ આપણી પરિવારની એક પરંપરા છે....શું હું મારા વડવાઓને લાંછન લગાડું ? લઇ લે...તને મારા સમ છે." ભાવડે ભાવ ભર્યા સ્વરે કહ્યું.

ભાઇના સેાગંદ ! બેન માટે બીજો કોઈ ઉપાય ન રહ્યેા....ભાઇએ આપેલી અનંત આશીર્વાદ સમી બંને સુવર્ણ મુદ્રાઓ બહેને કપાળે અડાડીને પેાતાની પાસે રાખી.

રાઘવે ગાડું જોડવા માંડયું.

અર્ધ ઘટિકા પછી ભાઇ ભાભીને સજળનયને વિદાય આપીને સુરજ ઘર તરફ વળી...ગાડું મારગે ચડયું.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસમને દિવસે ભાવડનું ગાડું ગિરનારની તલાટીએ પહોંચી ગયું.

માર્ગમાં કોઇ પ્રકારનું વિઘ્ન નહોતું આવ્યું. રાજા વીર વિક્રમની આણ ફરતી હોવાથી અને જનતામાં કોઇ પ્રકારનો અસંતોષ ન હોવાથી લૂંટ, ચોરીના બનાવો બનતા જ નહોતા. એકલ દોકલ યાત્રિક નિર્ભયતાથી પ્રવાસ ખેડી શકતો હતો....અંગત વેરઝેર તો અજ્ઞાનીનાં અંતરમાં પડ્યાં જ હોય છે. એવા અજ્ઞાનીઓ કોઇ કોઇ ઝબકતા હતા અને મારફાડ કરતા હતા. પરંતુ આવા અજ્ઞાનીઓ પણ જનતાને કદી છેડતા નહોતા.

લૂંટ ચોરીના બનાવો તો લગભગ ભુંસાઇ ગયા હતા. લૂંટ–ચોરી પાછળ મોટે ભાગે માનવીને થયેલો અન્યાય અથવા ગરીબીની કારમી વેદનાં જ હોય છે. આ બંને દુષણો વીરવિક્રમે લગભગ નાબુદ કર્યાં હતાં. જ્યાં રાજકારોબાર નિર્મળ હોય છે, જાગૃત હોય છે અને પ્રજાની મુશ્કેલીઓને અગ્રસ્થાન આપતો હોય છે ત્યાં અનિષ્ટોનો અંત આવે છે. છતાં સઘળાં અનિષ્ટો કદી વિલય પામતાં નથી. કુસંસ્કાર અથવા તો પૂર્વકર્મના ફળ રૂપે આવેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિષ્ટો એનું કામ કરતાં જ હોય છે. પરંતુ સુયોગ્ય રાજતંત્રમાં અનિષ્ટો રાજમાર્ગ નથી બની જતાં...જ્યારે સત્તાધારીઓના સ્વાર્થથી ખદબદતા રાજ્યમાં અથવા તો રાજપુરુષોની અંગત મહત્વાકાંક્ષાઓ ખાતર થતાં અત્યાચાર ભર્યા સમયમાં અનિષ્ટો પોતે જ રાજમાર્ગ બની જતાં હોય છે.

રાવણ મહાપ્રતાપી રાજા હતો. તે કાળનો સર્વશ્રેષ્ઠ તત્વજ્ઞ અને વૈજ્ઞાનિક પણ હતો. સંગીત, નૃત્ય, જ્યોતિષ, વૈદક વગેરે શાસ્ત્રોનો રચયિતા પણ હતો—એટલું જ નહિં પરંતુ વાયુ, અગ્નિ, વરુણ આદિ તત્વો પર પ્રભુત્વ મેળવીને તેણે એક આશ્ચર્યકારક સૃષ્ટિ રચી હતી. માનવ-લોકનું પહેલું વિમાન રાવણે નિર્માણ કર્યું હતું અને અવકાશને પેલે પાર સ્વર્ગમાં જવાનો એક વૈજ્ઞાનિક ઘોરી માર્ગ તૈયાર કરવાની તેની ભાવના પણ હતી. આવો સમર્થ રાજવી રાવણ હોવા છતાં તે અંગત સ્વાર્થોમાં રાચતો હોવાથી લોકપ્રિય ન બની શકયો. રાવણરાજની સ્થાપના તેનાથી ન થઈ શકી. જ્યારે દશરથનંદનરામ લોકકલ્યાણના વ્રતધારી હતા અને વિશ્વનાં અનિષ્ટો દૂર કર્યા પછી તેઓએ રામરાજ્યની સ્થાપના કરી હતી.

શ્રી રામના રામરાજ્યની પરંપરા માત્ર અમૂક વર્ષો પર્યંત ચાલી હતી, તેમ નહોતું. એ પરંપરા હજારો વર્ષ પર્યંત ચાલી હતી. અને વીર વિક્રમાદિત્યે એ રામરાજ્યનો જ જાણે પુનરુદ્ધાર કર્યો હતો. વીરવિક્રમને પરદુઃખભંજનની પદવી કોઈ ક્ષિતદાસોએ નહોતી આપી, કોઈ માખણદાસોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહોતી આપી...કોઈ રાજના ધનથી પોષાતી સંસ્થાઓએ પણ નહોતી આપી...એ પદવી આપી હતી સ્વયં જનતા જનાર્દને !

જ્યાં સુધી જનતા કે કોઈ પણ રાજ્યને નિર્ભયતા-પૂર્વક વંદના ન કરે, ત્યાં સુધી રાજ્યના ખવાસો રાજકર્તાના ગમે તેટલાં ગુણગાન ગાય..એનો કોઈ અર્થ નથી... કારણ કે ભાડૂતી કીર્તિ કે યશગાન કદી જનહૃદયમાં સ્થિર થતાં નથી.

તલાટીમાં નાની મોટી એકવીસ ધર્મશાળાઓ હતી... ભાવડ શ્રી રૈવતાચલની યાત્રાએ એકવાર આવ્યો હતો. ત્યારે તેનું વય માત્ર પાંચ વર્ષનું હતું. તે પોતાના માતા-પિતા ને અન્ય સ્વજનોના સંઘ સાથે આવ્યો હતો. એ વખતે તેના પિતા સુંદર શેઠે એક ધર્મશાળા તૈયાર કરાવી હતી અને શ્રી સંઘને અર્પણ કરવા જ આવ્યા હતા.

બાલવયનાં બધાં સ્મરણો તો ભાવડને યાદ નહોતાં પરંતુ પરમકૃપાળુ શ્રી નેમિનાથ ભગવંતની શ્યામલ-સુંદર પ્રતિમા અરાબર હૃદયે કોતરાઈ ગઈ હતી.

શ્રી સિદ્ધગિરિવર પર એક દુષ્ટ રાક્ષસ પોતાની જાતિના કેટલાક સભ્યો સાથે રહેતો હતો અને ભારે ઉપદ્રવ મચાવતો હતો. આ રાક્ષસને દૂર કરવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા હોવાથી એ શાશ્વતું તીર્થ બંધ પડી ગયું હતું. પાદલિપ્તપુરમાં વસતા જૈનો પણ ગિરિરાજના દર્શન કરી શકતા નહોતા. અને કદાચ કોઈ સાહસ કરીને ઉપર જતો તો રાક્ષસો તેને મારીને ખાઈ જતા. આમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાશ્વતું તીર્થ છેલ્લા થોડા વરસોથી સાવ બંધ પડી ગયું હોવાથી યાત્રાળુઓનો પ્રવાહ ગિરનારજી આવતો અને શ્રી નેમનાથ ભગવંતનાં દર્શન કરીને સંતોષ મેળવતો.

ભાવડ પોતાના પિતા સુંદર શેઠની ધર્મશાળામાં ન જતાં અન્ય એક ધર્મશાળા તરફ ગયો. એટલે ભાગ્યવતીએ કહ્યું : " આપ કહેતા હતા ને કે અહીં આપણી એક ધર્મશાળા છે."

" છે....પણ આવી સ્થિતિમાં ત્યાં જવું એ બરાબર નથી....મુનિમ વગેરે નામથી જાણતા હોય અને .."

" સ્વામી, એક સરખી સ્થિતિ કોઈની જળવાઈ રહેતી નથી . પછી આપણે આટલો યે ક્ષોભ શા માટે રાખવો જોઈએ ! "

" તો ભલે...." કહી તે પાછો વળ્યો,..રાઘવ હજી ગાડું ઊભું રાખીને એક તરફ ઊભો હતો.

ભાવડે રાઘવને ગાડું લઈ ને આવવાનો ઈશારો કર્યો અને સહુ સુંદરશેઠની ધર્મશાળામાં ગયા. ધર્મશાળા ઉત્તમ હતી....ફળી ઘણું મોટું હોવાથી ગાડાં વગેરે વાહનો માટે સારી સગવડ હતી.

મુનિમે આવકાર આપ્યો અને પરિચય માગ્યો ત્યારે ભાવડે નામ ઠામ ને ગામ જણાવ્યું.

એ સાંભળતાં જ મુનિમ ઘણો જ હર્ષિત બની ગયો અને બોલ્યો : " શેઠજી, ધનભાગ્ય આજે આપ પધાર્યા...ઉપરના ભાગમાં બે ઓરડા અલાયદા રાખવામાં જ આવે છે....આપ ઉપર પધારો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નહિ મુનિમજી, મને સૌની સાથે રહેવું ઠીક પડશે." ભાવડે કહ્યું.

પણ મુનિમ માને શેનો ? તેણે તો ધર્મશાળાના માણસોને બોલાવીને ભાવડ શેઠનો સરસામાન ઉપરના બે ઓરડામાં મૂકાવ્યો.

રસોઈ માટે એક બાઈને રોકવી દીધી.

કપડાં, વાસણ, વાળવું ચોળવું વગેરે માટે એક બીજી કામવાળીને રોકવી દીધી.

ભાવડ શેઠે પત્ની સામે અર્થસૂચક નજરે જોયું. પત્ની આછું હસી. તેના હાસ્યમાં એવો રણકો હતો કે આપણે ધનહીન બન્યા છીએ....કર્તવ્યહીન કે ગૌરવહીન નથી બન્યા !

ગિરનારજી ઉપર ચડવાનો રસ્તો ભારે કઠિન હતો. પાછલી રાતે યાત્રિકોને ચડવું પડતું. માર્ગ પણ એવો હતો કે આખા પહાડમાં ઘેઘુર વનરાજીની ઝાડી છવાયેલી હતી વાઘ, દીપડા, સાવઝ, વરૂ વગેરેનો ભય પણ રહેતો.... પરંતુ શાસન દેવની કૃપાથી એવો એક પણ કિસ્સો ન હતો બન્યો કે જેમાં કોઈ યાત્રાળુનો પ્રાણ ગયો હોય.

ભાગ્યવતી અને ભાવડ શેઠ સ્નાનાદિ કાર્ય પતાવીને તલાટીના એક નાના જિનાલયમાં પૂજા કરવા ગયા.

રાઘવ પણ નાહી, દર્શન કરીને બળદ માટે ઘાસ, ખાણ વગેરેની વ્યવસ્થા કરવા ગયો.

તલાટીના શ્રી જિનમંદિરમાં કસોટીની એક શ્યામ-સુંદર પ્રતિમા હતી. ભાવડ શેઠે અને ભાગ્યવતીએ ઘણા જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવથી શ્રી જિન પૂજન, શ્રી જિનભક્તિ અને શ્રી અરિહંતના સ્વરૂપની ભાવના ભાવી.

તેઓ ઉલ્લાસભર્યા હૃદયે શ્રી જિનપ્રસાદને પ્રણિપાત કરીને પોતાના ઉતારે જવા બહાર નીકળ્યા. વીસેક કદમ ચાલતાં જ એક ગૃહસ્થે ભાવડશેઠ સામે જોઈને કહ્યું: "કોણ, ભાવડ શેઠ ?"

ભાવડ આ ગૃહસ્થ સામે જોઈ રહ્યો.

ગૃહસ્થે નજીક આવી પ્રણામ કરતાં કહ્યું : "આપે મને ન ઓળખ્યો ?"

ભાવડે કહ્યું : "આપને કયાંક જોયા હોય એવો આભાસ થાય છે."

"હું વર્ધમાનપુરનો વીરચંદ..."

"કંઈક યાદ આવે છે...પરંતુ..."

વચ્ચે જ વીરચંદે કહ્યું : "ભાવડ શેઠ, બે વરસ પહેલાં હું કાંપિલ્યપુર હતો. મારે બસો સુવર્ણમુદ્રાની જરૂર હતી...આપે મને વગર સંકોચે કાઢી આપી હતી. મારો પરિચય પણ નહોતો માગ્યો...માત્ર નામ લખ્યું હતું...મેં આપને તરત મોકલી આપવાનું જણાવ્યું હતું...પરંતુ મારે મગધના પ્રવાસે જવું પડયું...એટલે હું મોકલી શકયો નથી. હું અહીં આઠ દિવસથી આવ્યો છું.. કાંપિલ્યપુરનો કોક સથવારો શોધતો હતો...પણ કોઈ મળ્યું નહિ...આજ આપ જ મળી ગયા..."

ભાવડે કહ્યું : "હવે મને યાદ આવ્યું...ચાલો મારા ઉતારે પધારો...ભોજન કરીને નીરાંતે જજો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શેઠજી, હું તો અત્યારે જઉં છું. મારી સાથે દસબાર માણસો છે....ગાડાં પણ તૈયાર થઈ ગયાં છે...હવે આપ મને કૃપા કરીને ઋણ મુક્ત કરો....આપ કઈ ધર્મશાળામાં ઉતર્યા છો ?"

"સામે દેખાય તે સુંદરશેઠની ધર્મશાળામાં.... પરંતુ આપ જમવા તો પધારો..."

"ક્ષમા માગું છું....ભોજન પતાવીને પ્રયાણ માટે તૈયાર જ થઈ ગયા છીએ...હું હમણાં જ આવું છું."

"વીરચંદભાઈ, ઉતાવળની કાંઈ જરૂર નથી. આપનો પ્રવાસ લાંબો છે....રસ્તામાં જરૂર પડશે....પછી ગમે ત્યારે મોકલશો તો યે ચાલશે."

"શેઠજી, હું ઘેરથી નીકળ્યો ત્યારે જોખમ સાથે જ રાખ્યું હતું....અહીં કોઈ સંગાથ ન મળ્યો....હું હમણા જ આવું છું." કહી વીરચંદ પોતાના ગાડાઓ તરફ વળ્યો.

ભાવડ ને ભાગ્યવતી ઉતારે ગયાં. વસ્ત્રો બદલાવીને ભાવડ તૈયાર થયો ત્યાંજ વીરચંદ બસો સુવર્ણમુદ્રાઓ લઈને આવી પહોંચ્યો.

વીરચંદે ભાવડ શેઠનો ઘણો જ આભાર માન્યો. થોડી વાર બેસીને તે વિદાય થયો.

ભાવડને આજ અણધારી ઉઘરાણી પ્રાપ્ત થઈ હતી. તેના મનમાં થયું....શાસન દેવની કૃપાથી યાત્રાના સ્થળે બસો સુવર્ણમુદ્રાઓ મળી છે...તે આ સ્થળે જ વપરાવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન કાર્ય પતાવ્યા પછી ભાવડે પત્નીને કહ્યું : "ભાગુ, અસો સુવર્ણમુદ્રાઓ તીર્થસ્થાનનાં મળી છે..."

"તીર્થસ્થાનમાં જ વાપરીએ....તમારા મનમાં જે ક્ષોભ ઊભો થયો હતો તે પણ દૂર થશે. મને તો લાગે છે કે યાત્રિકોની સંખ્યા સારી છે....તેરસના નવકારસી કરીએ..."

ભાવડે પ્રસન્ન નજરે પત્ની સામે જોયું...તેના મનમાં થયું....પુણ્યોદય વગર આવી ઉદાર હૃદયા પત્ની પ્રાપ્ત થાય નાહ્ં. સ્ત્રીઓના સ્વભાવમાં જ પ્રાકૃતિક સંકોચ હોય છે તે પણ ભાગુમાં નથી.

એ જ સાંજે ધર્મશાળાના મુનિમને બોલાવીને તેરસના દિવસે નવકારસી કરવાની ભાવડે ઇચ્છા દર્શાવી.

મુનિમ ખુશ થઈ ગયા. તેણે તરત તીર્થના મુનિમને બોલાવ્યા અને નક્કી કર્યું.

બાદ્યદ્રવ્યો ખૂબ જ સસ્તાં હતાં. સંઘ જમાડવામાં કોઈ મોટો ખર્ચ આવે એમ નહોતો...માત્ર પચાસ સુવર્ણમુદ્રા.

પરંતુ ભાવડે મોટા મુનિજીના હાથમાં સો સુવર્ણ-મુદ્રાઓ મૂકીને કહ્યું: "મુનિમજી, ઉત્તમ સામગ્રી બનાવો... બે ત્રણ જાતના કે પાંચ પકવાન કરો....અને માત્ર જૈનો જ નહિ....બીજાઓ પણ જમી જાય એવી વ્યવસ્થા કરો."

મુનિમે ભાવડ શેઠને અભિનંદન આપ્યા.

ત્યારપછી યાત્રા કરીને આવનારાઓને ભાતી આપવાનું ભાવડે પૂછ્યું....સુરજબેન સુંદરશેઠના નામે સાત દિવસ પર્યંત ભાતી આપવાનું નક્કી કર્યું. ત્રણ દિવસ સુધી સુરજબેનના નામે ભગવાનની અંગરચનાનું નક્કી કર્યું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિએ કહ્યું : " શેઠજી, ગિરનારજીના યાત્રાળુઓ માટે મધ્ય રસ્તે એકાદ પાણીનું કાયમી પરબ થાય તો ઘણો લાભ મળે તેમ છે. ઉકાળેલા પાણીની, ઠંડા પાણીની વ્યવસ્થા થાય તો સાધુમુનિવરોને ને યાત્રાળુઓને ઘણી રાહત મળે."

" એમાં કેટલો ખર્ચ આવશે ? "

" એક સો સુવર્ણ મુદ્રા આપી શકો તો એના વ્યાજમાં કાયમી પરબ થઈ જાય...."

" સારું....તો એ લાભ જતો કરવા જેવો નથી." કહી ભાવડે પત્ની સામે જોયું.

પત્નીએ કહ્યું : " બરાબર છે....પણ કોઇના નામની જરૂર નથી."

ભાવડે બીજી એકસો સુવર્ણ મુદ્રાઓ મોટા મુનિમને આપી દીધી. ત્રણ દિવસ આંગી અને સાત દિવસની ભાતીની સત્તર મુદ્રાઓ ભાગ્યવતીએ આપી દીધી.

ભાવડે આજે જ આવેલી બસો સુવર્ણ મુદ્રાઓ રાત પડે તે પહેલાં જ ખર્ચી નાખી. જેની પાસે એકવીસ સુવર્ણ મુદ્રાઓ સિવાયની કાંઈ મુડી નથી....અને યાત્રા કરીને ગયા પછી હાથમાં શું રહેશે તે પણ નિશ્ચિત નથી. છતાં આવતી કાલની કોઈ ચિંતા ભાવડના મજબુત હૃદયને સ્પર્શી શકી નહોતી.

બીજે દિવસે વહેલી સવારે ભાવડ તેની પત્ની અને રાઘવને લઈને ઘણા જ ઉલ્લાસ સાથે ડુંગર ઉપર ચડ્યો...

ભાવડ અને ભાગ્યવતી વિશુદ્ધ હૃદયે નવકાર મંત્રનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્મરણ કરી રહ્યા હતા. ગિરિવરનો માર્ગ કઠિન હતો .. ચઢાણ પણ આકરાં હતાં... દંપતિએ કદી અડવાણાપગે ધરતી પર પગલાં પણ નહોતાં પાડ્યાં. પરંતુ ધર્મભાવનાનું બળ અપૂર્વ હોય છે. બંનેને આકરાં ચઢાણની કલ્પના પણ નહોતી આવતી અને સૂર્યોદય પછી બે એક ઘટિકાએ ત્રણેય અન્ય યાત્રાળુઓ સાથે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં ઉપર ચડી ગયા.

બંનેના હૃદયમાં ભાવની ઊર્મિઓ ઉછળી રહી હતી.

રાઘવ પણ ઉલ્લાસ અનુભવી રહ્યો હતો અને સાવ નિર્ધન થઈ ગયેલા પોતાના મિત્ર ભાવડની ઉદારતાને મનમાં ઝંખી રહ્યો હતો. તેના મનમાં થતું....આવા માનવીને તો કોક પુણ્યવતી માતા જ જન્મ આપી શકે છે. રાજ-મહેલ જેવું ભવન ચાલ્યું ગયું, ખેતીવાડી દેણામાં ડૂબી ગઈ દરદાગીના ને બધી મિલ્કત દેણામાં આપી દીધાં....ઘરમાં કોઈ મૂલ્યવાન વસ્તુ નથી, કોઈ પાસે હાથ લાંબો કરીને સહાય માગવાની ઇચ્છા નથી....

કાંપિલ્યપુર જઈ ને વેપાર કેવી રીતે કરવો એ એક મોટો ને વિકટ સવાલ છે....છતાં જાણ્યે કાંઈ નથી બન્યું એવા ભાવ સાથે ઉઘરાણીની આવેલી બસોય સુવર્ણ મુદ્રાઓ શુભ કામમાં ખરચી નાખી, હે ભગવાન, આવા માનવીને તું શા માટે દુઃખી કરતો હઈશ ? શું તું કસોટી વડે કંચનનું પારખું કરવા માગે છે ?"

રાઘવના મનમાં આવા વિચારો ઘોળાતા હતા. અને તેના નયનો તો ભગવાનની ભવ્ય પ્રતિમા સામે સ્થિર બની ગયાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિપૂર્વક ભગવાનને જુહારીને ભાવડ ને તેની પત્ની સ્નાનાર્થે ગયાં.

આ સમયે ભગવાનની પૂજાની બોલી બોલાતી નહોતી... જૈનોને પોતાનું તીર્થ જાળવી રાખવાની પુરતી કાળજી હતી. યાત્રિકો આવતા અને દેવદ્રવ્યમાં અઢળક દ્રવ્ય આપી જતા. લોકહૃદયમાં ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હતી...લોકો પ્રાણ કરતાં, સર્વસંપત્તિ કરતાં ધર્મને વધારે ઉત્તમ માનતાં હતાં.

ભાવડ અને ભાગ્યવતી સ્નાનાદિથી નિવૃત્ત થઈ.... પૂજાનાં વસ્ત્રો ધારણ કરી શ્રીજિનપૂજનમાં તન્મય બની ગયાં...શ્રી નેમનાથ ભગવંતની ભાવપૂર્વક અંગ પૂજા કરીને બંને પ્રત્યેક જિન પ્રતિમાઓની પૂજામાં પરોવાયાં.

રાઘવ તો મંદિરના ઓટલે જ બેસી રહ્યો....અને મંદિરની ભવ્યતા, કારિગિરી, કોતરણીકામ, ચિત્રપટ વગેરે જોવામાં તદાકાર બની ગયો. કારણ કે તેને માટે આ બધું નવું હતું.

બીજાં ત્રણ દહેરાસરો હતાં....ત્યાં પણ બંનેએ શ્રી જિન પૂજન કર્યું.

અને જ્યારે ત્રણે ધર્મશાળામાં પાછા આવ્યા ત્યારે દિવસનો ચોથો પ્રહર શરૂ થઈ ગયો હતો.

આજથી સાત દિવસ સુધી સુરજ બેનની ભાતી હતી...ભાતીની પ્રસાદી ત્રણેયે લીધી....રસોયણ બાઈએ રસોઈ કરી રાખી હતી.

બીજે દિવસે પણ ભાવડ ને ભાગ્યવતી યથા સમયે દાદાના દરબારમાં પહોંચી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાઘવ આજ રોકાઈ ગયો હતો.

બંને ભગવાન શ્રી નેમનાથ પ્રભુને જુહારવા ગયા... હજી આંગી ઉતરી નહોતી. ભાવોલ્લાસથી બંને દાદા સામે બેસી ગયા.

ભગવાનની અંગ રચના ઘણી જ સુંદર થઈ હતી. દર્શન કરનારને સમયનું પણ ભાન ન રહે અને ભગવંતને એમને એમ જોયા જ કરે એવી આંગી રચાણી હતી.

ભગવાનનો અંગ રચના જોતાં જોતાં ભાવડનાં નયનો માત્ર સજળ ન બન્યાં...આંસુની ધારા વહેવા માંડી.

પત્ની સ્વામીના અશ્રુ જોઈને ચમકી. શું સ્વામીને આ સ્થળે પોતાની નિર્ધનતા હૈયે ચડી હશે ?

પૂજન આદિ કાર્ય પતાવ્યા પછી જ્યારે બંને નીચે ઉતરવા માંડ્યા ત્યારે ભગવતીએ કહ્યું: "સ્વામી, આપને શું યાદ આવ્યું હતું ?"

"કયારે ?" ભાવડે કહ્યું.

"આપણે જ્યારે દાદાના દરબારમાં બેસીને ભગવંતની આંગી નિહાળી રહ્યાં હતાં ત્યારે આપના નયનોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં....આપને શું યાદ આવ્યું હતું ?"

પત્ની સામે સહાસ્ય વદને જોઈને ભાવડે સામો પ્રશ્ન કર્યો: "તું શું કલ્પે છે ?"

"મારી કલ્પના આપના હૈયામાં કયાંથી પહોંચી શકે ?"

"ભાગુ, ભગવંતની અંગ રચના જોઈને મને અનંત ઉપકારી તીર્થંકર ભગવંતનું સ્વરૂપ હૈયે ચડયું હતું. દેવતાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેની આરાધના કરતા હોય છે અને જે ત્રણલોકના સ્વામી છે. છતાં કેવી વિમળ દશામાં રહે છે ? ઇષ્ટને ઇચ્છતા નથી, અનિષ્ટોથી ગભરાતા નથી ! દરેક જીવનો મુક્તિ સિવાય ઉદ્ધાર નથી....અને મુક્તિદાતાનો આકાળમાં વિયોગ છે...એ વિયોગના કારણે મને એમ થયું....હું કેટલો પાપી છું કે આજ સુધી ભગવાનને પામી શકયો નહિ... એથી મારું હૃદય રડી રહ્યું હતું."

" ઓહ ! સ્વામી મને ક્ષમા કરો...મને થયું હતું કદાચ આપણી પરિસ્થિતિ હૈયે ચડી હશે ! "

" નહિં ભાગુ, આપણી પરિસ્થિતનો વિચાર હું ઘરમાં પણ કરતો નથી તો મંદિરમાં કેવી રીતે કરું ? અને હું ત્રણલોકના સ્વામી પાસે આવા આંસુ બિછાવીને હું શું પામી શકું ? "

યથા સમયે બંને નીચે આવ્યાં.

સુરજબેને આપેલી સુવર્ણમુદ્રાઓ ઘણી વધી હતી... મોટા મુનિમને બોલાવીને ભાવડે પૂનમની નવકારસી જમાડવા માટે સુરજબેન સુંદરશેઠના નામે પચાસ સુવર્ણમુદ્રાઓ આપી.

તેરસની નવકારસી ઘણી જ ભવ્ય બની....

ચૌદશનો બંનેએ ઉપવાસ કર્યો.

અને બીજના દિવસે તેઓ કાંપિલ્યપુર તરફ વિદાય થયાં.

દાન વગેરે કાર્યમાં બેનની બધી સુવર્ણમુદ્રાઓ વાપરી નાખી અને જ્યારે તેઓ કાંપિલ્યપુરમાં પહોંચ્યા ત્યારે તેમની મુડીમાં માત્ર બે જ સુવર્ણમુદ્રાઓ રહી હતી.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરનારની યાત્રાએ જતાં આવતાં લગભગ એક મહિનો થઈ ગયો હતો. નાનું ઘર સાવ અવાવરૂં હતું... રાઘવ બે દિવસ પોતાના મિત્રને ઘેર રોકાયો અને ત્રણેયે મળીને ઘર વ્યવસ્થિત કર્યું.

ત્રીજે દિવસે વિદાય લેતી વખતે રાઘવે કહ્યું : "ભાવડ શેઠ, મારી એક વાત રાખો તો કહું."

"કહે...આમ તો હું તારું મન સમજી ગયો છું... પણ તારી વાત યોગ્ય હશે તો હું જરૂર સ્વીકારીશ." ભાવડે પ્રસન્ન સ્વરે કહ્યું.

"હું અભણ માણસ....તમારી સાથે ઘડ નહિં કરી શકું....મારી પાસે એક દુઝણી ગાય ઘણી ઉત્તમ છે....આપની જ આપેલી છે...અહીં કાંઈ દુઝાણું છે નહિં તો ઈ મોકલી આપું."

"તારો વિચાર વ્યવહારિક છે એમાં ના નથી.... પણ અમે બે માણસ અમારામાંથી માંડ નવરા થતા નથી... ત્યાં ગાય રાખીને બીજો વધારવો તે બરાબર નથી...વળી તું તો બધું જાણે છે...' પણ કાંક થાળે પડ્યા પછી હું તને જરૂર યાદ કરીશ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાઘવ આ ઉત્તરથી ભારે નિરાશ થયો....તેના નયનો સજળ બની ગયાં. તે બોલ્યો : " શેઠજી, ભાઈબંધી કરી છે તો મને એને નીભાવવાની એકાદ તક તો આપો."

" ભઈલા તેં શું ઓછી ભાઈબંધી નભાવી છે? ઘરબાર, ખેતી, બૈરૂં, છોકરાં બધાની માયા અળગી કરીને તું મારી સાથે આવ્યો...અમને યાત્રા કરાવી....મારગમાં અમને જરાય કામ કરવા ન દીધું....આ શું ઓછું માને છે ? ઘરમાં હજી છએક મહિનાનો દાણો પડ્યો છે.... અમે કોઈ બર્ચ રાખ્યો નથી...સંયોગ પ્રમાણે રહેતાં મન પણ જરાય કોચવાતું નથી...છતાં હું તને એક વચન આપું છું...જ્યારે મને કોઈ પાંતીની મુશ્કેલી જણાશે ત્યારે હું સૌથી પ્રથમ તને જ યાદ કરીશ."

રાઘવ ભાવડને ભેટી પડ્યો અને બોલ્યો : "જો જો ભાઈ....વચન આપીને બેઠા છો હોં..."

ભાગ્યવતી બાજુમાં ઊભી હતી. તે બોલી : " રાઘવ-ભાઈ, મુશ્કેલી વખતે તો જેને પોતાના માન્યા હોય તેને જ યાદ કરાયને ? "

" હું તમારા બેયનો સ્વભાવ બરાબર જાણી ગયો છું....આમતો દર અગિયારસે અહીં આવતો રહીશ..."

" નહિં રાઘવ, એવા ઘોડા શું કામ કરવા જોઈએ ?"

" હવે એમાં ઘોડો શેનો ? મારું ગામ કયાં પાંચ પચાસ ગાઉ છેટું હતું ? એક સામે દોડતા અહીં આવી જવાય...ને અગિયારસને અમારે મારે કામ પણ નોં હોય !"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીએ કહ્યું : "ભલે....મહિને એકવાર આંટો મારી જજો બસ...."

"ના બેવાર...." રાઘવે કહ્યું.

ભાવડ હસીને બોલ્યો : "તારી ભાભીની રસોઈનો સ્વાદ જીભે રહી ગયો લાગે છે!"

ત્રણેય હસી પડ્યાં.

રાઘવ બંનેને પ્રણામ કરીને વિદાય થયો.

રાઘવના ગયા પછી બીજે જ દિવસે ભાવડ એક સુવર્ણમુદ્રાનાં દોકડા, કોડી ને રૌપ્યમુદ્રાઓમાં પરચુરણ લઈ આવ્યો અને પત્નીને આપતાં બોલ્યો : "કાંઈ ચીજ વસ્તુ લાવવામાં તને ઠીક પડશે....આ બીજી સુવર્ણમુદ્રાથી હું ઘંધો શરૂ કરીશ."

"કયો ધંધો શરૂ કરશો ?"

"ગામડાનાં બરનું કાપડ લઈ આવીશ."

"એના કરતાં ઘી ભેગું કરીને વેંચશું તો ઠીક પડશે. કાપડની ફેરી તમને ઘણી આકરી થઈ પડશે."

"તું મારા માટે કોઈ જાતનો ભય સેવીશ નહિ. ઘીનો ધંધો સારો છે, એમાં ના નથી....પણ ઘીની ફેરી કરનારા ત્રણ ચાર જણા છે...એની આડે પડવું તે વ્યાજબી નથી....કાપડની ફેરી કોઈ કરતું નથી."

આ ચર્ચા પછી ભાવડે પોતાનું ધાર્યું કર્યું અને એજ દિવસે એક સુવર્ણમુદ્રાનું કાપડ લઈ આવ્યો. ગામડાના બરનું કાપડ સારા પ્રમાણમાં આવ્યું. એક પોટલી બંધાઈ ગઈ ઘરમાં એક ગજ પડ્યો હતો....એક કાતર હતી....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળતે જ દિવસે મનમાં ત્રણ નવકારમંત્રનું સ્મરણ કરી... રોટલા ને અથાણાનું ભાતુ ભેગું રાખી તે નીકળી પડયો.

પંદરેક દિવસની ફેરી કરતાં બધો ક્ષોભ દૂર થઈ ગયો અને ગામડાનાં લોકો ભાવડના ગ્રાહકો બનવા માંડયાં.

એક મહિનાના આ નાનકડા વેપારનું પરિણામ પણ આંખ સામે દેખાયું. ચારેક રૌપ્ય મુદ્રાઓનો નફો થયો.

ભાવડે નફાનું ધોરણ નીચું રાખ્યું હતું....શહેરમાં લોકોને મળે તેજ ભાવે બહકે તે કરતાં પણ સસ્તું કાપડ ઘેર બેઠાં મળે એ શું ખોટું?

ભાવડ રોજ એક ગામડે જતો.

રોજે રોજના વેંચાણમાંથી નવો માલ ખરીદી લેતો.

આમને આમ છ મહિના વીતી ગયા. બંને પોતાનું ગુજરાન ચલાવી શકે અને રોજ એકાદ અતિથિને પણ જમાડી શકે એ સ્થિતિ આવી ગઈ હતી.

નગરીના વેપારીઓ ભાવડની ટીકા કરતા હતા : 'ભાવડનું ભેજું ચસકી ગયું લાગે છે....આવો તો કંઈ ધંધો હોય...! નાની હાટડી કરીને બેઠો હોત તો તેને શું આબરુ પર ન મળત? ભઈ, ઈ તો વટનો કટકો છે... કોઈ પાસેથી ઉધાર ન લેવાની એણે પ્રતિજ્ઞા કરી છે.... આમ કયાં સુધી ચાલશે?"

પરંતુ લોકોની વાતો પ્રત્યે ભાવડે જરાય ધ્યાન ન આપ્યું.

કાપડની ફેરીનો ધંધો ધીરે ધીરે જામી ગયો હતો. ગામડાનાં ગ્રાહકોએ ચકાસણી કરતાં અનુભવ્યું હતું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ શેઠ ટેકીલો નર છે. ખભે પોટલું ઉપાડીને આકરો પંથ કરતો હોવા છતાં શેર કરતાં કાપડ ઓછા ભાવે વેંચે છે.

ફેરીના ધંધામાં એક વરસ વીતી ગયું...હવે તો રોજે રોજ માલ ખરીદવો પડતો ..વકરો પણ સારો થતો. પોતા માટે ને પત્ની માટે વસ્ત્રોની કાંઈ ચિંતા નહોતી....કારણ કે ચાર પાંચ વરસ ચાલે એટલાં વસ્ત્રો તો હતા જ. આટલા ગાળામાં ત્રણ સુવર્ણમુદ્રાઓ એકઠી થઈ ગઈ હતી. ભાવડના આગ્રહને માન આપીને ભાગ્યવતીએ એક સોનાની કંઠી પણ કરાવી.

રાઘવ નિયમિત દર અગિયારસે ને દર અમાસે આવતો. તે આવતો ત્યારે ઘીનું એક ઠામ લેતો આવતો ને ભાવડ શેઠને આપતો. રાઘવની લાગણીને દુઃખ ન થાય એટલા ખાતર ભાગ્યવતી ઘીનું ઠામ રાખી લેતી.

રાઘવે એકાદ ઘોડું રાખવાનો બે ત્રણ વાર આગ્રહ કર્યો હતો. પરંતુ ભાવડે કહ્યું હતું: "રાઘવ મને ઘોડાનો કેવો શોખ ને નાદ છે એ તું કયાં નથી જાણતો ? સામાન્ય ઘોડું રાખવા કરતાં પગને વ્યાયામ આપવો ઈ વધારે ઉત્તમ છે."

છેવટે રાઘવ એક દુઝણી ગાય પરાણે મૂકી ગયો. રાઘવની ભાવનાને સત્કારવી પડી.

આટઆટલો શ્રમ કરવા છતાં ભાવડ અને તેની પત્ની ધર્મને પળ માટેય ભૂલતાં નહોતાં. શ્રીજિનપૂજા, સામાયક, પ્રતિક્રમણ, વ્રત નિયમ વગેરેમાં કોઈ પ્રકારની આંચ આવી નહોતી. વરસમાં એકાદ વાર કોઈ મુનિવર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધારતા ત્યારે ભાવડ ધંધાની પરવા કર્યા વગર એમની વચ્ચાવચ્ચમાં ગુંથાઈ જતો.

ભાગ્યવતીએ સ્વામીને ઘણી વાર કહેલું કે..." ઘરમાં બેસીને થઈ શકે એવું થોડું થોડું કામ મને પણ કરવા દો."

ભાવડે આછા હાસ્ય સહિત ઉત્તર આપેલો : " આ કોણ બોલે છે ? ભાવડની પ્રિયતમા કે બીજું કોઈ ? ભાગુ, તું ઘર સંભાળે છે એ શું થોડું કામ છે ? અને મારા બાવડાનું બળ તૂટી ગયેલું માને છે ? "

ત્યાર પછી ભાગ્યવતીએ આ અંગે કદી એક શબ્દ કહ્યો નહોતો.

બંદર પર પોતાના બાર વહાણને વિદાય આપ્યાને ચાર વર્ષનાં વહાણા વાઈ ગયાં ..

અને ભાવડનો એક સહપાઠી બ્રાહ્મણ મિત્ર કાશીનો અભ્યાસ પુરો કરીને છ વર્ષે ગામમાં આવ્યો.

ગામમાં આવતાં જ તેણે પોતાના માતાપિતાને ભાવડ અંગે પૂછપરછ કરી. માતાપિતાએ ભાવડના બાર વહાણ ડૂબી ગયાની, મરદાનગી પૂર્વક ભાવડે સઘળું દેણું ચૂકતે આપ્યાની, ઘરબાર, માલ વગેરે જતું કર્યાની અને અત્યારે કાપડની ફેરી કરીને એક અટંકી વીર માફક પોતાનો સંસાર ચલાવતો હોવાની સઘળી વાત કરી.

નારાયણ શર્મા પોતાના મિત્રની આ બધી વાતો સાંભળીને ભારે દુઃખી થયો.

નારાયણ કાશીએ ભણી, મોટો પંડિત થઈને આવ્યો છે એ સમાચારથી ગામમાં રહેતા સગા સ્નેહીઓ હર્ષ કરવા આવવા માંડયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ તો ગામડે ગયો હતો...પણ તે પાછો આવ્યો ત્યારે તેને આ વાતની ખબર પડી. વાળુ કરીને તરત તે પોતાના મિત્ર નારાયણને મળવા ગયો.

નારાયણ ભાવડને મળવા માટે ઘણો ઉતાવળો થતો હતો પણ ગામના સગાસંબંધીઓ એક પછી એક આવતા જતા હોવાથી રાતે ભાવડને ત્યાં જવાનો તેણે મનથી સંકલ્પ કર્યો હતો.

ત્યાં જ ભાવડે ડેલીમાં પગ મૂકયો...ઓસરીમાં સહુની વચ્ચે બેઠેલા નારાયણની નજર મિત્ર પર પડતાં જ તે એકદમ ઊભો થઈ ગયો અને સામે આવ્યો.

બંને મિત્રો ભેટી પડયા. બંનેએ પરસ્પરનાં કુશળ પૂછ્યા ભાવડે કહ્યું : "કેમ નારાયણ, તારું શરીર તો ઘણું જ સ્વસ્થ થઈ ગયું છે....કાશીએ કેટલો અભ્યાસ કર્યો ?"

"ભાવડ, તારી પ્રેરણા લઈને ગયો હતો એટલે મારું કાર્ય વહેલું પૂરું થઈ ગયું દસ વર્ષનો અભ્યાસ મેં માત્ર પાંચ જ વર્ષમાં પુરો કર્યો..."

"મને ઘણો જ આનંદ થયો....મિત્ર, તું આપણા ગામનું રત્ન બનીને આવ્યો ઈ મારા માટે ઓછા ગૌરવની વાત નથી." ભાવડે કહ્યું.

"પણ ભાઈ, તારે માથે ભારે વિપત્તિ આવી પડયાનું મેં આજે સાંભળ્યું..."

"માને એને વિપત્તિ ભયંકર હોય છે.... બાકી મારા શરીર સામે જો....કયાંય તને વિપત્તિની રેખા સરખીયે દેખાય છે ?" ભાવડે હસીને કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને મિત્રો ઓસરીમાં આવ્યા. સૂર્યાસ્ત થઈ ગયો હોવાથી સ્વાગત માટે રાખવામાં આવેલી બાદ્ય સામગ્રી ભાવડે લીધી નહિં.

નારાયણે ભાવડ સામે જોઈને કહ્યું : "ભાવડ, હું આજે રાત્રે તારે ઘેર આવવાનો છું...તું કયારે નિવૃત્ત થઈશ ?"

"ગમે ત્યારે આવજે ને...હું સાવ નિવૃત્ત જ છું...જઈ ને પ્રતિક્રમણ કરી લઈશ...પણ તું આજે જ આવ્યો છે, સગા સંબંધીઓ મળવા આવ્યા કરશે. એટલે એક બે દિવસ પછી રાખ તો વધારે સારું."

"મારું મન તારી સાથે વાતો કરવા વરસોથી તલસી રહ્યું છે...હું આજે જ આવીશ."

ભાવડ હસ્યો....ત્યાર પછી નારાયણના મા બાપને નમસ્કાર કરીને વિદાય થયો.

નારાયણ છ વર્ષ પહેલાં કાશીએ ગયો હતો ત્યારે ભાવડે મિત્રને ખૂબ જ પ્રેરણા આપી હતી અને એકસો સુવર્ણમુદ્રાઓ તેના પરિવારને આપી હતી. નારાયણ અને ભાવડ બાળપણથી ગોઠિયાઓ હતા. નારાયણના પિતા પાઠ-શાળા ચલાવતા હતા અને ભાવડે ત્યાં જ અભ્યાસ કર્યો હતો. નારાયણ અને ભાવડ બંને ઉમ્મરલાયક થયા ત્યારે ભાવડના પિતા સુંદરશેઠે ભાવડનું લગ્ન કર્યું હતું પણ નારાયણ પરણ્યો નહોતો.. કારણ કે પુત્રને કાશીએ વિદ્યા-ર્જન માટે મોકલવો હતો એટલે તેના પિતાએ તેને લગ્ન બંધનમાં બાંધ્યો નહોતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે ઘેર આવી પોતાનો મિત્ર નારાયણ પંડિત થઈ ને આવ્યો છે એ વાત પત્નીને કહી અને આજ રાતે નારાયણ અહીં આવવાનો છે તે પણ જણાવ્યું.

પ્રતિક્રમણથી નિવૃત્ત થઈને ભાવડ ઓસરીમાં આવેલ ખાટલે બેઠો....ભાગ્યવતી ગાય વાછરૂની સંભાળ લેવા ગઈ.

ગાય માટે ઘાસ–ખાણનો ખાસ ફિકર રહેતી નહોતી. દસ દોકડે એકમણ કપાસીયા મળતા હતા અને પાંચ સાત કોડીમાં ઘાસની ભારી મળી જતી હતી. ગાયનું દૂધ પોતાની જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં મળતું હતું એટલે એકાંતરા છાસ પણ વલોવી શકાતી...ઘીનો પ્રશ્ન આપોઆપ હલ થઈ ગયો હતો.

ગાય વાછરૂને નીરણ નાખીને ભાગ્યવતી સ્વામીની સામે એક ચાકળા પર બેસી ગઈ.

ભાવડે પત્ની સામે ભાવભરી નજરે જોઈને કહ્યું : "ભાગુ, આજે એક વાત પૂછું તો....?"

"તમારી વાત હું સમજી ગઇ છું" હસીને ભાગ્યવતીએ કહ્યું.

"શું ?"

"ખરેખર મારા મનમાં કોઈ પ્રકારનું દુઃખ કે અસંતોષ છે નહિં. સ્ત્રીનું સારું સુખ એના પતિમાં જ છૂપાયેલું છે. પતિની પ્રેમ ભરી નજર પ્રાપ્ત થાય એટલે સ્ત્રીને સ્વર્ગનાં સુખની પણ ઈચ્છા થતી નથી."

હસીને ભાવડે કહ્યું : "મારા મનની વાતનો જ તેં ઉત્તર આપી દીધો પણ...લોકો પાછળથી શું કહે છે તે જાણે છે ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" સ્ત્રીઓ શું કહે છે તે જાણું છું...પુરુષો શું કહે છે તે હું કયાંથી જાણું ? "

" સ્ત્રીઓ શું કહે છે ? "

" પહેલાં તમે કહો..."

" આપણી નાતના ઘણા માણસો એમ કહે છે કે ભાવડ સાવ બાયલો છે....બૈરું કહે તેમ કરે છે ને બૈરાંનો નચાવ્યો નાચે છે." ભાવડે મધુર હાસ્ય સહિત કહ્યું.

ભાગ્યવતી હસી પડી અને હસતાં હસતાં બોલી : " આપણી નાતની સ્ત્રીઓ વળી જુદું જ કહે છે...ભાગુ એના ધણીથી સાવ દબાઈ ગઈ છે...બિચારી સાવ વરઘેલી છે ! "

ભાવડે હસતાં હસતાં કહ્યું : " ત્યારે તો બંને પક્ષ સાવ સાચ્ચા. પતિ પત્ની વચ્ચે જે એકતા હોવી જોઈએ તે આપણે જાળવી શકયાં છીએ....મેં કદી તને મારા અધિકારની વસ્તુ માની નથી તેમ તેં પણ મારામાં માલિક જેવા પુરુષની કલ્પના નથી કરી. નારીનું સમર્પણ જેમ તેં શોભાવ્યું છે તેમ તારા એ મહાન સમર્પણની પૂજા કરવાનું મેં કદી મનમાંથી અળગું કર્યું નથી."

ભાગુ કંઈ કહેવા જાય તે પહેલાં જ નારાયણે ડેલીની સાંકળ બખડાવી....ભાવડે તરત કહ્યું : " આવું છું...." વળતી જ પળે તે ડેલીએ પહોંચ્યો અને પોતાના બાલ મિત્રને ભાવથી ભેટી પડયો.

બંને અંદર આવ્યા...ભાગ્યવતી ઊભી થઈ હતી...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારાયણે ભાગ્યવતી સામે બે હાથ જોડીને કહ્યું : "નમસ્તે ભાભી..."

ભાગ્યવતીએ પણ બે હાથ જોડી મસ્તક નમાવ્યું.

બંને મિત્રો ખાટલા પર બેઠા. ભાગ્યવતી ચાકળા પર બેસી ગઈ. નારાયણનો હાથ પકડીને ભાવડે પૂછ્યું : "નારાયણ, હવે મને તારા કાશીવાસની વિગતથી વાત કહે."

"મારા કાશીવાસની વાતમાં બીજું કંઈ નથી... જો મને તારી પ્રેરણા ન મળી હોત તો હું અડધેથી જ પાછો આવત પણ તારી પ્રેરણાએ મને પાંચ મહિનામાં કાશીએ પહોંચાડી દીધો. પિતાજીએ જે કંઈ જ્ઞાન આપ્યું હતું તે મારા માટે આશિર્વાદ રૂપ થઈ પડયું અને મહાપંડિત આચાર્ય ઈન્દ્રભૂષણની પાઠશાળામાં મને સ્થાન મળી ગયું..."

"ભોજન વગેરે માટે ?"

"પાઠશાળાના નિયમ પ્રમાણે બધા વિદ્યાર્થીઓ ભોક્ષા માટે નીકળી જતા અને અમને લોટ, દાળ, ઘી, ચોખા વગેરે સામગ્રી મળી જતી પણ એ પાઠશાળાનો એક નિયમ ઘણો જ ઉત્તમ હતો. ચોથા પ્રહરે જાગવું...શૌચ-વ્યાયામથી નિવૃત્ત થઈ ગંગામાં નહાવા જવું .. દિવસના એક પ્રહર સુધી અભ્યાસ ચાલતો...પછી પાઠશાળામાં જવું પડતું....ત્યાર પછી ઘડિક આરામ લેવાનો રહેતો અને દિવસના ત્રીજા પ્રહર પછી તરત અભ્યાસ શરૂ થતો, સંધ્યા વખતે પુનઃ સ્નાન અને નિત્યકર્મ...રાત્રિનો પ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રહર શરૂ થયા પછી આચાર્ય અમને બોધ આપતા... અંતે દૂધ પાન કરીને બીજા પ્રહરે સૂઇ જવું પડતું."

"શરૂઆતમાં તને મુશ્કેલી પડી હશે?"

"હા....પણ પંદર દિવસમાં જ હું ટેવાઈ ગયો... હવે મને તારી કહાણી કહે."

"પણ તારી વાત તો ઘણી અધૂરી છે.તું અભ્યાસમાં કેટલો આગળ વધ્યો?"

"વ્યાકરણ,કાવ્ય, વૈદકશાસ્ત્ર અને કર્મકાંડનો અભ્યાસ પુરો કર્યો..."

"ત્યારે વૈદ્ય પણ બની ગયો એમને?"

"હા...વૈદક તો દરેકે શીખવું જ જોઈએ, પણ મારો વિચાર વૈદું કરવાનો નથી...ક્રિયાકાંડમાં મને વધારે રસ છે."

"જ્યોતિષનો અભ્યાસ ન કર્યો?"

"ક્રિયાકાંડમાં જ્યોતિષનો સામાન્ય અભ્યાસ આવી જ જાય છે....પણ એ બધું ક્રિયાકાંડ પુરતુ. ક્રિયાકાંડમાં ખાસ કરીને મંત્રોની આરાધના અને વેદનો અભ્યાસ મુખ્ય રહે છે."

"મંત્રની આરાધના?" ભાવડે આશ્ચર્ય સહ પ્રશ્ન કર્યો.

"હા મિત્ર, મંત્ર વિજ્ઞાન અજબનું છે. એનો સિદ્ધિ પણ અપૂર્વ છે....મને આમાં ખૂબ રસ હતો અને દસ વર્ષનું કાર્ય મેં પાંચ વર્ષમાં પુરૂં કર્યું....આચાર્ય મારા પર ખૂબ જ પ્રસન્ન થયા....બધા વિદ્યાર્થીઓમાં હું અગ્ર આવ્યો...ગુરૂદેવે મને આશિર્વાદ આપ્યા અને તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠશાળાના આચાર્ય તરીકે રહી જવાનો ઘણો આગ્રહ કર્યો....પરંતુ તારો વિયોગ અને માતાપિતાની ચિંતા મને અહીં ખેંચી લાવ્યા."

"નારાયણ, તું પાછો આવ્યો એ ઘણું જ ઉત્તમ થયું...તારી સાધનાનો માતૃભૂમિના લોકોને લાભ મળશે અને તારા જેવા મહાપંડિતની મૈત્રી પ્રાપ્ત થયાંનો અમને પણ હર્ષ થયા કરશે."

"હવે તારી વાત કહે." નારાયણે કહ્યું :

ભાવડે પત્ની સામે જોઈને પછી નારાયણના બંને હાથ મૂકી કહ્યું, "નારાયણ, તારી વાત જેટલી હર્ષજનક છે તેટલી મારી વાત હર્ષજનક નથી. શાસ્ત્રકારોએ કહ્યું છે કે લોભ એ પાપનું મૂળ છે. એ વાતની મને પ્રતિતિ થઈ ગઈ. મારો વેપાર તો સારો ચાલતો હતો અને એમાં મને સાગરપારનો વેપાર ખેડવાનો લોભ થયો....મેં બાર વહાણો વિવિધ પ્રકારનાં માલથી ભરાવ્યાં....મારી પિતૃક સંપત્તિ એટલી બધી નહોતી કે હું બાર વહાણ ભરી શકું, પણ આબરૂ સારી એટલે ત્રણ લાખ સુવર્ણમુદ્રાનું દેણું કર્યું અને એક પ્રમાણિક, શ્રેષ્ઠ અને ઉત્તમ મુનિમ સાથે બાર વહાણ રવાના કર્યાં પણ પાપનો ઉદય કયારે થાય છે તે માનવીની કલ્પના બહારની વાત છે." કહી ભાવડ શેઠે બાર વહાણ કેવી રીતે ડૂબી ગયાં, મુનિમ મોતના બિછાને પડયો ને દેશમાં આવ્યા પછી બિચારો મૃત્યુ પામ્યો, દેણું ભરપાઈ કરવામાં બધી માલમિલકત કેવી રીતે વહેંચી નાખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે સઘળી વાત મિત્રને કહી....અને છેવટે કહ્યું : "મારી વાતમાં જો હર્ષ જેવું કંઈ પણ હોય તો તારી ભાભીએ મને સાથ આપીને જે પ્રેરણા પાઈ છે તે જ છે. આજ અમારી પાસે પહેલાની જાહોજલાલીનું કોઈ ચિહ્ન ન હોવા છતાં અમે બંને જરાય દુઃખી નથી મને સંતોષ તો એ વાતનો છે કે મારી સાત પેઢીની આબરૂ હું જાળવી શકયો છું..મારા સામે કોઈ આંગળી ચીંધે એવું રાખ્યું જ નથી અને આજ પણ મારા પગ ઉપર ઊભા રહીને, જે કંઈ બને તે કરું છું...કોઈ પ્રકારનું દુઃખ નથી, કોઈ પ્રકારનો અસંતોષ નથી કે કોઈ પ્રકારની તૃષ્ણા નથી."

ભાવડની વાત સાંભળીને નારાયણ ઘડીભર સ્તબ્ધ બની ગયો....ત્યાર પછી બોલ્યો, " ભાવડ, તારી નિષ્ઠા પ્રત્યે મારું મસ્તક ઝૂકી પડે છે....પણ દોસ્ત, આ બધા દુઃખનો અંત આવે એવો એક ઉપાય મારી પાસે સરસ છે....! "

હસીને ભાવડે કહ્યું : " નારાયણ, જ્યાં દુઃખ જ નથી ત્યાં દુઃખનો અંત કેવી રીતે લાવવો ? પાપનો ઉદય પુરો થશે ત્યારે આપોઆપ બધું થાળે પડી જશે અને કદાચ પૂર્વકર્મનું ફળ વધારે ભોગવવાનું રહેતું હશે તો મને એનો યે કાંઈ ભય નથી."

" પણ તું મારો ઉપાય તો સાંભળ...હું મંત્રશાસ્ત્રનો આચાર્ય બન્યો છું...એક વાર તું અઠ્ઠમનું તપ કરીને મહાલક્ષ્મીના મંત્રની આરાધના કરી જો."

" પછી શું થશે ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" લક્ષ્મીદેવીની તારા પર કૃપા ઉતરશે...મહાલક્ષ્મીનો મહામંત્ર હું તને ચાર ઘટિકામાં શીખવી દઈશ....તારે માત્ર ત્રણ જ દિવસ અખંડ ધૂપદિપ રાખીને જાપ કરવાનો છે...મારાં ભાભી પણ સાથે બેસી શકે છે...વળી મહાલક્ષ્મી સમકિતધારી દેવી છે....શ્રી જિનેશ્વરના ભક્તોને સહાય કરવા સદાયે તત્પર રહે છે." નારાયણે ભાવભર્યા સ્વરે કહ્યું.

ભાવડ ખડખડાટ હસી પડયો.

ભાવડને હસતો જોઈને નારાયણ ચમકયો...અને બોલ્યો : " કેમ હસે છે ? શું તને મારા શબ્દોમાં શ્રદ્ધા નથી બેસતી ? '

" નારાયણ, તું હજુ એવોને એવો ભોળો રહ્યો... તારા પ્રત્યે મને શ્રદ્ધા ન હોય એવું તું કેવી રીતે કલ્પી શકે છે ? હું હસ્યો છું તારી પ્રેમભાવના પાછળ છૂપાયેલા અજ્ઞાનને..."

" હું સમજ્યો નહિં....અજ્ઞાન કેવી રીતે ? હું અરેઅર કહું છું મંત્રશાસ્ત્રમાં હું પ્રવીણ બન્યો છું..."

ભાવડે હસતાં હસતાં કહ્યું : " તું મને એક સવાલનો જવાબ દે."

" કહે..."

" શુભાશુભ કર્મનાં ફળ તો માનવીએ ભોગવવા પડે છે ને ? "

" હા..."

" મારાં કોઇ અશુભકર્મનો ઉદયકાળ અત્યારે ચાલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે...જ્યાં સુધી એ પુરો ન થાય ત્યાં સુધી સંસારનો કોઈ મહામંત્ર મને શી રીતે સહાયક બની શકે ? હું સમજું છું કે ભગવતી મહાલક્ષ્મી એક સમર્થ શક્તિ છે.... પણ કોઈનાં કર્મદોષને અન્ય કોઈ દેવ દેવી કે ખુદ ભગવાન પણ નિવારી શકતા નથી. કર્મદોષનું સંશોધન–શોધન અને નિવારણ કર્મ કરનાર વ્યક્તિએ જ કરવાનું હોય છે એટલે મારા અશુભ કર્મનો સમય પુરો થશે ત્યારે લક્ષ્મીદેવીને વગર આરાધનાએ મારાં દ્વાર ખખડાવવાં પડશે.''

નારાયણ અવાક્ બનીને મિત્રના તેજસ્વી નયનો સામે જોઈ રહ્યો.

ભાવડે કહ્યું : '' મારી વાતમાં કયાંય ભૂલ હોય તો મને સમજાવજે...ધર્મનું સ્વરૂપ અને કર્મનું રહસ્ય હું જે રીતે સમજ્યો છું તે રીતે વિચારતાં મને આમ લાગ્યું છે. મને તારા પર, તારા જ્ઞાન પર મહાલક્ષ્મીજી પર અશ્રદ્ધા છે એમ ન માની લેતો.''

નારાયણે ભાવડના બંને હાથ પકડી લેતાં કહ્યું : '' ભાવડ, તું આ કલિકાલનો જીવ નથી...ખરેખર તારે કોઈ મંત્રની આરાધના કરવાની જરૂર નથી. તું પોતે જ તારા જીવનનો મહામંત્ર છે ! ધર્મને સમજેલા સજ્જનો કદી પણ ભૌતિક સુખ પ્રાપ્ત કરવાના પુરુષાર્થને શ્રેષ્ઠ માનતા નથી.''

ત્યાર પછી બીજી કેટલીક વાતો કરીને નારાયણ વિદાય થયો.

મધરાત થઈ ગઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ કોને કહેવું અને દુઃખ કોને કહેવું એ એક ભારે વિવાદાસ્પદ, જટિલ અને વિચિત્ર એવો સનાતન પ્રશ્ન છે.

સાકરવાળા ઉત્તમ પદાર્થો ખાવાથી સુખ છે એમ કોઈ માને તો એ વાત સદંતર ખોટી છે....કારણકે જે સાકર એકને સુખનો આભાસ કરાવે છે ! તે જ સાકર અન્યને દુઃખનો પણ આભાસ કરાવે છે ! પત્ની એ સુખનું કારણ હોય એમ માનનારાને ઘણીવાર એ જ પત્ની દુઃખનું કારણ બની જાય છે....ધન સંપત્તિ, બાગ બગીચા, હવેલી વગેરે દરેક સામગ્રી કોઈને સુખ આપે છે....કોઈને દુઃખ આપે છે...

એથી જ ભારતના તત્ત્વજ્ઞ પુરુષોએ સુખની વ્યાખ્યા ઘણી જ ભવ્ય અને સચોટ કરી છે. જે સુખ શાશ્વત રહી શકે...પરિવર્તન પામે અને દુઃખની કલ્પનાને પણ પાસે ન આવવા દે એવું સ્થાઈ અને દૃઢ રહે તે જ સાચું સુખ છે, એ સિવાયનો સઘળો માત્ર સુખાભાસ છે.

એ જ રીતે દુઃખનું પણ સમજવું જોઈએ. જેને દુઃખનો અનુભવ હોવા છતાં એ પોતાને દુઃખી ન માનતો હોય તે ખરેખર દુઃખ નથી. લોકો એની રહેણીકરણી કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિસ્થિતિ જોઈને ગમે તેટલા લાગણીશીલ બની જતા હોય....પરંતુ જે માણસો દુઃખને પોતાના જ કોઈ કર્મનું ફળ માને છે તે માણસો કોઈપણ સંયોગોમાં દુઃખી હોતા નથી.

કોઈને સ્ત્રીની પ્રાપ્તિ થવામાં દુઃખ દેખાતું હોય છે તો કોઇને સ્ત્રીની પ્રાપ્તિ ન થવામાં દુઃખ દેખાતું હોય છે. આમ દુઃખની એક પણ સ્થિર કલ્પના નથી. છતાં દુઃખ નામનું એક તત્વ વિશ્વમાં વ્યાપક રૂપે ઘુમતું હોય છે....લોકો દુઃખથી ભારે વેદના ભોગવતા હોય છે, દુઃખને દૂર કરવાના અનેક ઉપાયો અજમાવવા હોય છે અને દુઃખના કારણે દિવસ રાત રૂદન પણ કરતા હોય છે.

પરંતુ તત્વજ્ઞોએ દુઃખને આવકાર્યું છે. તેઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે દુઃખ એ કેવળ અશુભ કર્મનું ફળ છે. પરંતુ જે અજ્ઞાનીજનો મનના ભ્રમને વશ થઇ દુઃખના દાવાનળની કલ્પના કરતા હોય છે તેજ ભારે દુઃખી થતા હોય છે. તત્વજ્ઞોતો સમજે છે કે દુઃખ એ શાશ્વત સુખને પ્રાપ્ત કરવાનું એક શ્રેષ્ઠ કારણ છે. દુઃખ આવે તો જ પોતાના અશુભ કર્મોથી મુક્તિ મેળવવાનો પુરુષાર્થ કરી શકાય અથવા જ્ઞાનરૂપી પ્રકાશના મેદાનમાં પહોંચી શકાય.

લોકો જેને દુઃખ માને છે તે દુઃખ નથી પણ મનનો ભ્રમ છે. એકને જે વસ્તુ દુઃખરૂપ હોય છે તેજ બીજાને સુખરૂપ પણ હોય છે.

ભાવડ ઘણો દુઃખી છે...હાથે કરીને મુર્ખાઈના લીધે દુઃખ ભોગવી રહ્યો છે. એમ લોકો માનતા હતા....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ ભાવડને પોતાને કોઈ સ્થળે દુઃખ જણાતું નહોતું. જે માણસો દુઃખને પોતાના કર્મનું પરિણામ માનતા હોય છે, તેને દુઃખ નથી થતું...બલ્કે દુઃખ સામે સ્થિર રહીને લડી લેવાનું બળ મળે છે.

બંને માણસો સ્વભાવે પ્રશાંત હતાં... આપણામાં કહેવત છે કે સંતોષી સદાય સુખી. એ કહેવત ભાવડ અને ભાગ્યવતીના જીવનમાં ચરિતાર્થ થતી હતી. પરિસ્થિતિ તો કેવળ સાધન છે...સાધન માત્ર ક્ષણભંગુર હોય છે. જે પરિસ્થિતિ આજે હોય છે તે આવતી કાલે નથી પણ હોતી. જે માણસો પરિસ્થિતિના દાસ થાય છે તે લોકો જ દુઃખની ફુમો પાડતા હોય છે...પરંતુ જે માનવી પરિસ્થિતિનો સ્વામી બને છે તેને દર્દમાં પણ આનંદનો અનુભવ થાય છે, ભાવડ અને ભાગ્યવતી તો હજી નવજવાન હતાં, ધર્મિષ્ઠ હતાં અને જ્ઞાનીઓની વૈયાવચ્ચનાં કારણે સુખદુઃખ એ મનની જ ભ્રમણા છે એમ વિશ્વાસપૂર્વક સમજી શકયાં હતાં. આવો આત્મવિશ્વાસ એજ માનવીનું સાચું બળ હોય છે.

ભાવડને ત્રણ મિત્રો હતાં....એક ખેડૂત રાઘવ, બીજો પંડિત નિરંજન અને ત્રીજો નગરશેઠ ધર્મદાસ. ત્રણેય લગભગ સમવયસ્ક હતા. ધર્મદાસ ત્રણેક વર્ષે મોટો હતો. આજ પાંચ વર્ષથી તે પરદેશ હતો....હજી બે વર્ષ પછી આવશે તેવી સહુની ગણત્રી હતી.

ભાગ્યવતીને ખાસ કોઈ બહેનપણી હતો જ નહિ. તેનું જે કંઈ હતું તે સ્વામીમાં જ હતું.

કાપડની ફેરી કરતાં કરતાં સમય પસાર થવા માંડયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોનો સ્વભાવ અતિ ચંચળ–અસ્થિર હોય છે. વાત જ્યારે તાજી હોય ત્યારે લોકો તેને ખૂબ ખૂબ વાગોળતા હોય છે, અને પછી વાત વિસારે પડે છે. ભાવડ માટે પણ લોકો એનો જાહોજલાલીને ભૂલી ગયા હતા.

બાર વહાણો બુડચાને પાંચમું વર્ષ ચાલતું હતું... બાર વહાણો મોકલ્યાને છઠ્ઠું વર્ષ ચાલતું હતું...હવે તો આ વાત પણ વિસ્મૃત્તિનાં વાદળ પાછળ છુપાઈ ગઈ હતી.

રાઘવ નિયમિત શુદ્દિ અગિયારસના દિવસે અને અમાસના દિવસે ભાવડ શેઠને મળવા અચુક આવતો હતો.

પંડિત નારાયણ તો રોજ મળવા આવતો હતો.

ભાવડ અને ભાગ્યવતી પ્રતિકમણ પૂરું કરીને બેઠાં, ત્યાં નિરંજને ડેલી ખખડાવી.

ભાગ્યવતીએ ડેલી ઉઘાડી. નિરંજને હસીને કહ્યું: "ભાભી, આજ એક મહત્વના કામે આવ્યો છું...મારો મિત્ર શું કરે છે?'

"ખાટલે બેઠા તમારી જ રાહ જોઈ રહ્યા છે....એવું મહત્વનું કામ શું છે? બ્રાહ્મણીને શોધી છે કે શોધવા જવું છે?"

ઓસરી તરફ આવતાં આવતાં નારાયણ બોલ્યો : "ભાભી, મને એક વાત નથી સમજાતી."

ખાટલા પર બેઠેલા ભાવડે કહ્યું : "કઈ વાત?"

મિત્રની પાસે ખાટલા પર બેસતાં બેસતાં નિરંજને કહ્યું: "તમે જેવા માણસ કેવાં છો એજ મારાથી નથી સમજી શકાતું...હું જે કામ માટે આવ્યો છું તે કામ તો મારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનમાં પડયું છે ને મારી ભાભી કળી ગયાં. આ વાત નથી સમજાતી!"

"તઈ તમે મોટા પંડિત શેના? કાશીએ જઈને કેવળ અક્ષરો સાથે જ ભાઈબંધી કરી લાગે છે! અમને અક્ષરની માયાજાળમાં દિશા ન સૂઝે પણ મનની વાત સૌથી પ્રથમ માનવીના મોઢા પર જ ઉપસી આવે છે...અને અમારા જેવા ઓછું ભણેલા સમજી જતા હોય છે!"

"પણ વાત શું છે એ તો કહે." ભાવડે નારાયણ પંડિતના ખભે હાથ મૂકતાં કહ્યું.

"બાપુજીએ ગામની એક કન્યા મારે માટે શોધી કાઢી છે....આજ મને વાત કરી હતી ને પરમ દિવસે મારું સગપણ થવાનું છે. હું આજ વહેલા એટલા માટે આવ્યો છું કે..."

"કન્યા કેવી છે એની તપાસ કરવી છે એમ જને?" ભાગ્યવતીએ હસતાં હસતાં પ્રશ્ન કર્યો.

"હા ભાભી, અહીંના રાજપુરોહિતની કન્યા છે.... કન્યા પણ સોળ વરસની થઈ ગઈ છે...."

"એમ કેમ? બ્રાહ્મણો તો અગિયાર વરસે જ પરણાવી દેતા હોય છે."

"શાસ્ત્રનો નિયમ એવો નથી પણ રૂઢી એવી છે.... રાજપુરોહિતે મારી રાહ જોવા ખાતર જ પાંચ વરસ કાઢયાં છે..."

"તેં કન્યાને જોઈ છે કે નહિ?"

"મને આજે જ વાત કરી....જોયા જાણ્યા વગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સથવારો આંધવો એ મને ઠીક નથી લાગતું એટલે તારી સલાહ લેવા આવ્યો છું."

"તારા માતાપિતાએ કન્યા જોઈ છે કે નહિ ?"

"એમણે તો બધી તપાસ કર્યા પછી જ નક્કી કર્યું છે....પરમ દિવસે વાગ્દાન થશે ને પંદર દિવસ પછી લગ્નની વાત થાય છે."

"તને તારા માતાપિતા પર વિશ્વાસ છે કે નહિ ?"

"વિશ્વાસ તો છે જ...."

"તો પછી તારે ચિંતા શા માટે કરવી જોઈએ ? કોઈ માબાપ પોતાના પુત્રનું અહિત ઇચ્છે ખરા ?" ભાવડે નારાયણ સામે જોયું.

"મને બીજી કોઈ ચિંતા નથી....મારા બા–બાપુ કદી મારું અહિત ન કરે એમ હું માનું છું....છતાં આ પ્રશ્ન એવો છે કે આખી જીંદગી સુધી મારે જ વેઠવું પડે. કન્યાના સ્વભાવની ને ગુણની કંઈક ખબર પડી જાય તો મારે પોતાને કન્યા જોવાની પણ બહુ ઈંતેજારી નથી."

"નારાયણ, ઘણીવાર એવું બને છે કે આપણે બધી બાજુની ખાત્રી કરી હોય છતાં પસ્તાવાનો પાર રહેતો નથી. મારો જ દાખલો લેને. મારા માતા પિતાએ કન્યાને જોઈ ત્યારે તારી ભાભી ત્રણેક વર્ષની હશે. મને તો કદી એની ખાત્રી કરવાનો વિચાર સરખોયે નથી આવ્યો....અને આ નારીરત્ન આંગણે આવી ગયું....મને તો ઘણીવાર એમ પણ લાગે છે કે મેં ઘણા પાપ કર્યાં હશે પણ પુણ્યનો કોઈ યોગ એવો પડી ગયો હશે કે હું રત્ન પામી શક્યો આમ છતાં તારા મનના સંતોષ ખાતર એક કામ કરીએ .."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શું ?"

"તારી ભાભી ગમે તે બહાને આવતી કાલે રાજ-પુરોહિતને ઘેર જઈ આવે અને ખાત્રી કરી આવે...કેવળ તારા મનના સંતોષ ખાતર...મને તો આવી કોઈ જરૂર લાગતી નથી."

નારાયણે ભાગ્યવતી સામે જોઈને કહ્યું : "ભાભી, તમે શું કહો છો ?"

"તમારા ભાઈના વિચારોથી હું જુદી છું એમ તો છે નહિ....હું તો ત્યાં સુધી કહું છું કે ભાગ્યમાં સુખ લખ્યું હશે તો એને કોઈ મિથ્યા કરશે નહિ અને ભાગ્યમાં સુખ નહિ હોય તો બધી રીતે તપાસ કરવા છતાં દુઃખ આવવાનું જ છે. મારું માનો તો માબાપની પસંદગીને માથા પર ચડાવી લો....પણ તમે એમ ન માનતા કે રાજપુરોહિતને ઘેર જવામાં મને કોઈ બાદ છે."

"તમારી વાત સાચી છે ભાભી....છતાં મારા મનમાં સંતોષ ખાતર એક વાર તમે જઈ આવો."

"ભલે....રાજપુરોહિતને કન્યાઓ કેટલી છે !"

"એક જ છે...."

"એનું નામ સાંભળ્યું છે !"

"હા....દમયંતી."

"ત્યારે મને હંસ દૂતના સ્થાને વિરાજમાન કરવા આવ્યા છો કેમ ? ભલે....આવતી કાલે મારા દિયરની દૂતીકા બનીને જઈશ...."

ત્યાર પછી તો ચર્ચા રસભરી બની ગઈ. ભાવડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન કર્યો : " નારાયણ, કાશીના અભ્યાસક્રમમાં પત્નીને કેવી રીતે સાચવવી અથવા તો કેવી રીતે રાખવી એ કંઈ આવ્યું હતું કે નહિ ? '

" કર્મ કાંડ અને મંત્રશાસ્ત્રના અભ્યાસમાં આવી તે કાંઈ વાત હોય ? "

" તો પછી તારા અભ્યાસનો અર્થ શો ? જેની સાથે જીંદગીનો સથવારો કરવાનો છે તેની સાથે કેવી રીતે રહેવું, કેવી રીતે બોલવું વગેરે જો ન આવડતું હોય તો દમયંતીની દશા શી થશે ? જેમ તું તારા મનના સંતોષ ખાતર દમયંતીના ગુણની તપાસ કરવા માગે છે, તેમ દમયંતીને એવો કોઈ અધિકાર નહિ ? " " ભાવડે મોઢું ભારમાં રાખીને કહ્યું.

નારાયણે ભાગ્યવતી સામે જોઈને કહ્યું : " ભાભી, સાંભળો છો ને ? આવું તે કંઈ અભ્યાસમાં હોતું હશે ? "

ભાગ્યવતીએ પતિ સામે જોઈને મધુર સ્વરે કહ્યું : " આ કંઈ અભ્યાસની વાત નથી. આ જીવ અનેકવાર કોઈની પત્ની બન્યો છે તો કોઈનો પુરુષ પણ બન્યો છે....જીવનો એ અનુભવ એને સ્વયં જ્ઞાન આપે છે. તમે મારા દિયરને આ રીતે મુંઝવો નહિ."

" તો પછી દમયંતીના હૈયામાં એવી કોઇ ભાવના નહિ હોય....પોતાનો ભાવિ પતિ કેવો છે એ જાણવાની...."

" સ્ત્રી ધૈર્ય અને સમર્પણની મૂર્તિ છે. તેનો પતિ ગમે તેવા સ્વભાવનો હોય. એને અનુકુળ રહેવામાં જ સ્ત્રી પોતાનું કર્તવ્ય માને છે જે પોતાની જાતને, મનને અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાને હંમેશ માટે એક પુરુષના ચરણમાં સમર્પિત કરે છે તે આવી પંચાતમાં શા માટે પડે?" ભાગ્યવતીએ પ્રશ્ન કર્યો.

આમ રસભરી ચર્ચામાં રાત્રિનો બીજો પ્રહર પુરો થયાની ઝાલરી રણકી ઉઠી એટલે નારાયણ બંનેને નમન કરીને પોતાને ઘેર જવા વિદાય થયો.

ભાવડ ફેરી કરીને ગામડેથી કયારે આવે છે તે વાતની નારાયણને ખબર હતી એટલે તે સંધ્યા પહેલાં જ નિવૃત્ત થઈ ને ભાવડના ઘર તરફ નીકળી ગયો.

ભાવડ ઘેર આવી ગયો હતો. ગરમ પાણીએ હાથ પગ ધોઈ જમવા બેસવાની તૈયારી કરતો હતો. ત્યાં નારાયણે ડેલી બખડાવી.

ભાગ્યવતી ગાય દોહી રહી હતી. ભાવડે ઉઠીને ડેલી ઉઘાડી....બંને મિત્રો અંદર આવ્યા. ભાવડ ભોજનના પાટલા સામે મૂકેલા ચાકળા પર બેઠો અને નારાયણ તેનાથી થોડે દૂર એક બીજો ચાકળો નાખીને બેઠો. ભાવડે કહ્યું: "નારાયણ, એક મુશ્કેલી અમને બહુ નડે છે..."

"કઇ? શું મારાં ભાભી રાજપુરોહિતને ત્યાં નથી જઈ શકયાં?"

"તારા મનમાં જાણે બીજી કોઈ વાત જ નથી લાગતી...હું મારી મુશ્કેલીની વાત કરું છું..."

"કેમ શું થયું છે?"

"તું જૈન નથી પણ બ્રાહ્મણ છે એ એક મોટી મુશ્કેલી છે...કારણકે જાત જવાના ભયે તું અમારે ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન લઈ શકતો નથી...એક મિત્ર ભોજન ન લઈ શકે ત્યારે બીજા મિત્રને કેટલું દુઃખ થાય ?

" ઓહ ! પણ એમાં મારો શો દોષ ? "

અમારા જૈન ધર્મમાં ઘણી મોટી ઉદારતા પડી છે...બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર ગમે તે જૈન ધર્મ પાળતા હોય પછી એકબીજાથી અભડાવાનો ભય નહિં. અમારા સ્વામિવાત્સલ્ય નામના ભોજન સમારંભમાં જૈન ધર્મ પાળતા હરકોઈ એક સાથે જ ભોજન લઈ શકે.... પણ આજ તો તારી ભાભીએ તારા માટે જુદી જ વ્યવસ્થા કરી છે."

નારાયણ કંઈ કહેવા જાય તે પહેલાં જ ભાગ્યવતી દૂધનું બોઘરણું લઈ ને આવી પહોંચી અને નારાયણ સામે જોઈને બોલી : " આજ તો બહુ વહેલા આવી ગયા ? "

" મારી ગરજે વહેલું આવવું પડયું છે...આવતી કાલે તો વાગૂદાન થવાનું જ છે..."

" એટલા માટે તો આવતી કાલે તમારા ભાઈ ગામડે જવાના જ નથી ! " કહી ભાગ્યવતી રસોડામાં ગઈ.... સ્વામી માટે થાળી પીરસીને લઈ આવી અને ભાવડના પાટલા પર મૂકી ત્યાર પછી ઓરડામાં ગઈ અને મીઠાઇનો એક નાનો દડિયો લઈ આવી. એક કોરી થાળીમાં મીઠાઈ મૂકી બોલી : " આપણા ચકા મહારાજની મીઠાઇ છે... હું દૂધ આપું છું પાણી પણ શુદ્ધ રાખ્યું છે." કહી તેણે ઉત્તરની રાહ જોયા વગર એક ત્રાંબાનો લોટો ભરીને નારાયણ સામે મૂકયો. ત્યાર પછી દૂધનાં બે ત્રાંસળાં ભરીને બંનેની સામે મૂકયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે કહ્યું : " હવે તું જમી લે. પછી ચોવિઆર વાળવાનો સમય નહિ રહે.'

ફરી તરફ ઊંચી નજરે જોતાં ભાગ્યવતીએ કહ્યું : " હજી ઘણીવાર લાગે છે. તમે બંને જમી લ્યો પછી....? "

વચ્ચે જ ભાવડે કહ્યું : " મારે હવે કશું નહિ જોઈએ....આ પંડિત મહાશયની હું કાંઈ કલ્પના કરી શકતો નથી....પણ બ્રાહ્મણો ઘણા ઉદાર હૃદયના હોય છે. જે મળ્યું એમાં સંતોષ માની લે છે."

નારાયણ બોલ્યો : " તમે મૂળ વાત તો મને કરી જ નહિ."

ભાભીએ કહ્યું : " તમે જમી લ્યો પછી કહીશ.... વાત મનગમતી હોય તો પણ માનવી પૂરું જમે નહિ.... ધરાઈ જાય અને અણગમતી હોય તો ભૂખ કે રૂચિ કશું રહે નહિ."

આમ કહીને ભાગ્યવતી રસોડામાં ચાલી ગઈ. બંને મિત્રોએ ભોજનનો પ્રારંભ કર્યો. જમતાં જમતાં નારાયણે કહ્યું : "ભાઈ મારી ભાભીની તપાસનું પરિણામ શું આવ્યું?"

" મિત્ર, તારી ભાભી વાણીયાની દીકરી છે....મગનું નામ કયાંથી પાડે ? હું તો હજી થોડીવાર પહેલાં જ આવ્યો... હાથ પગ લોતો હતો ત્યાં તું આવી ચડયો.'

" તો પછી આ ચકા મહારાજની મીઠાઈ...."

" તું રાતે આવીશ એમ ધારીને જ હું લેતો આવ્યો હતો...રોજ અમારે ત્યાંથી એમને એમ જવું પડે ને અમારો જીવ બળે ! " ભાવડે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને મિત્રોએ ભોજનમાં ચિત્ત પરોવ્યું.

નારાયણે ચકા મહારાજની મીઠાઈ ને ન્યાય આપી દીધો...ઉપર દૂધ પી, હાથમુખ સ્વચ્છ કરી થાળી એક તરફ મૂકી દીધી.

ભાવડે કહ્યું : " હવે ખાટલો ઢાળીને નિરાંતે બેસ ...તારી ભાભીને જમતાં વાર લાગશે."

" કેમ ? "

" એનો અર્થ અમળા ન ધારી લેતો. પુરુષ દરેક વાતમાં ઉતાવળો હોય છે સ્ત્રી કોઈ વાતમાં ધૈર્ય ગુમાવતી નથી." કહી ભાવડે હાથ ધોઈ ને થાળી પણ ધોઈ નાખી અને તે પાણી ગયો.

નારાયણ આ જોઈ ને આશ્ચર્યચકિત થઈ ગયો અને બોલ્યો : " ભાઈ,આ તારા માટે નવાઈની વાત કહેવાય.... વાણીયા એંઠું ન મૂકે એ તો હું જાણું છું પણ આવી ગોબડાઈ કરે એ તો આજે જ જોયું."

ભાવડે બીજીવાર થાળી વાટકો ધોઈ ને પાણી પીધું. ત્યાર પછી મસ્તક નમાવીને ઊભો થયો અને બોલ્યો : " કઈ વાતની ગોબડાઈ ? "

" એંઠી થાળી ધોઈ ને પીવી..."

" અરે પાગલ પંડત, થાળી એંઠી કયાં હતી ? "

" કેમ, દૂધને બીચડી તો...."

" પણ તે પહેલાં થાળી એંઠી કયાં હતી ? "

" તે પહેલાં ગમે તેવી શુદ્ધ હોય....આમ કરવામાં આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટિએ મને તો કાંઈ લાભ દેખાયો નહિં... બલકે...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચ્ચે જ ભાવડે પાટલો ઢાળીને બેસતાં કહ્યું : "અહીં આવ...હું તને ખુલાસો કરું છું...જૈનધર્મ અહિંસાને અગ્રસ્થાન આપે છે એ તો તું જાણે છે ને ?"

"હા..."

"આ રીતે થાળી ધોઈને પીવામાં પણ અહિંસાનું પાલન છે...આમાં એંઠવાડ રહી જાય....બહાર પડે અને કોઈ જીવજંતુ એ ખાવાનાં લોભમાં મૃત્યુ પણ પામે....એ સિવાય આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટિ પણ રાખવામાં આવી છે. જમવા બેસનાર જને આવો નિયમ રાખ્યો હોય એટલે તે વધારે પડતું જમી શકે નહિં...પેટની જરૂરિયાત પુરતુ જ હોય. એટલે તેનું આરોગ્ય બરાબર સચવાય....વળી એંઠું મૂકવાથી અન્નનો જે બગાડ થતો હોય તે પણ થાય નહિં...અહિંસાનું પાલન થાય અને ભોજન ઉપરાંત તરત પાણી પીવાનો જે આરોગ્ય શાસ્ત્રનો નિષેધ છે તે પણ જળવાય. કારણ થાળી ધોઈ ને પીવામાં જે પાણી જતું હોય તે થાળીમાં વધેલા અન્નાદિ રસવાળું જ હોય છે."

"તમે જૈનોએ ખૂબ ઝીણું કાંતું લાગે છે...મારે પણ આવો નિયમ અમલી બનાવવો પડશે....અમને તો આવો વિચાર પણ આવતો નથી અને ઘણીવાર અમે પતરાવળાં એંઠથી ભરેલાં જ છોડી દઈએ છીએ." નારાયણે કહ્યું.

બંને મિત્રો આ ચર્ચા કરતા હતા ત્યાં ભાગ્યવતી બધાં ઠામવાસણ કાઢીને ઓસરીમાં આવી ને બોલી : "તમે બંને થોડીવાર વાતો કરી લ્યો. હું મારું કામ પતાવીને હમણાં જ આવું છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખશુદ્ધિ રૂપે ભાવડે થોડી સોપારી લીધી હતી અને મિત્રને પણ આપી.

વાતો કરતાં કરતાં સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. ભાગ્યવતી કામ પતાવીને પાણીનો એક લોટો ભાવડ પાસે મૂકી ગઈ. પોતે પણ એક જળ પાત્ર લઈને ઓસરીમાં જ બેસી ગઇ.

બંનેએ શાંતિથી જળપાન કરી લીધું. ત્યારપછી બંનેએ મુખ આડે મુઠી વાળેલો હાથ રાખીને ચઉવિઆરનું પચ્ચક-ખાણ લઈ લીધું.

નારાયણને આ બધું જોઈને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક હતું. તે બોલ્યો : "મિત્ર, મારાથી આ કંઈ સમજાયું નહિ, મનમાં તમે બંને શું બોલતાં હતાં ?"

"નારાયણ સૂર્યાસ્તથી,સૂર્યોદયની બે ઘટિકાપર્યંત પેય, ખાદ્ય, ચોષ્ય અને લેહ્ય વગેરે કોઈ પણ પદાર્થોનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાનો મંત્ર અમે બોલ્યા હતા. આને અમે ચઉવિઆર પચ્ચકખાણનો નિયમ કહીએ છીએ. હવે અમે કોઈ પણ સંયોગોમાં અન્નજળ વગેરે કોઈ પણ વસ્તુ રાત્રિકાળ પુરો થતાં સુધી....અને બેઘટિકા માથે ગયા સુધી નહિ લઇ શકીએ."

"આતો ઘણું જ ઉત્તમવ્રત ! આરોગ્યશાસ્ત્ર પણ રાત્રિભોજનનો નિષેધ કરે છે...તમે તો એથીએ આગળ વધ્યા...જળનો પણ ત્યાગ....રાત્રે તૃષા લાગે તો શું કરો ?"

ભાગ્યવતીએ કહ્યું : "લાગે જ નહિ."

"પણ કદાચ લાગે તો ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તો પ્રાણ કરતાંયે પ્રતિજ્ઞાને મહત્વ આપી દઈ એ." ભાવડે કહ્યું.

ત્યાર પછી થોડીવાર આ ચર્ચા ચાલી તે દરમ્યાન ભાગ્યવતીએ દીવો પ્રગટાવ્યો.

નારાયણે કહ્યું: "ભાભી, હવે તમારો અભિપ્રાય આપો."

"અભિપ્રાય ન આપું તો વધારે સારું છે."

"કેમ?"

"મારાથી અસત્ય બોલાશે નહિ અને સાચું કહીશ તો આખી રાત આપને નિદ્રા નહિ આવે....!"

"મને એવો કાચામનનો ધારો છો ભાભી? જે જાણ્યું હોય તે કહો"

"પંડિતજી, કાશીએ રહ્યા ત્યાં સુધી તમે રોજ ગંગાસ્નાન કરતા હતાને?"

"હા પણ મને મારી વાતનો..."

"હું એજ જવાબ આપું છું. તમારા શાસ્ત્રમાં કહે છે કે ગંગાસ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે કેમ?"

"હા ભાભી...ગંગા અતિ પવિત્ર છે...પરમ ઉપકારી છે."

"તો તમને એનું ફળ મળી ગયું છે. દમયંતી મને ગંગાના જેવી જ નિર્મળ લાગી છે. રૂપમાં તો અજોડ છે જ...પરંતુ એનો સ્વભાવ ઘણો જ ઉંચો છે...વિનય, વિવેક અને વ્યવહારદક્ષતા તો જાણે એના લોહીના અણુએ અણુમાં ભરેલાં છે."

આ સાંભળીને નવજવાન નારાયણનો ચહેરો હર્ષ પ્રફુલ્લ બની ગયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે પરિહાસ ભર્યા સ્વરે કહ્યું: "દમયંતીની આંખ તરફ નજર કરી હતી ?"

"હા...."

"તો કહે, કઈ આંખમાં કુલું છે ?" ભાવડે પૂછયું. નારાયણ ચમકયો...

"બંને આંખમાં છે..."

વચ્ચે જ નારાયણ બોલી ઊઠયો : "શું કહ્યું ભાભી ?"

"બંને આંખમાં કુલું નહિ પણ કમળનું ફૂલ છે...."

ત્રણેય ખડખડાટ હસી પડયાં...

ભાગ્યવતીએ કહ્યું : "બીજી એક મહત્વની વાત મેં જાણી છે તે તમને નહિ કહું."

"ના ભાભી....હવે તમે કોઈ વાત છૂપાવશો નહિ."

"હું કહીશ તો ખરેખર નિદ્રા તમારી વેરણ બનશે."

"નિદ્રા તો મારી મિત્ર છે...."

"તો સાંભળો....દમયંતીએ તમે જ્યારે કાશીએ ગયા ત્યારે તમને જોયા હતા અને મનમાં તમને જ પતિ રૂપે માની લીધા હતા. આ કારણે જ એના પિતાને રાહ જોવી પડી... સમજ્યા ?"

"ભાભી ! શું આ સત્ય છે ?"

"મેં જે જાણ્યું છે તે કહું છું....હવે કાલે સવારે મને કહી જજો. નિદ્રા તમારી મિત્ર રહી છે કે વેરણ બની છે ?"

"જરૂર"....કહી નારાયણે રજા લીધી.

ભાવડ અને ભાગ્યવતી શ્રી જિનમંદિરે જવાની તૈયારીમાં પડયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજે દિવસે વહેલી સવારે નારાયણે મિત્રની ડેલી ખખડાવી.

ભાગ્યવતી ગાય દોહી રહી હતી....ભાવડ સ્નાનની તૈયારીમાં પડયો હતો. તેણે ડેલી ઉઘાડી....નારાયણે કહ્યું: "મિત્ર, દિવસના પ્રથમ પ્રહરની અંતિમ ઘટિકાએ વાગૂદાન થવાનું છે. તમારે બંનેએ આવવાનું છે."

"સરસ ! પણ અંદર તો આવ્ય...."

"હજી મારે ચાર છ ઠેકાણે કહેવા જવું છે. આજ તારાથી ગામડે નહિ જવાય !"

"મારી ચિંતા કરીશ નહિ. હું ને તારી ભાભી અવશ્ય આવશું...પણ એતો કહેતો જા....રાતે નિદ્રા મિત્ર અનો હતી કે વેરણ ?"

"નિદ્રા અવળચંડી હોય છે. મેં મૈત્રી માટે હાથ લંબાવ્યો ત્યારે રીસાઈને ચાલી ગઈ...જઉં છું ત્યારે..." કહી નારાયણ ડેલીયેથી જ પાછો વળ્યો.

આનંદ અને ઉલ્લાસ સહિત વાગૂદાન વિધિ થતી ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારાયણના આગ્રહને માન આપીને બંનેએ ત્યાંજ ભોજન કાર્ય પતાવ્યું...

લગ્ન તરતનાં હોવાથી....માત્ર પંદર જ દિવસના ગાળામાં સઘળી તૈયારી કરવાની હતી.

મધ્યાન્હ પછી ભાવડ અને ભાગ્યવતી ઘેર આવ્યાં. એ વખતે ડેલી પાસે એક માનવી અશ્વનું ચોકડું પકડીને ઊભો હતો.

ભાવડે તેના સામે જોઈ કહ્યું: "કોનું કામ છે ભાઈ?"

"ભાવડ શેઠને મળવું છે."

ભાગ્યવતી ડેલી ઉઘાડીને અંદર ગઈ હતી. ભાવડે કહ્યું: "હું જ ભાવડ....આપ અંદર પધારો."

ભાવડની પાછળ પાછળ પોતાના અશ્વ સાથે તે માણસ ડેલીમાં દાખલ થયો. ભાવડે તેની ઘોડી એક ખીલે બાંધી અને ચાર પૂળા ઘાસના નાખ્યા. ત્યાર પછી ઓસરીમાં ઢાળેલા ખાટલે મેમાનને બેસાડીને કહ્યું: "આપ કયાંથી પધારો છો?"

"હું બંદરેથી આવું છું... વલ્લભીપુરનો વતની છું બંદરના શ્રીપત શેઠની વછેરી મારે લેવી છે....એટલે આપને તસ્દી આપવા આવ્યો છું."

"કઈ વાતની તસ્દી?"

"આપ અશ્વવિદ્યાના જાણકાર છો. શ્રીપતશેઠની વછેરી જોઈ ને આપ કહો તો હું ખરીદી લઉં...આમ તો વીસ સુવર્ણ મુદ્રામાં વાત થઈ ગઈ છે....માત્ર આપના અભિપ્રાય ઉપર બધું બાકી રાખ્યું છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" આપનું શુભ નામ ? "

" તલકચંદ...."

" તો એમ કરો....શ્રીપતશેઠની વછેરી અહીં લઈ આવો. આપે વીસ મુદ્રા આપવાનું નક્કી કર્યું છે એટલે વછેરી ઉત્તમ હશે..."

" આંખમાં રમી જાય એવી છે....પણ શ્રીપતશેઠ વછેરીને અહીં સુધી મોકલશે નહિ."

" તો મારાથી એટલે દૂર આવી શકાય એવા સંયોગો નથી. શ્રીપત શેઠને મારું નામ આપશો તો તેઓ ઇન્કાર નહિ કરે."

તલકચંદને પણ થયું કે આ રીતે કોઈને એટલે સુધી ધક્કો ખવરાવવો તે બરાબર નથી. આમ તો એકથી બે મુદ્રામાં વછેરીઓ મળી શકે....આ વીશ મુદ્રાની વાત છે એટલે ખાત્રી કરાવવી જોઈએ.

ભાગ્યવતી જળપાનનાં પાત્રો મૂકી ગઇ.

જળપાન કરીને તલકચંદે ઊભા થતાં કહ્યું : " શ્રીપત શેઠ માની જશે તો આવતી કાલે હું આવી જઇશ."

" જો આવો તો મધ્યાન્હ પછી આવજો....અથવા વચ્ચે ટીંબડી નામનું ગામ આવે છે....ત્યાં હું મધ્યાન્હ સુધી રોકાઇશ."

" ટીંબડી...? "

" હા, આવતી કાલે ધંધાર્થે મારે ત્યાં જવું પડે તેમ છે."

" તો તો બહુ સારૂં..." કહી તલકચંદે વિદાય લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજે દિવસે સવારે જિનપૂજન આદિથી નિવૃત્ત થઈ બ્રહ્મે કાપડનું પોટલું ભરાવી, ગજ કાતર હાથમાં રાખી ભાવડ ટીંબડી તરફ નીકળી ગયો.

ટીંબડીમાં લગભગ બધો માલ ખપી ગયો....અને મધ્યાન્હ પહેલાં જ તે નિવૃત્ત થઈ ગયો. આજ તેણે ભાતું ભેગું નહોતું લીધું...કારણ કે સવારે સીરામણ કરીને જ તે નીકળ્યો હતો....ભાવડ ગામના ગોંદરે આવેલા એક લીમડા નીચે બેઠો....થોડી પળો વીતી હશે ત્યાં ગામના પાદરમાં બે અશ્વારોહીઓ અને એક વછેરી દેખાયાં.

ભાવડ ઊભો થઈ ગયો...અને તેણે તલકચંદને બુમ મારી.

તલકચંદ તરત આ તરફ વળ્યો...શ્રીપતશેઠનો મુનિમ પણ વળ્યો અને ભાવડને જોતાં જ બોલી ઉઠ્યો. "જય જય ભાવડ શેઠ, જય જય!"

"અરે નેમચંદ તું?"

"હા શેઠ, હું છેલ્લા ચાર વર્ષથી શ્રીપત શેઠને ત્યાં કામ કરું છું."

બંને લીમડા પાસે આવ્યા અને અશ્વ પરથી નીચે ઉતરી ગયા.

તલકચંદે કહ્યું: "શેઠજી, જુઓ આ વછેરી."

"દેખાવડી છે..." કહી નેમચંદ સામે જોઈને ભાવડે કહ્યું: "હજુ કેળવી નથી લાગતી..."

"ના શેઠ...હવે એનો સમય પાકી ગયો છે."

વછેરી ભારે ચંચળ હતી...બંને કાનસૂરી ભેગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ જતી હતી....ભાવડ વછેરી પાસે ગયો....વછેરી ચમકી... પણ ભાવડે કેશવાળી પકડી લીધી અને એક કાનપર એવી કોઈ નશ દબાવી કે વછેરી તરત સ્થિર બની ગઈ.

ભાવડે વછેરીને બરાબર જોઈ. ભમરી કેટલી છે, છે કે નહિં, શુભ છે કે અશુભ વગેરે જોયા પછી બીજા લાંછન પણ તપાસ્યાં.

વછેરીનું નિરિક્ષણ કર્યા પછી ભાવડ વિચારમાં પડી ગયો....એકબાજુ શ્રીપત શેઠ હતા અને પરિચિત હતા.... બીજી તરફ શ્રદ્ધા સાથે આવેલો તલકચંદ હતો.

વછેરીનું ફરીવાર નિરિક્ષણ કર્યું.

ભાવડ શેઠને વિચાર મગ્ન જોઈને નેમચંદે કહ્યું : "કેમ શેઠ વિચારમાં પડી ગયા ? ગંગાદાસે વછેરી જોઈને કહ્યું હતું કે ઉત્તમ છે....જેને ત્યાં જશે તેને ત્યાં દીપી ઉઠશે."

"ખરેખર વછેરી દીપી ઉઠે એવી છે એમાં જરાય સંશય નથી. પરંતુ મારા માથે ભારે ધર્મસંકટ આવી પડયું છે."

"કેમ ધર્મસંકટ કેવી રીતે શેઠ ?" તલકચંદે કહ્યું.

"જુવો ભાઈ, તમે મારા પર વિશ્વાસ રાખીને આવ્યા અને શ્રીપત શેઠ મારા પરિચિત છે....એક વખત મારા આડતીયા પણ હતા. આ સંયોગોમાં સાચું કહીશ તો એમના મન ભાંગી જાય છે અને ખોટું કહી શકતો નથી."

નેમચંદે કહ્યું : "શેઠજી, આપતો સત્યના આરાધક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છો...આપણી શ્રીમંતાઈ ગઈ છે...આપના ગુણ નથી ગયા. આપ જે હોય તે સંકોચ વગર કહો."

"નેમચંદ, આ વછેરીને કેળવણી આપવાનું થશે એટલે બે ચાર મહિનામાં જ તેનો આ પગ ભાંગી જશે આમ મને સ્પષ્ટ દેખાય છે. છતાં આ વછેરીને ઘરની શોભા તરીકે બાંધી રાખવી હોય તો મારે કોઈ પાંતીનો વિરોધ નથી."

નેમચંદ ને તલકચંદ બંને અવાક્ થઈ ગયા. તલકચંદે ભાવડશેઠ સામે જોઈ ને કહ્યું: "આમ તો વછેરીમાં કાંઈ ખોડ કે એવી દેખાતી જ નથી."

"કેટલીક ખોડ ન દેખાય એવી હોય છે. જ્યાં સુધી આ વછેરીને દોરવામાં નહિ આવે ત્યાં સુધી એને કાંઈ નહિ થાય....આ મારો અભિપ્રાય છે...એક રૂડું જનવર આંગણાની શોભા માટે રાખવું હોય તો આપ રાખી શકો છો." ભાવડે કહ્યું.

થોડીવાર આડી અવળી વાતો કરીને બે ઘડી વિસામો લઈ નેમચંદ ને તલકચંદ બંદર તરફ વિદાય થયા; ભાવડ કાંપિલ્યપુર તરફ વિદાય થયો.

નેમચંદના મનમાં થયું, ભાવડ શેઠની વાત માની શકાય એવી નથી. સાજા નરવા પગ ભાંગે કેવી રીતે? જાતવાન વછેરી છે....રાજદરબારમાં શોભે એવું રૂપ છે... આમ વિચારી તેણે તલકચંદને કહ્યું: "શેઠજી, વછેરીના ચારે ય પગ નરવા છે...રાજના રતન જેવી રૂપાળી છે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારા સારા ઘોડા પારખું વછેરીને જોઈને ભારોભાર વખાણ કરતા ગયા છે...મને ભાવડશેઠની વાત સમજાતી નથી."

" છતાં એક વાત તો ચોક્કસ છે કે આખા સૌરાષ્ટ્રમાં આ જુવાન ભાવડશેઠ જેવો બીજો કોઈ ઘોડા પારખું છે નહિ. તમે જોયું નહિ, વછેરી કેટલી ચપળ બની ગઈ હતી ? ભાવડશેઠે કાન પર કાંક કર્યું કે તરત વછેરી સાવ શાંત થઈ ગઈ હતી." તલકચંદે કહ્યું.

" ભાવડશેઠ અશ્વવિદ્યાના પુરેપુરા જાણકાર છે એમાં તો કોઈનો બેમત નથી...પણ આ ભવિષ્યવાણી તેમણે કેવી રીતે કહી એ મારાથી સમજાણું નહિ." નેમચંદે કહ્યું.

" ગંગદાસ તો બંદર પર જ છે ને ? "

" હા..."

" એને આપણે ભાવડશેઠનો મત જણાવશું...કારણ કે જે શાંતિથી ભાવડશેઠે વછેરીને તપાસી હતી તે શાંતિથી ગંગદાસ તપાસી શકયો નહોતો."

" બરાબર છે..." નેમચંદે કહ્યું.

સંધ્યા પહેલાં બંને બંદરે પહોંચી ગયા. ભાવડ પોતાના રોજના સમયે ઘેર પહોંચી ગયો હતો.

નેમચંદે પોતાના શેઠને ભાવડ શેઠનો અભિપ્રાય દર્શાવ્યો. શ્રીપતશેઠે તરત ગંગદાસને બોલાવ્યો અને ભાવડે જે કહ્યું હતું તે જણાવ્યું. ગંગાદાસે કહ્યું : " ભાવડ શેઠ જેવો ઘોડા પારખુ બીજો કોઈ નથી...પણ મોટો વૈદ્ય કોઈવાર એવી થાપ ખાઈ જતો હોય છે કે દરદને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારવાને બદલે દરદીને મારી નાખે છે. એકવાર હું વછેરી તપાસી લઉં."

બધા ઉઠીને ઘોડાહારમાં ગયા, ગંગદાસે વછેરીને મહા પ્રયત્ને તપાસી. ત્યાર પછી બહાર આવીને કહ્યું : "શેઠજી મારા મતમાં જરાય ફેર નથી. વછેરી એબ વગરની છે, જાતવાન છે ને હજાર ઘોડામાં આવું રૂપ એકાદને જ હોય છે. તલકચંદ શેઠ, તમારે ખરીદવી હોય તો કોઈ જાતનો સંશય રાખશો નહિં. આતો શેઠજીની વછેરી કિંમતી છે નહિંતો દસમુદ્રા આપીને ખરીદી લેત."

તલકચંદે કશો ઉત્તર ન વાળ્યો. તેના હૈયામાં ભાવડ શેઠની વાત વસી ચૂકી હતી.

સહુ ભોજન કરીને નિવૃત્ત થયા. રાતે પણ આની આ ચર્ચા શરૂ થઈ. અને સવારે તલકચંદ વછેરી લીધા વગર શેઠનો આભાર માનીને વિદાય થયો.

ગંગદાસે શેઠને કહ્યું, "વીસ મુદ્રા આપવા જેટલી મારી શક્તિ નથી. પણ દસમુદ્રામાં કોઈ ને આપો તો મને જ આપજો..."

શ્રીપતને પણ ભાવડની અશ્વવિદ્યા પ્રત્યે માન હતું...

તે પણ મનમાં સંશય ગ્રસ્ત બની ગયો હતો...તેણે તરત ગંગદાસને કહ્યું : "ગંગદાસ તું તો મારો જુનો સંબંધી છે...તારે જ્યારે જોઈએ ત્યારે દસમુદ્રા આપીને વછેરી લઈ જજે...તને બમણા ત્રમણા થાશે તો મને પણ આનંદ થશે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ જ થયું.

એજ દિવસે ગંગદાસ દસમુદ્રા આપીને વછેરી લઈ ગયો...તેનું ઘર બંદરથી બે કોશ દૂરના એક ગામડામાં હતું.

દિવસો સુખના હોય કે દુઃખના હોય....એક પછી એક જતા જ હોય છે. કોઈ ને મોટા લાગે, કોઈ ને સાંકડા લાગે.. પણ આમ તો સમાન જ હોય છે. નારાયણનાં લગ્ન આડે બેજ દિવસ રહ્યા હતા. ભાવડ અને ભાગ્યવતી નારાયણના ઘેર પ્રતિક્રમણ કરીને ગયાં હતાં અને બીજો પ્રહર પુરો થાય તે પહેલાં પાછાં આવી ગયાં હતાં.

ઘેર આવીને બંનેએ વસ્ત્રો બદલાવ્યાં. ભાગ્યવતી ગાયને નીરણ નીરવા ગઈ. ભાવડ એક ઓરડામાં કરેલી બે પથારી પાસે ગયો અને પોતાની પથારીમાં બેઠો.

થોડી જ વારમાં ગાયને નીરણ નાખી, ડેલી બરાબર તપાસી, આડું અવળું જે મૂકવાનું હતું તે મૂકીને ભાગ્યવતી ઓરડે આવી. ભાવડ હજુ આડે પડખે નહોતો થયો પથારીમાં જ બેઠો હતો.

નાનો દીવો ટમટમતો હતો. એનો આછો સોનેરી પ્રકાશ ઘણો સોહામણો લાગતો હતો.

સ્વામીને વિચારમગ્ન જોઈ ભાગ્યવતીએ કહ્યું : "કેમ આટલા વિચારમગ્ન જણાઓ છો ?"

"એવું કંઈ નથી પ્રિયે, નારાયણનાં લગ્ન પરમ દિવસે છે....આપણે કંઇક તો કરવું પડશેને ?"

"આમ તો આપણે બીજું શું કરી શકીએ ? પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરઘોડિયાં પગે લાગવા આવે ત્યારે તમે નારાયણના હાથમાં એક મુદ્રા મૂકજો....હું વહુના હાથમાં તમે હમણા જે કંઠી કરાવી હતી તે મૂકીશ."

ભાવડ પ્રસન્ન નજરે પત્ની સામે જોઈ રહ્યો. પત્નીને પોતાની બાજુમાં બેસાડતાં બોલ્યો : "ભાગુ, કંઠી તો આપણી આ દશાનું સ્મરણ છે....એ કરતાં...."

"સ્મરણ તો મારે મન આપ જ છો....ભાગ્ય ચમકશે ત્યારે તમારા હાથનાં આવાં અનેક સ્મરણો મને મળી જશે. વળી...સાત સુવર્ણમુદ્રાઓ તો બહારના માલ માટે રાખી છે....વધારાની એક જ છે." ભાગ્યવતીએ કહ્યું.

"હું...બરાબર છે..." કહી ભાવડ પથારીમાં આડે પડખે થયો.

ભાગ્યવતી સ્વામીના પગ દાબવા માંડી. ભાવડે કહ્યું : "ભાગુ, મધરાત થઈ ગઈ છે....તું નારાયણને ઘેર ઘોડા કરીને થાકી ગઈ છે....મારે તો ગામતરું થતું જ નથી. તું સૂઈ જા....પાછું વહેલા ઉઠવાનું છે."

ભાગ્યવતી કશું બોલી નહિ....એના કમળ જેવા નયનોમાંથી બે આંસુ સરી પડ્યાં ને સ્વામીના પગ પર પડ્યાં...આંસુનો સ્પર્શ થતાં જ ભાવડ બેઠો થઈ ગયો.. પત્ની સામે જોઈને બોલ્યો : "કેમ ભાગુ, કોઈ દિવસ નહિને આજ...."

ભાગુ, કંઈ બોલી શકી નહિ. સજળ નયને સ્વામી સામે જોઈ રહી. ભાવડે પત્નીને હૈયા સરસી લેતાં કહ્યું: "કેમ ભાગુ,આપણી પરિસ્થિતિ અસહ્ય તો નથી લાગતીને ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ના....ના....ના...દુઃખનું તો મને ભાન જ થતું નથી...આવી પરિસ્થિતિ વચ્ચે પણ આપનો મારા પ્રત્યેનો એવોને એવો પ્રેમ જોઇને મારું હૈયું હર્ષથી છલકાઇ ગયું હતું...આપ આટ આટલાં ગામતરાં કરો છો....આપના પગના ગોટલા કઠણ પત્થર જેવા બની ગયા છે, છતાં આપ મારી જ ચિંતા કરતા હો છો...મારા પ્રત્યેનો આપનો આ પ્રેમ..."

વચ્ચે જ ભાવડે પત્નીના સુકોમળ વદન પર હાથ ફેરવતાં કહ્યું : "ભાગુ, હું પુરુષ છું...તું મારી પ્રેરણા છે... મારી શક્તિ છે...જો હું તારી કાળજી ન રાખુ ને કદાચ તારું આરોગ્ય કથળે તો મારી હિંમત કયાં સુધી ટકી શકે ? અને હું બરેબર કહું છું કે બહારની કોઈ સંપત્તિ આવે કે જાય એની મને કોઈ ફિકર નથી...એતો ચંચળ અને અસ્થિર જ છે. પણ આપણા અંતરમાં છૂપાયેલી સંપત્તિ બરાબર જળવાઈ રહેવી જોઈએ."

" તમે મને બહુ મહત્વ..."

" પગલી, પતિ પોતાની પત્નીને મહત્વ ન આપે તો કોને આપે ? તું મને કેટલું મહત્વ આપે છે ? મારી કેટલી ચિંતા કરે છે ? હું ગામતરેથી પાછો ન આવું ત્યાં સુધી તારા મનમાં શું શું થતું હોય છે એ હું બરાબર અનુભવું છું...જો હું તને મહત્વ ન આપું તો મારી કિંમત પણ શું ? ભાગુ, નરનારના સહજીવનમાં સુમેળ તો રહેવો જ જોઈ એ...જે સંસારમાં પતિ પત્ની વચ્ચે વાતવાતમાં ચકમક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝરતાં હોય છે, તે સંસાર અગ્નિશય્યા જેવો જ બની જાય છે. આપણો સંસાર ચાંદના જેવો શીતળ અને મધુર રહ્યો છે...કારણ કે બંનેના મન એક છે, ભાવ એક છે, હૈયાના ધબકાર પણ સમાન છે...આ જ આપણું સ્વર્ગ છે."

ભાગ્યવતી સ્વામીના ખોળામાં મસ્તક મૂકીને પ્રસન્નતા અનુભવવા માંડી.

નારાયણનાં લગ્ન પતી ગયાં.

નારાયણ અને તેની પત્ની ભાવડનાં ઘેર પગે લાગવા આવ્યાં ત્યારે ભાવડ મિત્રને ભેટી પડયો અને તેના હાથમાં એક સુવર્ણમુદ્રા મૂકતાં બોલ્યો: " આ કેવળ મારી ભાવનાનું પ્રતિક છે..."

નારાયણ સજળ નયને પોતાના મહાનમિત્ર સામે જોઈ રહ્યો.

ભાગ્યવતીએ પોતાના સ્વહસ્તે સોનાનો છેડો નારાયણની વહુના કંઠમાં આરોપતાં કહ્યું: " દમયંતી, તું એક પંડિતની પત્ની બની છે...પંડિતો વ્યવહાર કુશળ ઓછા હોય છે, પોતાની ધૂનના પાગલ પણ હોય છે. તું એને તારા હૈયામાં જ પુરી રાખજે અને સાત દિકરાની માતા બનજે."

દમયંતા ભાગ્યવતીને વળગી પડી.

થોડીવાર પછી બંને વિદાય થયાં. નારાયણ સાથે એક જુવાન સાથી હતો અને દમયંતી સાથે એક આધેડ સ્ત્રી હતી.

વાતવાતમાં ચાર મહિના વીતી ગયા. ભાવડશેઠની ફેરી ચાલતી જ રહી. બંને સુખપૂર્વક રહી શકે એટલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવક થતી હતી. ભાગ્યવતીને કોઈવાર દાનભાવનાના કારણે સહજ સંકોચ થઈ જતો. કારણ કે મનમાં તીવ્ર ભાવના હોવા છતાં તે મુક્ત મને દાન આપી શકતી નહોતી. આમ છતાં બંને માણસો યથાશક્તિ સ્વલ્પ પણ દાન કરી લેતાં.

અને એક સંધ્યા સમયે ગંગદાસ ભાવડશેઠને આંગણે આવ્યો અને ભાવડના ચરણમાં પડતાં બોલી ઉઠયો "શેઠજી, આપના શબ્દો પર વિશ્વાસ ન રાખવાનું પરિણામ મારે ભોગવવું પડયું."

ભાવડે આશ્ચર્ય ભર્યા સ્વરે કહ્યું : "હું કંઈ સમજ્યો નહિ.'

ગંગદાસે શ્રીપત શેઠની વછેરી પોતે કેવી રીતે ખરીદી તે વાત કહી અને ઉમેર્યું : "શેઠજી, વછેરી રૂપવાન હોવા છતાં અને સંભાળપૂર્વક હું એને કેળવતો હોવા છતાં ચાર દિવસ પહેલાં જ આપે જે પગની વાત કરી હતી તે પગ ભાંગી ગયો...."

ભાવડે ગંગદાસને ધૈર્ય આપ્યું અને ગંગદાસ વિદાય થયો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વમાં અનાદિકાળથી ગુણ અને અવગુણ, શુભ અને અશુભ, પાપ અને પુન્ય, શિયળ અને વ્યભિચાર વગેરે દ્વંદ્વો ચાલ્યાં જ આવે છે. જો રાજા ગુણવાન અને સદાચારી હોય તો શુભતત્વો રાજ માર્ગ બને છે. રાજા પાપી અને દુષ્ટ હોય તો અશુભતત્વો રાજમાર્ગ બને છે. અર્થાત્ જનતાને દોરવણી આપનારા બળો જેવાં હોય તેવી જ જનતા ઘડાતી હોય છે.

રાષ્ટ્રમાં પરદુઃખભંજન મહારાજા વિક્રમાદિત્યનું રાજ્ય હતું. સમગ્ર રાષ્ટ્રમાં સંસ્કાર, સદાચાર અને સંતોષ રૂપી રાજમાર્ગ શોભી રહ્યો હતો.

પરંતુ રાજમાર્ગ મહાન હોય ત્યારે કોઈ કોઈ કેડીઓ અશુભતત્વોથી ભરેલી હોય છે. કાંપિલ્યપુરમાં લોકો દરેક વાતે સુખી હતા. તપનરાજ પણ પ્રજાને સુખી રાખવામાં પોતાનો ધર્મ સમજતો હતો. પ્રજાની બહેન દીકરીયું ને તે પોતાની જ બહેન દીકરીયું માનતો હતો. કોઈ હરામખોરે કોઈ બહેન દીકરીની છેડતી કરી હોય કે મશ્કરી કરી હોય તો તપનરાજ તેને એવી આકરી સજા આપતો કે એ સજા જોઈ ને જ એવી વૃત્તિના માણસો આપોઆપ શાંત થઈ જતા.

શ્યામસિંહ નામનો તપનરાજનો સાળો ભારે દુષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃત્તિનો હતો પરંતુ તેની દુષ્ટતા માત્ર નગરનારીઓ પુરતી જ મર્યાદિત બની ગઈ હતી; કારણ કે તપનરાજ આ બાબતમાં ભારે કઠોર હતો અને બીજી મુશ્કેલી એ હતી કે કાંપિલ્યપુરમાં એક પણ નગરનારી હતી નહિં. આ માટે શ્યામસિંહ પોતાના એક સાથી સાથે વલ્લભીપુર જતો અને બે ચાર દિવસ શરાબ અને વારયોષિતાનો સંગ કરીને પાછો આવી જતો.

કાંપિલ્યપુરમાં એક પણ પાનાગાર નહોતું. જ્યાં જનતા જ મદિરાથી દૂર રહેવામાં ધર્મ સમજતી હોય ત્યાં પાનાગાર ટકી શકે કેવી રીતે ? આખી નગરીમાં ગણ્યા ગાંઠ્યા મદિરાભક્તો હતા અને તેઓ પોતાના ઘરમાં જ મદિરા રાખતા.

શ્યામસિંહ મદિરા અને માનુનીનો પિયાસી હોવા છતાં તે બનેવીના ઘરનો ત્યાગ કરી શકતો નહોતો. કારણ કે અહીં તે તપનરાજનો અંગરક્ષક હતો અને રાજભવનનો કામદાર પણ હતો. બેનબનેવી પાસેથી પુરતા પૈસા મળી જતા હતા, અને રાજભવનની એક વડારણ સાથે મનમેળ થઈ ગયો હતો. તે રાજભવનમાં જ એક ખૂણામાં આવેલા ત્રણ ઓરડાવાળા મકાનમાં પત્ની અને ત્રણ બાળકો સાથે રહેતો હતો. પત્ની પોતાના પતિની આદત ન જાણતી હોય એવું કદી બનતું નથી...પરંતુ આદર્શ સ્ત્રીઓ પોતાના મનની વેદના કોઇને કહેતી નથી. કડવા ઘુંટડા હસતાં હસતાં પી જવામાં જ તે પોતાનું કર્તવ્ય માનતી હોય છે. શ્યામસિંહની પત્ની પતિનાં દુષણોથી વાકેફ હોવા છતાં તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી પતિને વારવાનો પ્રયત્ન કરતી નહોતી. તે સમજતી હતી કે પુરુષો વાર્યા નથી વળતા હાર્યા જ વળે છે...અને જો પત્ની વારવાનો પ્રયત્ન કરે તો પુરુષના હૈયામાં સળગતી આગ વધારે જોરથી ભભુકી ઊઠે છે.

આવો દુષ્ટ પ્રકૃત્તિનો રાજાનો સાળો શ્યામસિંહ છેલ્લા એક વર્ષથી ભાવડશેઠની પત્નીને જોઈ ગયો હતો અને એ રૂપવતી રમણીને કેવી રીતે પોતાની બનાવવી તેની યોજના ઘડી રહ્યો હતો....પરંતુ એકે ય યોજના સાકાર બની શકતી નહોતી.

તે જાણતો હતો કે ભાવડશેઠ રોજ સવારે કાપડની ફેરી માટે ગામતરે જાય છે અને સાંજ પહેલાં પાછો ફરે છે. આટલા ગાળા પુરતી ભાગ્યવતી એકલી રહે છે પણ એની એકલતાનો લાભ લેવાની કોઈ તક મળી શકતી નહોતી. ભાવડશેઠનું ઘર વાણીયા વાડના ભરચક્ક લત્તામાં આવેલું હોવાથી ત્યાં જવું એ બરાબર નથી એમ શ્યામસિંહ સમજતો હતો. કોઈનેય શંકા આવે અને મહારાજાના કાને વાત જાય તો પરિણામ ઘણું જ ભયંકર આવે...વળતે જ દિવસે ધડ ને માથું જુદાં થઈ જાય. એ સિવાય ભાગ્યવતી અસુર સવાર ગામ બહાર પણ કયાંય નીકળતી નહોતી... સવારસાંજ દહેરાસર જતી....આ સિવાય એને જોવાની પણ બીજી કોઈ તક મળી શકતી નહોતી. આમ એક વરસથી શ્યામસિંહ ભાગ્યવતીને પ્રાપ્ત કરવાનાં સ્વપ્ન સેવી રહ્યો હતો અને સ્વપ્નને સાકાર બનાવવાની કોઈ તક આજ સુધી તે મેળવી શકયો નહોતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યાહ્નનો સમય કયારનો વીતી ગયો હતો. શ્યામસિંહ ગામને ગોંદરે આવેલી એક વાડીએ લીમડા નીચે ખાટલો ઢાળીને બેઠો હતો. આ વાડી તેના સાથીની હતી અને અવારનવાર તે અહીં આવતો હતો.

બાજુના ખાટલા પર તેનો સાથી દેવળ બેઠો હતો... બંને વાતો કરતા હતા. વાતવાતમાં શ્યામસિંહે કહ્યું : "દેવળ, ઓલી વાતનું તો તેં કાંઈ ન કર્યું'...."

"બાપુ, ઈ કામ થાય એવું નથી. ભાવડ શેઠ આજ ગરીબ છે પણ એક વાર આ નગરીનો મોટો શ્રીમંત ગણાતો હતો, એની ઘરવાળી સામે નજર નાખવાની કોઈ કેડી મળતી નથી.'

"જો દેવળ, આ કામ પાછળ ગમે તેટલું ધન ખરચવું પડે તો હું ખરચવા તૈયાર છું...મને એક વાતનો વિશ્વાસ છે કે ભાવડ અત્યારે સાવ રાંક બની ગયો છે... પેટ ખાતર ખંભે પોટકું ઉપાડીને રોજ આઠ દસ ગાઉનો પંથ પણ ખેડે છે ને કહેવાય છે કે માંડમાંડ રોટલો રળી ખાય છે. આવા સંયોગોમાં એની ઘરવાળીને ધનથી જરૂર લલચાવી શકાય."

દેવળે બે પળ વિચારીને કહ્યું : "બાપુ, ભાવડ ભારે ટેકીલો છે...ઘરબાર માલ મિલકત બધું વેંચીને પણ તેણે વ્યાજ સહિત દેણું ચૂકવ્યું હતું અને આવી નબળી દશામાં પણ કોઈને ત્યાંથી ઉધાર લેતો નથી ને કોઈ પાસે હાથ પણ લાંબો કરતો નથી."

'હું ભાવડનું કયાં કહું છું...એની ઘરવાળીનું કહું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છું સોનું જોઈને મુનિવર પણ ચળી જાય તો સુંદરી સ્ત્રીનું શું ગજું ? વળી સ્ત્રી જાતને બધાં કરતાં સોનું વધારે વહાલું હોય છે.. જો કાંક એવો મારગ નીકળે તો ઈ ગુલાબનાં ફૂલ જેવી સુંદરીને જરૂર લલચાવી શકાય."

" બાપુ, મારું મન તો ના પાડે છે...મહારાજને ખબર પડે તો તમારી વાંસે મારાં બાયડી છોકરાં પણ રઝળી પડે, વળી ભાવડશેઠની વહુ પણ ભાવડ જેવી જ ટેકવાળી છે....મેં તમને ત્રણ વાર છેટેથી દેખાડી હતી... એના રૂપ પાછળ ખુમારી કેટલી છે ? શું આવી ખુમારી સોનું જોઈને ચળે ખરી ? જેના ધણીએ ઢગલા મોઢેસોના મહોરોનું દાન આપ્યું હોય તેની ધણીયાણી લલચાય નહિ." દેવળે કહ્યું.

" દેવળ, તારા જ પગ ગારાનાં થઈ ગયા છે... અરર્યા, અછત ને ગરીબાઈ આગળ સ્ત્રી જાતિ સાવ ભાંગી જતી હોય છે...એકવાર દાણો દબાવવાનો મારગ તો કાઢય !"

દેવળ વિચારમાં પડી ગયો. શ્યામસિંહ સ્થિર નજરે તેનો સામે જોઈ રહ્યો. થોડી પળો પછી દેવળે કહ્યું: " બાપુ, એક જ મારગ દેખાય છે..."

" કહે...."

" આલી ઢબલીને તૈયાર કરો...ઈ ભાવડની વહુ પાસે જાય હળે મળે ને હળવેથી લાલચનું તીર છોડે !"

" તારી યુક્તિ સરસ છે ..પણ ઢબલી મહારાણીની વડારણ છે. આતો મારાં હાયેં નેડો થઈ ગીયો....પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની જીભ કાબુમાં રહી શકે એવી નથી. કોકદી બોલતાં બોલતાં બોળી મારે તો મારે અડધી રાતે ભાગવું પડે."

"બાપુ, ગમે તેવી તાંય તમારી રખાત તો છે ને ! તમે જરા ચગાવશો તો જરૂર કામ કરશે અને સાવ જોખમ ખેડયા વગર આવા કામ બનતાં નથી."

"તારી વાત ઠીક છે...જમનીને જરા ચગાવી જોઉં." કહી શ્યામસિંહ ઊભો થયો.

દેવળે કહ્યું : "કેમ બાપુ ઉભા થયા ?"

"લેહાલ્ય...આમ સૂરજ સામી તો નજર તો કર... હમણા આથમશે...."

"આપ પધારો...મારે તો કોક આવશે ત્યાં ગામમાં અવાશે." દેવળે કહ્યું.

શ્યામસિંહ સીધો દરબાર ગઢ તરફ ગયો.

જેવો તે પોતાને ઘેર ગયો કે તરત એક વૃદ્ધ વડારણે કહ્યું : "આપને મહારાજા યાદ કરે છે...બે વાર હજુરીયો આપને બોલાવવા આવ્યો હતો."

દાસીની વાત સાંભળતાં જ તે તરત પાછો વળ્યો અને મહારાજના મુખ્ય ભવન તરફ ગયો.

સંધ્યા વીતી ગઇ હતી. રાજભવનમાં દીપમાલિકાઓ પ્રગટાઇ ગઈ હતી. શ્યામસિંહ સીધો મહારાજાના બેઠક ખંડ પાસે ગયો.

મહારાજાએ શ્યામસિંહને જોતાં જ કહ્યું : "શ્યામ, તું કયાં ગયો હતો ?"

"દેવળની વાડીએ ગીયોતો ને ત્યાં લીમડાના છાંયે જરા...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સારું....જો તારે વાળુ કરીને ભૂપગઢ જવાનું છે."

"જેવી આજ્ઞા...ત્યાં જઈ ને..."

"માને અહીં તેડી આવવાનાં છે. કાલ નમતા બપોરે નીકળજો..અને આરતી ટાણે આવી જજો."

"તો કાલ સવારે જાઉં તોય ચાલશે. ભુપગઢ કયાં છેટું હતું...ચાર પાંચ ગાઉનો પંથ છે...આંખના પલકારામાં પહોંચી જઈશ."

"તારે એકલાને નથી જવાનું તારાં બેન પણ સાથે આવવાનાં છે."

"ભલે તઈ...બીજું કાંઈ..."

"ના...કાંઈ કહેવાનું હશે તો તારા બેન તને કહેશે. તું હવે વાળુ બાળુ પતાવીને તૈયાર થઈ જા."

"જી..." કહીને શ્યામસિંહ નમન કરીને ચાલ્યો ગયો.

શ્યામસિંહના મનમાં આનંદ પણ થયો. બેન સાથે આવવાનાં છે એટલે જમની પણ સાથે જ હશે; અને તેની સાથે ભાવડની વહુ અંગેની વાત કરવાની તક મળી જશે.

લગભગ બે ઘટિકા પછી એક રથ અને પાંચ અશ્વારોહિઓ ભુપગઢ જવા વિદાય થયા.

રથમાં મહારાણી અને બે વાનડીઓ બેઠી હતી. એ બેમાં એક જમની પણ હતી. પાંચ અસવારોમાં ચાર રક્ષકો હતા અને એક શ્યામસિંહ હતો.

પંથ લાંબો નહોતો....માત્ર ચાર ગાઉનો પંથ હતો...છેલ્લા એક મહિનાથી મહારાજાના માતુશ્રી ભુપગઢ ગયાં હતા. આજ સવારે જ માનો સંદેશો આવ્યો હતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે માનું સન્માન અને ભક્તિ જાળવવા ખાતર તપનરાજે પોતાની પ્રિય પત્નીને આજે ભુપગઢ મોકલી હતી.

તેજસ્વી અશ્વોવાળો રથ હતો અને રસ્તો પણ સારો હતો... રાતનો બીજો પ્રહર પુરો થાય તે પહેલાં જ શ્યામસિંહ ભુપગઢના દરબારગઢમાં પહોંચી ગયો.

રથમાંથી રાણી અને બે વાનડીઓ બહાર આવ્યાં અને સીધાં મા પાસે ગયાં.

વૃદ્ધાવસ્થામાં નિદ્રા સાંકડી બની જાય છે. મા હજી જાગતાં હતાં. એક વાનડી તેમના પગ કચરી રહી હતી.

રાણીએ માને નમસ્કાર કર્યા. માએ કહ્યું: " વહુ બેટા, તમે શું કામ આંટો આવ્યો ? "

" એક મહિનાથી આપને જોયાં નહોતાં એટલે મારું મન પણ તલસી રહ્યું હતું... મા, તબિયત સારી રહી છે ને ? "

" હા.. બાર મહિને એકાદ મહિનો અહીંનું પાણી મળે એટલે મને એક વરસની નીરાંત રીચે છે તમે બધા સારા છો ને ? "

" હા મા, આપના આશિર્વાદથી બધા કુશળ છે."

ઓરડા બહાર શ્યામસિંહ એક તરફ બેઠો હતો... તેની નજર જમનીને જ શોધવા મથી રહી હતી. જમની એક ઓરડામાં મહારાણીની શય્યાની વ્યવસ્થા કરાવી રહી હતી. બીજી વાનડી રથમાંનો સર-સામાન બહાર કઢાવીને લાવી રહી હતી.

દરબાર ગઢનો એક રખવાળ શ્યામસિંહ બાપુની પથારીની વ્યવસ્થા એક ઓરડામાં કરી રહ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમની ઓરડામાંથી બહાર નીકળી કે તરત શ્યામસિંહ ઊભો થયો અને તેના તરફ જતાં બોલ્યોઃ "જમની..."

"કેમ બાપુ..." કહેતી જમની ઊભી રહી.

શ્યામસિંહે નજીક આવી ધીમા સ્વરે કહ્યું : "ઓલ્યા ઓરડામાં મારી પથારી થાય છે..."

"મને ખબર છે..."

"મારે તારી હાર્યે થોડીક વાતું કરવી છે."

જમની હસતાં હસતાં બોલી : "તમે પણ ગજબના છો...સમો કસમો કે એવું કાંઈ વિચારો જ નંઇ...મારે મહારાણી પાસે સૂઈ રહેવાનું છે...વાતું ધીરે ગયા પછી થાશે."

શ્યામસિંહ કંઈ કહેવા જાય તે પહેલાં જ મહારાણી માના ઓરડેથી બહારે આવ્યાં અને જમની તરફ જતાં બોલ્યાં : "જમની..."

"આવી બા..." કહેતી જમની પાછી વળી અને શ્યામસિંહ સામે જોઈ ને ઉતાવળા અવાજે બોલી : "બાપુ, આપની પથારી ઓલી કોરના ઓરડે થાય છે. મારાં બાની ફિકર કરશો નઈ.'

શ્યામસિંહની આશા ન ફળી...

જમની એના ઓરડે ગઈ જ નહિ. કેવી રીતે જાય ?

બીજે દિવસે પણ નીરાંતે વાત કરી શકાય એવો મોકો ન મળ્યો...અને નમતા બપોરે તો સહુ કાંપિલ્યપુર તરફ માને લઈને પાછાં વળ્યાં.

શ્યામસિંહની પત્ની રોજ અપરાન્હ સમયે મહારાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે બેસવા જતી હતી. અને એ સમયે જ જમની શ્યામસિંહને મળવા આવી શકતી હતી. આ સિવાય બીજો કોઈ સમય અનુકુળ આવતો નહોતો અને આ રીતે મળવાનું પણ આઠ દસ દિવસે એકાદ વાર આવતું.

માને લઈ ને આવ્યા પછી ત્રીજે દિવસે જમની શ્યામસિંહ પાસે આવી શકી.

જમનીને જોતાં જ શ્યામસિંહે કહ્યું : " આ વખતે તો તેં આખો ભવ કર્યો....મારે તારી હાર્યે ખાસ વાત કરવીતી ને તને વેળું મળે નહિં...."

" તમારી ખાસ વાત હું કયાં નથી જાણતી..."

" શું કહે...."

" ઈ કાંઈ કહેવાનું નો હોય....હવે જે કહેવું હોય ઈ ઝટ કહી નાખો કમાડ બંધ કરી દઉં ? "

" ના...તું હેઠી બેસ...જો તું મારું એક કામ કરી આપ તો હું તને સાતસેરની એક મગમાળા કરાવી દઈશ."

" સાતસેરની સોનાની મગમાળા ? "

" હા જમની....સોનાની માળા. "

" એવું તે કીયું કામ છે ? "

" તું ઓલ્યા ભાવડશેઠને ઓળખે છે ? "

મેં એનું નામ સાંભળ્યું છે .. પહેલાં ધનવાન હતો તે હવે ગરીબ થઈ ગીયો છે. "

" હા ઈ....એની વહુને કોઈદી જોઈ છે ! "

" કાંઈ યાદ નથી આવતું..... દરબાર ગઢ બારા નીકળવાનું જ કોકદી બને પણ મેં સાંભળ્યું છે ભાવડશેઠની વહુ ભારે ડાહી ને ગરવી છે... "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" મારે એનું ગરવાપણું તોડવાનું છે."

" એટલે ? "

" જો જમની, મારે એક ભાઇબંધ હાર્યે સો સુવર્ણ મુદ્રાની હોડય થઇ છે. જો હું એને લલચાવીને એની જુવાની નો ભોગવી શકું તો મારે સો સુવર્ણ મુદ્રા હારવી પડે એમ છે...અને આ કામ તારા જેવી ચતુર સિવાય કોઈથી થઈ શકે એમ નથી."

" બાપુ, તમારું મન હવે મારા ઉપરથી બીજે ઉડયું લાગે છે....પણ આવું કામ કરવું સહેલું નથી. બા બાપુને ખબર પડે તો મારી ચામડી જ ઉતરડાઈ જાય."

" એવું કાંઇ નહિં થાય... લે આ દસ મુદ્રા તને આપું છું...એકવાર જાળ તો બિછાવ..." કહી શ્યામસિંહે કડિયામાંથી દસ સોનામહોરો કાઢીને જમનીના હાથમાં મૂકી.

" પણ મેં એનું ઘરબર કાંઈ જોયું નથી."

" વાણીયાવાડમાં છે...પણ આ કામ પંદર દીમાં પતાવું જોઈ...નહિં તો મારી હોડય પુરી થાશે ને મારે સો સોનામહોર ગુમાવવી પડશે."

ચળકતી સુવર્ણ મુદ્રાઓ સામે જોઈ રહેલી જમની વિચારમાં પડી ગઈ.

શ્યામસિંહે કહ્યું : " એના ઘરમાં બે માણસ સિવાય કોઈ નથી. ભાવડ તો રોજ સવારે કાપડની ફેરી કરવા ગામડે જાય છે સાંજ પહેલાં પાછો આવે છે. એટલે આ ગાળામાં ભાગ્યવતી એકલી જ ઘરમાં રહે છે....તું ચતુર ને ચાલાક છો, એટલે બેચારદીમાં બેનપણા બાંધી લેજે ને ધીરે ધીરે તારી જાળમાં સપડાવજે. સોનાની મગમાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત હોડ્યમાં હું જે જીતીશ એમાંથી પણ તને ભાગ આપીશ."

જમનીએ દસ સોનામહોરો ઓઢણાના છેડે બાંધતાં બાંધતાં કહ્યું : "બાપુ, કામ જોખમી છે ..પણ મારો ને તમારો નાતો કોઈ પરભવની પ્રીતનો છે એટલે હું આ કામ કરવાનો પ્રયત્ન જરૂર કરીશ. બા બપોરે આરામ કરતાં હોય તંઈ મને સમય મળે છે...એકવાર એને નજરે જોઈ લેવાનું નોં બને ?"

"રોજ સવારે બેય માણસ દહેરાસર પૂજા કરવા જાય છે....જો આવતી કાલ ગમે તે બહાને તું બહાર નીકળી શકે તો હું તને નજરો નજર દેખાડી દઉં."

"ભલે....કાલ સવારે હું ગમે તે બહાને બહાર નીકળીશ....તમે પણ બહાર જ ઊભા રહેજો. હવે હું જાઉં..."

"કમાડ અટકાવવું નથી ?"

"હવે શું અટકાવે ? હમણાંજ તમારા ઘરવાળાં આવી પહોંચશે." કહી જમની ઊભી થઈ અને સડસડાટ ઓરડા બહાર નીકળી ગઈ.

શ્યામસિંહના મનમાં નવી આશા ચમકી.

જમની વીસ વરસની હતી....એકરૂપ નહોતું પણ મોઢાનો સિક્કો ઠીક હતો અને નીચે બામણે હોવાથી એના યૌવનનો ઉભાર પણ દેખાવડો લાગતો. ત્રણ વરસ પહેલાં જ તેના લગ્ન થયાં હતાં પણ પરણ્યા પછી ધણી સાથે બનતું નહોતું અને ધણી પણ કંટાળીને કયાંક ચાલ્યો ગયો હતો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવીનો મોટામાં મોટો શત્રુ કોઈ હોય તો તે એક લોભ જ છે. લોભવશ માણસો હિતાહિતનો કદી વિચાર કરતા નથી અને પોતાના સામાન્ય લોભ ખાતર અનેકનું અકલ્યાણ કરતાં જરાયે કંપતા નથી.

ધરતીના નાના લોભ ખાતર આ પૃથ્વીના દેહ પાટલે લાખોનો સંહાર કરનારા વિરાટ યુદ્ધો રચાયાં છે.

સત્તાના લોભ ખાતર માનવી પોતાના ધર્મને, સંસ્કારને અને સંસ્કૃતિને વેંચતા કદી અચકાયો નથી.

રૂપના લોભ ખાતર માનવીની બરબાદીનું ભારે કરૂણ પરિણામ આંખ સામે આવ્યું હોય છે.

એ જ રીતે ધન સંપત્તિનો લોભ પણ માનવીને નીતિ, પ્રમાણિકતા અને સદાચારના શિખર પરથી નીચે ગબડાવી દે છે.

આવા લોભની જવાળા આગળ એક ક્ષુદ્ર મનની વડારણનું શું ગજું ? સોનાની સાતસેરની મગમાળા ખાતર તેના હૈયામાં એક સતી નારીના ચિત્તને વિકૃત્ત કરવાનું મન થઈ ગયું...માથે મહારાજાનો ભય હોવા છતાં પરિણામની કાંઈપણ કલ્પના કર્યા વગર જમનીએ ભાગ્યવતીને ભોળવવાનું બીડું ઝડપ્યું અને બીજે દિવસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવારે જ શ્રીજિનેશ્વર ભગવંતના પ્રાસાદવાળી શેરીમાં શ્યામસિંહે ભાવડ અને તેની પત્નીને ઈશારાથી જમનીને દેખાડયાં.

બંને માણસો ભગવંતની પૂજા કરીને બહાર નીકળી રહ્યાં હતાં....એજ વખતે શ્યામસિંહે જમનીને ઇશારાથી સૂચન કર્યું અને કોઈ પ્રકારનો સંશય ન આવે એટલા ખાતર તે પાછો ફરી ગયો.

જમની ભાગ્યવતીના સૌમ્યવદનને જોતાં જ કંપી ઊઠી. આવી સામ્યતા તેણે કોઈ નારીમાં સ્વપ્ને પણ જોઈ નહોતી.

બંને માણસો હાથમાં પૂજાના થાલી પાત્રો લઈ નીચી નજરે જોતાં ચાલ્યાં આવતાં હતાં. જમની એમના તરફ જોતી જોતી એક તરફ તરી ગઈ...અને ભાવડ તથા ભાગ્યવતી પોતાના ઘરના રસ્તે વળ્યાં ત્યારે જમની પણ હાથમાં થાલી બોઘરણું રાખીને તેમની પાછળ ચાલવા માંડી.

જમની જોઈ શકી હતી...બંને નવજવાન છે.... બંનેના કાયા તેજસ્વી છે...ભાગ્યવતી જેમ દેવકન્યા સમી છે તેમ ભાવડ પણ કોઇ દેવ જેવો જ લાગે છે. વિશાળ છાતી, દીર્ઘબાહુ, નિરોગી કાયા, તેજસ્વી વદન....પાતળી છતાં પૌરુષના પ્રાતક સમી મૂછો....ભાગ્યવતીના સ્વામીનું આ સ્વરૂપ જોઇને જમનીના મનમાં થયું. આવો પુરુષ છોડીને કઈ નારી અન્યમાં ચિત્ત પરોવે? અને ભાગ્યવતીના વદન પરનું તેજ એવું છે કે એની સામે આવી વાત પણ કેમ કરી શકાય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ અને ભાગ્યવતી પોતાના ઘર પાસે પહોંચ્યાં. ડેલી ખાલી અટકાવેલી હતી. ઉઘાડીને બંને અંદર ગયાં. જમનીએ ભાવડ શેઠનું ઘર બરાબર જોઈ લીધું. તે આસપાસ નજર કરતી કરતી પાછી વળી.

તેના મનમાં થયું, સાત સેરની મગમાળા તો શું... સ્વર્ગની સમૃદ્ધિ કોઈ આપે તો પણ ભાવડ શેઠની વહુ સમક્ષ નબળી વાત કરી શકાય નહિ.

આવા વિચારો કરતી કરતી તે દરબારગઢ તરફ જવા માંડી....માર્ગમાં જ શ્યામસિંહ મળ્યો...તે રાહ જોતો ઉભો હતો. જમનીને જોતાં જ તે બોલ્યો : "બરાબર ઓળખી લીધીને ?"

"હા....પણ મને લાગે છે કે ઘો મરવાની થાય ત્યારે વાઘરી વાડે જાય. એમ આપ પણ કતળના ચડી ગયા છો. આપે ભાગ્યવતીને તો જોઈ છે, પણ આપનો ચહેરો કોઇ દી દર્પણમાં જોયો છે ? ભાવડ શેઠના કાંટારખા આગળ પણ આપનો ચહેરો લજવાય એવો મને લાગ્યો છે...હું તો કહું છું કે ઝેરી નાગણને છંછેડવાનું સાહસ કરી શકાય...પણ આવી પવિત્ર સ્ત્રીને ભળતી નજરે કદી ન જોઈ શકાય."

"જમની, મારુ પારખું લેવા કહેતી હોય તો ભલે... પણ તારી ચતુરાઈ આગળ ભલભલા ભુપીતા થઈ જાય એવો મારો વિશ્વાસ ડગાવીશ તોય નહિ ડગે. રાજા ભર્તૃહરી કેવો દેખાવડો ને મરદ હતો, છતાં એની પટરાણી એક કાળીયા અશ્વપાલની સોડ્યમાં સ્વર્ગનું સુખ જોતી હતી....તું એનું ઘર જોઈ આવીને !"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હા..." ચાલતાં ચાલતાં જમનીએ કહ્યું.

"તો મારા ખાતર પણ તારી બુદ્ધિનો દાવ લડાવી લે...મારે કાંઈ એની સાથે ભવનો નાતો નથી બાંધવો.... માત્ર હોડચમાં હારવું નથી.. બસ એક જ વાર એને મારી કરવી છે...અને આજ અછતની બળતરામાં એ બળી રહી છે એટલે જરૂર છાયડી જોઈને લલચાશે."

દરબારગઢ દેખાણો. જમનીએ કહ્યું: "હું મારો દાવ ફેંકી જોઈશ...હવે તમે આઘા તરી જાઓ."

બંને થોડી થોડી વારના અંતરે રાજભવનના મુખ્ય દ્વારમાંથી દાખલ થયા.

એક દ્વારપાળે જમની સામે જોઈને કહ્યું: "કેમ જમનીબેન, ખાલી ઠામે ગીયાંતાં ને ખાલી ઠામે પાછા આવ્યા?"

"શું કરું ભાઈ, કાળી ગાયનું ગોમૂત્ર ન મળ્યું." કહી જમની આગળ નીકળી ગઈ.

શ્યામસિંહ નીકળ્યો એટલે બધા દરવાનોએ મહારાજાના સાળાને નમન કર્યા.

એજ દિવસે બપોરે જમનીએ ભાવડશેઠના ઘરની ડેલી બખડાવી. ભાગ્યવતી ઓસરીમાં બેઠી બેઠી અનાજ સમું કરી રહી હતી. તેણે કહ્યું: "કોણ?"

"એ તો હું છું બા." જમનીએ કહ્યું.

સાવ નવો સ્વર! કોણ હશે? મનમાં આવા પ્રશ્ન સાથે ભાગ્યવતી ઊભી થઈ અને ડેલી ઉઘાડી. સાવ અજાણી સ્ત્રીને જોતાં જ ભાગ્યવતીએ કહ્યું: "કોનું કામ છે બેન? ઘર તો નથી ભૂલ્યાંને?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ભાવડશેઠ અહીં રહે છે?"

"હા....અંદર આવો એ તો હજી આવ્યા નથી..." ભાગ્યવતીએ કહ્યું.

જમની અંદર આવતાં બોલી : "મારે આપનું જ કામ છે..."

"મારું?"

"હા...આપ જ ભાગ્યવતી દેવી છો ને?"

"હા....પરંતુ હું આપને..."

વચ્ચે જ જમનીએ કહ્યું : "આપ મને કયાંથી ઓળખો? હું આ નગરીમાં જ રહું છું...મારું નામ જમના છે..."

ભાગ્યવતીના ચિત્તમાં આશ્ચર્ય પેદા થયું. આ નામની આવી કોઈ સ્ત્રીને પોતે ભૂતકાળમાં મળી હોય એવું યાદ આવતું નથી. તેણે ઓસરીમાં એક ચાકળો પાથરી દીધો ને જમનાબેનને બેસવાનું કહ્યું.

જમના ચાકળા પર બેસી ગઈ. તેનું હૈયું થડકતું હતું. આવી જાજરમાન નારીમાં કોઈ જાતનું અભિમાન નથી...એની સાથે વાત છેડવી કેવા રીતે?"

ભાગ્યવતીએ જમનાને પાણી આપ્યું...જમનાએ જળપાન કર્યું. ભાગ્યવતી પોતાના સ્થાને બેસી ગઈ અને ચોખા વીણવાનો થાળ એક તરફ મૂકતાં બોલી : "કહો જમનાબેન, શું કામ છે?"

"બા, આપનાં બહુ જ વખાણ સાંભળ્યાં હતાં એટલે મનમાં થયું...એકવાર શેઠાણીનાં દર્શન કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવીશ....આજ સમો મળી ગયો એટલે આવી ચડી. " કહી જમનાએ બે હાથ જોડીને નમન કર્યા.

ભાગ્યવતીએ તરત તેના બંને હાથ પકડી લેતાં કહ્યું. " જમનાબહેન, મને દોષમાં ન મૂકો...હું પણ તમારા જેવી જ સુખદુઃખ વચ્ચે રહેનારી એક સામાન્ય સ્ત્રી છું."

" મેં સાંભળ્યું'તું કે એક દી આપને ઘેર દાસ-દાસીઓ ને ઢોરઢાંખરનો પાર નહોતો..."

" ચડતી પડતી સૌના માથે આવ્યા કરે છે.."

" ખરું છે શેઠાણી, પણ સુખનાં શીખરેથી નીચે પડીએ એટલે દુઃખ તો થાય જ ને ! થોડા દી પહેલાં મહારાણી પાસે એક બહેન મળવા આવ્યાં હતાં...વાત વાતમાં ચડતી પડતીનો પ્રસંગ આવ્યો એટલે એ બહેને આપની વાત કરી...કહેતાંતાં કે હીરા, માણેક, મોતીને એવા ઝવેરાતનાં દરદાગીનાંનો તો આપને ત્યાં કોઈ પાર નહોતો. "

" આ સાંભળીને જ તમે આવ્યાં લાગો છો..."

" હા શેઠાણી, ઉમ્મરે તો આપણે સરખાં લાગીએ છીએ...મનમાં જરા કુતૂહલ જાગ્યું ને..."

" ભલે આવ્યાં બેન, બાકી સુખની ટોચેથી નીચે નથી પડયાં....પણ સુખના કાદવમાંથી બહાર નીકળી શકયાં છીએ. તે દી નિરાંતે ઊંઘ નહોતી આવતીને પુરી ભુખ પણ નહોતી લાગતી. આજ અમે બેય માણસને બધી વાતની નિરાંત છે...લોકો માને છે કે અમે ભારે દુઃખી છીએ...પણ ખરું કહું છું બહેન, દુઃખ જેવું અમને કાંઇ નથી. " ભાગ્યવતીએ સ્વાભાવિક સ્વરે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શેઠાણીજી, મનમાં થાય છે કે આપની વાણી સાંભળવા રોજ આવું ને આપને સાંભળ્યાં જ કરું. અરેરે, આ ઉમ્મરે માનવીના મનમાં કેટલાય તરંગો નાચતાં હોય... આપને ધન્ય છે."

ભાગ્યવતીએ કશો ઉત્તર ન આપ્યો તે જમનાના ચહેરા તરફ સ્વાભાવિક નજરે જોઈ રહી હતી....ધીરેથી બોલી : "જમનાબેન, તમે અહીં કયાં રહો છો ?"

"હું રાજભવનમાં રહું છું. ત્યાંની એક વડારણ છું." જમનાએ કહ્યું.

ભાગ્યવતી મૌન રહી...તેના મનમાં આવું જ અનુમાન બંધાયું હતું. બે પળનાં મૌન પછી જમનીએ કહ્યું : "ભગવાને આપના ખોળે શું મૂકયું છે ?"

"હજી ખોળો ભરાયો નથી .." ભાગ્યવતીએ સહજ ભાવે કહ્યું.

"શું કહો છો બા..."

"તમે પૂછયું એનો જવાબ આપ્યો..." મધુર હાસ્ય સહિત ભાગ્યવતીએ કહ્યું.

"બા...પરણ્યાને કેટલાં વરસ થયાં હશે ?"

"સાત આઠ વરસ થયાં હશે..."

"તો તો બા, કોક સારા વૈદને બતાવવું જોઈ..."

"બાળક થવાં ન થવાં ઈ ભાગ્યાધિન વાત છે..." અમને આવો કાંઈ વિચાર આવતો નથી." ભાગ્યવતીએ આછા હાસ્ય સહિત કહ્યું.

જાળ કેવી રીતે પાથરવી એ જમની માટે એક વિકટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન ઊભો થયો હતો.....પણ આવા કામમાં ઉતાવળ ન શોભે.....આમ વિચારી તે બોલી : "બા, હવે હું રજા લઈશ.....તમારી વાતું મારા હૈયાને ટાઢક આપે છે..... બપોર ટાણે મને કાંક નવરાશ મળે છે...જો આપ આજ્ઞા આપો તો કોઈ કોઈવાર દર્શન કરવાં આવતી જઉં."

" દર્શન કરવા નહિ બેન...મળવા જરૂર આવજો... દર્શન તો સંતપુરૂષોના ને ભગવાનનાં હોય...." ભાગ્યવતીએ કહ્યું.

જમના ઉઠી....વિવેકની વેલડી બનીને ફરીવાર ભાગ્યવતીને નમી પડી અને વિદાય થઈ.

ભાગ્યવતી બારણું બંધ કરીને પુનઃ ચોખા વીણવા બેસી ગઈ.

આજ સુધી " ઘરમાં નાનું બાળક રમતું હોય તો સારું " એવો વિચાર પણ ભાવડને કે ભાગ્યવતીને આવ્યો નહોતો.

નારી ધૈર્યની પ્રતિમા છે એમાં કોઈ સંશય નથી.... પરંતુ માતૃત્વ પ્રાપ્ત કરવાની ભાવના તેને સહજ વરેલી હોય છે. તે પોતાના સંસાર જીવનની સફળતા માતૃત્વમાં જ જોતી હોય છે. જો નારી આવી ભાવના ન રાખે તો સંસારમાંથી એક મહાપ્રજ્ઞનો લોપ જ બની જાય.....પરંતુ માનવ જાતને અમર રાખનારી નારી અનંત દુઃખ સહીને પણ માતૃત્વના ગૌરવને પોતાનું એક મંગળ કર્તવ્ય માનતી રહી છે....

જમનાએ ભાગ્યવતી સમક્ષ આ પ્રશ્ન ઊભો તો કર્યો હતો...જમના આ પ્રશ્ન પાછળ પોતાની જાળ બિછાવવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માગે છે કે નહિ, એ સમજવું કઠિન હોવા છતાં ભાગ્યવતી તો નિર્મળ હૃદયા હતી...તેની વિશુદ્ધ દૃષ્ટિને કોઈ જાળ કે ષડયંત્રનાં દર્શન નહોતાં થયાં. જેમ સ્ત્રીઓ એક બીજી સ્ત્રીઓને આવો પ્રશ્ન સ્વાભાવિક રીતે કરે છે, તેજ રીતે જમનાએ પણ આ વાત પૂછી હશે એમ ભાગ્યવતીએ માન્યું હતું અને ભાગ્યવતી તો પરમ જૈન હતી...કર્મ-પ્રભાવને માનનારી હતી...ભાગ્યની રેખાઓ અતૂટ હોય છે એમ પણ સમજતી હતી.. અને હજુ તે નવજવાન હતી...બાવીસમું વર્ષ ચાલતું હતું...હજુ માતૃત્વ માટે ઘણો કાળ પડયો હતો... અને વર્તમાન પરિસ્થિતિમાં બંને દરેક વાતે સુખી હતા.

સાંજે ભાવડ આવ્યો. સ્વામીને જમાડતાં જમાડતાં ભાગ્યવતીએ રાજની વડારણ જમના આવ્યાની અને તેની સાથે થયેલી વાતની માહિતી આપી.

આખી વાત સાંભળીને ભાવડે કહ્યું: " ભાગુ, સંસારમાં મોટા ભાગના માણસો સુખદુઃખના તત્ત્વને સમજી શકતાં જ નથી. ઘણા માણસો દુઃખ પડે ત્યારે પોતાનો દોષ ન જોતાં નિમિત્તને દોષ આપે છે અથવા ભાગ્યને દોષ આપે છે...જમના પણ એક વડારણ જ છે...બિચારીએ વાત સાંભળી હશે ને આશ્ચર્ય શમાવવા આવી હશે...."

બંનેએ આ વાતને કોઈ મહત્ત્વ ન આપ્યું.

બીજે દિવસે પણ જમના આવી અને ઘણા જ વિવેકથી નમસ્કાર કરતાં બોલી : " શેઠાણી આજ તો મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ય થોડું કામ કરવા દો....લાવો એક થાળી... હું ચોખા વીણીશ...."

"ના જમનાબેન, મારે કાંઈ મોટું કામ નથી. આ એક જ થાળી રહ્યા છે. બોલો, તમારા વર અહીં રાજ-ભવનમાં રહે છે કે જુદા ?"

"અરેરે...!" જમનાએ એક ઊંડો નિસાસો નાખીને કહ્યું : "શેઠાણી, વર ઘણો મજાનો મળ્યો હતો પણ તમે કીધો છો એમ સુખ ભાગ્યમાં હોય તો મળે. પરણીને બે મહિના હું એમની સાથે રહી...ત્રીજે મહિને કાંઈને કાંઈ કીધા વગર ભાગી ગયા...સાંભળ્યું છે કે કોક શહેરમાં રીયે છે ને બીજું ઘર કર્યું છે..."

"કર્મરાજાની રમત કોઈથી પારખી શકાતી નથી. પણ તમારામાં તો બીજું ઘર કરવાની છૂટ હોય છે ને ?"

"છૂટ તો હોય છે....પણ વડારણ રાજની છું એટલે દરબારગઢ છોડીને કયાંય જવાય નંઈ ને આ ઘા એવો લાગ્યો છે કે હવે ઈ તરફ મન પણ વળતું નથી." જમનાએ કહ્યું.

આ રીતે થોડીવાર વાતો કરીને જમના ચાલી ગઈ. ભાગ્યવતીના મનમાં થયું, બિચારી મનની દુઃખી છે એટલે સમદુઃખીયા પાસે હૈયું હળવું કરવા આવે છે.

ત્રીજે દિવસે જમના જાળ બિછાવવાનો નિશ્ચય કરીને આવી પહોંચી.

ભાગ્યવતી આજ ચાર પાંચ વસ્ત્રો સાંધવા બેઠી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. ડેલીની સાંકળ ખખડતાં જ તે ઊભી થઈ ને બોલી : "આવો જમનાબેન..."

ડેલી ઉઘડયા પછી જમના અંદર દાખલ થતાં બોલી : "બા, હું આવી છું એમ કેવી રીતે પારખી ગયાં ?"

"એમાં પારખવા જેવું કાંઈ નહોતું....તમારા સિવાય કોણ હોય ?"

"શું કોઈ સગાંવહાલાંઓ નથી આવતાં ?"

"સવારે દહેરાસરમાં સહુ ભેગાં થઈ જાય ..અને બેન, સહુ સમયને નમન કરવાં હોય છે....આજ તો તમે બહુ આનંદમાં લાગો છો."

"હા બા.." એક ચાકળા પર બેસતાં જમના બોલી : "મને એક વાતનો ખટકો રહેતો હતો....જો આપના બોળે એકાદ ફુલ રમતું હોય તો આપનો સમય ભારે આનંદમાં જાય...આજે જ હું એક વાત જાણી આવી છું."

ભાગ્યવતી પ્રસન્ન હાસ્ય સહિત જમના સામે પ્રશ્ન ભરી નજરે જોઈ રહી.

જમનાએ કહ્યું : "બા, તમે આ બાબતમાં ઉપેક્ષા રાખો ઈ બરાબર નથી. અમારે રાજ–રજવાડામાં આવું હોય તો સારા નામી વૈદની દવાયું કરાવે ને એવો કોઇ દોષ હોય તો જરૂર દૂર થાય ને બોળાનો ખુંદનાર આવી પડે. વૈદની દવા કામ નો કરે તો પછી ભાગ્યનો દોષ ગણાય અને ઈ દોષ દૂર કરવા માટે સંત મહાત્માના આશિર્વાદ બસ થઇ પડે...મેં આવી ઘણી બેનું'ને જોઈ છે...દવાબવા કાંઇ નહિ....સંતના આશિર્વાદથી, લાભ થઈ જાય."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" તમારી વાત સાચી છે. સંત પુરુષોના આશિર્વાદ એ નાની સૂની વાત નથી.. પણ આવું ત્યારે જ બને છે જ્યારે ભાગ્યમાં યોગ લખાયો હોય." ભાગ્યવતીએ કહ્યું.

" બા, આજ હું એવા જ રૂડા સમાચાર લઈને આવી છું."

ભાગ્યવતી પ્રશ્નભરી નજરે જમના સામે જોઇ રહી.

જમનાએ કહ્યું : " બા, આપણા ગામને પાદર એક મહાત્મા પધાર્યા છે...એને ટાઢ, તડકાની કાંઈ પડી નથી, એક લંગોટીને એક કમંડળ સિવાય કાઇ નથી. બસ ધુણી ધખાવી.....આઠે પોર બેઠા બેઠા રામનું રટણ કર્યા કરે ને ગાંજાની ચલમનો સટ તો એવો લ્યે છે કે મોઢામાંથી ધૂમાડો પણ નીકળે નંઈ ઠેઠ કૈલાસમાં ચાલ્યો જાય, આવા મહાત્મા પધાર્યા છે. ચાર છ દિવસ રહેવાના છે...એકવાર જો એવા મહાત્માના આશિર્વાદ મળી જાય તો બેડો પાર થઈ જાય..."

ભાગ્યવતી હસી પડી.

જમના ચમકીને બોલી : " કેમ હસી પડ્યાં બા ? "

" જમનાબેન, એક તો હું આવી વાતોમાં વિશ્વાસ રાખતી નથી. કારણ કે મહાત્મા પુરુષો સંસારની વૃદ્ધિમાં કોઈ દી રસ ન લ્યે...અને સંત પુરુષો ગાંજા–ચલમના ધૂમાડામાં મસ્ત પણ ન રહે. ઈ તો દારૂ જેવું એક વ્યસન જ છે. મહાત્મા આવા વ્યસનની બેડીમાં બંધાયેલા હોય તે જ્ઞાન રૂપી પ્રકાશ ક્યાંથી પામી શકે ? તમારા જેવા ભોળા માણસો સંસારમાં ઘણા હોય છે...એ બિચારાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધાના સહારે જાય અને દુઃખ દૂર કરવાની ભાવના દર્શાવે પણ દુઃખ એ બહારની કોઈ વસ્તુ નથી પોતાના જ કર્મનું પરિણામ છે. સંસારમાં કોઈ શક્તિ એવી નથી કે બીજાનું દુઃખ દૂર કરી શકે . દરેકે પોતાના કર્મનું ફળ ભોગવવું જ પડે છે...”

જમનાની જાળ પથરાય તે પહેલાં જ ચૂર્ણ વિચૂર્ણ બની ગઈ.

જમના ઓશીયાળો ચહેરો કરીને બોલી : ‘બા ખોટું લગાડશો નઈ હોં...મેં તો આપને એકલવાયાં જોઈને...”

“નહિં જમનાબેન, મને ખોટું લાગે એવું તમે કંઈ બોલ્યાં નથી. જે માનવીને પોતાના ધર્મમાં શ્રદ્ધા ન હોય તેજ આવાં ડાળાં પાંખડાં પકડવા દોડતાં હોય છે... મહાપુરુષના આશિર્વાદ શ્રદ્ધા હોય તો જ ફળે છે...અને હજી હું કાંઈ હારીને બેઠી નથી...હજી તો ઉગતી વય છે..કોઈને વહેલા ઉઠયે તો કોઈને મોડા ઉઠયે લાભ મળે ! ઇ કાંઈ મોટી વાત નથી.”

જમના નિરાશાનો એક પુંજ હૈયામાં ભરીને ઊભી થઈ અને નમન કરીને વિદાય થઈ.

ડેલી બંધ કરીને ભાગ્યવતી પોતાના કામમાં ગુંથાણી.

જમનાના મનમાં થયું, આ સ્ત્રીને કોઈપણ ઉપાયે લોભાવી શકાય એમ નથી. શ્યામસિંહ હોડચમાં હારી જશે...

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિક્રમણાદિથી નિવૃત્ત થઈ ભાવડ અને ભાગ્યવતી પોતાના ઓરડે ગયાં ત્યારે રાત્રિનો બીજો પ્રહર ચાલતો હતો.

ભાગ્યવતીએ નિત્ય નિયમ મુજબ સ્વામીના પગ દબાવવા માંડ્યા...એટલે ભાવડે કહ્યું: "ભાગુ, તારી ભાવનાનો અવરોધ કરવા ખાતર કહું છું એ ન માનીશ...પણ ખરેખર મારા પગને જરાય કળતર નથી થતું....પહેલાના બેઠાડુ જીવન કરતાં મને આ જીવનમાં તાઝગી વધારે લાગે છે."

ભાગુએ કહ્યું : " તમને તાઝગી લાગતી હશે પણ હું જોઈ શકતી નથી...સાંજે ઘેર આવો છો ત્યારે તમારા ચહેરા પર ભરપુર થાક દેખાતો હોય છે."

ભાવડ શય્યામાં બેઠો થઈ ગયો અને પત્નીનાં બંને હાથ પકડી લઈ અંકમાં લેતાં બોલ્યો : " પ્રિયે, તને જે થાક દેખાય છે તે થાક નથી હોતો પણ ચાલવાના કારણે ઉડેલી રજ મારા ચહેરા પર ચોંટી હોય છે...હું સત્ય કહું છું. થાકનો મને ખ્યાલ નથી આવતો..." કહી તેણે પત્નીને એક દીર્ઘ ચુંબનથી ભીંજવી દીધી.

ભાગ્યવતીએ બાહુબંધનમાંથી છૂટકારો મેળવ્યા પછી કહ્યું : "આજે ય જમની આવી હતી...ઈ આમ જીવનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખીયારી લાગે છે....એનો ધણી એને છોડીને કયાંક ચાલ્યો ગયો છે ને બીજા ઘર કરીને બેઠો છે. જમની રાણીજીની વડારણ છે."

"ભાગુ, જમનીનું આ દુઃખ તો કોઇથી ટાળી શકાય એવું નથી....પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ઘરવાળીનો ત્યાગ કરીને પુરૂષ ચાલ્યો જાય એમાં સ્ત્રીનો પણ કંઈક દોષ હોય જ છે. બે હાથ વગર કદી તાળી પડતી નથી. આ રીતે આવવાનું કારણ તું કંઈ જાણી શકી?" ભાવડે પૂછયું.

"ના...પણ આપણી પરિસ્થિતિ જોઇને સમદુઃખીયા જેવું થયું લાગે છે. આજ એને વળી એક નવી વાત કરી."

"શું?" ભાવડે આછા હાસ્ય સહિત કહ્યું.

"બાળક માટે એની રીતનો એક રસ્તો બતાવ્યો...."

"ગામને પાદર કોઇ જોગી આવ્યો છે...કોઈની વાડીમાં ઉતર્યો છે...એના આશિર્વાદ લેવાનું મને કહ્યું."

ભાવડ કંઈક ગંભીર બની ગયો અને ગંભીર સ્વરે બોલ્યો : "તે શું જવાબ આપ્યો?"

"એક જૈનનારી બીજો શું જવાબ આપે! આવા અખતરા કરવા કરતાં કર્મ ઉપર વિશ્વાસ રાખવો એજ વધારે ઉત્તમ છે...મેં એ પણ કહ્યું કે હું કંઈ જુવાની વટાવી ગઈ નથી...ભાગ્યમાં નહિ હોય તો કોઈ જોગી કશું કરી શકે નહિં...અને ભાગ્યમાં હશે તો એની મેળે ખોળો ભરાશે." ભાગ્યવતીએ પોતાની ભાષામાં સાર કહી સંભળાવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" તારો જવાબ ઘણો જ ગૌરવ ભર્યો છે....પરંતુ " કહેતાં કહેતાં ભાવડ વિચારમાં પડી ગયો.

" કેમ...કહેતાં કહેતાં અટકી કેમ ગયા ? "

" બિચારી વડારણ ! એવા વર્ગની દૃષ્ટિ સાંકડી જ હોય છે....ઘણી સ્ત્રીઓ આ રીતે અંધશ્રદ્ધા પાછળ પરેશાન થતી રહે છે...પણ ભાગુ, જમનીની આંખ કેવી છે ? "

" હું સમજી નહિ. "

" જમનીની આંખમાં ભાવ કેવોક રમે છે ? ઘણીવાર દેખાવમાં ભોળપણ દર્શાવનારી સ્ત્રીઓ અંતરમાં જુદી જ હોય છે....પણ આંખ એ હૈયાનો અરીસો છે...તારા જેવી જાગૃત સ્ત્રી જરૂર જાણી શકે." ભાવડે કહ્યું.

ભાગ્યવતી વિચારમાં પડી ગઈ. તેણે આ દૃષ્ટિએ જમની સામે નજર પણ નહોતી કરી...સ્વામી આ શબ્દો સાંભળીને ભાગ્યવતીના માનસપટમાં જમનીનો ચહેરો ઉપસી આવ્યો...એની આંખો પણ તરી આવી....ઓહ્ બે જ પળ પછી તે ચમકી ઉઠી અને બોલી : " સ્વામી મને એક વાતનો સંશય આવ્યો હતો પણ મેં એવી વાત પર લક્ષ્ય નહોતું આપ્યું. "

" કઈ વાતનો સંશય આવ્યો હતો ? "

" જમનીનો ધણી પરણ્યા પછી થોડા જ મહિનામાં ચાલ્યો ગયો છે...પરંતુ...."

" કેમ....કહેને..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કંઈ નહિ...કદાચ મારાથી કોઈ પર અન્યાય થઈ જાય."

"છતાં..."

"જમનીએ કાંતો એ વાત ખોટી કરી હોય.... પુરુષના સ્પર્શથી નારીની કાયામાં જે ઉલ્લાસ રમતો હોય છે, તે મને જમનીમાં દેખાયો હતો...પણ મેં ધ્યાન ન આપ્યું...મારે શા માટે પરાયા જીવતરમાં ડોકીયું કરવું જોઈએ?"

"જો તારું અનુમાન સાચું હોય તો જમની જમે તે કોઈ હેતુ સાથે આવે છે. આપણી પાસે કંઈ ધન નથી કે એવો કોઈ હેતુ હોય...છતાં ફરીવાર આવે તો તું એનું મન પારખવાનો પ્રયત્ન કરજે. સ્ત્રીઓ સ્ત્રીના મનની વાત સહેલાઈથી બહાર કઢાવી શકે છે."

"મને પણ નવાઈ લાગે છે...આપણી પરિસ્થિતિ કંઈ આજકાલની આવી નથી...અને આપણી સ્થિતિની વાત લોકોથી અજાણ પણ નથી. જમનીએ હમણાજ આપણી વાત સાંભળી અને તે મને મળવા આવી. આ ન માની શકાય એવું છે....પરંતુ હવે આપ કહો છો તે રીતે હું એના મનને ઢંઢોળીશ." ભાગ્યવતીએ કહ્યું.

"આમ તો આવો કોઈ જોગી આવ્યો હોય એવું મેં સાંભળ્યું નથી. કારણ કે આવા ચમત્કારિક પુરુષની વાત વાયરે ફેલાતી હોય છે...છતાં કાલ હું પણ આ અંગેની તપાસ કરી જોઈશ." ભાવડે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ભાવડ અને ભાગ્યવતી જે પ્રશ્નની ચર્ચા કરી રહ્યા હતા...તેજ પ્રશ્ન દરબારગઢના ઉપવનમાં આવેલી એક નાની મઢુલીમાં જમની અને શ્યામસિંહ વિચારી રહ્યા હતા. જમનીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું : " ભાણુ શેઠાણી ભારે ધર્મિષ્ઠ અને કર્મમાં નિષ્ઠા રાખનારી છે. મને હતું કે સંતાન માટેની ઝંખના દરેક સ્ત્રીને હોય છે. એમ ભાગ્યવતીને પણ હશે..પરંતુ મારી ધારણા સાવ ખોટી પડી. કોઈ જોગી બાવાના આશિર્વાદ લેવામાં એ માનતી જ નથી મને લાગે છે કે હોડચમાં આપને હારવું જ પડશે. "

જમનીનો એક હાથ પોતાના બંને હાથમાં દબાવીને શ્યામસિંહે કહ્યું: " અરે, તું બેહાં મારે હોડચમાં હારવું પડે તો પછી પૂર્વનો ભાણ પશ્ચિમમાં જ ઉગેને ? જમની ગમે તે તરકીબ અજમાવીને તું એને તારી જાળમાં સપડાવ...બસ એકજ વાર દેવળની વાડીએ લઈ આવ એટલે મારું કામ પતી જશે. મારે કંઈ ભાવડની વહુ સાથે નાતો નથી બાંધવો... તને છોડીને મારું મન કયાંય ઠરે એમ નથી આ તો હોડ થાતાં થઈ ગઈ ને હવે વટની વાત થઇ પડી છે. "

" પણ તમે શેઠાણી ને બરાબર જોયાં નથી ! ઈ બાઇમાં એટલું બધું તેજ છે કે એની સામે વાત કરતાં પણ મારુ મન કંપતું હોય છે, એવી કઈ જાળ પાથરવી એજ મને સમજાતું નથી. "

શ્યામસિંહે જમનીને બાહુ બંધનમાં જકડી લઈ એક ચુંબન આપીને કહ્યું : " મારી ઢબલીને ન સમજાય ઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારે ગળે ઉતરે કેવી રીતે ? હજી તો ઘણા દી બાકી છે... તું ધીરે ધીરે એના મનમાં ઘર કરતી જા..."

"પણ તમારે દી થોડા રહ્યા છે ને...."

વચ્ચે જ શ્યામસિંહે કહ્યું : "શરતમાં બીજા પંદર દી શું એક મહિનો વધારી શકાય એમ છે."

"તો વળી કાંક થાળે પાડી શકાશે." જમનીએ આશ્વાસન આપ્યું.

હર્ષાવેશમાં શ્યામસિંહે જમનીને બરાબર ઝકડી લીધી....જમની બોલી : "હવે અથરા ન થાઓ...કોઈ આવી ચડશે તો ભારે થશે...હું પહેલાં બહાર નીકળી જાઉં છું.. તમે થોડીવાર અહીં બેસી રહેજો."

"તે ઘડીક ગમ્મત નથી કરવી ?"

"તમને ગમ્મત સૂઝે છે ને મારો જીવ મહારાણી પાસે છે...એમને સૂવાનું ટાણું થઈ ગયું છે...ઈ વખતે મારે અચૂક હાજર રહેવું જોઇએ." કહી જમની આસ્તેથી સરકી ગઈ અને મહુવાં બહાર નીકળી ગઈ.

શ્યામસિંહ ત્યાં ને ત્યાં બેસી રહ્યો. લગભગ એક ઘટિકા પછી તે પણ બહાર નીકળ્યો અને પોતાના નિવાસ તરફ ગયો.

બીજે દિવસે રોજના સમયે જમનીએ ભાવડશેઠની ડેલી ખખડાવી. ભાગ્યવતી મગ ભરડી રહી હતી...તે ઊભી થઈ...તે સમજી ગઈ હતી કે જમની સિવાય કોઈ ન હોય. છતાં તેણે કહ્યું : "કોણ જમનાબેન ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" હા શેઠાણી...." બહારથી જમનીએ કહ્યું.

ભાગ્યવતીએ ડેલી ઉઘાડી...જમની અંદર આવતાં બોલી : " આજેય કાંક કામ લઈને બેઠાં લાગો છો. "

ભાગ્યવતીએ ડેલી બંધ કરીને સાંકળ વાસતાં કહ્યું: " કામ એજ સ્ત્રીનું ભૂષણ છેને ? "

" શેઠાણીબા, તમે પણ હદ કરો છો. " કહી જમની અગ્રસર થઈ.

બંને ઓસરીમાં આવ્યાં. ભાગ્યવતીએ જમનીને બેસવા એક ચાકળો મૂકયો...અને પોતે પોતાના સ્થાને બેસી ગઈ.

જમનીએ કહ્યું, " શેઠાણીબા, લાવો મગ ભરડી દઉં..."

" ના બહેન, હવે તો એક ટોયું ય પુરા નથી. આપણે ઘડીક વાતું કરીએ...તમે ગઈ કાલે મને કોક જોગીની વાત કરી હતીને...."

" હા બા....ભારે સમરથ છે. "

" ઈ કેદી આવવાના છે ? "

" બે દિવસથી આવી ગયા છે...કેટલું ય માણસ આવે છે...? "

" તે ઉતર્યા છે કયાં ? "

" જોગી કાંઈ ગામમાં તો ઉતરે નંઈ...ઢેવળની વાડીએ ઉતર્યા છે...હજી બે દિવસ રોકાવાના છે. "

" તો હાલ્ય...એકવાર એમના દર્શન કરી આવીએ..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આમ તો આશિર્વાદ લેવા જ જવું છે ને ?"

"હા... તારી વાતનો મેં મનમાં વિચાર કરી જોયો હતો...મને લાગ્યું કે ઘેર ગંગા આવી હોય તો કુવે શું કામ જવું ?"

"શેઠાણીબા. દેવળની વાડી છેટી છે ને દી આથમ્યા પછી જવું જોઈએ. વળી મેં રાણીમાની રજા લીધી નથી તો આવતી કાલે રાખીએ."

"દી' આથમ્યા પછી જવું જોઈએ ?"

"હા...શેઠાણીબા, અમથા દર્શન કરવા જવું હોય તો સવારે જઈએ."

"અમસ્થું મારે શું કામ હોય ? કાલ સંધ્યા પછી તું આવી શકીશ કે શેઠને લઈને હું જઈ આવું ?"

"જો જો બા...કોઈ પુરુષને સાથે ન લેતા... હું જરૂર આવીશ. ભગવાન તમારા ઉપર જરૂર કૃપા કરશે...."

"ઇ તો કોને ખબર છે ! પણ કાંઈ સંતપુરુષના આશિર્વાદ મેળવવામાં નુકશાન તો છે નહિં..."

જમનીના હૈયામાં હર્ષનો પાર નહોતો. બીજી કોઈ જાળ ન પાથરવી પડી ને શેઠાણીનો વિચાર પલટી ગયો એ સારું થયું. તે બોલી : "શેઠાણીબા, જોગીનાં વચન ભગવાનને જ પુરાં કરવાં પડે !"

"તો પછી જમના બહેન, આવતી કાલે તમે ય આશિર્વાદ માગોને...ઘણી પાછો આવે એવા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" શેઠાણીબા....આટલા વરસે કોઈ દી સામું ન જોયું જેને બોલાવીને કરું ય શું ? ભગવાન એને, એની ઘરવાળીને ને એના બાળબચ્ચાંને સુખી રાખે ! જેગીના આશિર્વાદ તો જરૂર ફળે...પણ કોકનો જનમારો બગાડીને મારે શું લાભ મેળવવો ? "

" તમારી વાત સાચી છે...." મન ભાંગ્યા પછી સંધાતાં જ નથી. તો હું કાલ તમારી વાટ જોઈશ."

" શેઠ રજા આપશેને ? "

" શું કામ નહિ આપે ! મારી વાત કોઈ દી ઉથાપે એવા નથી. કહું તો લેવા પણ આવે ! "

જમના કંઈ કહેવા જાય તે પહેલાં જ ડેલીની સાંકળ ખખડી. ભાગ્યવતીએ ઊભા થઈને કહ્યું: " આવું...કોણ છે?"

" ઈ તો હું છું ભાભો...! "

ભાગ્યવતી અવાજ પારખી ગઈ. નારાયણ પંડિતની પત્ની દમયંતી હતી. છેલ્લા આઠ દિવસથી તે આવી શકી નહોતી...કારણ કે પિયર ગઈ હતી અને નારાયણ વલ્લભીપુર ગયો હતો. ભાગ્યવતીએ ડેલી ઊઘાડીને કહ્યું: " આવ દમયંતી આવ...મારા દિયરજી આવ્યા કે નહિ ?"

" ના હજી નથી...આવ્યા..." ઓસરી તરફ નજર જતાં જ દમયંતીએ....પૂછ્યું : " કોણ છે ? "

" જમનાબેન મહારાણીનાં વડારણ છે."

દમયંતી સાથે ભાગ્યવતી ઓસરીમાં આવી એટલે જમની ઊભી થતાં બોલી: "શેઠાણીબા, હવે હું રજા લઈશ... ટાણું થઈ ગયું છે. "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સારું ત્યારે...કાલની વાત તું ભૂલીશ નહિ." ભાગ્યવતીએ કહ્યું.

જમની વિનય પૂર્વક નમી પડી અને બોલી: "ઈ તો મારી ચિંતા છે."

જમની વિદાય થઈ...

દમયંતી ને ભાગ્યવતી વાતોએ વળગ્યાં.

જમની ખુશ થતી થતી રાજભવન તરફ વિદાય થઈ...રાજભવનના દરવાજાથી થોડે દૂર શ્યામસિંહ અને દેવળ વાતો કરતા ઊભા હતા. જમનીને આવતી જોતાં જ શ્યામસિંહ તેની પાસે ગયો અને પ્રસન્ન સ્વરે બોલ્યોઃ "તારો ચહેરો ખુશખુશાલ લાગે છે!"

"માછલી જાળમાં સપડાઈ ગઈ છે."

"શું બન્યું?"

"કાલ સંધ્યા પછી હું ને શેઠાણી દેવળનો વાડીએ આવશું...તમે જોગીનો વેશ કરીને બોલી ઝુંપડીમાં બેસજો."

"વાહ વાહ! આજ રાતે કયારે મળીશ?"

"આજ નહિ બને ..બાના બોરડે ઘણું કામ છે..." કહી જમની દરવાજા તરફ અગ્રસર થઈ.

શ્યામસિંહ દેવળ પાસે પહોંચ્યો અને બંને બાહા પકડતાં બોલ્યો: "કામ પતી ગયું.. કાલે સાંજે તારી વાડીએ ઢેબલીને શેઠાણી બેય આવશે."

"હોય નહિ..."

"ઢેબલીએ જ મને કહ્યું...તું હવે બધું ગોઠવજે... તારા સિવાય વાડીએ કોઈ ન આવે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" હરકત નહિં પણ કાચી વાત તો નહિં હોયને ? "

" કાલ સવારે હું જમનીને મળીને પાકી ખાત્રી કરી લઈશ....ઢેબલી ઉડતાં પંખી પાડે એવી છે ! "

" એથી જ મેં તમને એની ભલામણ કરી હતી. " દેવળે કહ્યું.

"તારી ભલામણ આબાદ કામ કરી ગઈ." શ્યામસિંહે મિત્રની પીઠ પર ધબ્બો મારતાં કહ્યું,

થોડીવાર વાતો કરીને બંને મિત્રો છૂટા પડયા.

હંમેશના સમયે ભાવડ ઘેર આવ્યો ત્યારે દમયંતી ચાલી ગઈ હતી અને ભાગ્યવતી ડેલી ઉઘાડવા આવી હતી.

ભાવડે ડેલીમાં દાખલ થતાં જ કહ્યું : " ભાગુ, ગામમાં કે સીમમાં કોઈ જોગીબોગી આવ્યો જ નથી."

" દેવળની વાડીએ આવેલ છે ને ઘણા માણસો એના દર્શને જાય છે. "

" સાવ ગપ્પ ! આજ તેં એને ચકાસી હતી ? "

" હા...પહેલાં જમવા બેસી જાઓ...હાથ મોં ધોઈ નાખો...પછી નિરાંતે વાત કરીશ. "

નીરાંત તો પ્રતિક્રમણ કર્યા પછી જ મળી.

બંને જ્યારે ઓરડે ગયાં ત્યારે ભાગ્યવતીએ જમના સાથે થયેલી સઘળી વાત કહી સંભળાવી. આખી વાત સાંભળ્યા પછી ભાવડે કહ્યું : " ભાગુ, કાલ સંધ્યા પછી તું જરૂર એની સાથે જા...."

" શું કામ ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" આવી બનાવટી વાત પાછળ કોઇ હેતુ છે કે નહિ તે જાણવા માટે. "

" નારે...એનો કોઇ સારો હેતુ હોય એમ નથી લાગતું...એની આંખ પરથી હું કલ્પી શકાય એવું સમજી ગઈ છું. "

" શું ? "

" મને ફસાવવાની કોઈ યોજના લાગે છે.... "

" એટલે જ કહું છું કે એ યોજના પાછળ કોણ છે તે આપણે જાણી લેવું જોઇએ...જેથી ભવિષ્યમાં પણ આપણે સજાગ રહી શકીએ. તું તારે નિર્ભયતાથી જજે... હું તારી પાછળ જ આવીશ.... "

" ના સ્વામી, આપણે તાગ લઈને મન શા માટે બગાડવું....? યોજના પાછળ ગમે તે હોય ! આપણાં હૈયાં સાબુત છે પછી ભવિષ્યની ચિંતા શા માટે રાખવી જોઈએ ? અને સ્ત્રી જાતિએ તો બધી બાજુનો વિચાર કરવો જોઈએ. હું જમની સાથે જઉં...કોઈ મને જોઈ જાય તો શું થારે ? ના....ના...આપ એવો આગ્રહ રાખશો નહિ. "

" તો પછી સંધ્યા પછી જમના આવશે ત્યારે... "

" જવાબ તમારે દેવાનો... "

" મારે ? "

" હા.. તમે કહેજો કે ભાગુ દેવળની વાડીએ જવાનું કહેતી હતી અને તમારી રાહ જોઈ જોઈને હમણાં જ ગઈ. "

" પછી ..? "

" આપને યોજના પાછળ કોણ છે એ જાણવું છે ને ? તમે પણ જમનાની પાછળ પાછળ લપાતા છૂપાતા જજો. "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" એ કરતાં સરસ રસ્તો બતાવું. હું જમની આવે તે પહેલાં જ નીકળી જઈશ અને દેવળની વાડી વાળા રસ્તે છૂપાઈને ઊભો રહીશ...તું જમની આવે એટલે કહેજે કે શેઠે મને રજા નથી આપી....આમ કહીશ એટલે જમની ચમકશે અને જો કોઈ મેલી યોજના હશે તો સીધી દેવળની વાડીએ જશે.. હું છૂપાતો છૂપાતો એની પાછળ પડી જઈશ." ભાવડે કહ્યું.

" બરાબર છે...અને કાલ તો અગિયારસ છે... રાઘવ પણ આવવાનો...."

" હા...હું ને રાઘવ વહેલા નીકળી જશું. તું તારે ડેલી બંધ કરીને ઘરમાં રહેજે.. કહે તો દમયંતી આવે એવી ગોઠવણ કરું."

" ના.. મને કોઇ પ્રકારનો ભય નથી." ભાગ્યવતીએ કહ્યું.

ત્યારપછી બંને વાતો કરતાં કરતાં સૂઈ ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ અને ભાગ્યવતી શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને ઘેર આવ્યાં ત્યારે ડેલી ઉઘાડી હતી. ભાવડે કલ્પી લીધું કે રાઘવ આવી પહોંચ્યો લાગે છે.

આકાળ એટલો ઉત્તમ હતો કે લોકો કયાંય બહાર જાય ત્યારે ડેલીએ તાળું નહોતા વાસતા... ખાલી સાંકળ ચડાવીને જતા. કારણકે ચોરી એ મહાપાપ છે. એવી સંતપુરુષોની વાણી માનવીના પ્રાણ સાથે જડાઈ ચૂકી હતી. પેટ ન ભરાય તો ફોડી નાંખવું સારું પણ કોઈને ત્યાં ચોરી કરવી એ મહાપાપ છે. એમ મોટા ભાગની જનતા સમજતી હતી. તે કાળે લોકોને માર્ગદર્શન આપનારા ત્યાગી, મુનીઓ, સંતો, ભક્તો અને પવિત્ર સાધુઓ જ હતા. ભારતવર્ષના સાચા લોકનેતાઓ પણ તેઓ જ હતા. જનતાનું નૈતિક સ્તર ઊંચું રહે એટલા તેઓ જાગૃત રહેતા હતા અને કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર લોકોને ઉપદેશ આપીને સન્માર્ગ દેખાડતા.

આમ છતાં અનિષ્ટોનો અંત વિશ્વમાં કદી આવ્યો નથી. જો આવ્યો હોય તો રામરાજ્યમાં સીતાજી પર વ્યંગ કરનારો ધોબી પાકયો ન હોત ! શ્રીકૃષ્ણ યુગમાં પણ કંસો, જરાસંધો, કિચકો અને કૌરવો જન્મ્યા જ ન હોત. અનિષ્ટો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો અનાદિકાળથી ચાલ્યા જ આવે છે અને જ્ઞાની પુરુષો એવા અનિષ્ટો સામે સદાય લડતા આવ્યા છે. અનિષ્ટો જન જીવનનો રાજમાર્ગ ન બની જાય એની સતત કાળજી સંતપુરુષો રાખતા હોય છે. કારણ કે જે દિવસે અનિષ્ટો રાજમાર્ગ બને તે દિવસે માનવી પણ દાનવના રૂપમાં ફેરવાઈ જતો હોય છે અને ઈશ્વરનો, પાપનો કે દુર્ગતિનો કોઈને ભય જ રહેતો નથી.

વીરવિક્રમે સમગ્ર પ્રજાજીવનમાં સત્વશિલ બળોને વેગ આપ્યો હતો અને અનિષ્ટોને સાવ રાંક બનાવી દીધાં હતાં.

ભાવડ અને ભાગ્યવતી મકાનમાં ગયાં ત્યારે રાઘવ પોતાની ઘોડીને નીરણ નાખી રહ્યો હતો. ભાવડે પ્રસન્ન સ્વરે કહ્યું : " કેમ રાઘવ, હજી હમણા જ આવ્યો લાગે છે!"

" હા, શેઠજી...અધઘડી થઇ હશે, આનંદમાં છો ને ? "

" ધર્મની કૃપાથી આનંદમાં જ છીએ...તારે ત્યાં બધા કુશળ છે ને ? " ભાવડે સામો પ્રશ્ન કર્યો.

" હા...બધાએ આપને ને મારાં ભાભીને જાજા કરીને રામ રામ કહ્યા છે..."

ભાગ્યવતીએ કહ્યું : " રાઘવભાઇ, દાતણ બાતણ કર્યું લાગતું નથી."

" તમે કપડાં બદલાવો ત્યાં હું પતાવી લઈશ." રાઘવે કહ્યું.

બંને માણસો કપડાં બદલાવવા ઓરડામાં ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાઘવે પાણીયારેથી દાતણ લીધું.

પૂજાના વસ્ત્રો બદલાવીને બંને બહાર આવ્યાં ત્યારે રાઘવ હાથ મોં ધોઈ રહ્યો હતો.

ભાગ્યવતી રસોડામાં ગઈ. આજ રાઘવ આવશે એવી બંનેને ખાત્રી હતી....કારણ કે રાઘવ આટલા વરસમાં અગિયારસને અમાસે અહીં આવવાનું કદી ચૂકયો નહોતો.

ભાગ્યવતીએ રોટલા, ઘી, દૂધ અને ગોળ મૂકીને બે થાળીઓ બહાર મૂકી. ભાવડ અને રાઘવ શીરામણ કરવા બેસી ગયા.

શિરામણ કરતાં કરતાં ભાવડે કહ્યું : "રાઘવ, આજની રાત તારે રોકાઈ જવું પડે તેમ છે."

"મારા અહોભાગ્ય ! એક શું સો રાત રોકાઈ જાઉં"

"એક ન સમજાય એવી પંચાત ઊભી થઈ છે..." કહી ભાવડે જમનીના આગમનથી માંડીને ભાગ્યવતી સાથે જે કંઈ ચર્ચા કરી હતી તે સઘળી ટૂંકામાં કહી બતાવી.

આખી વાત સાંભળીને રાઘવ બોલી ઊઠયો : "આ રાંડ જમની આપણા ઘરમાં કયાંથી ઘુસી ગઈ ? શેઠજી, એણે પોતાના પરણ્યાને ભારે દુઃખી કરી નાખ્યો હતો. રામજી મૂળ તો અમારા જ ગામનો...બિચારાને કંપીલપુર છોડીને ભાગી જવું પડયું."

"તમે જમનાબેનને ઓળખો છો ?" ભાગ્યવતીએ રસોડાના ઉંબરે ઊભા રહીને પ્રશ્ન કર્યો.

"બહુ સારી રીતે. આપણા રાજાનો એક હલકી વૃત્તિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્યામસિંહ નામનો સાળો છે...શ્યામસિંહ દેવળનો ખાસ ભાઈબંધ છે....ને જમની એની રખાત છે."

ભાગ્યવતી અને ભાવડ બંને અવાક થઈ ગયાં.

રાઘવે કહ્યું : "ભાભી, ઈ રાંડ હાર્યે કયાંય જશો નંઈ...જોગીના નામે ને બાને એનો કોઈ દુષ્ટ હેતુજ હશે !"

ભાવડે કહ્યું : "રાઘવ, તારી ભાભીને શંકા તો આવી જ ગઈ હતી...અને તે એમને એમ કોઈ સાથે જાય પણ નહિં. પણ આ તો મને થયું કે જમનીનો આ રીતે તારી ભાભીને લઈ જવાનો કયો હેતુ હશે, તે જાણવા ખાતર મેં પ્રથમ તારી ભાભીને જમની સાથે મોકલવાનું ને મારે પાછળ છૂપાઈને જવાનું વિચાર્યું'....પણ તારી ભાભી આ રીતે કયાંય જવા ઈચ્છતી નહોતી એટલે અમે નવો રસ્તો કાઢયો. તારીભાભી ઘેર રહે ને આપણે બંનેએ દેવળની વાડીના મારગે કયાંક છૂપાઈને ઊભા રહેવું. જમની તારી ભાભીને બોલાવ આવે ત્યારે તારી ભાભી કહી દે કે શેઠની સંમતિ ન મળી... એટલે મારાથી નહિં આવી શકાય. જો કોઈ સાચો જોગી આવ્યો હશે તો જમની પાછી વળીને સીધી રાજભવનમાં જશે...અને કાંક કાવતરા જેવું હશે તો સીધી દેવળની વાડીએ જશે. એ વખતે આપણે તેનો પીછો પકડવો ને જમનીની યોજનાનું રહસ્ય શું છે તે જાણી લેવું."

રાઘવ રોટલો ચાવીને ઉપર દૂધ પીતો હતો..તે આછું હસ્યો અને પછી બોલ્યો : શેઠજી, હું તમને કહું

છું કે જમનીની પાછળ રાજાના સાળાનું જ કાંક કાવતરું હોવું જોઈએ ! મારાં ભાભી જરા રૂપે રંગે રૂડાં છે એટલે ઈ નપાવટનું મન બગડયું હશેને જમનીને કામ સોંપ્યું હશે.. પણ ઈ નપાવટને ખબર નથી કે રાજાને જો આ વાતની ખબર પડશે તો માથું ધડથી જુદું જ કરી નાખશે... આપણો રાજા સગા દિકરાનેય માફ કરે એવો નથી."

"રાઘવ, તારી વાત સાચી છે....સંભવ છે કે બીજું પણ કોઇ કારણ હોય ! તપાસ કરવા પાછળનો મારો આશય માત્ર એટલો જ છે કે ભવિષ્યમાં આપણે સાવધ રહીએ." ભાવડે કહ્યું.

રાઘવ વિચારમાં પડી ગયો.

ભાગ્યવતીએ કહ્યું : "સ્વામી, જેને ચારિત્ર પ્રિય છે તે સદાય સાવધ જ રહે છે."

"ભાગુ, હું તારી ભાવના બરાબર સમજું છું...પણ આપણી પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. ધર્મ, ચારિત્ર અને સંસ્કારની મુડી આપણે નથી ગુમાવી છતાં દારિદ્ર પ્રત્યે સહુને નફરત હોય છે. ધનનું તેજ લોક દૃષ્ટિને આંજી દેતું હોય છે. ધનવાનના ઘર સામે કોઈ નજર કરવાની પણ હિંમત કરતું નથી. આપણી આ પરિસ્થિતિનો મને કોઇ રંજ નથી....છતાં સાવધ રહેવા ખાતર કંઈક વિચારવું જ જોઈ એ. આજની આપત્તિ દૂર થાય એટલે આવતી કાલે આપત્તિ નહિં આવે એમ માનવું એ ડહાપણ ન ગણાય .. જમનીની યોજના નિષ્ફળ જાય એટલે દુષ્ટ માણસો નવી યોજના ન કરે એમ પણ માની ન શકાય."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાઘવે કહ્યું : " શેઠજી, તમારી વાત સાચી છે.... આપણે જરૂર જઈશું. અને વખત આવશે તો મારું કાંડું લોખંડી છે."

ભાવડ હસ્યો અને બોલ્યો : " હું આજ રૂપાવટી જ જઈશ....અને વહેલો પાછો આવી જઈશ."

ભાગ્યવતીએ કહ્યું : " બહુ દૂર ન જતા."

ભાવડ હાથ મુખ ધોઈને ઊભો થયો....મુખવાસ તરીકે સોપારી વેતરીને ખાધી અને રાઘવને આપી.

" શેઠજી, આજ મારી ઘોડી લઈ ને જ જાઓને ! "

ભાગ્યવતીએ કહ્યું : "એ બરાબર છે, તો તો તમે જમવા ટાણે પણ આવી શકશો."

" આમતો મેં....પાકું શીરામણ કર્યું છે...એટલે હરકત નથી...અને ચાલવામાં મને વધારે આનંદ રહે છે."

રાઘવનો આગ્રહ વધી પડયો. છેવટે મિત્રની ભાવનાને વશ થઈ ને ભાવડ રાઘવની ઘોડી લઈ ને બેકોશ દૂર આવેલા રૂપાવટ તરફ નીકળી ગયો.

ગઈ રાતે જમની સાથે મળી શકાયું નહોતું... એટલે વિગતથી વાત જાણી શકાઈ નહોતી. પણ શ્યામ-સિંહને રાતે નિદ્રા વેરણ થઈ ચૂકી હતી. તેની પત્નીએ વારંવાર કહેલું કે : " આજ તમે શું વિચાર કરો છો ? " પણ શ્યામસિંહે ખાસ કંઈ જવાબ નહોતો આપ્યો. પત્નીએ જ્યારે સ્વામીના કપાળ પર હાથ મૂકીને પૂછયું કે : " આજ આટલા બધા અનમના કેમ દેખાઓ છો ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" એવું કાંઈ નથી...પણ મહારાજાએ એક કામ સોંપ્યું છે ને શું કરવું ઈ કાંઈ સૂઝતું નથી. "

" એવું કયું કામ સોંપ્યું છે ? "

" ઈ વાતમાં જ ગોટાળો થઈ ગયો છે. "

" એટલે ? "

" બાપુએ કાલ સાંજે કયાંક જવાનું કહ્યું ને સમજ્યા વગર મેં હા પાડી દીધી..."

" ત્યારે તો ભારે કરી...એ વખતે ત્યાં કોઈ બેઠું હતું ? " પત્નીએ પ્રશ્ન કર્યો.

" હા...મહારાણા હતાં...રૂપલી ને જમની પણ હતી."

" કીયો તો અત્યારે જ રૂપલીને બોલાવું..."

" રૂપલી વળી અધબેરી છે..."

" તો સવારે મહારાણી પાસે જઈશ એટલે પૂછી લઈશ....એમને યાદ જ હશે."

" બેનડીને કાંઈ પૂછીશમાં...ઈ મહારાજાને વાત કર્યા વગર રહે નહીં ને મારે ફજેતીના ફાળકે ચડવું પડે... ઈ તો સવારે હું ગમે તે ઉપાયે જાણી લઈશ." શ્યામસિંહે કહ્યું.

" તો પછી નીરાંતે સૂઈ જાઓ...."

" તું ? "

" મારે હજી માળા બાકી છે ને કાલ અગિયારસનું એકટાણું કરવું પડે એમ છે." કહી પત્ની પોતાની શય્યા તરફ ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્યામસિંહ બે પળ પત્ની સામે જોઈ રહ્યો...ત્યાર પછી આંખો બંધ કરી આવતી કાલના વિચારે ચડી ગયો.

ભાવડશેઠની પદમણી પત્ની આવતી કાલે સંધ્યા પછી દેવળની વાડીએ આવશે. પણ જોગીના વેશમાં મારે શેઠાણીને પકડવી કેવી રીતે ? હૈયાસરસી લેવા જતાં દેકારો કરી મૂકશે તો ? ના...ના.. આબરૂદાર સ્ત્રી દેકારો તો ન જ કરે...એકવાર ભીંસાઈ જાય તો પછી કદાચ કાયમની ગાંઠ બંધાઈ જાય...પણ એના સ્વાગત માટે શું કરવું ? હું....મહાશંકરની મીઠાઈ ત્યાં રાખું...થોડોક દારૂ પણ રાખું...જો એને એકાદ પિયાલી પાઈ શકું તો પછી રંગડો જામી જાય ઈ જ ઠીક છે યોગીના પ્રસાદરૂપે દારૂનું જ ચરણામૃત પાઇ દેવું....નશો ચડતાં વાર નહિ લાગે ને નશામાં માનવી પોતાનું બધું વિસરી જાય છે.

આવા વિચાર તરંગો કરતો કરતો શ્યામસિંહ છેક મોડી રાતે કલ્પનાના મધુર સ્વપ્ન વચ્ચે નિદ્રાધીન બની ગયો.

મધુર સ્વપ્ન !

માનવીની મોટામાં મોટી કમજોરી જ એની કલ્પનામાં સર્જાતી હોય છે, અને એ કમજોરીને જ માનવી વરદાન માનતો હોય છે ! જે સ્વપ્ન સંસ્કારહીન હોય છે, કર્તવ્ય ભ્રષ્ટ હોય છે અને ઘાતક હોય છે તેને જ મોહાંધ માણસો મધુર સ્વપ્ન માની લે છે :

મોડી રાતે સૂતેલો શ્યામસિંહ વહેલી સવારે ન ઊઠી શકયો. છેક રાસવા સુરજ ચડયો ત્યારે જ જાગ્યો....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોઢામાં દાતણ લઈને તે બહાર નીકળી ગયો....જમની કયાં ભેગી થાય ? કાં તો વાટ જોઈ જોઈને મહેલમાં ચાલી ગઈ હશે.

જમની એકવાર આવી ગઈ હતી...પણ શ્યામસિંહને જોયો નહિ એટલે પાછી ચાલી ગઈ હતી....જ્યારે શ્યામસિંહ દાતણ લઇને ઉપવન તરફ નીકળ્યો ત્યારે જમની મહારાણીને દાતણ કરાવીને સ્નાન માટે સ્નાનગૃહમાં લઇ ગઈ હતી...ઝરૂખામાંથી તેણે શ્યામસિંહને જોયો પણ હતો...પરંતુ ઈશારો કે સંકેત કરી શકાય તેમ નહોતો.

મહારાણીને સ્નાનગૃહમાં મૂકીને જમની ફૂલ લેવાના બહાને સડસડાટ ઉપવનમાં પહોંચી ગઈ...અને એક નિરાપદ તથા એકાંત સ્થળ તરફ ગઈ...શ્યામસિંહ પણ એ તરફ નીકળી ગયો.

સમય નહોતો છતાં જમનીએ ટૂંકમાં સઘળી વાત કહી દીધી અને ઉચિત સૂચના પણ આપી દીધી. શ્યામસિંહ હરખથી ફૂલાતો ફૂલાતો દાતણ સાથે બીજી દિશાએ નીકળી ગયો.

જમની થોડાં ફૂલ વીણીને પુનઃ મહેલમાં ચાલી ગઈ.

સ્નાન શિરામણ પતાવીને શ્યામસિંહ પ્રથમ તપનરાજ પાસે ગયો. મહારાજના કુશળ વર્તમાન પૂછી તે પોતાની બહેન પાસે ગયો અને બે ચાર આડી અવળી વાતો કરી તે સીધો દેવળના ઘેર પહોંચ્યો. જમનીએ કહેલી સઘળી વાત વિગતથી કહી સંભળાવી. આખી વાત સાંભળ્યા પછી દેવળે કહ્યું: " ભાઈ, જમનીએ કામ તો પાકું કર્યું" કહેવાય...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ જોખમનો પાર નથી. શેઠાણી રાડયો પાડે કે ધમાધમી કરી મૂકે તો પડખેની વાડીવાળો અરજણ ને તેના સાથીઓ દોડતા આવી પહોંચે ને પછી મહારાજના કાને વાત ગયા વગર રહે નહિં. એમ થાય તો આપણે બંનેએ માથે રાત ઓઢીને ગામ છોડવું પડે."

"એવું કાંઇ નહિ બને...શેઠાણી ગમે તેમ તોય આબરૂદાર ઘરની વહુ છે. એને પોતાની ઈજ્જત વધારે વહાલી હોય. વળી હું એને ચરણામૃતના મંત્રેલા પ્રસાદ રૂપે થોડોક દારૂ પાઈ દઇશ. એટલે થોડી જ વારમાં નશો આવી જશે."

"પણ ઈ વાણીયાની જાત છે ને રાતે અન્નપાણી લ્યે નહિ તો ?"

શ્યામસિંહ વિચારમાં પડી ગયો. પછી બોલ્યો : "બાળક માટે સ્ત્રીને લપસતાં વાર નો લાગે."

"તોય એક વાતનો વાંધો આવશે."

"કઈ વાતનો ?"

"જટા ને દાઢી કયાંથી કાઢવાં ?"

"ગામમાં નહિ મળે ?"

"એવું અહીં કયાંથી મળે ! હા, વલ્લભીપુરમાં મળે... કોક તરગાળાના ઘેર પણ મળી આવે...." દેવળે કહ્યું...

"તરગાળાનું ઘર...! આપણા ગામમાં કોઇ નથી.... ને વલ્લભીપુર અત્યારે જવું પાલવે નંઈ...ટાણાસર પાછું અવાય નંઈ...ભારે થઈ !" શ્યામસિંહ વિચારમાં પડી ગયો.

થોડીવાર પછી દેવડ બોલ્યો : "એક કામ કરીયે તો ચાલે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શું !"

"તમે મૂછો ને માથાના વાળ કાઢી નાખો તો માથે મોઢે ભભુત ભરવાથી કોક જોગી જેવું લાગે."

"ઈ નો બને...મહારાજ પાસે પાછું જવું પડેને મહારાણીને પણ મળવું પડે...ને ઘરમાં ચર્ચા થાય તે જુદી...."

"તો...."

"જટા બટા કાંઈ નહિં...એમને એમ ભગવો અંચળો પહેરી લઈશ ને માથે મોઢે ભભુતનો થથેડો કરી દઈશ." શ્યામસિંહે કહ્યું.

"છેવટે તો એમ જ કરવું પડશે."

"તો લે આ...તું વાડીએ મહાશંકરની મીઠાઈ લેતો જજે." કહી શ્યામસિંહે મિત્રના હાથમાં બે રૌપ્યમુદ્રા મૂકી.

ત્યારપછી સાવચેતી અંગેની કેટલીક વાતો બંને વચ્ચે થઈ. એ વાતોમાં દેવળે એક વાત સ્પષ્ટ જણાવી કે શેઠાણી જે વખતે વાડીએ આવશે તે વખતે પોતે વાડીએ નહિ રહે પણ બાજુની વાડીએ જશે.

થોડી આનાકાની પછી શ્યામસિંહે આ વાત સ્વીકારી અને તે વિદાય થયો.

મનના ઘડેલાને કલ્પેલા મધુર સ્વપ્નમાં ગરકાવ બનેલો માનવી મનથી ગમે તેટલો પ્રસન્ન હોય પણ એના અજંપાનો પાર નથી. કયારે સાંજ પડે ને કયારે જમની શેઠાણીને ત્યાં જાય ને કયારે બંને વાડીએ આવે...વગેરે વિચારો સિવાય બીજા કોઈ વિચારો શ્યામસિંહને આવતા જ નહોતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે રાજાનો સાળો હતો. ઘરમાં એની રંજાડ ને જુવાની કાંક વહરી થઈ હોવાથી માબાપે એને પરણાવી દીધો. પણ જે લક્ષણ જીવનમાં પોષાયાં હોય છે તે મરતાં સુધી ભાગ્યે જ જાય છે....એમાંય અજ્ઞાનીનાં વ્યસનો તો દૂર થતાં જ નથી. માબાપે મોટી દિકરીને વાત કરી અને તપનરાજાની તે પ્રિય ને વફાદાર રાણી હતી એટલે નાના ભાઇને સુધારવા કાંપિલ્યપુરમાં લઈ આવી. અહીં મોટું રાજ...ખાવાપીવાની કોઈ ઉણપ નહિં...થોડા દિવસ તો શરમે ભરમે ગાડું ચીલે ચડી ગયું...અને જમની મળી ગઇ. દારૂ તો નગરીમાં જ આવતો નહોતો અને છૂપી રીતે તેણે મર્યાદામાં રહીને દારૂ પણ પીવા માંડયો.

તપનરાજનો કડપ સારો હોવાથી શ્યામસિંહ કોઇ ગાંડપણ ખુલ્લી રીતે કરી શકે એમ નહોતો...આમને આમ પાંચ વરસ વીતી ગયાં...ખાસ કાંઇ કામ નહિં... મહારાજનું કોઈ અંગત કામ હોય તો તે કરી છૂટે.... આકી બે વાર મહારાજને નમન કરી આવે....બેન પાસે જઈને મીઠી મીઠી વાતો કરી આવે ને ભાઇ ફરતા રહે !

અને કમનશીબે એની નજરે ભાગ્યવતી ચડી ગઈ... ઘણો વિચારણા કર્યા પછી બંને મિત્રોએ યોજના ઘડી અને એ યોજના આજે રાતે સાકાર બનવાની આશા નાચી ઉઠી.

સાંજ પહેલાં જ તે દેવળની વાડીએ પહોંચી ગયો. દેવળે બધી તૈયારી રાખી હતી....એક ઝૂંપડીમાં ભગવીકથા, ભભુત, દારૂનું પાત્ર, નાની પથારી વગેરે ગોઠવ્યાં હતાં.

બરાબર વેશ પરિવર્તન કરાવીને દેવળ બાજુની વાડીએ ચાલ્યો ગયો. વાડીમાં એકલો શ્યામસિંહ રહી ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તરફ ભાવડ અને રાઘવ પણ બહાર નીકળી ગયા હતા ને મારગમાં જ દેવળની વાડીથી થોડે દૂર એક વૃક્ષનાં ઝુંડમાં પાછળ બેસી ગયા હતા.

ભાગ્યવતી ડેલીએ સાંકળ ચડાવીને જમનીની રાહ જોતી બેઠી હતી.

સૂર્યાસ્ત થઈ ગયો હતો...ગામના દેવચોરે ઝાલરી રણકી રહી હતી. લોકોનો અવરજવર પણ ચાલુ હતા.

જમનીએ કહેલું કે સંધ્યાટાણે આવવાનું પણ તે આવી રાત્રિના પ્રથમ પ્રહરની બે ઘટિકા વીત્યા પછી. કારણ કે કંઈક અંધારા જેવું જણાય તો જ શેઠાણીને લઈ જવાય અને ભાવડ શેઠની ડેલીની સાંકળ ખખડી.

ભાગ્યવતી ઓસરીમાં જ બેઠી હતી તેણે આવીને ડેલી ઉઘાડતાં પૂછ્યું : "?"

"ઈ તો હું છું શેઠાણીબા..."

"જમનાબેન, ભારે પંચાત થઈ...શેઠે આવા આશિર્વાદ લેવાની ચોકખી ના પાડી ને આપણા આદર્યા અધૂરાં રહ્યાં." ભાગ્યવતીએ અડધું કમાડ ઉઘાડતાં કહ્યું.

જમનીએ કહ્યું : "પણ વાર નહિ લાગે."

"ધણીની આજ્ઞાની ઉપરવટ તો મારાથી કેમ થવાય... વળી એ ઘરમાં બેઠા છે..કાલ બપોરે તમે આવજો એટલે નીરાંતે વાત કરીશ." કહીને ભાગ્યવતીએ ઉત્તરની રાહ જોયા વગર ડેલીનું કમાડ બંધ કરી દીધું.

જમની માથે જાણે વજ્ર તૂટી પડ્યું. આ તો ભારે થઈ...હવે શું કરવું ?

બે પળ ઉભી રહી ને પછી ચાલતી થઈ. રાજભવન ન જતાં તે સીધી દેવળની વાડી તરફ વિદાય થઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાટ જોતાં જોતાં બંને મિત્રો અકળાઈ ગયા હતા. ભાવડે કહ્યું : " કદાચ જમનીની વાત પાછળ કોઇ પ્રકારની ચાલ ન હોય ! '

રાઘવે કહ્યું : હું જમનીને પગથી તે માથા સુધી ઓળખું છું...કોઈ પણ જાતની રમત વગર તે આવું કરે નહિ "

" કદાચ ખરેખર કોઇ યોગી આવ્યો હોય ! "

" તો તો આપણને વહેલી ખબર પડી ગઈ હોત. યોગીને મળવા તો કોક આવે જ ને ! થોડી જ વાર પહેલાં જ મેં દેવળની વાડી તરફ જોયું હતું...દેવળ વાડીમાંથી બહાર નીકળીને બીજી વાડી કોર્ય ગીયો છે....હજી પાછો વળ્યો લાગતો નથી...અને એની સાથે જે બીજો જણ હતો તે મને શ્યામસિંહ જેવો જ લાગ્યો હતો....ઈ હજી વાડી બા'રો નીકળ્યો નથી. " રાઘવે કહ્યું.

" તો આપણે વાડીમાં છૂપાઈ જઇએ તો ? "

" હા શેઠજી....દબાતા પગલે જાશું એટલે કોઈને ખબર પણ નહિં પડે." રાઘવે કહ્યું.

બંને મિત્રો વૃક્ષના ઓથેથી ઊઠીને વાડી તરફ ગયા.

વાડીમાં જમની અને શેઠાણીની આશાએ પ્રસન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પળો વિતાવી રહેલો શ્યામસિંહ ઝુંપડીમાં જ બેઠો હતો.... તેણે ભગવો અંચળો ધારણ કર્યો હતો...માથા પર રાખનો થથેડો કર્યો હતો અને મોઢું ને હાથ પગ પણ રાખવાળા કર્યા હતા.

શ્યામસિંહ એક આસન પર બેઠો હતો. એની સામે બે લાકડાં સળગી રહ્યાં હતાં....બાજુમાં દારૂનું પાત્ર ભર્યું હતું....અને મનમાં મધુર સ્વપ્નના તરંગો રાચતા હતા.

સંસારમાં કામાસક્તિ ન હોત તો અનેક અનિષ્ટો આપોઆપ નષ્ટ થઈ જાત...પણ આવી ભાવના સાકાર બનવી કોઈ પણ યુગમાં શક્ય નહોતી...કારણ કે અનંત સંસારમાં ભટકતા જીવો કામાસક્તિથી ઘેરાયેલા જ પડ્યા હોય છે. અને મોહનીય કર્મની જાળમાં સપડાયેલા આવા જીવો કદી તૃપ્તિનો અનુભવ કરી શકતા નથી....અતૃપ્તિની ઝંખના એને અનંત ભવ સુધી ભટકતા જ રાખે છે. જ્યારે જ્ઞાનરૂપી પ્રકાશનો સ્પર્શ થાય છે અને વૈરાગ્યરૂપી અમૃતનો સ્વાદ મળે છે, ત્યારે જ તે જીવ કર્મજાળ છેદવાનો પુરૂષાર્થ કરવા કટિબદ્ધ થઈ શકે છે.

ભાવડ અને રાઘવ સાવચેતીથી દેવળની વાડીમાં ઘુસી ગયા અને લપાતા છૂપાતા છેક ઝુંપડીના ઓથે પહોંચી ગયા. બંનેએ જોયું, વાડીમાં કોઈ હતું નહિ... ઝુંપડીમાં કોઈ સાધુ બેઠો હોય એમ લાગતું હતું...

એકાદ ઘટિકા વીતી ગઈ ત્યાં રાઘવની નજર વાડીના ઝાંપા તરફ ગઈ...એક બાઈ અંદર દાખલ થઈ રહી હતી. રાઘવે ભાવડનો હાથ દબાવીને ઝાંપા તરફ નજર કરવાનો ઈશારો કર્યો. ભાવડે ઝાંપા તરફ જોયું...તેણે જમનીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી જોઈ નહોતી...પણ એના સિવાય કોઈ નહિં હોય એમ માની શકાય તેમ હતું. અગિયારસની રાત હતી... ધૂંધળો પ્રકાશ હતો...કોઈનો ચહેરો ન જોઈ શકાય પણ આકૃતિનો આભાસ જરૂર થાય. રાઘવ તો અંધકારમાં જોવા ટેવાયેલો હોવાથી તે જમનીને ઓળખી ગયો.

જમની ઝૂંપડી પાસે આવી. તેણે એકવાર આસપાસ નજર કરી. કોઈ લાગતું નહોતું એટલે તે ઝૂંપડીના બારણા પાસે ગઈ. જમનીને જોતાં જ શ્યામસિંહ આનંદમાં આવી ગયો...જમની અંદર દાખલ થઈ અને બોલી : "બધું ઊંધું વળી ગયું.. "

"કેમ, શેઠાણી ન આવી ? "

"ના...એના ધણીએ એને ના પાડી એટલે લાચાર બની ગઈ..." જમનીએ શ્યામસિંહ પાસે બેસતાં કહ્યું.

"ભારે થઈ...હવે શું થાય ? "

"આવતી કાલે બપોરે હું પાછી એને ત્યાં જઈશ... અત્યારે એનો ધણી ઘરમાં હતો એટલે મારે ડેલીએથી જ પાછું હળવું પડયું...દેવળ કયાં છે ? "

"દેવળ પડખેની વાડીએ ગયો છે....જમની આજની બધી રમત એળે ગઇ !" નિરાશા ભર્યા સ્વરે શ્યામસિંહે કહ્યું.

"આ કામ જ એવાં છે..." જમની પણ હતાશ થઈ ગઈ હોય તેમ તેના ચહેરા પરથી જોઈ શકાતું હતું.

ઝુંપડીનાં ખુણામાં એક ઝાંખો દીવો બળી રહ્યો હતો.

બંને મિત્રો સરકતા સરકતા દ્વાર પાસે લપાઈને ઊભા રહી ગયા હતા.

"હવે શું કરવું ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" હવે તો આવતી કાલે શેઠાણીને મળીને બધી વિગત જાણું પછી ખબર પડે... પણ બાપુ, તમારો આ વેશ સાચા જોગી જેવો નથી. તમને જોઈને કોઈને પગે લાગવાનું મન નો થાય." જમનીએ કહ્યું.

" ઈ તો શેઠાણી આવી હોત તો ખબર પડત... ભારે થઈ... હાલ્ય હવે દેવળને બોલાવી લાવું..." કહી શ્યામસિંહ ઊભો થયો.

એજ વખતે... " ખબરદાર, શ્યામસિંહ ! " કહેતો રાઘવ પોતાના જાડા ધોકલા સાથે ઝુંપડીમાં દાખલ થયો. એની પાછળ જ ભાવડ ઝુંપડીમાં દાખલ થયો.

શ્યામસિંહ અને જમની અવાક્ બની ગયાં હતાં... અને બંને સામે ભયભિત નજરે જોઈ રહ્યાં હતાં...

રાઘવે કહ્યું : " ચુપચાપ હેઠો બેસી જા....નહિ તો એક જ બડીયો મારીશને તારું માથું ફાડી નાખીશ. સાલા હરામી....આબરૂદાર ઘરની સ્ત્રીઓને સપડાવવાનો ધંધો કરે છે ? તારા બાપને ખબર પડશે તો તારું માથું જ ધડથી જુદું કરી નાખશે." ત્યાર પછી રાઘવે ભાવડ શેઠ સામે જોઈ ને કહ્યું : " ભાવડ શેઠ, આ જમનીને જોઈ હ્યો એનો ધણી ધણો જ ગરીબ અને ખાનદાનીવાળો હતો... પણ આ કુબ્જાએ એને ભારે હેરાન કર્યો... બિચારો ગામ છોડીને ભાગી ગીયો..."

ભાવડે જમના સામે જોયું... ત્યાર પછી શ્યામસિંહ સામે જોઈ ને કહ્યું : " દરબાર, હું તમને સજા નહિં કરું તપનરાજ તમને સજા કરશે....રાઘવ, તું આ બંને ને બરાબર પાંચવડિયે બાંધ... પછી દેવળને બોલાવીને એને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આંધ....ત્યાર પછી હું મહારાજાને ને મહારાણીને અહીં બોલાવી આવું છું."

આ સાંભળતાં જ શ્યામસિંહ બોલી ઉઠયો : "શેઠજી, મને એક વાર માફ કરો....તમારાં ઘરવાળા મારાં મા જણ્યાબેન છે..."

"કાળાનાગને તો ફાંસલે જ નાખવો જોઈએ..." રાઘવે કહ્યું.

જમની ગળગળા સ્વરે બોલી ઉઠી : "શેઠજી, એકવાર મને ક્ષમા કરો....હું હવેથી કોઈદી આવું કામ નહિં કરું."

ભાવડે કહ્યું : "જમના, જેના મન ચંચળ અને પાપથી ભરેલાં હોય છે તેનો વિશ્વાસ કરી શકાય નહિ...."

શ્યામસિંહ કરુણ ભાવે બોલી ઉઠયો : "શેઠજી, હું તમારી ગાય છું...એકવાર જીવતદાન આપો....હું તેત્રીસ કરોડ દેવના સોગંદ આઇને કહું છું કે કોઈદી આવા પાપમાં નહીં પડું....શેઠજી, તમે ઉદાર હૃદયના માનવી છો ને હું દયાની ભીખ માગું છું."

રાઘવે કહ્યું : "શેઠજી ઉદાર છે પણ હું ઉદાર નથી. તારા તરફથી અમને પાકી ખાત્રી ન મળે ત્યાં સુધી વિશ્વાસ વસે નહિં...."

"શેઠજી, તમે કીયો તો લખત લખી આપું...પણ એકવાર મને ને જમનીને છોડી દો..." શ્યામસિંહનાં નયનો સજળ બની ગયાં હતાં.

ભાવડ શેઠે કહ્યું : "મારે લખત બખત કાંઈ લખાવવું નથી..આવાં દુષ્કૃત્યો તમારા જેવા દરબારોને શોભે નહિં. તમારે તો પ્રજાની બેન દીકરીયુંની આબરૂનું રખોપું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું જોઈએ....ક્ષત્રિયનો ધર્મ પણ એ જ છે. આજ તો હું તમને બંનેને છોડી દઉં છું પણ ફરી વાર આવી ભૂલ કરશો તો મારે મહારાજાને બધી વાતથી વાકેફ કરવા પડશે... તમે દારૂ પીવો છો, જમની સાથે તમારે નાતો છે ને આવી નબળાઈઓમાં તમને વધારે રસ છે એ વાત રાઘવ પાસેથી હું આજે જ જાણી શકયો છું.. આમ છતાં તમારા જીવતરને તમે સન્માર્ગે લઈ જઈ શકો એ શુભ ભાવના ખાતર હું ને રાઘવ આ વાતને પેટમાં જ પુરી રાખશું...ચાલ રાઘવ... એકવાર વિશ્વાસ રાખવો જોઈએ."

"શેઠજી, આપ વધારે પડતા ઉદાર થઈ ગયા છો..." રાઘવે કહ્યું.

"નહિં ભાઈ, અમારાં વેણ પર એકવાર જરૂર વિશ્વાસ રાખો...જો આ વાત મહારાજા કે મહારાણીને કરશો તો અમારા જીવતર સાવ કથળી જશે.. અમને ઊભા રહેવાની પણ જગ્યા નહિં મળે...કાં કુવો પુરવો પડશે....કાં ગળે વાંસો લેવો પડશે...."

ભાવડે કહ્યું : "બેન, તમારા બંને પર વિશ્વાસ રાખુ છું...તમે તમારાં જીવતરને સુધારવાનો પ્રયત્ન કરજો... એમાં તમેય સુખી થશો ને તમારી શોભા પણ વધશે. આ દુનિયામાં સારપ લેવા જેવી બીજી કોઈ ઉત્તમ વસ્તુ નથી...તમે પણ સારપ લેજો ને સુખી થાજો."

વળતી જ પળે રાઘવ ને ભાવડ ઝુંપડી બહાર નીકળી ગયા.

શ્યામસિંહે કહ્યું : "જમની, તું બેસ...હું દેવળને બોલાવી આવું...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ના દરબાર...હું રાજભવનમાં જઇશ...શેઠ ઘણો ભલો માણસ....નહિં તો આજ આપણા માથે તલવારના ઝાટકા જ પડત...હવે આવી ગાંડાઈ કરશોમાં...." કહી જમની ઊભી થઈ. શ્યામસિંહ કશું બોલી શકયો નહિં... જમની રામ રામ કરીને બહાર નીકળી ગઇ....એ વખતે રાઘવ અને ભાવડ ઝાંપામાંથી બહાર નીકળી રહ્યા હતા.

જમની ભગવાનનો પાડ માનતી માનતી અને ભાવડ-શેઠને મનથી ધિરદાવતી વાડી બહાર નીકળી ગઈ.

શ્યામસિંહમાં તો કોઈ જાતની હિંમત જ નહોતી રહી.. છતાં તે ઊભો થયો અને વાડીના શેઢા પાસે ગયો.... બાજુની વાડી તરફ નજર કરીને તેણે દેવળને બે વાર બુમ મારી દેવળે 'આવું છું' કહીને ઉત્તર વાળ્યો.

થોડી જ વારમાં દેવળ દોડતો આવી પહોંચ્યો.... શેઢા પાસે શ્યામસિંહને ઉભેલો જોઈ તે બોલ્યો : "હજી જમની નથી આવી?"

"આજ માંડ બચ્યો છું....જમની એકલી આવી હતી....ભાવડને તેનો એક ભાઇબંધ પણ આવી ચડયા.... રાઘવ તો અમને ને તને પાંચવડિયે બાંધીને મહારાજાને તેડવા જતા હતા...પણ ઉદાર શેઠિયાએ મારો ગનો માફ કર્યો...દેવળ, આજથી કાળાં કામ કરવાનું પાણી મૂકયું છે..."

"બહુ સારું કર્યું દરબાર....ભાવડ શેઠ મરદ માણસ છે.....એનું ભાગ્ય પલટાઈ ગીયું છે, પણ આબરૂને જરાય આંચ નથી આવી....મેં આપને પહેલાં જ ચેતવ્યા હતા....સારું થયું કે આટલેથી જ પત્યું." દેવળે કહ્યું.

બંને ઝુંપડીમાં આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્યામસિંહે દારૂનું પાત્ર હાથમાં લીધું....પણ વળતી જ પળે ઢોળી નાખ્યું...રાખવાળું શરીર પાણીથી સાફ કરી, માથું વગેરે બરાબર ધોઇ તેણે મૂળ વસ્ત્રો ધારણ કરી લીધાં.

મીઠાઈ એમને એમ પડી રહી...ઝોળી પણ એમને એમ પડી રહી...લાકડાં સ્વયં ઠરી ગયાં હતાં....છતાં દેવળે તેના પર પાણી ઢોળ્યું ને બંને મિત્રો બહાર નીકળ્યા.

દેવળને આજ વાડીએ રહેવું પડે તેમ હતું એટલે તે શ્યામસિંહને થોડેક સુધી વળાવીને પાછો ફર્યો.

ભાવડ અને રાઘવ ઘેર આવ્યા. હજી રાત્રિનો બીજો પ્રહર ચાલતો હતો. ભાગ્યવતીએ બંને મિત્રોની પથારી ઓસરીમાં કરી રાખી હતી.

ભાવડે ડેલી ખખડાવી.

ભાગ્યવતીએ ડેલી ઉઘાડીને સીધો પ્રશ્ન કર્યો: "શું થયું?"

"જે ધાર્યું હતું તે..." રાઘવે હસતાં હસતાં કહ્યું.

ઓસરીએ આવ્યા પછી ભાવડે પત્ની સામે જોઈને કહ્યું: "તેં પ્રતિક્રમણ કરી લીધું?"

"ના..તમારી જ વાટ જોતી હતી. ગંગામા આવ્યાં હતાં તે હમણાં જ ગયાં."

"પ્રથમ તું રાઘવની થાળી તૈયાર કરીને કાઢી આપ....આપણે પ્રતિક્રમણ કરી લઈએ...પછી નીરાંતે સઘળી વાત કરીશ."

ભાગ્યવતીએ રસોડામાં જઈને રાઘવ માટે થાળી તૈયાર કરીને બહાર એક બાજઠ પર મૂકી. રાઘવ હાથમોં ધોઈને જમવા બેસી ગયો....કારણ કે સાંજ પહેલાં ભાવડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમી લીધું હતું અને પોતે રાતે વાળુ કરશે એમ જણાવ્યું હતું.

દૂધ, પાણી વગેરે રાઘવ પાસે મૂકીને બંને માણસો વસ્ત્રો બદલાવી પ્રતિક્રમણ કરવા ઓરડામાં બેસી ગયા.

રાઘવને જમતા શી વાર લાગે ? તેણે થોડી જ વારમાં વાળુ કરી લીધું...ત્યાર પછી ઉઠીને ઘોડી ને ગાય પાસે ગયો. બંને પાસે ઘાસ પડયું હતું. બંને જનવર પર હાથ ફેરવીને રાઘવ પાછો આવ્યો ને એક પથારીમાં બેઠો.

પ્રતિક્રમણ પુરું કરીને બંને બહાર આવ્યાં. રાઘવ જાગતો જ બેઠો હતો. તે બોલ્યો : " શેઠજી, આ તમારું પ્રતિક્રમણ કોઈ દી ભૂલાય નહિ ! "

" તું રામનું નામ કોઈ દી ભૂલી જાશ ? "

" ના...ઈ તો હૈયે વસેલું છે."

" અમારે આ ધર્મક્રિયા પણ હૈયે વસેલી છે." કહી ભાવડ પોતાની પથારીમાં બેઠો.

ભાગ્યવતી રસોડામાં સંજેરો કરીને એઠાં ઠામ લઈને ફળીયા તરફ ગઇ એટલે રાઘવે કહ્યું : " ભાભી, અધરાત થવા આવી છે એંઠવાડ સવારે કાઢજોને..."

" રાઘવભાઈ, વાસી એંઠવાડ રાખવામાં ઘણો જ દોષ છે....મને વાર નહિં લાગે...તમને ઉંઘ તો નથી આવતીને ? "

" ના....વાત કીધા પહેલા ઉંઘ આવે કેવી રીતે ? " રાઘવે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતી થોડી જ વારમાં એંઠવાડ કાઢીને આવી ગઇ અને ભાવડે વાડીમાં બનેલી સઘળી વાત ટૂંકામાં કહી સંભળાવી.

આખી વાત સાંભળ્યા પછી ભાગ્યવતીએ કહ્યું : "જમનીને જોઇને મને આવી કલ્પના પણ નહોતી આવી... માનવીનાં મન પારખવાં ભારે કઠણ છે... સારું થયું કે તમે બંને ત્યાં ગયાં ત્યારે દેવળ નહોતો...નહિ તો નાનું સરખું ધીંગાણું થતાં વાર ન લાગત."

રાઘવે કહ્યું : "ધીંગાણું નો થાત ભાભી...ગનો માનવીનાં પગ ભાંગી નાખે છે. છતાંય ધીંગાણું થયું હોત તો મારો બડીયો બેયને ધરતી ભેગા કરી વાળત ! પણ મારા શેઠ ધીંગાણું થાવાજ નો દીયે...વાણીયાની જાત... ખોટાં જોખમ ખેડે નંઈ...ને હું એકલો ગયો હોત તો જરૂર કાંક નવાજુની થાત ! "

ભાવડે કહ્યું : "રાઘવ, ગોળથી મરે ત્યાં સુધી વિષનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? કોઈનું જીવતર બગાડવા કરતાં સુધારવાની તક ઉભી કરવી એજ સાચો રસ્તો છે. આપણે બે ચાર ઘા નાખીને શ્યામસિંહને એકવાર ખોંખરો કરી નાખ્યો હોત તો એ સમજણના ઘરમાં કદી ન આવત... અને ગમે ત્યારે બદલો લેવાનું કરત...વેર બાંધવાથી વેર જ રીયે છે....અને આપણે એને સુધારવાની તક પણ આપી છે."

ભાગ્યવતીએ સ્વામી સામે જોઈ ને કહ્યું: "ઈ સુધરશે એવું તમને લાગ્યું છે ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ભાગુ, સંસારમાં ત્રણ વસ્તુ જ માનવીને સન્માર્ગે વાળવામાં સહાય કરે છે. જ્ઞાન, પ્રેમ અને ભય. શ્યામસિંહ જેવા પરનારીમાં સુખ જોનારા માણસો ભયથી જ અટકે છે. મહારાજાનો ભય નાનો સૂનો નથી એટલે મને ખાત્રી છે કે હવે આવી ગાંડાઈ નહિં કરે. પછી તો મનને વશ કરવું ઈ કાંઈ નાનું સૂનું કામ નથી." ભાવડ શેઠે કહ્યું.

રાઘવે ભાવડ સામે જોઈને કહ્યું : " સાવ સાચી વાત કરી શેઠીયા, મને ય આજ ઘણું જાણવાનું મળ્યું."

ભાગ્યવતીએ ગગન તરફ નજર કરતાં કહ્યું : " અડધી રાત વીતી ગઈ ને વાતું માં ને વાતું માં સવાર પડી જશે.... તમે બેય નિરાંતે સૂઈ જાઓ."

ભાવડે કહ્યું : " તું સૂઈ જા....વળી તારે વહેલાં ઉઠવું પડશે."

ભાગ્યવતી ઉઠીને ઓરડામાં ગઈ. ઝાંખો દીવડો રામ કરીને તે નવકારમંત્રનું સ્મરણ કરતી કરતી આડે પડખે થઈ અને થોડી જ વારમાં નિદ્રાવશ બની ગઈ.

ભાવડ અને રાઘવ સામાન્ય વાતો કરતા હતા.... વાતાવરણમાં રાઘવે કહ્યું : " શેઠ, હવે મારું એક વેણ, રાખવું પડશે."

" બોલ...."

" પહેલાં વચન આપો તો."

" મારે કાંઈ લેવાની વાત નહિં હોય તો હું વચન આપું છું",

" વાણીયો છેવટે પોતાની વટ ભૂલે નહિં....હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ બીજું નથી કેતો....આ ઘોડી અહીં રાખી હ્યો...,' રાઘવે ભાવભર્યા સ્વરે કહ્યું.

" રાઘવ, તને મેં મારો ભાઈબંધ માન્યો છે... તારી વાત મારે રાખવી જોઇએ એ પણ બરાબર છે.... પરંતુ તું એ વાત કેમ ભૂલી જાય છે કે મારી પરિસ્થિતિ પહેલાં જેવી રહી નથી, મારો વેપાર પણ તેં જોયો છે... ગજા ઉપરવટ કાંઈ ન કરવું એવી મનમાં ગાંઠ વાળી છે .. અને ફેરી કરવામાં મને એક વાતનો પુરો સંતોષ છે કે બે માણસ નીરાંતે ભોજન પુરતું મેળવી શકીએ છીએ. આ સંયોગોમાં ઘોડું બાંધવું એ કોઈ દૃષ્ટિએ ઉચિત ન ગણાય. એક જીવને આંગણે બાંધ્યા પછી તેની કાળજી બરાબર રાખવી જોઈ એ. તારી ભાભી ઉપર વધુ પડતો બોજો મૂકતાં મારું હૃદય અચકાય છે. આ માટે તું માફ કર... પણ હું તને ખાત્રી આપું છું કે જ્યારે મારી પરિસ્થિતિ પલટાશે ત્યારે સૌથી પ્રથમ તને જ સાદ કરીશ."

રાઘવ મિત્રના તેજસ્વી વદન સામે જોઈ રહ્યો. ઓસરીમાં બળતો ઝાંખો દીવો હળવો પ્રકાશ વેરતો હોવા છતાં રાઘવને મિત્રના વદન પર કોઈ અટંકી વીર જેવું તેજ નખાયું.

થોડીવાર વાતો કરીને બંને મિત્રો સૂઈ ગયા.

નિત્ય નિયમ પ્રમાણે વહેલી સવારે ભાગ્યવતી જાગીને બહાર આવી અને સીધી ગાય તથા ઘોડીને નીરણ નાખવા ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી જરાયે સંચર ન થાય તે રીતે પાણી ગળવાનું, વાસીદાનું વગેરે કામ પતાવવા માંડયું.

એક તગારામાં ગાયનું ખાણુય લઈને તે ગા દોવા માટે ગઈ ત્યારે ભાવડ શય્યામાંથી બેઠો થયો અને નિત્યકર્મ મુજબ પાણીનો કળશ્યો ભરીને શૌચ માટે બહાર નીકળી ગયો.

રાઘવ આજ વહેલો નીકળી જવાનો હતો પણ નિદ્રા દેવીએ તેને સારી રીતે પંપાળ્યો હોવાથી તે જાગૃત થયો ત્યારે સૂર્યોદય થઈ ગયો હતો...ભાવડશેઠ અને ભાગ્યવતી પ્રાતઃકાર્ય આટોપીને નહાવાની તૈયારી કરી રહ્યાં હતાં.

ભાવડે રાઘવના હાથમાં દાતણ મૂકયું.

રાઘવે દાતણ મોઢામાં નાખીને કહ્યું : "તમે બેય વહેલાં ઉઠયાં તો મને કેમ નોં જગાડયો ? મારે વહેલા નીકળી જવું'તું."

"તું ઉતાવળો થામાં....અમે પૂજા કરીને આવીએ છીએ ત્યાં તું પ્રાતઃકાર્ય પતાવી લે...પછી સાથે સીરામણ કરશું..." ભાવડે કહ્યું.

એમજ થયું.

ભાવડ કાપડની પોટલી સહિત ફેરી માટે રવાના થયો.

રાઘવ પોતાની ઘોડી સાથે ઘેર જવા નીકળી પડયો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કસોટી કંચનની હોય છે, કથીરની નથી હોતી. ગમે તેવા તાપમાં તપવા છતાં કંચન કદી પોતાના સ્વભાવને છોડતું નથી...એનું તેજ વધુ ને વધુ ખીલતું હોય છે.

શ્યામસિંહની ઘટના પર ત્રણ મહિના પસાર થઈ ગયા. આબરૂનો ભય તો જેને આબરૂની એવના હોય તેને લાગે પણ મોતનો ભય સહુને લાગે છે...શ્યામસિંહે દાઢ વગેરે છોડી દીધું અને મોટે ભાગે તપનરાજની પાસે જ રહેવા માંડયો. જમનીને મળવાનું ચાલતું હતું પણ પહેલાં જેવું નહિ. આમ ભયના કારણે શ્યામસિંહ ઠંડો પડી ગયો હતો. શ્યામસિંહની પત્ની દેખાવડી હોવા છતાં શ્યામસિંહનું મન બીજે ભટકતું રહેતું. તેની પત્ની ચતુર ગરાસણી હતી. જમની સાથેનો સંબંધ તે જાણતી હતી.... પરંતુ તે કદી આ અંગે કશું જણાવતી નહિ...જાણ્યે કશું જાણતી જ નથી એજ રીતે વર્તતી. પોતાના ધણીની ફરિયાદ મહારાણી પાસે પણ નહોતી કરતી. આવી ફરિયાદ કરવામાં તે નાનપ જોતી. અને ભાવડ શેઠના બનાવ પછી શ્યામસિંહ પણ પત્નીમાં વધુ રસ લેતો થઈ ગયો હતો.

ત્રણ માસ પસાર થઈ ગયા. ભાવડની પરિસ્થિતિમાં ખાસ કાંઈ પરિવર્તન નહોતું થયું. સાત સાત વરસ થવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યાં હોવા છતાં વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે બંનેમાંથી કોઈને અણગમો નહોતો કે દુઃખ નહોતું. બંને માણસો નીરાંતે ખાઈ પી શકે એટલું પ્રાપ્ત થતું હતું અને દસ બાર જેટલી સુવર્ણમુદ્રાઓ ભેગી થઈ શકી હતી.

જેના હાથે રોજ હજારો મુદ્રાઓ ફરતી અને છૂટે હાથે દાનમાં અપાતી તે માનવીને જ્યારે દસબાર સુવર્ણ મુદ્રાઓ એકત્ર કરવા પાછળ અથાગ શ્રમ લેવો પડે તેને કેટલી વેદના...થતી હશે ?

પણ ભાવડનું દિલ કોઈ જુદી જ ધાતુનું બનેલું હતું. એને કોઈ જાતનો રંજ થતો નહોતો...માત્ર એક વાત તેને અવાર નવાર ચિંતામાં મૂકતી. તે વાત હતી દાન દેવાની અશક્તિ ! પણ થાય શું ? માનવીએ જીવવું હોય તો પરિસ્થિતિને અનુકુળ બનવું જ જોઈએ. પાપકર્મનો ઉદય કાળ ચાલતો હોય ત્યારે જે માનવી ધૈર્ય રાખી શકતો નથી તે ભાંગી પડે છે....અને ધૈર્ય રાખીને ધર્મનો સહારો છોડતો નથી તે ગમે તેવી વિપત્તિઓ સામે અણનમ ઊભો રહી શકે છે.

ભાવડ ચાર ગાઉ છેટેના એક ગામડે કાપડ લઈ ને ગયો હતો. છેલ્લા એક મહિનાથી આ ગામડામાં તે જઈ શકયો નહોતો એટલે આજ લગભગ અડધું કાપડ વેંચાઇ ગયું હતું અને તે પોતાના નક્કી કરેલા સમયે ઘેર જવા પાછો વળી ગયો હતો.

જેઠ મહિનાનો પ્રારંભ કાળ હતો. ધોમ ધખી રહ્યો હતો. ગમે તેવો કઠણ માનવી પણ આવા તાપમાં પ્રવાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકે નહિ...પણ ભાવડને તાપ-ટાઢ ને વરસાદ બધું પચી ગયું હતું. ચોમાસામાં તે હંમેશ નહોતો જઈ શકતો...કોઈ વાર આઠ આઠ દીની એલી હોય તો બરાડ થાય ત્યાં સુધી ઘેર બેસી રહેવું પડતું.

ભાવડ શેઠ એક વૃક્ષ નીચે વિસામો લેવા બેઠો... મધ્યાન્હ વીતી ગયો હોવા છતાં સખત તાપ વરસતો હતો.

થોડીવાર વિસામો લઈ ભાવડ ઊભો થયો....બ્બે પોટકું ભરાવીને કાંપિલ્યપુર તરફ આગળ વધ્યો...હવે ગામ કંઈ દૂર નહોતું રહ્યું...એકાદ કોશનો પંથ બાકી હતો.

અચાનક તેના કાનપર કોઈ નો અવાજ અથડાયો : " એ ભાઈ, ઘોડાંને રોકો...રોકો...."

ભાવડે જોયું...સામેથી એક અશ્વારોહી આવી રહ્યો હતો...અશ્વ કોઈ પણ ઉપાયે રોકાતો નહોતો અને તેના પર બેઠેલો અસવાર ભારે ગભરાઈ ગયો હતો...ભાવડને વધુ વિચાર કરવાનો સમય નહોતો...બચાવો બચાવો ને રોકો રોકોની બુમો પાડતો અસવાર નજીક આવી પહોંચ્યો હતો. ભાવડે બબા પરનું પોટલું મારગમાં મૂકી દીધું ને ઘોડાને રોકવા તે આડો પડયો.

ભાવડનાં ભાગ્ય આજે પલટાયાં હતાં...નહિં તો તે અશ્વનો પંડિત હતો.. તેણે ઝનુનથી આવી રહેલા અશ્વની લગામ પકડી લીધી....અશ્વ તાડ માફક ઉંચો થયો... ભાવડ તેના કાન પકડવા માગતો હતો...પરંતુ ગમે તે કારણે ચમકેલો ઘોડો કાબુમાં આવે તે પહેલાં જ તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંને પગ ભાવડને લાગ્યા ને ભાવડ લગામ સોંતો નીચે પડી ગયો. અશ્વનો એક પગ ભાવડના ફણા પર આવી ગયો...પણ ભાવડે લગામ ન મૂકી....એક ઘુમરી ખાઈને અશ્વ ઊભો રહી ગયો.

ભાવડ ઊભો થવા ગયો પણ ઉઠી શકયો નહિં. પગના થાપામાં સારી પછાટ લાગી હતી અને પગના પંજાનું હાડકું ભાગી ગયું હતું.

અશ્વારોહી નીચે ઉતરી ગયો તે બોલ્યો : " ભાઈ, તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે...નહિં તો આ ઘોડો આજ મને પાડી નાખત ને મારું મોત થાત....આપ કયાં રહો છો ? "

"કાંપિલ્યપુરમાં....આપ? "બેઠા બેઠા જ ભાવડે કહ્યું.

" હું વલ્લભીપુર રહું છું...થોડી વાર પહેલાં જ તમારી નગરીમાંથી નીકળ્યો ને કોણ જાણે શું થયું કે ઘોડો ચમકયો, કોઈ ઉપાયે હાથમાં રહે નહિં...પણ આપ આમ બેસી કાં રહ્યા : "

" કાંઈ વાંધો નથી...આપ જાઓ...હવે તમારો ઘોડો નહિં ચમકે...."

" પણ આપ ઊભા તો થાઓ. "

" થાપામાં પછાટ લાગી છે ને પંજાનું હાડકું ભાગ્યું હોય એમ લાગે છે....જરા કળ વળશે એટલે હું ચાલ્યો જઈશ. "

" અરે બાપ, મને શું નગણ્યો ધાર્યો....હાલો હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમને કંપીલપુરમાં મૂકી જાઉં...તમે આ ઘોડા પર તેા બેસી શકશેાને ?"

"કોઈ ગાડું બાડું નીકળશે તેા હું...."

"વચ્ચે જ અસવારે કહ્યું: "ના ભાઈ ના...ગાડું કયારે નીકળે ઈ કહેવાય નહિ ને ધેામ ધખે છે....આવેા હું તમને બેસાડું..."

અસવારે માંડ માંડ ભાવડને ટેકેા આપીને ઊભેા કર્યો....અને અશ્વ પાસે લઈ ગયેા....ભાવડે કહ્યું : "મને એક નાની કાંકરી આપેા..."

"પેલાએ એક ચણાની દાળ જેવડી કાંકરી ભાવડને આપી.

કાંકરી હાથમાં લઈ ને ભાવડે કહ્યું : "જરા ઘોડાનેા કાન મારા હાથમાં આવે એમ કરેા...."

અસવાર કશું સમજ્યેા નહિ...પણ તેણે ઘોડાનું મસ્તક ભાવડ તરફ લીધું. ભાવડે અશ્વની કાનસુરીની એક નસ પર કાંકરી દબાવી...ઘોડેા જાણ્યે અકળાઈને લાચાર બની ગયેા...ભાવડે કહ્યું : "આપનું નામ શું ?"

"વિજયસિંહ...આપનું નામ ?"

"વિજયસિંહ...આપનું નામ ?"

"ભાવડ.."

"ભાવડ શેઠ ?"

"હા શેઠ તેા ઠીક વાણીયાનેા દીકરેા છું એટલે સહુ શેઠ કહે...પણ તમારેા ઘોડેા હવે ચમકશે નહિં... મેં એને પાઠ ભણાવી દીધેા છે." ભાવડે આટલી વેદના વચ્ચે પણ હસતાં હસતાં કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" અરે શેઠજી, આપ તો અશ્વના જાણકાર છો... આપની પ્રસંશા મેં ઘણી સાંભળી છે. આવો હવે બેસાડું" વિજયસિંહે કહ્યું.

મહામહેનતે અને પગની પીડા મનથી પી જઈને ભાવડ અશ્વ પર અસવાર થઈ ગયો ...લગામ તેણે પોતાના હાથમાં લીધી . ત્યાર પછી કહ્યું : " ઓલું મારું પોટલું લઈ લ્યો ને તમે મારી વાંસે બેસી જાઓ..."

" પણ આ કાઠું..."

" એની ફિકર કરશો નહિં...પીઠ પર બેસજો ને કાઠું પકડી રાખજો."

વિજયસિંહે કાપડનું પોટકું જેમાં ગજ કાતર ભરાવેલાં હતાં તે ભાવડને આપ્યું અને તે પણ ભાવડની પાછળ બેસી ગયો.

ભાવડે અશ્વને પાછો વાળ્યો અને કહ્યું : " દરબાર, ઘોડો પાણીદાર છે...આને દસ દી સુધી કાળીજીરી ને ચણાની દાળનાં મુઠીયાં કરીને રોજ સવારે અચ્છેર જેટલાં ખવરાવજો. કાળીજીરી એક ભાગ ને ચણાની દાળ બે ભાગ લેજો."

" એમજ કરીશ..." વિજયસિંહે કહ્યું.

ભાવડના પગના પંજામાં ને થાપામાં અસહ્ય વેદના થતી પણ એ તરફ જરાયે લક્ષ્ય આપ્યા વગર તેણે ઘોડાને તીરવેગે ગામ તરફ છોડી મૂકયો...એક સરખી પાણીના રેલા જેવી ચાલ...બેસનારને જરાય થડકો ન આવે એવી સુખચાલ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયસિંહ તો આશ્ચર્યમાં ગરકાવ બની ગયો. પોતાનો અશ્વ આવી સરસ ચાલ ચાલી શકે છે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. તેના મનમાં થયું, લોકો ભાવડ શેઠના વખાણ કરે છે એમાં જરાય વધારે પડતું નથી. થોડી જ વારમાં અશ્વ કાંપિલ્યપુરના દરવાજા પાસે પહોંચી ગયો. ભાવડે અશ્વ ઊભો રાખતાં કહ્યું : " દરબાર, હવે ઉતરી જાઓ....મારું ઘર બહુ છેટું નથી....મારે લીધે તમારે બહુ ખોટી થવું પડયું."

" ભાવડ શેઠ, મને શરમાવશો નહિ...તમે તો આજ મારો પ્રાણ બચાવ્યો છે....તમારો ઉપકાર તો હું મરતાં સુધી નહિ ભુલું." કહી વિજયસિંહ નીચે ઉતરી ગયો.

ભાવડે મંદ ગતિએ અશ્વને આગળ કર્યો...વિજયસિંહ પાછળ પાછળ ચાલવા માંડયો.

થોડીજ વારમાં ભાવડના ઘરની ડેલી આવી ગઈ. ભાવડના કહેવાથી વિજયસિંહે ડેલી ખખડાવી. ભાગ્યવતીએ આવીને કહ્યું : " કોણ ? "

" હતો હું છું." ભાવડે કહ્યું.

ભાગ્યવતીએ ડેલી ઉઘાડી. ભાવડ અશ્વની પીઠ પર સૂઈ ગયો એટલે વિજયસિંહ અશ્વને દોરીને અંદર લઈ ગયો અને ભાગ્યવતી સામે જોઈને બોલ્યો. "બેન, ઓસરીમાં કે ઓરડામાં એક ખાટલો ઢાળો...હું ભાવડ શેઠને તેડીને લાવું છું."

" તેડીને ?" ભાગ્યવતીના વદન પર દુઃખની રેખાઓ ઉપસી આવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" બેન, મારા ઉપર ઉપકાર કરવા જતાં એમના પગના પંજાનું હાડકું જરા ભાગી ગીયું લાગે છે....ને ચાપામાં પછાટ છે..." વિજયસિંહે કહ્યું.

" ઓહ્ ! " કહીને ભાગ્યવતી દોડતી ઘરમાં ગઈ... ઓસરીના એક તરફના ભાગમાં ખાટલો ઢાળ્યો....તેના ઉપર ગાદલું મૂકયું...ત્યાં તો વિજયસિંહ ભાવડને બે હાથમાં તેડીને ઓસરીમાં આવી પહોંચ્યો.

ભાવડને ખાટલા પર જાળવીને સુવાડયો. ભાગ્યવતી જોઈ શકી કે સ્વામીના વદન પર પીડાની રેખાઓ નાચી રહી છે.

ભાવડે વિજયસિંહ સામે જોઈને કહ્યું: " દરબાર, હવે રાત રોકાઈને જાજો."

" ભાવડશેઠ, મારા પર કૃપા કરવી પડશે....મારે આજ રાતે પહોંચ્યા વગર છૂટકો નથી. સગપણ સાંધાનું કામ છે માટે મને માફ કરો...પણ હું દસબાર દી પછી જરૂર એક આંટો આવી જઈશ." વિજયસિંહે કહ્યું.

ભાગ્યવતી પાણીનો કળશ્યો ને પ્યાલો લઈ આવી.

વિજયસિંહે નીરાંતે જળપાન કર્યું. ત્યાર પછી કહ્યું : " ભાવડશેઠ, આ ગામમાં હાડવૈદ તો છે ને ? "

" હા...એ બધી વ્યવસ્થા થઈ જશે." ભાવડે કહ્યું.

વિજયસિંહે વિદાય લીધી.

ભાગ્યવતી ખાટલાની પાંગત પર બેસતાં સ્વામી સામે જોઈને બોલી : " શું થઈ ગયું ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકરી વેદના વચ્ચે પણ ભાવડ હસ્યો ને પત્નીનો હાથ પકડતાં બોલ્યો : " ભાગુ, અશુભ કર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે આવું ને આવું કંઈક બન્યા જ કરે. તું એક કામ પર પડોશમાંથી કોઈ બાળકને નિરંજનના ઘેર મોકલ ને કહેવરાવજે કે તરત હાડવૈદ્ય શિવુદાદાને લઈને આવે. "

ભાગ્યવતીએ પગ સામે જોયું. પગનો પંજો સુઝી ગયો હતો...તે સજળ નયને ઊભી થઈ. ભાવડ પત્નીનાં આંસુ જોઈ ગયો અને બોલ્યો : " ભાગુ, તું તો મારી હિંમત ને પ્રેરણા છે...આ રીતે નબળી પડીશ તો..."

ભાગ્યવતીના ગળા સુધી ડુમો આવી ગયો હતો. તે કશું બોલી નહિ...પડોશીના ઘેર જવા નીકળી ગઈ.

થોડી જ વારમાં તે પાછી આવી અને બોલી : " ગંગામાનો દીકરો પોતે જ ગયો છે ..પહેલાં તે શીવુદાદા પાસે જશે ને પછી નિરંજનને સમાચાર આપી આવશે..."

" સારું...જો હવે મને થોડુંક પાણી આપ... અને રાત પડી જાશે તો કશું લઈ શકાશે નહિં...મારા માટે એક ત્રાંસળું દૂધ કરી દે..ને તું જમી લે. હું તને નીરાંતે વાત કરું. "

ભાગ્યવતી કશું બોલી નહિં. સ્વામીને ટેકો આપીને જરા બેઠા કર્યા..પાણી પાયું...ત્યાર પછી તે રસોડામાં ગઈ.

થોડી વાર પછી તે દૂધનું ત્રાંસળું લઈને સ્વામીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથારી પાસે આવી. ભાવડે પત્ની સામે જોયું...રૂદન અને આંસુ પરાણે દબાવી રાખ્યાં હોય એમ લાગ્યું.

ભાવડે ધીરે ધીરે દૂધ પી લીધું...ત્યાર પછી પત્ની સામે જોઈને કહ્યું : " ભાગુ, તું હવે જમી લે...હમણાં જ શીવુદાદા આવશે. મને તો પાપના ઉદયકાળમાં પણ કોઈ પુણ્યે બચાવ્યો છે...તારે ગભરાવવાની કોઈ જરૂર નથી. જા...જમી લે તને મારા સોગંદ છે. "

મહાપ્રયત્ને ખાળી રાખેલું રૂદન વેગ સહિત બહાર નીકળી ગયું. સ્વામીના મસ્તક પર હાથ મૂકીને તે બોલી: " સ્વામી..."

" ભાગુ...તું રડીશ તો હું કેવી રીતે હિંમત રાખી શકીશ ? માનવીની સાચી કસોટી આવા સમયે જ થાય છે. જા તું જમી લે..."

ભાગ્યવતીની ભૂખ તો અદૃશ્ય થઈ ગઈ હતી...પણ સ્વામીના સોગંદ પડયા હતા...તે આંસુ લૂછતી પાણીયારે ગઈ....મોઢું ધોઈને રસોડામાં ગઈ.

સ્વામીના સોગંદ પાળવા પુરતું જમીને તે બહાર નીકળી ત્યારે તે સ્વસ્થ થઈ હતી.

" એટલી વારમાં શું બાધું ? "

" તમારા સોગંદ પાળ્યા છે. હવે મને કહો..."

ભાવડે રસ્તામાં બનેલી ઘટના વિગતથી કહી સંભળાવી. આજના વકરાની થેલી હજી પણ કેડયે ભરાવેલી હતી...તે કાઢીને પત્નીને આપી અને કહ્યું : " આ મૂકી દે....ચોવિચારનું ટાણું થવા આવ્યું છે, પાણી લેતી આવજે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીએ કહ્યું : " વૈદ્ય કાંક દવા ખાવાનું કહેશે તો..."

" ગાંડી, એક રાતમાં શું થવાનું હતું ? અને વ્રતને, ખંડિત કરવું એ બરાબર નથી.. કાયા કરતાંયે વ્રતપાલન એ મહત્ત્વની વસ્તુ છે. " ભાવડે કહ્યું.

ભાગ્યવતી વકરાની થેલી ઓરડામાં મૂકી આવી ત્યાર પછી બંનેએ પચ્ચખાણ લઈ લીધાં.

એજ વખતે ગંગામાનો આધેડ દીકરો ને શિવુદાદા ડેલીમાં દાખલ થયા. સૂર્યાસ્તને થોડી જ પળોની વાર હતી ભાગ્યવતીએ શિવુદાદાને આવકાર આપ્યો...

ગંગામાના દીકરાએ કહ્યું : " નિરંજનભાઈ પણ હમણાં જ આવશે. "

શિવુદાદા ભાવડના ખાટલા પાસે ગયા અને બોલ્યા : " શેઠીયા, આમ કેમ કરતાં થયું ? "

ભાગ્યવતી એક દીવો પ્રગટાવીને લઈ આવી.

ભાવડે શિવુદાદાને આજની ઘટનાની વાત કરી... શિવુદાદા બોલી ઉઠયા : " અરે રે... મારો નાથ કેવો છે ? ઉપકાર કરવા જાય એને જ પછાડે...ધરમીને ઘેરે જ ધાડ પાડે ! "

શિવુદાદાનું વય સાઠ વર્ષનું હતું અને આસપાસના પ્રદેશમાં તેઓ હાડવૈદ્ય તરીકે પ્રખ્યાત હતા.

શિવુદાદાએ ભાવડનો થાપો તપાસ્યો...પછી કહ્યું : શેઠ, તમે પુરા ભાગ્યશાળી છો...થાપાના હાડકાને કાંઈ નથી થયું...પછાટનું કળતર છે બે દીમાં થાળે પડી જશે..." ત્યાર પછી તેમણે પગનો પંજો તપાસ્યો. .બરાબર ઝીણવટથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને કહ્યું : "બે હાડકાં રાઈ ગયાં છે...ભાવડશેઠ, એક મહિના સુધી પથારીમાં રહેવું પડશે...ઉઠવા બેસવામાં વાંધો નથી...પણ ચાલીને કયાંય જવાશે નહિ."

"ઈ તો આપની આજ્ઞા પ્રમાણે જ વર્તીશ." ભાવડે કહ્યું.

શિવુદાદાએ ભાગ્યવતી સામે જોઈને કહ્યું : "ઘરમાં રૂ હશે ?"

"હા દાદા...."

"જુનું ધોતીયું હોય તો લઈ આવો...હું પાટો કરી લઇશ....અને થોડુંક ગરમ પાણી મૂકી દીઓ."

"એકાદ તપેલી જેટલું મૂકું...?"

"ના રે...એક વાટકા જેટલું." કહીને શિવુદાદાએ પોતાની સાથેની નાનો પેટી ખોલી.

એજ વખતે નિરંજન અને દમયંતી આવી પહોંચ્યાં.

શિવુદાદાએ લેપનો ભૂકો કાઢયો....અને એક બીજી જાતનો લેપનો ભૂકો પણ કાઢયો.

ભાગ્યવતી રૂ ને ધોતીયું લઈ આવી.

શિવુદાદાએ ધોતીયામાંથી બે પાટા કાઢયા... લાલ રંગનો લેપ હતો તે ભાગ્યવતીના હાથમાં મૂકતાં કહ્યું : "ગરમ પાણીમાં વાટીને લાવો."

નિરંજને કહ્યું: "લાવો ભાભી, હું જ વાટી દઉં છું.'

શિવુદાદાએ કહ્યું : "ઘરમાં અફિણની કટકી હશે ?"

ભાગ્યવતીએ કહ્યું: "ના....પણ પડોશમાંથી મંગાવી દઉં...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એમ તો મારી દાબડીમાં છે..." કહીને તેમણે અંગરખાના ગજવામાંથી એક દાબડી કાઢી....અને ભાવડ સામે જોઈને કહ્યું : "શેઠજી, થોડું અફીણ ગળવું પડશે."

"કેમ દાદા ?"

"મારે પંજાનાં હાડકાં સરખાં કરવાં છે એટલે એની પીડા તમને નો થાય..."

"દાદા, મને પીડા નહિ થાય....અને સૂર્યાસ્ત પછી મારે પાણી પણ નથી ખપતું."

"ધન્ય છે મરદ તને!" શિવુદાદા રંગમાં આવી ગયા.

અને તેમણે લેપ વટાઈને આવ્યો ત્યારે જમણા પગના પંજાના હાડકાં સરખાં કર્યાં....એ વખતની પીડા અસહ્ય હોવા છતાં ભાવડ મનમાં નવકારનું સ્મરણ કરતો રહ્યો ને ઓયકારો પણ ન નાખ્યો.હાડકાં બરાબર ગોઠવાયાની ખાત્રી કરીને શિવુદાદાએ લેપ લગાડવો શરૂ કર્યો. લેપ લગાડયા પછી તેના ઉપર રૂ વીંટયું...અને પેટીમાંથી ખપાટના ટૂકડા કાઢીને પગના માપ પ્રમાણે વીણીને પગના નીચે ને ઉપર ગોઠવ્યા ..પછી બરાબર પાટો વિંટવા માંડયો પગના પંજાનો પાટો બંધાઈ ગયા પછી કાળારંગનો લેપ વાટવા આપ્યો.....

ભાગ્યવતી ઊભી હતી. પોતાના સ્વામી કેટલા કઠણ છે, મનથી ને કાયાથી એનો તે વિચાર કરી રહી હતી. ત્યાં શિવુદાદા બોલ્યા : "દિકરી, આ લેપ થાપા પર લગાડું છું...પછી છાણાના તાપનો શેક એકાદ પ્રહર સુધી કરજો... મારા નાથની દયા તો સવારે થાપામાં કાંઈ નહિં હોય..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરંજન કાળો લેપ વાટી લઈ આવ્યો.

શિવુદાદાએ ભાવડને પડખા ભેર સુવાડ્યો.....ત્યાં ઉભેલી બંને સ્ત્રીઓને ઓરડે બેસવાનું કહ્યું. ત્યાર પછી ભાવડનું ધોતીયું છેક નીચે ઉતારીને થાપા પર કાળો લેપ કર્યો...લેપ ઉપર ધોતીયામાંથી માપનું લુગડું કાઢીને ચોડી દીધું...પછી ધોતીયાની કાછડી છૂટી કરીને ઢીલું ધોતીયું બાંધી દીધું.

કામ પુરું થયા પછી શિવુદાદાએ ભાવડનો હાથ પકડીને કહ્યું : " ભાવડશેઠ, હું તમારા વખાણ નથી કરતો...પણ મારી જીંદગીમાં મેં તમારા જેવો કઠણ માણસ એક પણ નથી જોયો."

ભાવડે કહ્યું : " દાદા, જે પીડા આવી પડી છે તે તો ભોગવવાની જ છે; પછી રડતાં રડતાં શા માટે વેઠવી ? "

"આવી સમજ લાખે એકમાં હોય....હવે આ પગના પંજાનો પાટો આઠમે દી હું ખોલવા આવીશ. થાપાનો લેપ તો કાલ સવારે જ ઉખડી જશે...પછી બીજી વાર લેપ લગાડવાની જરૂર નહિં રીયે...સવાર સાંજ મીઠાની પોટલીનો શેક કરવો. વધારે નહિં... બબે ઘડી ! ખોરાકમાં દહીં, છાસ, આમલી નો લેવાં...ઘી દૂધનો વધારે ઉપયોગ કરવો...સવાર સાંજ શીરો કરીને ખાવો."

આ પ્રમાણે બધી વ્યવસ્થા કરીને શિવુદાદા વિદાય થયા.

નિરંજન અને દમયંતી અહીં જ રોકાઈ ગયાં.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીએ એક પ્રહર પર્યંત ગોટાનો શેક કર્યો. દમયંતી ગોટો તૈયાર કરતી અને ભાગ્યવતી શેકતી. વચ્ચે વચ્ચે નારાયણ પણ સહાયક થતો.

મોડી રાતે ભાવડને નિદ્રા આવી ગઇ એટલે દમયંતી અને ભાગ્યવતી ઓરડામાં સૂઈ ગયાં અને નારાયણ ઓસરીમાં સૂઈ ગયો.

ભાગ્યવતીને નિદ્રા કયાંથી આવે ? દમયંતી નીરાંતે સૂઈ જાય એટલા ખાતર તે આંખો બંધ કરીને પડખા ભેર થઈ ગઈ હતી...પરંતુ સ્વામીની આવી સ્થિતિ જોઇને કઈ પત્નીને નિદ્રા આવે ? શિવુદાદા પુરું આશ્વાસન આપી ગયા હતા, છતાં મનમાં અનેક શંકાઓ કુશંકાઓ જન્મતી હતી. થાપાનું હાડકું તો નહિ ભાંગ્યું હોય ને ? શિવુદાદાએ બરાબર તપાસ કરી હતી, પણ એ ભાગ પુષ્ટ અને માંસલ હોવાથી કદાચ ખબર ન પડી હોય તો ! ઓહ, તો તો ભારે થાય .. એક મહિના સુધી પથારીમાં રહેવાનું છે.... મહિના પછી નહિ ચાલી શકાય તો ? અરે, એવાં કયાં પાપ કર્મનો ઉદય આવ્યો હશે કે આવી અણધારી પીડા ઉભી થઈ ? હે શાસનદેવ, અમે સદાય ધર્મભીરૂ રહીએ છીએ....ખૂબ જ સાવધ રહીએ છીએ...પાપથી દૂરજ રહીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છીએ.. છતાં આવી વિપત્તિ કયાંથી આવી પડી ? જરૂર આ કોઇ પૂર્વકર્મનો જ ઉદય છે...હે મા પદ્માવતી, હે શાસનદેવ, આપ સહાયક થજો...અમારાં ચિત્ત ધર્મમાં સ્થિર રાખજો...

આવા અનેક વિચારો, પ્રાર્થનાઓ અને ચિંતવનો કરતાં કરતાં ભળકડું થઈ ગયું. ભાગ્યવતી આસ્તેથી ઊભી થઈ. સ્વામીના ખાટલા પાસે જઇને જોયું તો ભાવડ નિદ્રાદેવીના ખોળે પોઢી ગયો હતો.

સૌથી પ્રથમ તેણે ગાયને નીરણ નાખી ..ત્યાર પછી જરાય અવાજ ન થાય તે રીતે વાસી કામ કરવા માંડયું. હજી સૂર્યોદયને બેત્રણ ઘટિકાની વાર હતી એટલે વાસી કામ પતાવીને પ્રતિકમણ કરવા બેસી ગઈ.

દમયંતી જ્યારે જાગૃત થઈ ત્યારે તેણે જોયું, ભાભી ધર્મારાધન કરવા બેઠાં છે. ભાભીની પથારી પણ ઉપડી ગઈ હતી...તે લઘુશંકા અર્થે બહાર આવી...જોયું તો પંડિત અને ભાવડ શેઠ નીરાંતે સૂતા હતા.

ભાગ્યવતી પ્રતિકમણ પુરું કરીને ઊભી થઈ, વસ્ત્રો બદલાવીને બહાર આવી. દમયંતી ફળીમાં આવેલા લીમડા નીચે ઊભી ઊભી દાતણ કરી રહી હતી. ભાગ્યવતી તેની પાસે ગઈ એટલે દમયંતીએ કહ્યું: "ભાભી, બહુ વહેલા ઊઠયાં લાગો છો ! બધું વાસી કામ પતાવી નાખ્યું છે. મને જગાડવી હતી ને !"

"મને વહેલા ઉઠવાની ટેવ છે. હવે હું ગાયને ખાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીને ગાય દોહી લઉં છું. એ લોકો હજી સૂતા છે..... જાગે તો મારા દિયરને દાતણ આપજે."

"મારા જેઠને નહિ ?"

"ના....અમારે હજી બે ઘડીની વાર છે. હું હમણાં જ પતાવીને આવું છું." કહીને ભાગ્યવતી ઘરમાં આવી.

નારાયણ ને ભાવડ હજી સૂતા હતા.

ગાયને ખાણ ખવરાવી, દોહી ને ભાગ્યવતી ઘરમાં આવી ત્યારે નારાયણ ને ભાવડ જાગી ગયા હતા....ભાવડ મનમાં નવકારનું સ્મરણ કરી રહ્યો હતો. કારણ કે ગઈ રાતે તે પ્રતિક્રમણ કરી શક્યો નહોતો.

ભાગ્યવતીએ ચૂલો વહેલો સળગાવીને નાહવાનું પાણી મૂકી દીધું હતું. પાણી ખદખદી ગયું હતું. એટલે તેણે ચૂલામાં છાણા લાકડાં નાખી પાણીનું ઠામ બાળીને નીચે ઉતાર્યું અને દૂધ ગરમ કરવા મૂકી દીધું.

દમયંતીને રસોડામાં બોલાવીને દૂધની સંભાળ રાખવાનું કહ્યું. ત્યાર પછી ભાગ્યવતી ઓસરીમાં આવી. નારાયણે દાતણ ચાવતાં ચાવતાં કહ્યું: "મારા ભાઈના ચહેરા ઉપર ઘણું સારું લાગે છે."

"તમારા જેવા મિત્રના આશિર્વાદ કદી નિષ્ફળ ન જાય...તમે દાતણ કરી લ્યો ત્યાં હું બાજુના કુવેથી પાણીનું બેડું ભરી આવું." કહી ભાગ્યવતી પાણીયારા તરફ વળી. તરત નારાયણ બોલ્યો : "ભાભી, તમે રહેવા દો....હું ને દમ્મુ જઈએ છીએ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" શરમાવ જરા...દમ્મુ રસોડામાં દૂધ ગરમ કરી રહી છે....મને વાર નહિં લાગે." કહી ભાગ્યવતી બેડું લઈને ચાલતી થઈ.

નિરંજન ઉઠીને રસોડામાં ગયો અને દમયંતી સામે જોઈને બોલ્યો : " સીરામણનું શું કરશું ? "

" મહાશંકરની થોડીક મીઠાઈ લઈ આવોને ! "

" બરાબર છે..." કહી નિરંજન બહાર આવ્યો ને દાતણ મોઢામાં રાખીને જડેલી બહાર નીકળી ગયો.

ભાવડ હજી નવકારનું સ્મરણ કરી રહ્યો હતો. નિરંજન મીઠાઈ લઈને આવ્યો તે દરમ્યાન દમયંતીએ ચાર બેડાં પાણીના ભરીને ગોળા, ગોળી વગેરે ભરી લીધાં હતાં.

નિરંજન એક કળશ્યો ભરીને શૌચ માટે નીકળી પડયો. દમયંતી તો ફળીના વાડામાં જ આવી હતી.

ભાવડની નવકારવાળી પુરી થઈ ભાગ્યવતીએ પાસે આવીને કહ્યું: " કેવીક પીડા છે ? "

" શિવુદાદાનો હાથ અડે પછી પીડા રહે જ કયાંથી ? પગના ફણા કરતાંય મને થાપાનું દરદ ભારે હતું...અત્યારે કાંઈ નથી...એમ થાય છે કે જાણ્યે મને પછાટ લાગી જ નહોતી. હવે મારે કળશ્યે જાવું છે તે કેમ થાશે ? "

" સુતાં સુતાં જ જવું પડશે....હું રાખવાળી કુંડી લઈ આવું છું..." કહી ભાગ્યવતી ફળીયામાં આવી.

દમયંતી પણ દૂધનું પતાવીને ફળીયામાં જ બેઠી હતી....દમયંતીએ કહ્યું : " દમ્મુ, તું અહીં જ બેસજે... હું તારા જેઠને કળશ્યો કરાવી લઉં."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" નીચે બેસાડશો નહિં ભાભી..."

" શિવુદાદાની રજા વગર એક ડગલું ય ન ભરાય. " કહો ભાગ્યવતી ઓસરીમાં આવી.

તંદુરસ્ત માનવીને મળશુદ્ધિમાં જરાય વિલંબ થતો નથી. શૌચકાર્ય પતી ગયા પછી ભાગ્યવતી ઉકરડે મેલું નાખી આવી.

શેકના છાણા સળગી ગયાં હતાં. નારાયણ પણ આવી ગયો હતો...પચ્ચકખાણ પાળવાનો સમય પણ થઈ ગયો હતો.

ભાગ્યવતી છાણાનો તાપ લઈને આવી પહોંચી. નારાયણ અને દમયંતીને નહાવા માટે બેસાડ્યાં.

થાપાનો સઘળો લેપ ઉખડી ગયો હતો... સોજો પણ સાવ ઉતરી ગયો હતો....પીડાનું નામ નિશાન નહોતું.

ભાગ્યવતીએ શેક કરવા માંડયો.

ભાવડે કહ્યું : " ભાગુ, તે પ્રતિકમણ તો કરી લીધું છે ને ? "

" હા....શેક કરીને પછી તમારું ધોતીયું બદલાવી દઉં...પછી દાતણ આપું."

નારાયણ નાહીને તૈયાર થઇ ગયો. શેક પુરો કરીને ભાગ્યવતીએ ધોયેલું ધોતીયું બેવડું કરીને સંભાળપૂર્વક પહેરાવ્યું.

ભાવડે કહ્યું: " નારાયણ, તું મને ટેકો આપીને જરા બેઠો કર એટલે તારી ભાભી તકીયો ગોદડું ગોઠવી દીયે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારાયણે પ્રશ્ન સૂચક નજરે ભાગ્યવતી સામે જોયું.” તે બોલી: “પગનો પંજો ન ચાલે એટલી સંભાળ રાખજો.”

નારાયણે ભાવડને બેઠો કર્યો. ભાગ્યવતીએ એક તકીયાને ગોદડાનો ગોળ વીંટો ગોઠવી દીધો.

ત્યાર પછી બંનેએ પચ્ચખાણ પાળી દાતણ કર્યું, સહુએ શિરામણ કર્યું. નારાયણને ને પત્નીએ દૂધ ને મિઠાઈ લીધાં.ભાગ્યવતીએ પણ સ્વામીને થોડી મીઠાઈ પીરસી.

ભાવડે મીઠાઈ નો ટૂકડો હાથમાં લઈ ને કહ્યું: “મીઠાઈ કયાંથી આવી ?”

“તમારા મિત્રને બીજું ખપે નહિં એટલે ગુપચુપ જઈને લઈ આવ્યા.”

ભાવડે નારાયણ સામે મીઠી નજરે જોતાં કહ્યું: “નારાયણ, તમે બંને ઘેર જઈ આવો....મને ઘણું સારું છે...અહીં રસોઈની પંચાત થશે.”

નારાયણને પણ થયું કે તબિયત સારી છે એટલે ઘેર જવામાં હરકત નથી. થોડી વાર પછી બંને માણસો ઘેર ગયા.

ભાગ્યવતીએ કહ્યું : “આજ પૂજાનું શું થશે ?”

“તું નાહીને જા...ડેલીયે બહારથી સાંકળ વાસી દેજે.”

“મને તમને એકલા મૂકીને...”

“પણ કશો વાંધો નથી...તું પૂજા મૂકીશ નહિ.... હું બેઠો બેઠો ભગવંતનું સ્મરણ કરીશ.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" સારું....પહેલાં ચૂલે દાળ મૂકી દઉં પાછી નાહીને જઈશ. " કહી ભાગ્યવતી ઊભી થઈ.

લગભગ અર્ધ ઘટિકા પછી ભાગ્યવતી સ્નાન કરીને બહાર નીકળી. ભાવડે કહ્યું : " મારાવતી ભગવંતને ચંદ્રક કરજે ભરવાડ હજી આવ્યો નથી ને ! "

"ના....એતો આવીને ગાયને લઈ જશે." કહી ભાગ્યવતી ઓસરીની જાળી અટકાવીને પૂજની થાળી સાથે શ્રી જિન મંદિર તરફ રવાના થઈ.

આઠમે દિવસે શિવુદાદાએ આવીને પંજનો પાટો ખોલ્યો સોજો નામનો યે નહોતો રહ્યો...તેઓએ બંને હાડકાં બરાબર ગોઠવાયાની ફરીવાર ખાત્રી કરી લીધી. ત્યારપછી બાંધીયા મૂકીને બીજો પાટો બાંધ્યો...પગના થાપાને સાવ સારું હતું....છતાં તેમણે થાપો તપાસી લીધો. ત્યારપછી ભાગ્યવતી સામે જોઈને કહ્યું : " દિકરી, સતિનું સત એજ એના ધણીનું સાચું રક્ષણ છે. એક મહિના સુધી આની આ કાળજી રાખવાની છે. બેસવામાં જરાય હરકત નથી...પણ પડખું ફરવામાં સાવચેતી ખૂબ રાખવી. પગનો પંજો દબાય નહિ કે આડો અવળો થાય નહિ એટલી સંભાળ જરૂર રાખવી." ત્યાર પછી ભાવડ સામે જોઈને કહ્યું : " શોઠયા પગ હતો એવો જ થઈ જશે...ચાલવામાં બેએક મહિના સંભાળ રાખવી પડશે...પણ ઈ બધું હું મહિના પછી કહીશ .."

" શિવુદાદા, આમ તો મને બીજી કાંઇ તકલિફ નથી...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂતા સૂતા કંઈક્યે જાવું પડે છે ઈ એક મોટી ઉપાધિ છે." ભાવડે કહ્યું.

" આઠ દીતો વીતી ગયા...હવે બાવીસ દિવસ રહ્યા છે...ચપટી વાગતાં પુરા થઈ જશે..."

" પાટો છોડયા પછી હાલવા ચાલવામાં બીજા બે મહિના લાગશે ? "

" હા શેઠ, હાડકાં બરોબર ગંઠાઇ ન જાય ત્યાં સુધી સંભાળ રાખવી જ જોઈએ અને પથારીમાં ઉતર્યા પછી ચાલતાં શીખવું પડશે...આ પગ સીધો ને સીધો રાખ્યો છે એટલે પાંચપંદર દી અભ્યાસ કરવો પડશે." શિવુદાદાએ હસતાં હસતાં કહ્યું.

ભાગ્યવતીએ પૂછ્યું: " આ પાટો કયારે છોડવાનો ?"

" આઠમે દિવસે....ઈ તો હું મારી મેળે જ આવી જઈશ...." કહીને શિવુદાદા નાની પેટીકા સાથે વિદાય થયા.

ભાવડશેઠ જે દિવસે ધનવાન હતો તે દિવસે સહેજ માથાનો દુઃખાવો થયો હોય તો સગાવહાલાંઓ ટોળે વળીને આવતાં...એટલું જ નહિ ગામના વેપારીઓ, સંબંધીઓ ' ભાઈ ભાઈ ' કહીને પોતાનો અદ્‌ભુત ભાવ વ્યક્ત કરતા.

અને આજ આવનારાઓમાં નારાયણ, તેની પત્ની, નારાયણના પિતાશ્રી, ગંગામા અને ગંગામાનો દીકરો. જ્ઞાતિનાં ઘર ઘણાં હતાં...પણ આથમતા સૂર્યનાં કિરણો કોણ લેવા જાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાતે નારાયણ, ભાગ્યવતી અને દમયંતી ભાવડના ખાટલા પાસે બેઠાં હતાં, વાતવાતમાં નારાયણે પૂછયું : "ભાવડ, તારા સંબંધીઓ તો ઘણા છે...તારાં બેનને સમાચાર મોકલ્યા છે કે નહિં ?"

"નાના...આ કયાં મોટો મંદવાડ હતો ! સમાચાર મોકલું એટલે બિચારીના હૈયામાં વલોપાતનો અંત ન આવે અને આવા જેઠમાં એને આવવું પડે...વળી માથે વરસાદનો ભય ઊભો જ છે."

"ઈ બરાબર છે....પણ ગામમાં કોઈ ને સમાચાર નથી મોકલ્યા ?"

"ગામમાં તું છો તે તને તરત બોલાવ્યો હતો... બાકી નારાયણ, સુખમાં સાથ આપનારાઓ ઘણા હોય છે... દુઃખમાં સામું જોનારાનો પણ અભાવ થઈ પડે છે. મારે મન તો તું આવી ગયો એટલે આખું ગામ આવી ગયું." ભાવડે હસતાં હસતાં કહ્યું.

"હું એ દૃષ્ટિએ નથી કહેતો...તારા પગે હાડકું ભાંગ્યું છે. શિવુદાદા પાટા બાંધે છે, તું ખાટલે છે ને હરીફરી શકતો નથી. આ વાત ગામમાં છૂપી નથી...તેં ઘણા પર ઉપકાર કર્યા છે, ઘણાની મુશ્કેલીઓ દૂર કરી છે. અને તારો વેપાર ચાલતો હશે ત્યારે તારા વેપારી મિત્રોનો પણ પાર નહિં હોય ! મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ બધા માણસોના દિલમાં શું ભાવના હશેજ નહિ ?"

"નારાયણ, જ્યાં દિલ હોય ત્યાં ભાવના હોય જ... પરંતુ પૂર્વકર્મના યોગે જ્યારે પડતી આવે છે ત્યારે સગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈ પણ આડી નજરે ચાલતા હોય છે...અરે પત્ની, પુત્ર, પરિવાર પણ અકળાતો હોય છે. આમાં કોઈ નો દોષ કાઢવા જેવું કે આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પાપકર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે માનવીને બેસવાનો ઓટલો પણ મળતો નથી. હું તો ઘણો ભાગ્યશાળી છું... દુઃખની કોઈ અસર મન પર થતી નથી. પત્ની પુણ્યવતી મળી છે ને બે ટંકનું ધાન પણ પ્રાપ્ત થાય છે. તારા જેવો ભાવના શિલ મિત્ર છે, ગંગામા જેવા મમતાળુ પડોશી છે... ખરે-ખર નારાયણ મને કોઈ વાતનું આશ્ચર્ય નથી થતું."

નારાયણે ભાગ્યવતી સામે જોઈને કહ્યું : " મારો ભાઈબંધ તો થાતી જુવાનીમાં જ વિરક્ત બની ગયો લાગે છે....તમારા મનમાં કાંઇ નથી થતું ? "

" તમે પરણ્યા તોય પંડિતના પંડિત રહ્યા.... પુરુષની દુનિયા વિરાટ છે...સ્ત્રીની દુનિયા તો એના પતિમાં જ સમાયેલી છે. એમને કોઈ વાતનું દુઃખ ન થાય તો મને શા માટે ન થાય ? તમે તો જુવો છો...અમે નીરાંતે જીવી રહ્યાં છીએ...કોઇ વાતનો અભાવ નથી, કોઈ પાંતીનું દુઃખ નથી ને કોઈ જાતનો વલવલો નથી." ભાગ્યવતીએ હસતાં હસતાં જવાબ આપ્યો.

ત્યારપછી નારાયણ અને દમયંતી વિદાય થયાં.

બીજે દિવસે શ્રીજિનપૂજન કરીને ભાગ્યવતી ઘેર આવી ત્યારે ગંગામાએ ઘણું કામ પતાવી નાખ્યું હતું... ભાગ્યવતીએ કહ્યું : " મા, તમે આ બધું શું કર્યું ? "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" જો દીકરી, ઘરમાં ગંગાની વહુ છે તે કાંઈ કામ કરવા દેતી નથી....અને તારું કામ કાંઈ પરાયું નથી. તમારા મેલાં કપડાં હોય ઈ કાઢી આપ ..આજ વહુએ ધોણ કાઢી છે."

" મા, પછી હું નવરી બેઠી શું કરીશ ? "

" તને મેં કોઈદી નવરી જોઈ નથી .. મારા દીકરાની પથારી ઉપડ્યા પછી હું કોઈદી નહીં કઉં..." ગંગામાએ કહ્યું.

ભાગ્યવતીએ ઓરડામાં જઈને પૂજનનાં વસ્ત્રો બદલાવ્યાં ...અને ગંગામા ધોણ લીધા વગર નહિં જાય એ પણ ચોક્કસ હતું એટલે ભાગ્યવતીએ આઠ દસ મેલાં કપડાંની પોટલી કરીને ઓસરીમાં મૂકી.

ગંગામાએ પોટલી લેતાં કહ્યું : " હવે હું જાઈશ... વહુ નદીએ જાશે...કાંઈ કામ હોય તો ટહુકો કરજે."

" મા, તમે ખરેખર મા છો." ભાવભર્યા સ્વરે ભાગ્યવતી બોલી.

" દિકરી તેં મારી ઈજ્જત વધારી." કહીને ગંગામા ચાલ્યાં ગયાં.

ભાગ્યવતી પતિની શય્યા પાસે આવીને ઊભી રહી. ભાવડ બંને પગ લાંબા રાખીને તકીયાને અઢેલીને બેઠો હતો. પત્ની સામે સ્નેહભરી નજરે જોતો બોલ્યો : " ભાગુ, તને જોઉં છું ને મને એમ જ થાય છે કે મારા માથે કોઈ પ્રકારનું દુઃખ નથી... અને તને જોઈ ને એક નિઃશ્વાસ પણ નખાઈ જાય છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કેમ ?" ભાગ્યવતીએ મધુર હાસ્ય સહિત પ્રશ્ન કર્યો.

ભાવડે વેદના ભર્યા સ્વરે કહ્યું : "મારી કલ્પના મુજબનું સુખ હું તને આપી શકતો નથી."

"વળી આવો વિચાર કયાંથી આવ્યો ? તમારી કલ્પના ગમે તે હોય પણ મારી કલ્પનાના સુખની મને જરાયે ખોટ નથી...હા, એક વાત કહેતાં તો સાવ ભૂલી ગઈ, ગઈ સાંજે આપણા ઉપાશ્રયમાં યતિદાદા ને એમના ત્રણ શિષ્યો પધાર્યા છે....પૂજા કરીને હું એમને વાંદવા ગઈ હતી...મને જોતાં જ મુનિદાદાએ મને ઓળખી કાઢી અને આપના સમાચાર પૂછયા. મેં કહ્યું, એમને પગે જરા હાડકું ભાગી ગયું છે તે પથારીમાં છે...પછી મેં એમને ગોચરી માટે વિનતિ કરી....યતિદાદા પોતે આજ પધારવાના છે."

"ઘણું ઉત્તમ થયું...ચાતુર્માસ અહીં કરવાના છે ને ?"

"ના...વલ્લભીપુર તરફ જવાના છે. પરમ દિવસે જ વિહાર કરવાના છે."

"ભારે પવિત્ર આત્મા છે...આપણા લગ્ન વખતે તેઓ અહીં ચતુર્માસ નિમિત્તે આવ્યા હતા." ભાવડના વદન પર સાધુ દર્શનની આશાએ પ્રસન્નતા ખીલી ઉઠી.

ભાગ્યવતી રસોડામાં ગઈ.

જૈન યતિ-મુનિઓ તે કાળે માત્ર એક જ વખત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોચરી લેવા નિકળતા હતા અને તે પણ મધ્યાન્હ વેળાએ... કારણ કે એમના નિમિત્તનું કંઇ પણ તેઓને અપી શકતું નહોતું. જૈન સાધુઓ વિશેષ પરિગ્રહ રાખતા જ નહિં... માત્ર બે જોડી જીર્ણ વસ્ત્રો, બપ પુરતા પાતરાં, એકાદ કામળી આ સિવાય તેઓ કશું રાખતા નહોતા.

મધ્યાન્હ સમયે પોણોસો વર્ષની વયના યતિદાદા પોતાનાં એક શિષ્ય સાથે ભાવડના ઘેર આવ્યા. તેમણે ભાવડની પરિસ્થિતિ અંગે ગઈ રાતે જ બીજા શ્રાવકો પાસેથી જાણી લીધું હતું.

ઓસરીના દ્વાર પાસે આવીને યતિદાદા ગંભીર સ્વરે બોલ્યા : " ધર્મલાભ ! "

ભાગ્યવતીએ વંદના કર્યા...અને કહ્યું : " શ્રાવક ઓસરીમાં જ છે...ચાલી શકે એમ નથી."

યતિદાદાએ ઓસરીમાં જોયું...ભાવડ બે હાથ જોડીને મસ્તક નમાવી વંદના કરી રહ્યો હતો.

યતિદાદા તેની પાસે ગયા.

એમનો શિષ્ય ગોચરી માટે રસોડાના દ્વાર પાસે ઊભો રહ્યો ભાગ્યવતી ભાવપૂર્વક વહોરાવવા માંડી.

યતિદાદાએ ભાવડના નમેલા મસ્તક પર હાથ ફેરવી વાસક્ષેપ નાખ્યો અને કહ્યું: "ભાવડ, ધર્મમાં સ્થિર છે ને ?"

" હા ભગવંત...આપની કૃપાથી ધર્મશ્રદ્ધાને જરાયે આંચ નથી આવી."

દાદાએ ભાવડના ચહેરા સામે જોઈ ને કહ્યું : " ભાવડ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારા અંગેની મેં બધી વાત સાંભળી....તારી ટેક અને તારી પ્રમાણિકતા આદરણીય છે...પણ કસોટી ઉત્તમ જીવોની જ થાય છે...તારી કસોટી કાળ પુરો થવા આવ્યો છે. પાપકર્મના ઉદયનો અંત હવે હાથ વેંતમાં છે....તેં જે ધૈર્ય રાખ્યું છે તે બરાબર જાળવજે...લૌકિક દૃષ્ટિએ તું એટલો સુખી થવાનો છે કે જેનું હું વર્ણન કરતો નથી. ભાવડ, તું ને તારી પત્ની ભાગ્યશાળી છો...તારે ત્યાં એક પુત્ર રત્ન આવશે અને હું તને શું કહું...એ પુત્ર ભારે પરાક્રમી ધર્મિષ્ઠ અને મહાતીર્થનો ઉદ્ધારક બનશે."

ભાવડનાં નયનો સજળ બની ગયાં. તેણે ફરીવાર મસ્તક નમાવ્યું.

યતિદાદાએ કહ્યું : " ભાવડ, એક વાત યાદ રાખજે... આવતા કાર્તિક માસમાં આ નગરીમાં એક ઘોડી વેંચવા કોઈ પરદેશી આવશે...એ ઘોડીનું જે ધન માગે તે આપીને તું ખરીદી લેજે."

" ભગવંત, આપની કૃપા હું કદી નહિ ભૂલું."

ભાગ્યવતી યતિદાદાના શિષ્યને વહેરાવી રહી હતી. તે એટલી દત્તચિત્ત હતી કે યતિદાદાએ કહેલી ભવિષ્ય વાણી તેના કાન સુધી આવી જ નહોતી.

યતિદાદા ધર્મમાં સ્થિર, દૃઢ અને શ્રદ્ધા યુક્ત રહેવાનો ઉપદેશ આપીને શિષ્ય સાથે વિદાય થયા.

ભાગ્યવતી વિનય અને શ્રદ્ધાના પ્રતિક રૂપે યતિદાદાને વળાવવા ડેલી સુધી ગઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યતિદાદાએ કહ્યું : "શ્રાવિકા, ધર્મ એ જ જીવનનું અમૃત છે....એ અમૃત જેને પ્રાપ્ત થાય છે તેને પૂર્વ કર્મના યોગે ગમે તેવાં સંકટ પડતાં હોય છતાં તેઓ હસતાં હસતાં સંકટોને પી જાય છે."

ભાગ્યવતીએ મસ્તક નમાવીને કહ્યું : "ભગવંતના દર્શન હવે ક્યારે થશે ?"

"વલ્લભીપુરમાં ચાતુર્માસ છે....પછીની તો મનેય કોઈ કલ્પના નથી." કહી યતિદાદાએ ધર્મલાભ રૂપી અમૃત વરસાવ્યું.

વૃદ્ધ, પવિત્ર અને મહાજ્ઞાની યતિદાદાને જતા તે સજળ નયને જોઈ રહી. તેઓ જ્યારે એક શેરી બહાર નીકળી ગયા ત્યારે ભાગ્યવતી ડેલી અટકાવીને પાછી વળી.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યતિદાદાને વેાળાવીને ભાગ્યવતી પાછી આવી ત્યારે તેનું મન ધન્યતા અનુભવી રહ્યું હતું.

પતિ પાસે જતાં જ તે બેાલીઃ " આજ ઘણા લાંબા સમયે આપણને લાભ મળ્યેા. "

"તું અહીં બેસ ભાગુ...આજ યતિદાદાએ મને શું કહ્યું તે તેં સાંભળ્યું હતું ને ? "

" ના...પરંતુ ધર્મમાં સ્થિર રહેવાની પ્રેરણા આપી ગયા હેાય એમ કંઈક અનુભાન કરી શકું છું. મારું ચિત્ત ગેાચરી વહેારાવવામાં હતું...દાદાએ શું કહ્યું ? "

" ઘણું કહ્યું...આપણા દુર્ભાગ્યનેા અંત આવે છે અને પુણ્યેાદય શરૂ થવાનેા છે એ કહ્યું. આપણે ત્યાં એક પુત્ર રત્ન થશે અને તે મહાન કીર્તિ પ્રાપ્ત કરશે. કેાઇ મહાન તીર્થનેા ઉદ્ધાર એના હાથે થશે...અને આવતા કાર્તિક માસમાં આ નગરીમાં એક ઘેાડી વેચવા કેાઇ પરદેશી આવશે. એ ઘેાડો માગ્યું મૂલ્ય આપીને અવશ્ય ખરીદી લેવાની વાત કરી." ભાવડે પત્નીના પ્રસન્ન વદન સામે સ્થિર નજરે જોતાં કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીએ કહ્યું: "સ્વામી, મહાપુરુષોની વાણી અવશ્ય ફળે છે."

"એકવાર દાદાના દર્શને જવાનો તીવ્ર ભાવના જાગી છે.....પરંતુ આ પગ."

વચ્ચે જ ભાગ્યતીએ કહ્યું : " શું કરીએ ? યતિદાદા તો આવતી કાલે વિહાર કરવાના છે...આપનાથી ચાલી શકાય એવા સંયોગો નથી. ઉત્તમ ભાવના છે એ જ ઘણું છે."

" મને એક વિચાર આવ્યો હતો."

" કહો "

" આવતી કાલે યતિદાદા વિહાર કરે ત્યારે ખાટલામાં સૂતા સૂતા ગામને ગોંદરે ન જઈ શકાય ? "

ભાગ્યવતી વિચારમાં પડી ગઈ. થોડીવાર પછી બોલી : " જઈ તો શકાય....પરંતુ....કંઈ નહિં. આપની ભાવનાનો અમલ કરી શકાય કે કેમ તે હું આજ વૈદબાપાને પૂછી આવીશ....જો વૈદબાપા હા પાડશે તો ચાર મજુરોની વ્યવસ્થા કરી શકાશે. "

ભાવડનું હૃદય પ્રસન્નતા અનુભવી રહ્યું. આવા મહાન ગુરુદેવ આંગણે આવ્યા હોય અને એમનો કોઈ લાભ ન મળે એ કેમ ગમે ?

ભાગ્યવતી સંધ્યા પહેલાં જ વાળુ વગેરે કાર્ય પતાવીને શિવુદાદાને ત્યાં ગઈ.

શિવુદાદા પોતાના પૌત્રને બોળામાં બેસાડીને ઓસરીમાં બાંધેલી ખાટ પર બેઠા હતા...ભાગ્યવતીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતાં જ તેઓ બોલી ઉઠયા "આવ દિકરી આવ...કાંઇ ઉપાધિ જેવું તો નથી ને ?"

"ના દાદા, આપની કૃપાથી બધું સારું છે...પરંતુ અમારા ગુરુદેવ નગરીમાં પધાર્યા છે ને આવતી કાલે સવારે વિહાર કરવાના છે. જો આપ આજ્ઞા આપો તો ગામને ગોંદરે વેળામણામાં જવાની એમની ભાવના છે..."

"અરે, પણ ગગી....કોઈ સંયોગોમાં એનાથી પગ નીચે ન મૂકી શકાય...હજી તો બધું કાચું કહેવાય." શિવુદાદાએ કહ્યું.

"ચાલીને...નહિં ખાટલામાં જ સૂતા સૂતા જાય અને ખાટલામાં જ બેસી રહેશે."

"ભલે તો હું પણ ભેગો આવીશ. પરંતુ આ રીતે ખાટલો ઉપડાવીને જવું એ શું શોભાસ્પદ દેખાશે ?"

"આતો ભાવનાની વાત છે...શોભા....અશોભાનું મહત્વ શા માટે વિચારવું જોઈએ ?"

"તો મારે કયારે આવવાનું ?"

"સૂર્યોદય પહેલાં ઘેરથી નીકળી જવું પડશે."

"ભલે હું આવીશ..મને પણ મહાપુરુષનાં દર્શનનો લાભ થશે...." દાદાએ સંમતિ આપી.

ભાગ્યવતી હર્ષ અનુભવતી સીધી શ્રી જિનમંદિરે ગઈ. ભગવંતનાં દર્શન કરીને તેણે યતિદાદાના વિહારના સમયની ખાત્રી કરી લીધી અને પછી ઘેર આવી. ગંગામાના પુત્રને બોલાવીને ચાર મજુરોની વ્યવસ્થા કરવાની વિનંતી કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈદ્યરાજ સાથે આવશે એ જાણીને ભાવડના ચિત્તને ઘણો જ આનંદ થયો. ઉપાશ્રયમાં ખાટલો લઈ ને જવું એ ઉપાશ્રય જેવા સ્થાનની શોભા નહિં....અને ગામને ગોંદરે જવામાં કશી હરકત નહિં.

ભાગ્યવતી પ્રતિક્રમણ કરીને ઊભી થઈ....

આજ નારાયણ આવી શકે તેમ નહોતો....અને નગરીમાં રહેતા અન્ય સંબંધીઓ તો આવતા જ નહોતા. એક વખત વિરાટ હવેલીમાં જેને મળ્યા હોઈએ તેને એક સામાન્ય ઘરમાં મળવા જવું એ કેમ ચોગ્ય લાગે ? અને સહુ સહુનાં કરમ છે....આવ્યું ઈ ભોગવવું જેઈ એ આવે સમયે જઈએ અને ભાવડશેઠ બસો પાંચસોની રકમ માગે તો વણમાગ્યો વ્યાધિ ઊભો થાય. આપેલી રકમ માંડી વાળવા ખાતે જ આપવી પડે....આવી સ્થિતિ સર્જવા કરતાં મળવા ન જવું એ વધારે લાભદાયક છે આમ માનીને જ મોટા ભાગના સંબંધીઓ આવતા નહોતા. પણ એમને ખબર નહોતી કે ભાવડ અને તેની પત્ની ભૂખે મરવું પસંદ કરે તેમ છે, પણ કોઈ સામે હાથ લાંબો કરે તેમ નથી. જો હાથ લાંબો કરવો હોત તો ભાવડે આ રીતે સાત વરસ વિતાવ્યાં ન હોત ! કાળે ઉનાળે પગે ચાલીને ફેરી કરવાનું પસંદ ન કરત ! ભાવડ માત્ર આર્થિક પરિસ્થિતિમાં ભાંગી ગયો હતો....પણ ભાવડે પોતાની આબરૂને અખંડ રાખી હતી. આ સ્થિતિમાં પણ એવો કોઈ માનવી નહોતા કે જે ભાવડ પાસે લેણા પેટે પાંચ કોડી પણ કાઢી શકે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવુદાદા વહેલી સવારે આવી ગયા. મજુરો પણ આવી ગયા...અને ભાવડને સંભાળપૂર્વક ખાટલા સહિત લઇ જવામાં આવ્યો. તેની સાથે ભાગુ, ગંગામા અને ગંગામાનો દીકરો પણ હતા.

જેઠ મહિનો ચાલતો હોવાથી સવારનું વાતાવરણ ઘણું જ સુખદ જણાતું હતું.

ગામને ગોંદરે એક વૃક્ષ પાસે ખાટલો સંભાળપૂર્વક મૂકવામાં આવ્યો. ભાવડશેઠને આ રીતે ખાટલામાં જતો જોઈને વહેલી સવારે નદીએ જતા લોકોને આશ્ચર્ય તો થયું હતું. પણ કોઈએ કશો પ્રશ્ન નહોતો કર્યો. અનાદિકાળથી શાસ્ત્રકારો લોકોને ઉપદેશ આપતા જ રહે છે કે પાછળથી કોઈની વાત કરશો નહિ....અને અનાદિકાળથી લોકોની આ આદત પણ ઉપદેશની સાથે જ ચાલી આવે છે ! લોકો વિવિધ કલ્પનાઓ ઘડવા માંડ્યા....કોઈએ માન્યું કે ભાવડને અહારગામના કોઇ ચિકિત્સક પાસે લઈ જવાતો હશે, કોઈને થયું કે કોઈ દેવી દેવતાની માનતાએ જતા હશે તો કોઈને એમ પણ થયું કે બિચારો પંચત્વ પામી ગયો હશે....પણ પાછળ કોઇ પ્રકારની રડારોળ ન હોવાથી આ માન્યતા ટકી નહિ.

સૂર્યોદય થતાં થતાંમાં તો ચારસોક જેટલા શ્રાવક શ્રાવિકાઓ સાથે મહાતપસ્વી યતિદાદા દેખાયા.

ભાવડશેઠ ખાટલામાં તકિયો ને ગોદડાનો વિંટો રાખીને બેઠો થયો હતો. તેના પગ તો સીધા જ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યતિદાદા અને તેના બંને શિષ્યોને આવતાં જોતાં જ ભાવડનું હૃદય ભક્તિભાવથી ઉત્કુલ્લ બની ગયું. શિવુદાદા ખાટલા પાસે જ ઊભા હતા. ભાગ્યવતી, ગંગામા, તેનો પુત્ર વગેરે પણ ત્યાં જ ઊભા હતા અને યતિદાદાને આવી રહેલા જોઈ સહુનાં મસ્તક નમી પડ્યાં હતાં.

યતિદાદાની નજર આ તરફ ગઈ. તેઓ સામેના વિશાળ વૃક્ષ તરફ ન વળતાં આ તરફ જ વળ્યા...શ્રાવક શ્રાવિકાઓ પણ આ તરફ વળ્યાં.

યતિદાદા નજીક આવ્યા એટલે ભાવડ વારંવાર વંદના કરવા માંડ્યો. એના નયનો સજળ બની ગયાં....યતિદાદાએ નજીક આવીને કહ્યું : " અરે, ભાવડ, આટલું બધું શા માટે કરવું જોઈએ ? "

" ભગવંત, આપ નગરીમાં પધાર્યા ને હું કમનસીબ ઉપાશ્રયમાં પણ ન આવી શક્યો...કૃપાળુ..., મનનો આ સંતાપ નિવારવા માટે જ આવ્યો છું. "

યતિદાદા ભાવડની ભાવના જોઈ ને ખૂબ જ પ્રસન્ન થયા અને ત્યાં જ ઊભા રહી ગયા.

શ્રાવક શ્રાવિકાઓ શ્રી જિનશાસનની જય બોલાવતા ત્યાં જ ગોઠવાઈ ગયા.

યતિદાદાએ મહામંત્ર ગાઈને કહ્યું : " મહાનુભાવો, સંસાર તો અસાર છે જ. એ વાત સહુ કોઈ જાણે છે.... પરંતુ સંસાર પ્રત્યેનો મોહ એટલો મધુર હોય છે કે નિત્યની ઉપાસના કરવા છતાં અનિત્યને વળગી રહેવામાં આનંદનો આભાસ થાય છે. સંસારનું કોઈ પણ સુખ શાશ્વત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જ નહિં અને સંસારના સુખની વ્યાખ્યા પણ સ્થિર નથી. એક વ્યક્તિને જે વસ્તુમાં સુખ જણાય છે તે જ વસ્તુ અન્યને દુઃખકારક પણ હોય છે. આપ સહુને આ પવિત્ર ભૂમિ પર માનવ દેહ પ્રાપ્ત થયો છે...જૈન દર્શનનો યોગ થયો છે....શ્રી જિનશાસન જેવી મહાન વ્યવસ્થા મળી છે...ખરેખર મહાન પુણ્યના ઉદયનું જ આ પરિણામ સમજ્યા પછી પાપમાર્ગ તરફ લઈ જતા આકર્ષણોથી સહુએ સાવધ રહેવું જોઈએ. આ સાવધતાનું જ બીજું નામ જાગરણ છે....યોગ છે...દર્શન છે." ત્યારપછી બે પળ મસ્તક નમાવીને સ્થિરભાવે બાટલામાં પડેલા ભાવડ સામે જોઈને કહ્યું: " આપ સહુ એક વાત હૈયામાં સાચવી રાખજો. ધર્મને જે ભાગ્યશાળી પ્રાણ સાથે ઝકડી રાખે છે...અનાસક્ત ભાવે...શ્રદ્ધાપૂર્વક અને સ્થિર મનથી જે ભાગ્યવંત ધર્મનું શરણ સ્વિકારે છે તેને ગમે તેવો પાપોદય પણ વિચલિત બનાવી શકતો નથી...કારણ કે ધર્મ પોતે તેનું રક્ષણ કરતો હોય છે." આટલું કહીને યતિદાદાએ બે હાથ ઉંચા કરી સહુને ધર્મલાભ આપ્યા. ત્યાર પછી ભાવડ સામે જોઈને કહ્યું : " ભાવડ, સ્થિર મનથી ધર્મને વળગી રહેજો."

લોકોએ યતિદાદાનો જયનાદ પોકાર્યો.

યતિદાદા પોતાના બંને શિષ્યો સાથે વલ્લીપુરના માર્ગે ચાલતા થયા.

શિવુદાદા આશ્ચર્યચકિત થઈને યતિદાદા તરફ જોઈ રહ્યા હતા. યતિદાદા દૃષ્ટિમર્યાદાથી દૂર થયા ત્યારે કેટલાક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવકો ભાવડશેઠના ખાટલા પાસે આવ્યા ને આ શું થયું છે ? કેમ બન્યું ? વગેરે પ્રશ્નો પૂછવા માંડયા. શિવુદાદાએ સહુને ઉત્તર આપ્યા.

લોકો યતિદાદાના ગુણગાન ગાતા અને ભાવડના કર્મવિપાકની ચર્ચા કરતા કરતા ગામ તરફ જવા માંડયા.

ભાવડશેઠનો ખાટલો પણ શિવુદાદાએ ઉપડાવ્યો અને સહુએ ઘર તરફ પ્રયાણ કર્યું.

દિવસો તો દુઃખનાંય જતા હોય છે ને સુખનાંય ભાગતા હોય છે....જેના હૈયામાં ધૈર્યનો અભાવ હોય તેને દુઃખનાં દિવસો લાંબા લાગે છે અને જે લોકો સુખમાં વિભોર બની ગયા હોય તેને સુખમાં દિવસો ઘણાં ટૂંકા થઈ પડે છે.

ધૈર્યપૂર્વક કર્મરાજાના પ્રભાવને સહી રહેલા ભાવડ અને ભાગ્યવતી આટઆટલા પરિતાપ વચ્ચે પણ જાણ્યે કશું બનતું નથી એવા સ્થિર, પ્રસન્ન અને સંતોષી રહેતા.

શિવુદાદાનો ઉપચાર ભારે કામયાબ બની રહ્યો હતો... હવે તો માત્ર સાત દિવસ પછી પાટો કાઢી નાખવાનો હતો ભાવડશેઠને મળેલી ખાટલારૂપી બંદિઅવસ્થા દૂર થવાની હતી.

પણ તેનો પાટો છૂટે તે પહેલાં જ ધર્મદાસ સાગરની મુસાફરી કરીને હેમખેમ પાછો આવી ગયો. પાછા વળતાં તેને પણ એક વિપત્તિ નડી હતી અને સુવર્ણથી ભરેલું એક વહાણ ડૂબી ગયું હતું... પણ ધર્મદાસને આ નુકસાનની ખાસ ચિંતા ન થઈ....સારા નસીબે તે વહાણના સઘળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા અને પોતે સારું કમાયો હતો...થોડી કમાઇ સાગરનાં તળિયે બેઠી...એનો શોક શું કરવો ?

કાંપિલ્યપુરમાં આવ્યા પછી સામૈયામાં ભાવડને આવેલો ન જોતાં તેણે પોતાના સ્થાનિક મુનિમને પૂછયું, સ્થાનિક મુનિમે ટૂંકમાં ભાવડશેઠના પલટાયેલા સંયોગોની વાત કહી. આ વાત સાંભળીને ધર્મદાસનું હૃદય ભારે વ્યથિત બની ગયું.

લોકોએ ઘણા જ ઉત્સાહપૂર્વક નગરશેઠ ધર્મદાસનું સ્વાગત કર્યું.. ભવન પર આવ્યા પછી પણ ધર્મદાસના ચિત્તને મિત્રની ચિંતા રહ્યા જ કરી. નગરીના શેઠીયાઓ વગેરે મળવા આવ્યા કરતા હોવાથી ધર્મદાસ નિવૃત્ત થઈ શકયો નહિ. પરંતુ તેણે પોતાના એક મિત્ર પાસેથી ભાવડ અંગેની સમગ્ર માહિતી પ્રાપ્ત કરી. ભાવડે સહુનું દેણું કોડીએ કોડી ચૂકવી દીધાની, ઘરબાર,દરદાગીનો સઘળું વેંચી નાખ્યાની, કાપડની ફેરીની, પગ ભાંગ્યાની અને અત્યારે પથારીવશ હોવાની સઘળી વાત સાંભળી. આ વાતોએ તેના હૃદયને ખૂબ જ વલોવી નાખ્યું.

જ્યારે મળવા આવનારાઓ વિદાય થયા ત્યારે રાત્રિનો બીજો પ્રહર પુરો થવા આવ્યો હતો. સહુના ગયા પછી તેણે પોતાના નાનાભાઈને પૂછયું : " કીર્તિ, તું ભાવડશેઠને ત્યાં કેટલીવાર ગયો હતો ? "

" મોટાભાઈ, મને જવાનું ઘણું મન હતું પણ એના મનને દુઃખ થાય એમ ધારીને ગયો જ નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કીર્તિ, તું તો જાણે છે કે ભાવડ મારો ખાસ મિત્ર છે....એની મુશ્કેલી વખતે તું ન ગયો એ બરાબર ન કહેવાય. સુખમાં સાથે બેસી મોજ ઉડાવીએ અને દુઃખમાં પડખે પણ ન ઊભા રહીએ તે આપણા માટે શોભાસ્પદ ન ગણાય."

"મોટાભાઈ, ભાવડશેઠ ભારે અટંકી અને અણનમ રહ્યા છે. તેમણે કદી કોઈ પાસે હાથ લાંબો કર્યો નથી... ઉધાર પણ માગ્યું નથી.. પ્રારંભમાં મેં આપણા મુનિમ મારફત જોઈએ તેટલો માલ લઈ જવાનું કહેવરાવ્યું હતું. પણ ભાવડશેઠે પોતાને કોઈ વસ્તુની જરૂર નથી. એમ જણાવેલું."

"સાચો મરદ! ભલે એને ગરીબાઈ આવી પણ આબરૂને આંચ આવવા નથી દીધી...એટલું જ નહિ પણ કોઈનો હાથ માથા પર નથી મૂકવા દીધો. હું એના સ્વભાવને બરાબર જાણું છું....આમ છતાં તું કર્તવ્ય બજાવી શક્યો નથી એ એક હકીકત છે."

કીર્તિ ધરતી સામે જોઈને બેસી રહ્યો.

ધર્મદાસ નગરીમાં આવી ગયાના સમાચાર ભાવડને પણ મળી ગયા હતા. તે પણ તેની સ્થિતિ જાણવા આતુર હતો....પણ શું થાય? પોતે અત્યારે અપંગ હતો, લાચાર હતો!

ધર્મદાસને મિત્રની ચિંતામાં આખી રાત નિદ્રા જ ન આવી...પોતાની પત્ની સાથે પ્રસન્ન મનથી વાતો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન કરી શકયો....આંખો બંધ કરીને એમને એમ શય્યામાં પડયો રહ્યો.

સવારે પ્રાતઃકાર્ય પતાવી, સ્નાન પૂજાથી નિવૃત્ત થઈ, ધર્મદાસ એકલો બહાર નીકળી ગયો. ચાલતાં ચાલતાં ભાવડની હવેલી દેખાણી અને તેનું હૃદય રડી ઉઠયું. એક દિવસ આ હવેલીમાં સો જેટલી ગાયો રહેતી, ઉત્તમ પ્રકારના અશ્વો રહેતા...દાસદાસીઓનો એક કાફલો રહેતો અને મળવા આવનારાઓનો તો જાણે કોઈ પાર નહોતો....આ બધાં કરતાં ભાવડના આંગણેથી કોઇપણ યાચક સંતોષ પામ્યા વગર પાછો જતો નહિં....કોઈ પણ ધર્મના ગામના કે પરગામના ફાળા ઓમાં ભાવડનું નામ મોખરે ચમકતું. એક નિઃશ્વાસ નાખીને ધર્મદાસ આગળ વધ્યો.

એક રાહદારીને પૂછીને તેણે ભાવડના રહેણાંક અંગે જાણી લીધું....ભાવડ જયાં રહેતો હતો તે શેરીમાં દાખલ થતાં જ ગંગામાનો દિકરો સામે મળ્યો અને ધર્મદાસે પૂછયું: " આ શેરીમાં ભાવડશેઠ કયે સ્થળે રહે છે ? "

" આવો બતાવું..." કહી ગંગામાનો દિકરો પાછો વળ્યો અને ભાવડની ડેલી પાસે ઊભો રહીને બોલ્યોઃ " આ ડેલીમાં ભાવડશેઠ રહે છે. "

ડેલી બાલી અટકાવેલી જ હતી. ધક્કો મારતાં ખુલી ગઈ. ભાવડની પત્ની પાણીનું બેડું લઈને ગઈ હતી. ધર્મદાસ અંદર ગયો....ચારે તરફ ફળીમાં નજર કરી. ચોખાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંખને ઉડીને વળગે એવી હતી, એક તરફ વાછડી છૂટી ફરતી હતી..સામે નાનું ઓસરીવાળું મકાન હતું.... ફળીયામાં લીમડાનું કાચા ગારવાળા ઓટાનું ઝાડ હતું..

ધર્મદાસ શેઠ ઓસરીના દ્વાર પાસે આવ્યા...

ભાવડશેઠને કોઈના આવવાનો સંચર થયો એટલે તેણે ખાટલામાં પડયા પડયા કહ્યું : "કોણ?"

"એતો હું...!"

"અરે ધર્મદાસ..." સાત વર્ષ પછી પણ ભાવડ મિત્રનો અવાજ પારખી ગયો.

ધર્મદાસ અંદર ગયો. ઓસરીમાં જ ખાટલો પડયો હતો...તેના પર ભાવડ સૂતો હતો...તેનો ચહેરો અતિ હર્ષમય બની ગયો હતો.

ધર્મદાસ ઘરની સ્થિતિ જોતો જોતો મિત્રના ખાટલા પાસે ગયો. ભાવડે કહ્યું : "તું આવ્યો છે એ સમાચાર મને ગઈ કાલે જ મળ્યા હતા....પણ શું કરું? પગની ઉપાધિ થઈ છે એટલે કયાંય જઈ શકું એ સ્થિતિ નથી રહી... પણ આમ ઊભો કાં રહ્યો? બેસ....આ ચાકળા પર..... પ્રવાસ કેવો ગયો? તારી તબિયત તો સારી લાગે છે.... પણ તારો ચહેરો ચિંતાતુર કેમ જણાય છે? બધા કુશળ છે ને?"

ધર્મદાસ ચાકળા પર બેસી ગયો અને ધીરગંભીર સ્વરે બોલ્યો : "ભાવડ, અહીં આવીને તારી સઘળી હકિકત સાંભળી છે, હું રાતે જ અહીં આવવા ઇચ્છતો હતો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળવા આવનારાઓમાંથી છૂટી જ ન શકયો. તારા પગને હવે કેમ છે ? ”

“ શિવુદાદાનો ઉપચાર ચાલે છે. હવે ઘણું સારું છે. પરમ દિવસે પાટો કાઢી નાખશે ને મને ચાલતો કરશે. પણ હું તારી વાત સાંભળવા આતુર છું.” ભાવડ બેકાણીના ટેકે જરા બેઠો થઈ ગયો.

ધર્મદાસે ઊઠીને નીચે પડેલો તકીયો ગોઠવી દેતાં કહ્યું : “ મારો પ્રવાસ તો ઘણો જ સારો નીવડયો. તારા જેવા મિત્રના આશિર્વાદથી બધા કુશળ છે.”

ભાવડે ધર્મદાસનો હાથ પકડીને કહ્યું : “ તો પછી મને તારા ચહેરા પર ચિંતા કેમ દેખાય છે ? ”

“ તારા વિચારોથી જ મને આખી રાત નિદ્રા નહોતી આવી. મેં સાંભળ્યું છે કે તું પગે ચાલીને કાપડની ફેરી કરે છે.”

“ હા....દેણામાંથી તો પુરેપુરો મુક્ત થઈ ગયો છું... પણ બે પેટનો પ્રશ્ન ઉકેલવા માટે તો મારે કંઇક કરવું જ જોઈ એને ! ફેરીમાં મને કોઈ પ્રકારનું દુઃખ નથી... આરામથી રોટલો રળી લઉં છું.”

ધર્મદાસે કહ્યું : “ હવે તો તારો પગ જોખમાઈ ચૂકયો છે....હવે ફેરી કેવી રીતે થઈ શકશે ? ”

“ શિવુદાદાએ કહ્યું છે કે પગ હતો એવો જ થઈ જશે....પણ હજુ બેએક મહિના મારે આરામ લેવો પડશે.”

“ તો પછી એક કામ કરીશ ? ”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એક કામ શું દસ કામ કરીશ. પણ હાલતો–ચાલતો થાઉં પછી..."

"ભાવડ, હું અહીં નહોતો પણ મારી પેઢી તો હતી જ."

વચ્ચે જ ભાવડે કહ્યું: "મિત્ર, તું મને બહુ જ યાદ આવતો હતો. તું હોત તો મને સલાહ પણ મળત. તારી પેઢીએ જઈને શું કરું?"

"એ બધી ચર્ચા જવા દઈએ. હવે મારું કર્તવ્ય બજાવવાની મને તક આપવા માગે છે કે નહિ?"

"ધર્મદાસ, હું તારા અંતરની ભાવના સમજી ગયો છું....પણ આજ સુધી મેં મારી ટેક જાળવી છે તે છેક સુધી જળવાઈ રહે એવી મને પ્રેરણા આપ...."

"હું તારો મિત્ર છું....મારા અંગે જ તારી પાયમાલી સરજાણી છે...."

"ધર્મદાસ, આ તું શું કહે છે? જે કાંઈ બન્યું છે તે મારા જ કોઈ પૂર્વકર્મના યોગે બન્યું છે....તું જો મનમાં આ રીતે કલ્પીશ તો મને મોટામાં મોટો અન્યાય કર્યો ગણાશે. તેં તો મને ઉત્તમ સલાહ આપી હતી...વ્યવસ્થા પણ સરસ કરી દીધી હતી...પરંતુ મારા પાપોદયને કારણે બન્યું, એમાં તું નિમિત્તરૂપ પણ નથી. નહિ મિત્ર, એવું કલ્પનામાં પણ ન લાવીશ...અને ખરું કહું તો આ સ્થિતિમાં મને કે મારી પત્નીને કોઈ પ્રકારનું દુઃખ નથી. અમારા ધર્મને કદી બાદ નથી આવ્યો....અમારી ધર્મશ્રદ્ધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી ચલિત નથી થઈ...જે પ્રસન્નતા સાત વરસ પહેલાં હતી તેજ પ્રસન્નતા આજ પર્યંત જળવાઈ રહી છે."

"ભાવડ, હું તને કયા શબ્દોમાં ધન્યવાદ આપું ? પરંતુ આપણા વેપારીના ધર્મ પ્રમાણે ધંધા માટે લેણદેણ કરવામાં કયો દોષ હતો ?"

"ભાઈ, જ્યારે પાપકર્મનો ઉદય થયો હોય ત્યારે માનવીએ જુગારીનો દાવ ન ખેલવો જોઈએ....અને મારો સ્વભાવ તો તું જાણે છે !"

"બરાબર છે....પણ મિત્ર સાથે વહેવાર કરવામાં જુગારીના દાવ જેવું કશું ન હોય !"

"તું અહીં હતો જ નહિં અને મારે મારી વિપત્તિ સામે ઝઝુમવું હતું. ધર્મદાસ, હું સત્ય કહું છું કે વિપત્તિ પરાજય પામી છે...હું એવો ને એવો અણનમ ટકી શકયો છું."

બંને મિત્રો વાતોમાં એટલા મગ્ન બની ગયા હતા કે ભાગ્યવતી ઘરમાં આવી તેની પણ કોઈને ખબર ન રહી. ભાગ્યવતી એકડું પાણીયારે મૂકીને ઓરડામાં બેસી ગઈ હતી અને બંને મિત્રોની વાત સાંભળી રહી હતી.

"હવે તો હું આવી ગયો છું....હું તને એક લાખ સુવર્ણમુદ્રા અંગ ઉધાર આપીશ....તારે ફરીથી તારો વેપાર જમાવવાનો છે..."

ભાવડે ધર્મદાસનો હાથ દબાવતાં કહ્યું : "નહિં મિત્ર, મૈત્રિ વચ્ચે લેણદેણ ન જ હોવી જોઈએ. આ મારી દઢ માન્યતા છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તારી તો ઘણી માન્યતાઓ છે..પણ કોક વાર મિત્રની માન્યતા ખાતર પણ નમતું જોખવું પડે..."

ભાવડે આછા હાસ્ય સહિત કહ્યું : "હમણાં આ પ્રશ્ન તારા મનમાં સાચવી રાખજે....હું જરા હરતો ફરતો થાઉ, પછી મારે શું કરવું ? એ અંગે હું તારી સલાહ વગર એક કદમ પણ નહિ માંડું....અરે, ભાગુ, આવી ગઈ લાગે છે.... ભાગુ, મારો મિત્ર સાત સાત વર્ષના પ્રવાસેથી પાછો આવ્યો છે....મારું ને મારા મિત્રનું મોઢું મીઠું કરાવ....દૂધનાં છે છાલીયાં પણ લઈ આવ."

ધર્મદાસ ચાકળા પર બેસી ગયો.

ભાગ્યવતી ધર્મદાસની લાજ કાઢતી હતી એટલે રસોડામાં ગઈ.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ શિવુદાદા ભાવડનો પાટો કાઢી નાખવાના હતા. તેઓ દિવસના પ્રથમ પ્રહર પછી આવવાના હતા. નારાયણ, તેની પત્ની, ધર્મદાસ, ગંગામા અને તેનો દીકરો આવી પહોંચ્યાં હતાં. ધર્મદાસના કારણે ભાગ્યવતી અને દમયંતી અંદર ઓરડામાં બેઠાં હતાં.

યથા સમયે શિવુદાદા આવી પહોંચ્યા. સહુએ ઊભા થઈને પ્રણામ કર્યા. ધર્મદાસને જોતાં જ શિવુદાદા બોલી ઉઠયા : "કોણ નગરશેઠ ? લાંબો પ્રવાસ ખેડીને કેમએમ આવી ગયાના સમાચાર મેં સાંભળ્યા હતા. બધા કુશળ છો ને ?"

"હા દાદા, મારા મિત્રને કેમ છે ?"

"એનું બધું દુઃખ પતી ગયું. ધર્મી માણસને જ કસોટીએ ચડવું પડે છે....બીજા હરેરી જાય ને ધર્મી પાર ઉતરે. ભાવડશેઠ માથે બેઠેલી સાડાસાતી પનોતીનો હવે અંત આવી ગયો...એના પગ ઉપરનો છેલ્લો ઘા હતો. પણ ધર્મે ભાવડશેઠને બચાવી લીધા." કહી શિવુદાદા ભાવડના ખાટલા પર બેઠા અને ભાવડ સામે જોઈને બોલ્યા : "શેઠીયા, ઘરમાં ખાટ નખાય એવું છે કે નહિ ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારાયણે કહ્યું : " ઓસરીમાં બે કડાં તો છે...ખાટ કેમ યાદ આવી દાદા ? "

" આટલા દી પગ સીધો રાખવો પડયો છે એટલે હવે ખાટે બેઠાં બેઠાં વ્યાયામ કરવો પડશે." શિવુદાદાએ કહ્યું.

ધર્મદાસે નાટ તરફ જોઈને કહ્યું : " નાટ તો મજબુત છે...ખાટ બાંધી શકાશે."

" તો હમણા જ બાંધીએ એટલે હું એને બેસવાની રીત શીખવી દઉં."

ઘરમાં ખાટ કે સાંકળ કશું હતું જ નહિં. હતી ત્યારે સોનાની સાંકળ ઝૂલતી નકસીદાર ખાટ હતી... ભાવડે કહ્યું : " દાદા, ખાટ કે સાંકળું કાંઈ નથી...ને એની જરૂરે ય નહિ પડે."

ધર્મદાસે તરત ઊભા થઈને કહ્યું : "મારે ઘેર ત્રણ ચાર ખાટ છે...હું હમણા જ એક ખાટ લઈને આવું છું."

તરત ગંગામાના દીકરાએ કહ્યું : " શેઠજી, તમે દાખડો કરોમાં . મારા ઘરમાં લોઢાના સળીયાવાળી નાની ખાટ છે ને આ ઓસરીમાં બરાબર થઈ જશે....હું લઈ આવું છું."

કોઈના ઉત્તરની રાહ જોયા વગર ગંગામાનો દિકરો ચાલતો જ થઈ ગયો.

શિવુદાદાએ ભાવડનો પાટો છોડવા માંડયો.

ભાગ્યવતી લાજ કાઢીને ગરમ પાણીની તપેલી ને પીંજેલું રૂ મૂકી ગઈ....એક અંગલૂછણુ મૂકી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મદાસનું મન ભારે દુઃખ અનુભવી રહ્યું હતું... ભાગ્યવતીના હાથમાં એક દિવસે હીરામોતીના કંકણ રણઝણતાં હતાં....આજ સાદા કાચનાં કંકણ છે ! આ દૃશ્ય ધર્મદાસ માટે અસહ્ય થઈ પડયું, તેના મનમાં થયું....ભાગ્યવતી માટે થોડા અલંકારો મોકલી આપું...પણ ભાવડ કદી સ્વીકારે નહિ....શું કરવું ?

શિવુદાદાએ પાટો છોડી નાખ્યો ને ફણાથી છેક ઢીંચણ સુધીનો પગ ગરમ જળ વળે બરાબર ઘસીને લૂછી નાખ્યો. ત્યાર પછી પગના ફણાની બરાબર તપાસ કરીને કહ્યું: " ભાવડ, મેં ધાર્યું હતું તે કરતાં પણ ઘણું વધારે સારું છે. હવે મારો હાથ પકડીને ઊભા થવાનું છે."

" તૈયાર છું દાદા...."

શિવુદાદાએ ભાવડને ખાટલામાંથી ઊભો કર્યો. ભાવડ બોલ્યો : " ફણા પર ભાર મૂકું ? "

" હા...હવે કાંઈ ભો નથી. પણ તારો ઢીંચણ ને ત્યાં ઝકડાયેલી રગ જરા દુઃખે તો ચિંતા કરીશ નહિ.... એનો ઉપાય હું લેતો આવ્યો છું." શિવુદાદાએ કહ્યું.

ચારપાંચ કદમ ચલાવીને શિવુદાદાએ પૂછયું: " ઢીંચણરગ ખેંચાય છે ને ? "

" હા...."

" હવે ખાટલે બેસી જા...સૂઈ રહેવાની જરૂર નથી..." કહી પોતાના ખલતામાંથી તેલનો એક શીશો બહાર કાઢયો, અને શીશામાંથી થોડું તેલ એક વાડકીમાં કાઢીને છેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફણાથી ઢીંચણ સુધી હળવે હાથે માલીસ કર્યું. ધર્મદાસે કહ્યું : "શિવુદાદા, તમને યાદ આવે છે... ઓળકામળે રમતાં મારો હાથ ભાંગી ગયો હતો ને આપે સરખો કર્યો હતો...."

"બરાબર યાદ આવે છે...ઇ કેમ ભૂલાય ?" માલીશ કરતાં કરતાં શિવુદાદાએ કહ્યું.

ગંગામાનો દીકરો ખાટ ને સળીયા લઈ ને આવી ગયો ઓસરીના વચલા ભાગમાં જ બે કડાં હતાં ત્યાં સળીયા ભરાવીને ખાટ ગોઠવી દીધી.

શિવુદાદાએ ઊભા થઈ ખાટ સળીયા વગેરે જોયું... પછી તેના પર બેસીને બરાબર આતરી કરી. ત્યાર પછી ભાવડના ખાટલા પર પડેલી એક ધડકી ઉપાડીને ખાટ પર ચોવડી ગોઠવી....ગોળ તકીયો એક તરફ રાખ્યો... પછી ભાવડને ખાટ સુધી ચલાવીને ખાટ પર બેસાડયાં. આટલું કર્યા પછી શિવુદાદાએ ભાવડના મસ્તક પર હાથ મૂકીને કહ્યું : "ભાવડ, તને ચાલતાં બે મહિના નહિં લાગે. પંદરમા દિવસે તું ફરતો ફરતો થઈ જઈશ. હવે તારે અહીં જ બેસી રહેવાનું....અને ધીરે ધીરે ખાટ હલાવ્યા કરવાની. એથી ઢીંચણની રગ કુણી પડી જશે. સવાર સાંજ આ તેલનું માલીસ હળવા હાથે કરાવવાનું ને રોજ બેવાર પગ ગરમ પાણીમાં ઝારવો."

ધર્મદાસે કહ્યું : "દાદા, ભાવડને કાંઈ દવા કે એવું..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" તમારો ભાઈબંધ સાવ નિરોગી છે....! એને દવા દીધી યે નથી ને લેવાની જરૂરેય નથી. "

ભાવડે કહ્યું : " દાદા, નહાવાની છૂટ છે ને ? "

" હા....પણ આજ નહિં...કાલ સવારે ગરમ પાણીએ નહાજે. બેચાર વરસાદ થઈ ગયા છે એટલે જરા ટાઢોડા જેવું કહેવાય...તારે દિવસના પ્રથમ પ્રહર પછી નહાવું. "

ઓરડામાં બેઠેલી ભાગ્યવતી બધું સાંભળી રહી હતી. તેના હર્ષનો પાર નહોતો...પોતાના સ્વામીને સારું થયાનું જોઈને કઈ પત્નીના હૈયામાં હર્ષ ન પ્રગટે ?

" કયાં ગઈ મારી ગગી ? " કહેતાં શિવુદાદા ઓરડાના દ્વાર પાસ ગયા. ભાગ્યવતી અને દમયંતી બંને બેઠાં હતાં. બંનેએ દાદાને નમન કર્યા. શિવુદાદાએ કહ્યું:" દીકરી, તારી ચુંદડીનું સત ગજબનું છે...હવે ખાટલો ઉપાડી લેજે ને રાત વેળાએ સૂવાનું ઓરડામાં રાખજે. વરસાદના અંગે ટાઢોડું થઈ જાય છે....ને ઓસરીમાં સૂઈ રહેવું બરાબર નથી. મેં ભાવડને બધી સૂચના આપી છે....તેલનો એક શીશો મૂકયો છે. ટેકા વગર ભાવડ ઊભો થાય એટલી કાળજી રાખજે...આવતા અઠવાડિયે હું આવીને જોઈ જઈશ. "

શિવુદાદા સહુને રામ રામ કરી ઓસરીમાં પડેલો પોતાનો થેલો લઈ ને બહાર નીકળ્યા એટલે ધરમદાસ તરત તેની પાછળ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડેલી બહાર ગયા પછી ધરમદાસે કહ્યું : " દાદા, બે પળ ઊભા રહેો."

" બોલેા..." કહીને દાદા ઊભા રહ્યા.

ધરમદાસે કહ્યું : " મારા મિત્રના પગને તેા ઘણું સારું લાગે છે."

"હા નગરશેઠ, હવે કેાઈ પ્રકારનેા ભય નથી.... વધુમાં વધુ પંદર દિવસમાં ભાવડના છૂટથી હરીફરી શકશે." દાદાએ કહ્યું.

" દાદા, મારા મિત્રની ચિકિત્સા બદલ આટલું સ્વીકારેા..." કહી ધરમદાસે દસ સુવર્ણમુદ્રાઓ કાઢીને દાદા તરફ હાથ લંબાવ્યેા.

શિવુદાદાએ હસીને કહ્યું : " નગરશેઠ, ભાવડ તેા મારેા દીકરેા છે...મારાથી એક કેાડી સરખીયે લઇ શકાય એમ નથી...આજથી આઠ વરસ પહેલાં મારે માધ મેળામાં જવાનું હતું...છેક તરવેણીના સંગમે. તમે તેા જાણેા છેા કે બ્રાહ્મણને ને ધનને કેાઈદી ભાઈબંધી થાય જ નહિં. મારી ઘરવાળી પણ સાથે આવવાની હતી. બે મહિનાનેા લાંબેા પંથ હતેા...ભાવડને ખબર પડી ને તેણે મારી એવી સગવડ સાચવી હતી કે હું જીંદગીભર એનેા ઉપકાર ભૂલી શકું એમ નથી. એક ગાડું આપ્યું, સાથી આપ્યેા ને મેં ઘણી ના પાડી તેાય બે મહિનાનું સીધું આપ્યું સાથે એકસેા એક સુવર્ણમુદ્રાઓ આપી. શેઠજી, આવા માનવી માટે મરવું પડે તાય એના ગણનેા બદલેા ન વાળી શકાય. હવે તમે જ કહેા...મારા હાથ કેવી રીતે કાળા કરું ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરમદાસ અવાક્ થઈ ગયેા. દાદા આશિર્વાદ આપીને ચાલતા થયા. ધરમદાસના મનમાં થયું, ભાવડે આ રીતે પુષ્કળ ગુપ્તદાન આપ્યું છે...આવા પુણ્યશાળી માનવી માથે આવું સંકટ કેમ આવ્યું હશે ?

આમ વિચાર કરતો કરતો ધરમદાસ પુનઃ ભાવડની ઓસરીમાં આવ્યેા.

ભેાજનનેા સમય થઈ ગયેા હેાવાથી નારાયણ, દમયંતી, ગંગામા વગેરે વિદાય થયાં.

ધરમદાસે સ્નેહભરી નજરે ભાવડ સામે જોતાં કહ્યું : "ભાવડ, મારી એક વાત માનીશ ?"

"ભાઈ, તારી વાત નહિં માનું તેા હું કેાની માનીશ ? ખરેખર, હું તારી જ વાટ જોતેા હતેા - તું પરદેશથી આવી ગયેા એટલે મને બધું મળી ગયું...બેાલ, કઈ વાત માનવાનું કહે છે ?"

"મારી બેનના હાથમાં માત્ર કાચના કંકણ છે... જો જોઈને મને ભારે દુઃખ થયું હતું...હું થેાડા અલંકારેા મેાકલી આપું છું...હું ને તારી ભાભી આજ રાતે આમેય આવવાનાં છીએ."

ભાવડ હસી પડયેા ને હસતાં હસતાં બેાલ્યેા : "ધરમદાસ, તું મનમાં કેાઈ પ્રકારનું દુઃખ અનુભવીશ નહિં. જેને દુઃખ થવું જોઈએ તેને તેા કાચની ચુડીઓ રત્ન કંકણ જેવી લાગે છે. હું તને એક વાત કરું...થેાડા સમય પહેલાં મેં બે સેાનાની ચુડીઓ કરાવવાનું કહ્યું...તરત બેાલી : "ના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું કશું કરવું નથી. મારે કાંઇ કોઈ ને મારા હાથ નથી દેખાડવા...તમને જે સોના વગરના હાથ ન ગમતા હોય તો કરો...." આ જવાબ મળ્યા પછી હું તો સાવ ચુપ જ થઈ ગયો. તું જ કહે હું તારી વાત માનું કે નહિં ? "

ધરમદાસ ભાવડના તેજસ્વી વદન સામે જોઈ રહ્યો. ભાવડે કહ્યું : " જમવાનું તૈયાર છે...અરે, ભાગુ, બે ભાણા તૈયાર કર...."

વચ્ચે જ ધરમદાસ બોલી ઉઠયો : " આજ નહિ... આજ મારે નગીનકાકાને ત્યાં જમવા જવાનું છે...બેચાર દી પછી અમે બંને તારે ત્યાં જમવા આવશું."

" સારું....હું તને યાદ કરીશ...આજ રાતે તો તમે બંને આવવાનાં છોને ? "

" હા..."

" પણ વરસાદ હોય તો હેરાન થવા ન આવતા.... મને લાગે છે કે સાંજથી વરસાદ શરૂ થઈ જશે."

" ઈ ફિકર મારે કરવાની છે." કહી ધર્મદાસ હસતો હસતો ઊભો થયો અને વિદાય થયો.

ભાવડની વાત સાચી પડી. સાંજ પડતાં પડતાં તો અષાઢી આભ ફાટી પડયાં....ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડવો શરૂ થઈ ગયો.

ભાગ્યવતીએ ઓરડામા સ્વામીનો ખાટલો બિછાવીને પથારી તૈયાર કરી.ત્યાર પછી ભાવડને ટેકો આપીને સંભાળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વક ઓરડામાં લઈ ગઈ. ખાટલા પર સરખી રીતે બેસાડતાં તે બોલી : " ઢીંચણની રગ દુઃખતી લાગે છે ! "

" હા....પણ મને લાગે છે કે એકાદ અઠવાડિયામાં જ હું મારી મેળે હરી ફરી શકીશ."

ઓરડામાં ને ઓસરીમાં એક નાનો દીવો ટમટમતો હતો. ભાગ્યવતીએ કહ્યું : " હવે હું ઠામવાસણનું પતાવીને આવું છું."

" ગાય તો એક ઢાળીયામાં જ છે ને ? "

" હા....ઘાસ સારી રીતે નીર્યું છે એટલે રાતના જવું નહિ પડે." કહી ભાગ્યવતી ઠામવાસણ ઉટકવા રસોડામાં ગઈ.

વરસાદ બરાબર મંડાઈ ગયો હતો. રૂપ એવું હતું કે કદાચ આખી રાત વરસે....ફળીમાં જઈને વાસણ માંજી શકાય તેમ ન હોવાથી ભાગ્યવતીએ રસોડામાં બેસીને જ બધાં વાસણ કોરાં ઉટકી નાંખ્યાં. ઉટકેલાં વાસણ સરખાં કરી, રસોડામાં પોતું ફેરવી વાળ્યું ત્યારપછી પાણીયારાને સરખું કરી એક કોથળો મોસલા માફક ઓઢીને ભાગ્યવતીએ કહ્યું : " નગરશેઠ ને તમારાં ભાભી આવા વરસાદમાં તો નહિં જ આવી શકે...હું ડેલી બંધ કરીને આવું છું."

ભાવડ મનમાં નવકારમંત્રની માળા ફેરવી રહ્યો હતો એટલે કશું બોલ્યો નહિં.

ભાગ્યવતી ડેલી બંધ કરવા ગઈ. ત્યારપછી તેણે ઓસરીની જાળી પણ બંધ કરી દીધી અને વસ્ત્રો બદલાવી પડખેના ઓરડામાં પ્રતિક્રમણ કરવા બેસી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડને પણ પ્રતિક્રમણ કરવાની તીવ્ર ઇચ્છા હતી... પરંતુ આવતી કાલે નાહીને શુદ્ધ થયા પછી જ ધર્મક્રિયા કરવાનો મનથી નિર્ણય કર્યો. વળતી જ પળે મનમાં થયું... પણ પલોંઠી નહિં વળી શકે...કંઈ હરકત નહિં પગ લાંબો રાખીશ.

ભાગ્યવતી પ્રતિક્રમણ કરીને ઓરડામાં આવી. ભાવડે કહ્યું: "ભાગુ, આવતી કાલથી હું પણ પ્રતિક્રમણ કરીશ."

"તમે નીચે બેસી શકશો ?"

"હા...પગ લાંબો રાખીને બેસવું પડશે...તું મને એકવાર નીચે બેસાડી દેજે પછી હરકત નહિં આવે."

"કહો તો કાલ સવારે દાદાને પૂછી આવું."

"એમાં પૂછવાનો કંઈ જરૂર નથી."

"સારું કાલની વાત કાલે...હવે હું તમારા પગે તેલનું માલીસ કરી દઉં."

ભાવડ કશું બોલ્યો નહિ. પત્નીના ઉજ્વળ સુંદર વદન સામે જોઈ રહ્યો. ભાગ્યવતીએ એક વાટકીમાં દાદાએ આપેલું તેલ કાઢયું અને સ્વામીના પગના ઢીંચણથી પંજા સુધી હળવે હાથે માલિસ કરવા બેસી ગઈ.

ભાવડે કહ્યું : "ભાગુ, ધરમદાસે મને ભારે ધર્મ-સંકટમાં મૂકી દીધો છે."

"કેમ ?"

"હું જરા હરતોફરતો થાઉં ત્યારે તે મને ધંધો કરાવવા માગે છે. તેણે મને એક લાખ મુદ્રાઓ વગર વ્યાજે આપવાનું કહ્યું હતું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" તમે શું જવાબ આપ્યો ? "

" મૈત્રી વચ્ચે લેણા દેણાનો સંબંધ ન હોય તે શ્રેષ્ઠ છે એમ કહીને મેં વાત જરા ઠેલી છે....પણ એ મને છોડશે નહિં. "

"એક વાત તો ચોકકસ છે કે ફેરીમાં પેટપુરતું પ્રાપ્ત થાય પણ સ્થિતિ ન પલટાવી શકાય...અને વેપાર ખેડવામાં બુદ્ધિ અને ધન બંને જોઈએ, બુદ્ધિ તો જળવાઇ રહી છે....પણ ધન આપણી પાસે નથી. મધ્યમ માર્ગ તો એ છે કે ધર્મદાસને દુઃખ ન થાય અને આપણે માથે મોટો બોજો ન આવી પડે એ રીતે કંઈક થાય તો આનાકાની ન કરવી. આમેય હવે આપ ફેરી કરવા જઈ શકશો નહિં...કદાચ તમારા મિત્ર તમને જવા દેશે...પણ હવે હું જવા નહિં દઉં. એટલે નાનો સરખો ધંધો શરૂ થાય તો એમાં કંઈ માનહાની જેવું નહિં ગણાય. "

" બરાબર છે...એવું જ કંઇક વિચારીશ..." ભાવડે કહ્યું.

તેલનું માલીસ થઈ ગયું હતું. ભાગ્યવતી હાથ ધોવા ઊભી થઈ.

વર્ષાદની ગંભીરતા જરાય ઓછી નહોતી થઈ. સારા નશીબે મકાનમાં કયાંય ચુવાક નહોતો થતો એટલે બંને નીરાંતે સૂઈ શકતાં હતાં.

જ્યાં વાત વાતમાં વરસો વીતી જતાં હોય છે ત્યાં દિવસ રાતની શી ગણત્રી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમે દિવસે શિવુદાદાએ ટેકા વગર ચાલવાની છૂટ આપી; અને તેરમે દિવસે ભાવડ શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરવા જઈ શકયો.

ધરમદાસ અને તેની પત્ની બે વાર ભોજન કરી ગયાં હતાં...અને વીસમે દિવસે ધરમદાસે ભાવડને કહ્યું: "ભાવડ, હવે તું છૂટથી હરીફરી શકે છે. આજ હું નક્કી કર્યા વગર અહીંથી ઊઠવાનો નથી."

ભાવડે હસીને કહ્યું: 'મેં આ પ્રશ્ન પહેલેથી જ નક્કી કરી લીધો છે. ધર્મદાસ, તારી લાગણી કરતાં એક કરોડ સોનામહોરની કોઈ કિંમત નથી, છતાં હું તારો ભાવનાનું અપમાન નહિ કરું."

"તો આવતી કાલે એક સારી એવી દુકાનનું નક્કી કરી નાખું છું."

"એમ નહિ."

"તો!"

"જો....તારી મારા પ્રત્યે અપાર લાગણી છે એ હું ગર્વપૂર્વક સ્વીકારું છું....પણ ભાઈ બહુ મોટો વેપાર હમણાં મારે ખેડવો નથી. તું મને માત્ર સો સુવર્ણમુદ્રાઓ આપજે...હું નાની હાટડી માંડવા ઈચ્છું છું."

"નાની હાટડી?"

"કેમ, એમાં કંઈ દોષ છે?"

"દોષ તો નથી...પણ હું દસબાર પેઢીઓ ચલાવું લાખોનો વેપાર ખેડું ને તું નાની હાટડી માંડે?" આશ્ચર્ય ભર્યા સ્વરે ધર્મદાસે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" એમાં તારે શરમાવવાની શી જરૂર ? શું કોઈને ગરીબ મિત્રો નહિં હોય ? ધર્મદાસ, ગરીબી કે અમીરી એતો કર્મની એક લીલા જ છે. આ લીલાને કોઈ નિવારી શકયું નથી તું કોઈ વાતનો સંકોચ ન રાખીશ. "

ધર્મદાસે આ અંગે ઘણી દલિલ કરી, ઘણી વિનંતિ કરી પરંતુ, ભાવડ હાટડીથી આગળ ન વધ્યો...છેવટે મિત્રના અત્યાગ્રહને માન આપવા ખાતર તેણે પાંચસો સુવર્ણમુદ્રાઓ લેવાનું સ્વીકાર્યું.

ધર્મદાસે મનમાં વિચાર્યું, ભલે અત્યારે નાની હાટડી માંડે ..ચાર છ મહિના પછી હાટડીમાંથી મોટી પેઢી સરજાવી શકાશે.

શ્રાવણ શુદિ તેરસના શુભ દિવસે ભાવડ શેઠે બજારમાં એક નાની હાટડીનું મુરત કર્યું.

અને દિવાળી આવતાં તો નાની હાટડી ગ્રાહકો માટે આશિર્વાદરૂપ થઈ પડી.

ભાવડના વ્યાપાર અંગેનાં સૂત્રો એવાંને એવાં જ રહ્યાં હતાં...કોઈને ઓછું આપવું નહિ....ભેળસેળ કરવી નહિં અને સત્તર આનીથી વધારે નફો લેવો નહિ.

ભાવડે એક વાણોતર પણ રાખી લીધો હતો, કારણ કે તેણે કરિયાણાનો પરચુરણ વેપાર શરૂ કર્યો હતો.

રાઘવ વર્ષા હોવા છતાં નિયમિત આવતો...અને હાટડીના મુરત પ્રસંગે તો તે ખાસ આવ્યો હતો. તેનું મન ભાવડ શેઠની નાની હાટડી જોઈને પણ નાચી ઊઠયું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્તિક મહિનો બેસી ગયો. યતિદાદાની સૂચના ભાવડ ભૂલ્યો નહોતો. તે પોતાની હાટડીએ બેસતો પણ કોઈ પરદેશી ઘોડી વેંચવા આવ્યો છે કે નહિં તેની તે બરાબર ખબર રાખતો.

જ્ઞાનપંચમી આવી ગઈ. ભાવડના મનમાં હતું કે કાર્તિક શુદ્ધી પૂનમ પહેલાં ઘોડી મળી જાય તો પોતે પત્નીને લઈને વલ્લભીપર યતિદાદાના દર્શને જઈ આવે. સાથે સાથે તેણે એ પણ નિશ્ચય કરી લીધો હતો કે કાર્તિક શુદ્ધિ અગિયારસ સુધીમાં ઘોડી વેચનાર ન આવે તો પાછલી રાતે વલ્લભીપુર તરફ નાકળી જવું.

પણ કાર્તિક શુદ્ધિ છઠ્ઠના દિવસે જ એક પરદેશી ગામની ધર્મશાળામાં આવ્યો અને પોતાની ઘોડી વેંચવા માટે મુખ્ય બજારના ચોકમાં ઘોડી લઈને ઊભો રહ્યો.

ભાવડ પોતાની હાટડીએ બેઠો હતો. ચોક દૂર હતો એટલે તે તરફ કશું જોઈ શકાતું નહોતું.

ઘોડી ઘણી સુંદર હતી, દેખાવડી હતી....લોકો એની કિંમત પૂછતા ત્યારે પરદેશી કહેતો કે "આ ઘોડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતવાન છે....વળી સગર્ભા પણ છે....જેને જોઈતી હોય તો સો સુવર્ણમુદ્રાઓ આપીને લઈ જઈ શકે છે."

સો સુવર્ણમુદ્રાઓ !

લોકો સાંભળીને નાકનું ટેરવું ચડાવતા. ઘોડીની કિંમત એક સુવર્ણમુદ્રા હોય આ વધારે રૂપાળી છે તે બે સુવર્ણમુદ્રા માગે...પણ સો સુવર્ણમુદ્રામાં તો આવી પચાસ ઘોડીઓ મળે !

લોકો પરદેશીને પાગલ માની ઠઠ્ઠા કરી લેતા... પણ પરદેશી શાંત ભાવે જ ઊભો રહ્યો હતો.

એક નાગરિકે કહ્યું : "શું આ ઘોડી એની લાદમાં સુવર્ણ તો નથી આપતીને ?"

"એમ હોય તો હું વેંચું શા માટે ?"

"તો પછી એની કિંમત કંઈક વ્યાજબી કહેને ! સો મુદ્રામાં તો આવી પચાસ ઘોડીઓ આવે !" એક નાગરિકે કહ્યું.

"બાપુ, હું કયાં કોઈને ગળે પડું છું ! જેને લેવી હોય તે સો મુદ્રા આપીને લઈ શકે છે...."

"ભાઈ તું આઠ દિવસ ઊભો રહીશ તોય તારી ઘોડી નહિં વેંચાય...."

"નહિં વેંચાય તો હું ચાલ્યો જઈશ....જાતવાન અશ્વોનો જે જાણકાર હશે તે જરૂર આ ઘોડી ખરીદી લેશે..."

કોઈ પરદેશીની હાંસી કરતાં, કોઈ પરદેશીને પાગલ માનતા તો કોઈ વળી ઉલ્લુનો સરદાર સમજતા.

મધ્યાન્હ સમયે ભાવડની દુકાને એક ગ્રાહક કંઈક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવા આવ્યો. ભાવડ તેના માલનું પડીકું વાળવા માંડ્યો ત્યારે તે ગ્રાહકે કહ્યું: "ભાવડશેઠ, શું કળજગ આવ્યો છે!"

"કેમ ભાઈ...મારા માલમાં..."

"તમારા માલની વાત નથી કરતો. આ મોટી બજારના ચોકમાં કોક પરદેશી ઘોડી વેંચવા આવ્યો છે... ઘોડીની કિંમત એની સાત પેઢીની જણાવે છે..."

"શું કોઈ પરદેશી છે?"

"હા, હું એ રસ્તેથી અહીં આવ્યો. લોકોનું ટોળું ભેગું થયું છે ને બિચારાની મશ્કરી કરે છે."

ભાવડે પડીકું આપી દીધું....અને વાણોતરને થડે બેસવાનું કહી તે ઊભો થયો. યતિદાદાએ કહેલી ભવિષ્યવાણી સાચી પડી હતી...તે બેસ વીંટી, પાઘડી સરખી કરી, કાંટારખા ધારણ કરીને મોટી બજારનાં ચોક તરફ ગયો.

ચોક પાસે જતાં જ તે જોઈ શક્યો કે લોકો ટોળે વળીને ઊભા છે. ટોળાની વચ્ચે ઘોડીની લગામ પકડીને એક પરદેશી ઊભો છે.

ભાવડ ટોળા પાસે ગયો. ભાવડને જોતાં જ એક ટીંખળી બોલી ઊઠ્યો: "અલ્યા પરદેશી, અમારા ગામના અશ્વ પરિક્ષક ભાવડ શેઠ આવી ગયા છે...હવે તને માગ્યું મૂલ્ય મળશે."

ભાવડશેઠની ગરીબાઈ પર વ્યંગ કરવાના ઇરાદે એક બીજો વેપારી બોલી ઊઠ્યો: "પધારો ભાવડશેઠ પધારો...આ બિચારો કયારનો ઘોડી વેંચવા ઊભો છે પણ કોઈ ગ્રાહક મળતો નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ ટોળા વચ્ચેથી ઘોડી પાસે ગયો...પહેલી જ નજરે તે પારખી શકયો કે લાખ ઘોડાં હોય ત્યારે આવું એક રત્ન મળી શકે છે. તેણે ઘોડીનાં લક્ષણો તપાસવા માંડયાં.

પરદેશીએ કહ્યું : " શેઠ, આવી સુંદર, શુભ લક્ષણવાળી અને સાબુત ઘોડી આપને કયાંય નહિં મળે...."

ભાવડે કશો જવાબ આપ્યા વગર ઘોડીનાં ચિહ્નો, લક્ષણો વગેરે તપાસવા માંડયાં.

એક રોનકી બોલી ઊઠયોઃ " ભાવડ શેઠ, તમારી પેઢીને ને તમારી હવેલીને શોભે એવી ઘોડી છે...સોદો પતાવી નાખો. "

ભાવડે બોલનાર સામે દૃષ્ટિ પણ ન કરી...પરદેશી સામે જોઈ ને કહ્યું ; " ભાઈ, આ ઘોડી ખરેખર વેચવી છે ?"

" હા...ભાઈ, નહિં તો શું કામ આ રીતે ઊભો રહું ? "

" ઘોડીને કેટલામો મહિનો ચાલે છે ? "

" ત્રીજો મહિનો...."

" તો આની વ્યાજબી કિંમત કહી દે. "

" શેઠજી, આ ઘોડીની કિંમત મેં નક્કી જ કરી રાખી છે....એક કોડી ઓછી નહિં ને એક કોડી વધારે નહિ... પુરી એકસો સુવર્ણમુદ્રાઓ લેવી છે..."

ભાવડ વિચારમાં પડી ગયો. તેની પાસે પુરાંતમાં એકસો ત્રીસ સુવર્ણમુદ્રાઓ તો હતી જ...પણ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક આધેડ માનવી બોલી ઉઠ્યો : " લઈ લ્યો શેઠ, સો મુદ્રામાં આવું...રતન નહિં મળે...આતો ઘેર બેઠા ગંગા આવી છે."

ભાવડે પરદેશી સામે જોઈને કહ્યું : " ચાલ મારી હાટડીએ...સો સોનામહોરમાં સોદો મંજુર, પણ તારે મારી એક શરત માનવી પડશે."

" બોલો શેઠ..."

"એક વાર બેસીને હું ખાત્રી કરી લઉં."

" એકવાર શું કામ...દસવાર બેસી જુઓને...."

" ચાલ ત્યારે...."

ટોળુ આખું આશ્ચર્યચકિત થઈ ગયું. એકથી બે સુવર્ણમુદ્રાના બદલે આ ભાવડે સો સુવર્ણમુદ્રાઓમાં સોદો કર્યો! કાઢશે કયાંથી ? માંડ પોતાનું પેટ ભરે છે...નાની એવી હાટડી કરી છે....

એક જણ ધીમેથી બીજા સામે જોઈ ને બોલ્યો : " ગમે તેમ તોય વાણીયો ખરોને ! ઘોડી માથે બેસી જોશે અને પછી હસીને–ના પાડી દેશે."

પરદેશીએ ભાવડ શેઠના હાથમાં ઘોડીની લગામ મૂકી...

ભાવડ ત્યાંને ત્યાં ઘોડી પર સવાર થઈ ગયો... ટોળું એકદમ ખસી ગયું...

ભાવડે લગામનો સહેજ ઇશારો કર્યો ને ઘોડી પાણીના રેલા માફક ઉપડી...

પોતાની હાટડીએ આવીને ભાવડ ઉતરી ગયો. થડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠેલા વાણોતર સામે જોઈ ને કહ્યું : " ભગવાનજી, તું આ ઘોડીની લગામ પકડીને ઊભો રહે."

વાણોતર નીચે આવ્યો અને ઘોડીની લગામ પકડીને ઊભો રહ્યો.

થોડી જ વારમાં દસબાર માણસોનાં ટોળાં સાથે પરદેશી પણ આવી પહોંચ્યો.

ભાવડે ગલ્લામાંથી સુવર્ણમુદ્રાઓની થેલી બહાર કાઢી અને પરદેશી સામે જોઈને કહ્યું : " આવ ભાઈ ઉપર આવ...."

પરદેશીએ કહ્યું : " શેઠજી, આપ ઘોડીની ખાત્રી કરી આવો..."

" કરી લીધી."

" કયારે કરી શેઠજી ? તમે તો હજી હમણા જ મારી પાસેથી ઘોડી લઇને આવ્યા....જરા ગામ બહાર જઇ આવો...એકવાર એની ઝપટ પણ જુઓ....બાઝની માફક આકાશમાં ઉડતી હોય એવી રીતે વાળેવાજ જશે... ને જે સ્થળે ઊભી રાખવી હશે તે સ્થળે ઇશારા માત્રમાં થાંભલા માફક ખડી થઇ જશે." પરદેશીએ પોતાની ઘોડીનાં વખાણ કર્યાં.

ભાવડે કહ્યું : " સોનાનું પારખું કરતાં વાર ન લાગે... તમે તમારા પૈસા લઈ જાઓ ને ચોપડામાં મને વિગત લખાવો."

ભાવડશેઠે રોજમેળ ખોલ્યો અને તેમાં શ્રી ઘર ખરચા ખાતે ઉધાર કરીને એકસો સુવર્ણમુદ્રાઓનો અંક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂકયેા. પછી પરદેશી સામે જોઈ ને કહ્યું: "આપનું નામ શું?"

"હરષદસંગ કૃષ્ણસંગ જાતે રજપુત...રહેવાશી માંડવગઢ." પરદેશીએ કહ્યું.

"ઘોડીનું કાંઈ નામ રાખ્યું છે?"

"હા શેઠજી, ઘોડીનું નામ લક્ષ્મી રાખ્યું છે."

"દેવદેવીનાં નામ જાનવર માટે ન શોભે...." ભાવડ આછું હસ્યેા....

"શેઠજી, અમને એવી ખબર નેાં પડે....આ તેા બહુ દેખાવડી હતી એટલે લખ્ખી લખ્ખીથી બેાલાવીએ છીએ."

"સારું" કહી ભાવડે ચેાપડામાં લખ્યું: "આજ કારતક શુદી છઠ્ઠને મંગળવારે માંડવગઢથી આવેલા રજપુત હરષદસંગ કૃષ્ણસંગ પાસેથી લખ્ખી નામની એક ઘોડી ખરીદ કરી, તેની એકસેા સુવર્ણમુદ્રાઓ રેાકડી આપી." આ પ્રમાણે લખીને શેઠજીએ એક લીંટી કરી અને પરદેશી સામે જોઈ ને કહ્યું: "સહી કરતાં આવડે છે ને?"

"ભાંગી તૂટી આવડે છે...."

તરત ભાવડે સુવર્ણમુદ્રાઓ ગણી આપી અને પછી કહ્યું: "હવે આપ આ સ્થળે સહી કરેા."

હરષદસંગે બેાડીયા અક્ષરે સહી કરી. ત્યાર પછી તે ઊભેા થતાં બેાલ્યેા: "શેઠજી, તમારી હાટડી નાની છે પણ ઘોડાંની પરખ ને દિલ બેય મેાટાં છે....હવે હું રજા લઉં છું....આપ લખ્ખીને બરાબર સાચવજો. કેાઈ વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંડવગઢ આવો તો જાતરાનું ધામ છે ને રજપુત વાડામાં મારું ઘર છે."

"એમને એમ નો જવાય....ઘેર આવો ને રોટલો ખાતા જાઓ."

"બાપુ, મારે અત્યારે જ ઉપડવું છે...મારી સાથે બે ભાઈબંધો પણ છે."

"ખોટું ન લાગે તો એક વાત પૂછું."

"પૂછોને શેઠ...."

"ઘોડી શું કામ વેંચવી પડી ?"

"લક્ષ્મીના હિત ખાતર મારે વેંચવી પડે છે...મેં પાંચાળમાં એક પંચ લક્ષણવાળો વાળી ઘોડો હોવાના સમાચાર સાંભળ્યા હતા અને હું ઘોડો લઈ ને આવ્યો. સારા શકને નિકળ્યોતો તે કામ થઈ ગયું...ને અમે કચ્છની જાત્રાએ ગયા....ઘોડીને ત્રીજો બેઠો એટલે મને ફિકર થઈ....પ્રવાસમાં લઈ જાઉં તો ત્રોઈ જાય એવી બીક લાગી....ને હજી મારે દ્વારકા, સુદામાપુરી ગીરનાર વગેરે સ્થળે જવું છે...એટલે વેચી છે...બીજું કોઈ કારણ નથી."

ભાવડને સંતોષ થયો અને પરદેશી વિદાય થયો.

લોકોનું નાનું સરખું ટોળું થઈ ગયું હતું...તે અંદરો અંદર બોલવા માંડયું..." ભાવડશેઠ ન સમજાય એવો માણસ છે...ઘરમાં સાવ સાદાઈથી રીયે છે...ઘર પણ ઝુંપડા જેવું છે ને સો સોનૈયાની ઘોડી લીધી...કોક હોય તો રૂડું રૂપાળું ઘર બનાવે..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ થડેથી નીચે ઉતર્યો અને વાણોતર પાસેથી લક્ખીની લગામ પકડીને પગે ચાલતો ઘર તરફ ગયો.

ડેલી પાસે પહોંચ્યા પછી લક્ખી જાણે આનંદ વ્યક્ત કરતી હોય તેવા ભાવે હણહણી ! ભાવડે ડેલી ખખડાવી.

કાર્તિક શુદ એકમથી ભાવડે એક ઘરકામ કરનારી આધેડ બાઇને રાખી હતી. તેણે આવીને ડેલી ઉઘાડી શેઠને જોતાં જ તે પાછી ફરી...ભાવડે કહ્યું : "રાજુ બેન, એને કંકાવટી ને ચોખા લઈને મોકલો."

થોડી જ વારમાં ભાગ્યવતી કંકાવટી ને ચોખા લઈને આવી પહોંચી. ભાવડે કહ્યું : "યતિદાદાનાં વેણ સાચાં પડયાં...સો સોનૈયામાં આ જાતવાન ઘોડી મળી છે... સગર્ભા છે ને ત્રીજો મહિનો પૂરો થવા આવ્યો હોય એમ લાગે છે...તું આપણી લક્ખીને ચાંદલો કરીને વધાવી લે..."

હર્ષભર્યા હૈયે ભાગ્યવતીએ ઘોડીને વધાવી...ત્યાર પછી મીઠડાં લીધાં.

લક્ખી ઘણા જ હર્ષ સાથે આ નવા માલિકની ડેલીમાં દાખલ થઈ.

ભાવડ જ્યાં ગાય બાંધતા હતા ત્યાં લક્ખીને બાંધી અને ભાગ્યવતી જોગાણ લઈ આવી.

ભાવડે કહ્યું : "હવે હું હાટડીએ જઈ આવું.... વધાવીને પાછો આવું છું."

ભાવડ ચાલ્યો ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીના હૃદયને ઘણો જ આનંદ થયો હતો. યતિદાદા જેવા સત્ પુરુષની વાણી કોઈ કાળે ખોટી ન પડે !

વાળુ ટાણે હાટડી વધાવીને ભાવડ પાછો આવી ગયો. પત્નીએ સ્વામીને જમવા બેસાડયા. જમતાં જમતાં ભાવડે 'લક્ષ્મી' કેવી રીતે મળી તે વાત કહી.

રાજુબાઈ સવારે અહીં જમી લેતી ને અત્યારે થાળીમાં બધું ઘેર લઈ જતી.

તે વાસણ માંજવા બેઠી એટલે ભાવડ ને તેની પત્ની શ્રીજિન મંદિરે દર્શનાર્થે ગયાં.

ભાગ્યવતી હાથે જ કામ કરવા ઇચ્છતી હતી પણ ભાવડના આગ્રહને માન આપીને છેલ્લા છ દિવસથી એક કામ વાળી રાખી લીધી હતી. હાટડી નાની હતી...પરંતુ વેપાર દિવસે દિવસે વધતો જતો અને ઓછે નફે આવક પણ આનંદપૂર્વક જીવી શકાય એવી થતી.

મિત્રનું દેણું પતાવવા ખાતર તેણે સુવર્ણમુદ્રાઓ ભેગી કરવા માંડી હતી....પણ લક્ષ્મીમાં બરચાઈ ગઈ. છતાં તેને શ્રદ્ધા હતી કે છ મહિનામાં પાંચસો સુવર્ણમુદ્રાઓ નફામાંથી તારવીને દેણું ચૂકવી શકાશે.

ઘેર પાછા આવ્યા પછી રાજુબાઈ થાળી લઈને પોતાને ઘેર ગઈ.

ભાગ્યવતીએ દીવો પ્રગટાવ્યો.

ભાવડ હાટડીએ પાછો ગયો...કારણ કે થોડું કામ બાકી હતું.

ત્રણેક ઘટિકામાં ભાવડ પાછો આવ્યો એ વખતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડશેઠે ખરીદેલી ઘોડીની વાત ચારે તરફ ચર્ચાઈ રહી હતી. આ સાંભળીને નિરંજન, ધર્મદાસ અને ધર્મદાસનો એક મિત્ર ભાવડના ઘેર આવી પહોંચ્યા હતા. ભાવડ જ્યારે ડેલીમાં દાખલ થયો ત્યારે ત્રણેય ઘોડી જોવા એકઠાળીયામાં ગયા હતા. નિરંજનના હાથમાં એક દીવો પણ હતો.

ભાવડને ડેલીમાં દાખલ થયેલો જોતાં જ નિરંજને એકઠાળીયામાંથી ઘુમ પાડી.

ભાવડ તે તરફ વળ્યો.

એકઠાળીયામાં ગયો ત્યારે ધર્મદાસે કહ્યું: "ભાવડ, ઘોડી ઘણી પાણીદાર લાગે છે....પણ મેં તો સાવ નવી વાત સાંભળી હતી."

ભાવડ પ્રશ્ન ભરી નજરે ધર્મદાસ સામે જોઈ રહ્યો.

ધર્મદાસે કહ્યું: "લોકો કહે છે કે આ ઘોડી તેં સો સુવર્ણમુદ્રાઓ આપી ખરીદી!"

"ઈ સાચી વાત છે.... જો પરદેશીએ પાંચસો સુવર્ણમુદ્રાઓ માગી હોત તો પણ હું ખરીદી લેત. આવી શુભ લક્ષણવાળી ઘોડી લાખે એકાદ હોય છે."

"ભાઈ, ઈ તો મને કાંઈ ખબર પડે... અશ્વ-શાસ્ત્રનો તું નિષ્ણાત છે એટલે તેં સમજી વિચારીને જ કર્યું હશે...ખરેખર ઘોડીને જોતાં જ આંખ ઠરે છે!" ધર્મદાસે કહ્યું.

નિરંજને કહ્યું: "મેં તો એવું સાંભળ્યું કે પરદેશીએ જે માગ્યું તે તેં આપી દીધું. લોકો કહે છે કે બે સોનૈયામાં મળે એવી ઘોડીના સો સોનૈયા આપી દીધા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" લોકોને શું ખબર પડે ! " ભાવડે કહ્યું.

ધર્મદાસે કહ્યું : " સોનૈયા આપી દીધા ? "

" હા...ને વધારે માગ્યા હોત તો મારે તારી પાસે આવવું પડત. પણ તારા સદ્‌ભાવથી ધંધામાં વાંધો આવે એમ નથી. "

ત્યાર પછી સહુ ઓસરીએ ગયા.

થોડીવાર વાતો કરીને ત્રણેય વિદાય થયા.

ભાવડ અને ભાગ્યવતીએ પ્રતિક્રમણની તૈયારી કરવા માંડી.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈપણ સારું કાર્ય થાય કે નરસું કાર્ય થાય એનું નિમિત્ત હોય જ છે. નિમિત્ત વગર સંસારની કોઈ ક્રિયા બનતી નથી. જાહોજલાલીના શિખર પરથી જ્યારે નવજવાન ભાવડનું પતન થયું, ત્યારે નિમિત્ત બન્યું હતું દરિયાબેડ.... !

પોતે સાવ નીચે પટકાઈ ગયો....તમામ માલ મિલકત બલાસ થઇ ગઈ...સગા સંબંધીઓએ સામું પણ ન જોયું...એકનો એક બનેવી પણ મોઢું દેખાડવા ન આવ્યો...બે ધડકતાં હૈયાને બાળવી રાખવા ખાતર ભાવડે કાપડની ફેરીની કાળી મજુરી શરૂ કરી....પણ પોતાની ટેકને ખંડિત ન થવા દીધી. કોઈની પાસે હાથ લાંબો ન કર્યો...કોઈ પાસેથી ઉધાર માલ ન લીધો.... કોઈપણ સંયોગોમાં પોતાની પ્રમાણિકતા ન છોડી અને બંને માણસો શ્રી જિનેશ્વર ભગવંતની વાણીમાં અચળ શ્રદ્ધા રાખીને ધર્મની છાયાથી દૂર ન રહ્યા.

શુભાશુભ કર્મો ગમે તેવાં હોય છતાં તેની મર્યાદા હોય જ છે. પાપકર્મનો ઉદયકાળ અસ્તાચલ તરફ ગતિ કરવા માંડયો અને યતિદાદાના આશિર્વાદ પ્રાપ્ત થયા. યતિદાદાએ ભાખેલું ભાગ્ય સાકાર બનવા માંડયું. અને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યના પ્રતિક રૂપ 'લક્ષ્મી' નામની શ્રેષ્ઠ ઘોડી પણ આંગણે આવી ગઈ.

અગિયારસના દિવસે રાઘવ પણ આવી પહોંચ્યો. 'લક્ષ્મી'નાં રૂપ જોઈને તે પણ નાચી ઊઠ્યો...પરંતુ કિંમત સાંભળીને તે અવાક્ બની ગયો.

ભાવડની ભાવના હતી યતિદાદાના દર્શનની. તેણે ભાગ્યવતીને કહ્યું : "ભાનુ, જો તું ઘોડા પર સવારી કરી શકે તો આપણે બંને વલ્લભીપુર જઈ આવીએ. ચૌદશનું ચઉમાસિક પ્રતિક્રમણ કરી, દાદાની વાણી સાંભળી પૂનમની સાંજે પાછા અહીં આવી જઈએ."

"એક કરતાં આપણે તેરસની વહેલી સવારે કોઈનો રથ લઈને જઈએ. બપોર પછી વલ્લભીપુર પહોંચી જઈશું. 'લક્ષ્મી'ને આવો શ્રમ આપવો તે બરાબર નથી."

વલ્લભીપુર વધારે દૂર નહોતું. વીસ કોશ દૂર હતું. પરંતુ ત્રણ ચાર દિવસ સુધી લક્ષ્મીને કયાં રાખવી ? એ એક પ્રશ્ન થઈ પડ્યો.

રાઘવે રસ્તો સુઝાડ્યો...."કોઈનો રથ લેવાની જરૂર નથી. હું કાલ રાતે ગાડું લઈને આવી જઈશ. આપણે પરોઢીયે ઉપડશું....તો રોંઢા ટાણે વલ્લભીપુર પહોંચી જઈશું....અને લક્ષ્મીને ચાર દી માટે ગંગામાના આંગણે બાંધો...અથવા ધરમદાસને ત્યાં રાખો. ગાય ભલે ગંગામાને ત્યાં રહે."

એમ જ થયું....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરસના મધ્યાન્હ પછી રાઘવનું ગાડું વલ્લભીપુરનાં પાદરમાં પહોંચી ગયું. ત્યાંના ભવ્ય દેરાસરની ધર્મશાળામાં ભાવડે ઉતારો કર્યો.

સૌથી પ્રથમ બંને માણસો રાઘવ સાથે યતિદાદાના દર્શને ઉપાશ્રયે ગયા.

ભાવડને જોતાં જ યતિદાદાએ મીઠી નજરે જોયું. ભાવડ અને ભાગ્યવતીએ વિધિવત વંદન કર્યા. રાઘવ પણ સાષ્ટાંગ દંડવત કરવા માંડ્યો.

યતિદાદાએ ધર્મલાભ આપીને કહ્યું : "ભાવડ તારે પગે ઘણું સારું છે....ધર્મીજનોનું રક્ષણ ધર્મ કરતો જ આવે છે."

વલ્લભીપુરના નગર શેઠને ત્યાં ત્રણેયને ભોજન લેવું પડ્યું. રાતે દેવદર્શન, પ્રતિક્રમણ, આદિકાર્ય કરીને યતિદાદાની ચરણસેવા કરી ભાવડે ઘોડી પ્રાપ્ત કર્યાની વાત કહી. યતિદાદાના વદન પર પ્રસન્નતા ઉપસી આવી.

ચઉમાસિક પ્રતિક્રમણ ઘણા જ ઉલ્લાસ સાથે થયું. કાર્તિક શુદિ ચૌદશનો બંનેએ ચઉવિહારો ઉપવાસ કર્યો... અને પૂનમના દિવસે યતિદાદા સાથે નગરીના જૈનોએ શ્રી સિદ્ધગિરિજીની દિશામાં એકસો આઠ ખમાસમણા આપીને ચૈત્ય વંદન કર્યું.

ત્યાર પછી યતિદાદાએ સહુને ઉદ્દેશીને કહ્યું : "વર્તમાન કાળમાં આપણે આપણા મહાન તીર્થનો વિયોગ સહી રહ્યા છીએ...આજ દુષ્ટ અસુર જાતિએ આપણા પવિત્ર તીર્થનો કબજો લીધો છે અને આપણા મંદિરોને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપૂજ રાખ્યાં છે આપ સહુ ધર્મમાં દૃઢ રહેજો...આપના હૈયામાં ધર્મભાવનો દીવડો જલતો રહેશે તો અવશ્ય એ મહાન તીર્થનો ઉદ્ધાર થયા વગર નહિં રહે.''

એક શ્રાવકે પ્રશ્ન કર્યો : '' ભગવંત, શું એ અસુરને કોઈપણ ઉપાયે પરાજિત કરી શકાય એમ નથી ? ''

'' કપાર્દિ અસુર ઘણો જ શક્તિશાળી છે. આપ તો જાણો જ છો કે સિદ્ધગિરિજીની યાત્રા કરવા કોઈ જઈ શકતું નથી.''

થોડા વરસો પહેલાં વીર વિક્રમે ભવ્ય સંઘ કાઢયો હતો ત્યારપછી જો કોઈ જાય તો કપાર્દિ અસુર તેનો નાશ કરી નાખે છે. પરંતુ આસુરી શક્તિનો યે એક દિવસે અંત આવે જ છે...એક પેઢી પર્યંત રાહ જોવી પડશે... કસોટી કંચનની હોય છે...આજે આપણા ધર્મનો કસોટી કાળ છે ..જ્યારે કસોટી કાળ ચાલતો હોય ત્યારે ધૈર્ય, હિંમત અને બળને સાચવી રાખવાં જોઈએ.''

તેજ દિવસે પારણું કરીને ભાવડ શેઠ, ભાગ્યવતી અને રાઘવ વિદાય થયાં.

મુનિશ્રી યતિદાદા પણ પોતાના શિષ્યો સાથે વિહાર કરી ગયા.

ભાવડશેઠ વલ્લભીપુરથી મોડા નીકળ્યા હતા એટલે માર્ગમાં જ તેઓએ ભોજન પતાવી લીધું અને પોતાના ઘેર પહોંચ્યા ત્યારે રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયો.

રાઘવના બળદને આરામ મળે એટલે કાર્તિકવદિ એકમની સાંજ સુધી તેને રોકી રાખ્યો અને જ્યારે ગાડું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈને તે વિદાય થયો ત્યારે ભાવડશેઠે મીઠાઈના બે ટોપલાં, રાઘવના બાળકો માટે કાપડ વગેરે ગાડામાં મૂકી દીધું.

'લક્ષ્મી' પણ શુભ નિમિત્ત બની ગઈ હોય એમ જણાવા માંડયું. એકાદ મહિનો પસાર થતાં જ ભાવડશેઠ અનુભવી શકયા કે નાની હાટડીનો વેપાર ધીરે ધીરે મોટો બનતો જાય છે. ઓછો નફો, ઉત્તમ માલ, એક જ ભાવ અને પ્રમાણિકતા પ્રત્યે લોકો આકર્ષાઈ રહ્યા છે.

'લક્ષ્મી'ના આગમન પછી ત્રણ જ મહિનામાં ભાવડ શેઠની હાટડી સામે ખરીદનારાઓને હારબંધ ઊભા રહેવું પડતું.

ભાવડશેઠે પરચુરણ ગ્રાહકોને પહોંચી વળવા બે બીજા વાણોતર રાખી લીધા અને ઘોડીની બરાબર સાર-સંભાળ લઈ શકાય એટલા માટે ઘેર પણ એક નોકર રાખી લીધો ... એક બીજી દેશાણ ગાય ખરીદી લીધી.

અને એક શુભ દિવસે લક્ષ્મીએ રૂપરૂપના અવતાર સમો એક વછેરાને જન્મ આપ્યો. અશ્વવિદ્યા નિષ્ણાત ભાવડે નવજાત વછેરાનાં લક્ષણ જોયાં...તે પંચકલ્યાણી હતો...

આમ ભાવડનો ભાગ્યરવિ પૂર્વા–કાશમાં ઉદિત થઈ રહ્યો હતો....અને નંદપુરમાં રહેતી તેની બહેન સુરજ છેલ્લા નવ વરસથી પિયરનાં ઝાડવાં જોઈ શકી નહોતી. કમભાગ્યે તેને બે બાળકો થઈને મરી ગયાં હતાં. સાસુ અને નણંદનો ત્રાસ તો હતો જ....અને ધણી પણ લોભી, મક્ષીચૂસ અને લાગણીહીન મળ્યો હતો.

ભાવડ શેઠે પોતાની નબળી સ્થિતિમાં પણ ત્રણ વખત બેનને તેડાવવાનો સંદેશો મોકલ્યો હતો....પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલુકચંદે કશો ઉત્તર જ નહોતો આપ્યો. તેને ભય હતો કે જરાક ઢીલો થઇશ તો દસપંદર હજાર સોનૈયા આપવા પડશે.

પૈસામાં જ સુખ છે એવું માનનારાઓ કાંતો જુઠ્ઠા હોય છે કાં અજ્ઞાની હોય છે. સુરજના ઘરમાં અઢળક ધન હતું પરંતુ જીવનનો આનંદ દેખાતો જ નહોતો. અંતરની ઉર્મિઓને વિસામો મળે એવું એક પણ સ્થળ તેની સામે હતું નહિં.

નવાઈની વાત તો એ હતી કે પરણીને આટઆટલા વરસો વીત્યાં હોવા છતાં તે ગિરનારજીની યાત્રાએ પણ જઈ શકી નહોતી. સાસુ અને વિધવા નણંદને પણ યાત્રાની ભાવના નહોતી થતી.

અને તમામ સંપત્તિ ખતમ થઈ ગઈ હોવા છતાં.... મોટા મહેલમાંથી એક ક્ષુદ્ર મકાનનો વસવાટ થયેલો હોવા છતાં, સંખ્યાબંધ દાસદાસીઓનાં બદલે બધું કામ હાથે કરવાનું હોવા છતાં ભાગ્યવતી પરમ સુખ અનુભવતી હતી. પૈસાના અભાવનું જો તેને કંઈ પણ દુઃખ જેવું જણાતું હોય તો તે કેવળ એટલું જ કે પોતે અગાઉ માફક ખુલ્લા હૃદયે દાન આપી શકતી નથી.

આ કેવળ પૈસો એજ સુખ છે એવું માનનારાઓ સામે આ બે દાખલા પુરાવા રૂપે પડયા હતા.

રાતનો પ્રથમ પ્રહર પુરો થયો હતો.

બધું ઘરકામ પતાવીને સુરજ સાસુનાં પગ દબાવવા બેઠી હતી....મલુકચંદ હજી પેઢીએથી આવ્યો નહોતો....

પગ દબાવતાં દબાવતાં સુરજે ઘણા જ વિનય સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું : "બા, આપ જો આજ્ઞા આપો તો થોડા દિવસ માટે મારા પિયર જઈ આવું."

"સુરજ, હું સમજું છું કે છેલ્લા નવ-સાડાનવ વરસથી તું પિયર ગઈ નથી, તને મન થાય એમાં પણ ના નહિં. પણ તારા ભાઈની આવી સ્થિતિમાં જવું એ મને યોગ્ય નથી લાગતું."

સુરજે વિનમ્ર સ્વરે કહ્યું : "થોડા દિવસ પહેલાં જ મેં સાંભળ્યું છે કે મારા ભાઈએ પેઢી માંડી છે ને ધંધો સારો ચાલે છે....છતાં માબાપ ગરીબ હોય એટલે દિકરી પિયર જાય નહિં એવું તે કંઈ શોભતું હશે ?"

"તારે જવું હોય તો મારી કાંઇ ના નથી....મલુકચંદ કીયે તો ખુશીથી જા..." ડોશી સમજતાં હતાં કે મલુકચંદ પત્નીને પિયર જવાનું કહે એમ નથી.

સુરજે ભાવપૂર્વક પગ દબાવતાં દબાવતાં કહ્યું : "બા, તમે એમને કહો તો તમારું વેણ નહિં ટાળે !"

"તું વાત કરી જોજે...ઈ ના પાડશે તો હું જરૂર એને કહીશ" ડોશીએ ગીડાશથી વાત ટૂંકાવી.

થોડી જ વારમાં વાણોતર અને મુનિમ સાથે મલુકચંદ ડેલીમાં દાખલ થયો.

મુનિમના ને વાણોતરના હાથમાં નાણાની એક એક થેલી હતી.

ઓસરીએ આવીને મલુકચંદે બંને થેલીઓ લઈ લીધી. મુનિમ ને વાણોતરને વિદાય કર્યા. ત્યાર પછી પોતાના ઓરડાના મજુસમાં બંને થેલીઓ મૂકી દીધી. કેડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરાવેલો દુકાનની ચાવીનો ઝુમખો પણ મજુસમાં મૂકયો. ત્યાર પછી તેણે ઝુમ મારી "સાંભળ્યું ?"

સુરજ ઊઠીને ઓરડામાં ગઈ. મલુકચંદે કહ્યું: "બે દી પછી આપણે વલ્લભીપુર જવું છે."

"યાત્રા નિમિત્તે ?"

"જાતરા કરવાનો કયાં સમો મળે છે ? તારી તબિયત દેખાડવા જવું છે."

"મને કયાં કોઈ રોગ હતો ?"

"બે વાર બાળકો મરી જયા ને તું પાંત્રીસ વરસની થઈ ગઈ....મનસુખકાકા બે દિવસથી વાંસે પડયા છે. તેઓ કહે છે કે કાંપિલ્યપુરમાં ઉત્તમ વૈદ્ય છે....મેં કહ્યું કે ત્યાં તો મારે જવું નથી....એટલે તેમણે મને વલ્લભીપુરનો આગ્રહ કર્યો. તારી તબિયત વૈદ્યને બતાવવી છે... ભેગી મારી તબિયત પણ બતાવવી છે."

"એ કરતાં કાંપિલ્યપુર જઈએ તે વધારે ઉત્તમ છે. ત્યાંના વૈદ્યરાજ બહુ જ પ્રસિદ્ધ છે...ને મારા ભાઈના જાણીતા છે...વળી હું નવ વરસથી પિયર ગઈ નથી એટલે આ બહાને થોડા દિવસ ત્યાં રહી પણ શકાશે." સુરજે કહ્યું.

"વૈદ્ય સારો છે ઈ તો મેં પણ સાંભળ્યું છે પણ તારા ભાઈની સ્થિતિ સામે ય આપણે જોવું જોઈએ. એકતો માંડ માંડ પોતાનું પુરું કરતાં હોય ત્યાં આપણે જવું તે બરાબર ન કહેવાય."

"એની ચિંતા આપ શા માટે કરો છો ? સાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ વરસથી એના માથે અવદશા બેઠી છે છતાં કોઈ દી તમારા પાસે એક કોડીનીયે માગણી કરી છે ? અને મેં સાંભળ્યું છે કે હવે તેમણે પેઢી માંડી છે....ઘરાઈને રોટલો ખાઇ શકાય એવા સંજોગો છે.....વળી ત્યાંનો વૈદ્ય ઉત્તમ છે...તો પછી બીજે જવું તે બરાબર ન કહેવાય."

મલુકચંદ વિચારમાં પડી ગયો.

સુરજે કહ્યું : "તમને હું એક વાતની ખાત્રી આપું છું..."

"કઈ વાતની ?"

"મારો ભાઈ આપની પાસે કોઇ પ્રકારની સહાય નહિં માગે !"

"એટલે તું એમ માને છે કે તારા ભાઇને સહાય કરવાની મારી જ ભાવના નથી."

"ના...પણ મારા ભાઇનો સ્વભાવ હું બરાબર જાણું છું....એ કોઈ દિવસ કોઈ પાસે હાથ લાંબો ન કરે...જેને આપતાં આવડે છે તેને લેતાં આવડતું નથી...! મારા ભાઈ ભાભી ગિરનારજીની યાત્રાએ નીકળ્યાં હતાં તે વખતે મેં મારા ભાઈની પરીક્ષા કરી હતી."

"પરીક્ષા ? કઈ વાતની ?"

"મેં એને કહ્યું હતું કે મારો બધો દાગીનો તું લઇ જા...પણ તેણે ઘસીને ના પાડી દીધી હતી. એટલું જ નહિં પણ પોતે ભાંગી નથી ગયો એમ જણાવ્યું હતું."

"આ વાત તો તેં મને કરી જ નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કેવી રીતે કરું ? જે વાતમાં આપને રસ ન હોય તે વાત કરવી એ મારા માટે ઉચિત પણ ન ગણાય. તે દિવસે તમે કોક દરબાર સાથે બહાર ગામ ગયા હતા. પણ મારા ભાઈને મળ્યા હોત તો...."

"બરાબર છે...બરાબર છે તેદી બાએ ઘણો આગ્રહ કરેલો પણ રોકાણા જ નહોતા....ઠીક ત્યારે તું કાંપિલ્યપુરની જ તૈયારી કરજે...પણ એક વાત કહી રાખું છું....અહીંનો ધંધો સૂનો મૂકીને મારાથી જાજા દિવસો રહી શકાશે નહિ. "

"તમ તમારે ચાર છ દી રોકાઈને ચાલ્યા આવજો."

"અને તું ? "

"ગૈદરાજની દવા કરવી પડશે તો મારે રોકાંવુ જ પડશે અને આમેય નવ વરસ પછી જઉં છું એટલે શું ડેલીએ હાથ દઈને પાછી આવું ? "

મલુકચંદ પત્નીની વાતમાં સમ્મત થયો.

બીજે દિવસે સવારે પેઢીએ જતાં પહેલાં મલુકચંદે માતાને એક ઓરડામાં લઇ જઈને કહ્યું : "બા, કાલ કાં પરમ'દી હું ને તારી વહુ કાંપિલ્યપુર જવાના છીએ."

"તું આવ્યો તે પહેલાં જ વહુ પિયર જવાની વાત કરતી હતી....એને એકલીને જવા દેને...પછી અહીં તારા માટે બધી વ્યવસ્થા થઈ જશે. ગલા શેઠની દીકરી અઢાર ઉપર ગઈ છે ને માબાપને અકળામણનો પાર નથી. બિચારાં ગરીબ છે એટલે કાંક આપવું પડશે....પણ...."

વચ્ચે જ મલુકચંદ બોલી ઊઠ્યો : "બા, આ બંગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં તમને કેટલીય વાર કહ્યું છે કે હું બીજું ઘર કરવા માગતો નથી મને પણ ચાલીસ વરસ થઈ ગયાં છે...અને હું જાઉં છું. વૈદ્યરાજને દેખાડવા. કાંપિલ્યપુરનો વૈદ્ય આખા પંથકમાં વખણાય છે."

મા કશું બોલી નહિ, દિકરા સામે જોઈ રહી.

અને ત્રીજે દિવસે એક ગાડું લઈને બંને કાંપિલ્ય-પુર જવા વિદાય થયાં.

બેન બનેવી આવવાનાં છે એવો કોઈ સંદેશો ભાવડને મળ્યો જ નહોતો...તેણે અગાઉ ત્રણ ચાર વાર સંદેશા મોકલ્યા હતા પણ તેનો કોઈ જવાબ જ આવ્યો નહોતો. બેન સારી છે બનેવી સારા છે, કે ઘરમાં બધા નરવાં છે એવા કોઈ સમાચાર પણ મલુકચંદે મોકલ્યા નહોતા.

જ્યારે ભાવડનો પગ ભાગ્યો હતો, ત્યારે ભાવડે બેનને ચિંતા થાય એટલા ખાતર પોતાને વાગ્યાના સમાચાર મોકલ્યા જ નહોતા.

ત્યાર પછી નાની હાટડી કરી...

યતિદાદાના વચન પ્રમાણે ઘોડી ખરીદી....

લક્ષ્મીને સુંદર વછેરો થયો...

અને એક રાતે ભાવડ પાંચસો સુવર્ણમુદ્રાઓ લઈને મિત્રના ઘેર ગયો. ધર્મદાસે ભાવડનો ખૂબ જ સત્કાર કર્યો. વાતવાતમાં ભાવડે પાંચસો સુવર્ણમુદ્રાની થેલી મિત્રને સોંપતાં કહ્યું : " ધર્મદાસ, તારા જેવા મિત્રની ભાવનાથી મારી નૌકા સુખરૂપ ચાલી રહી છે... આટલો બોજો પણ આજ ઉતરી શકયો છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ભાવડ, તું એને બોળો માનતો હતો?"

"ધર્મદાસ, વ્યવહારની દૃષ્ટિએ જ બોળો માનતો હતો...આમ તો હું એને મિત્રની ભાવનાનું કુલ સમજતો હતો." ભાવડે કહ્યું.

"મેં તો આશા રાખી હતી કે તું મને મારું કર્તવ્ય બજાવવાની તક આપતો રહીશ. જો, તારામાં વેપારની આવડત છે....તારી નિષ્ઠા અદ્‌ભૂત છે....હવે તું નાનો હાટડીનો ત્યાગ કરીને મોટી પેઢી માંડી દે...હું તને વિવેક ખાતર નહિં પણ પ્રેમ ભાવે કહું છું કે એકથી પાંચ લાખ સુવર્ણમુદ્રાઓ તને આપવા કોઈ પળે હું તૈયાર છું." ધર્મદાસે ભાવભર્યા સ્વરે કહ્યું.

ધર્મદાસના બંને હાથ પકડી લઈ ને ભાવડ બોલ્યો: "ધર્મદાસ, તારો આ પ્રેમ ભાવ જ મારું મોટામાં મોટું બળ છે. તારા નિમિત્તો જ આજ હું દુઃખના ડુંગરાઓ વટાવી શકયો છું...હું ખરેખર કહું છું કે મને મારા બાવડાના બળ પર રહેવામાં આનંદ મળે છે. તું તો જોઈ શકે છે કે મારો પરચુરણ ધંધો ધમધોકાર ચાલે છે.... ધાર્યા કરતાં મને વધારે મળે છે...વળી બધો વેપાર રોકડેથી જ થાય છે અને માલ પણ રોકડેથી જ લાવું છું. આમ તારા સહકારનું શુભ ફળ હું મેળવી શકયો છું."

"તું મારી વાતને આમ અળગી ન કર...હું તો એક સ્વપ્ન જોઈ રહ્યો છું કે તારી હવેલી તને પાછી મળે.... તારા આંગણે હતી એવી જાહોજલાલી ખીલી ઉઠે."

"પાપકર્મનો કાળ પુરો થયો છે એમ મને લાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે....તારું સ્વપ્ન જરૂર ફળશે...અને મેં તને એક વચન તો આપ્યું જ કે જે દિવસે મારે જરૂર પડશે તે દિવસે હું તારા સિવાય કોઈ સમક્ષ સહાય માટે હાથ લાંબો નહિં કરું.” ભાવડે કહ્યું.

બીજી કેટલીક વાતો કરીને ભાવડ વિદાય થયો.

બીજે દિવસે સવારે ભાવડ ને ભાગ્યવતી શ્રી જિન પૂજન કરીને ઘેર આવ્યાં....બંનેએ નવકારશીનું પચ્ચખાણ પાળ્યું...ભાગ્યવતીએ દૂધ અને ખાખરા કાઢયા...

એ જ વખતે ડેલી બહાર કોઈ ગાડું ઊભું રહ્યાનો આભાસ આવ્યો....

અને ભાવડ તથા ભાગ્યવતીના કાન પર ચિરપરિચિત સ્વર સંભળાયો : “ ભાઈ...”

ભાવડ બોલી ઊઠયો : “અરે બહેન...તું એકાએક...”

ત્યાં તો મલુકચંદે પણ ડેલીમાં પગ મૂકયો.

ભાવડના વદન પર પ્રસન્નતા નાચી ઉઠી....

ભાગ્યવતી ઉઠીને નણંદના સત્કાર માટે સામે ગઈ.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતી સુરજને લઈને ઓરડામાં ગઈ...મલુકચંદને પ્રણામ કરી સાથે લઈને ભાવડ ઓસરીનો ખાટ પર બેઠો.

એકબીજાએ એકબીજાનાં કુશળ પૂછ્યા. મલુકચંદે કહ્યું : " ભાવડશેઠ, તમે બંને માણસો ઘર સુધી આવ્યાંને રોકાયાં નહિં...મારા મનમાં ત્યારનો ઓરતો રહી ગયો છે."

" શેઠજી, મારે તો નિશ્ચિત સમયે ગિરનારજી પહોંચવું હતું...પણ તે'દી તમે કયાંક બહારગામ ગયા હતા. પણ ત્યાર પછી મેં ત્રણચાર વાર સંદેશો મોકલ્યો હતો....પરંતુ આપના તરફથી કોઈ જવાબ જ ન મળ્યો."

" શું કરું ? ઘરનો ને દુકાનનો બોજો મારા એકલા માથે...વળી મારા બા પણ નરમ ગરમ રહ્યા કરે... ઉપાધિનો પાર નહિં...આમ ચિંતા અને બોજા વચ્ચે એવો સપડાયેલો હતો કે ઇચ્છા છતાં હું ઉત્તર મોકલી શકયો નહોતો. અને બીજું મહત્ત્વનું કારણ એ હતું કે મને આપના પ્રત્યે ઘણું માઠું લાગ્યું હતું."

" કઈ વાતમાં ? "

" આવી સ્થિતિમાં તમે મને કોઈ દી યાદ પણ ન કર્યો...શું હું પરાયો હતો ? શું હું પાંચ પચાસ હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોનૈયા નહોતો આપી શકતો ?" મલુકચંદે યશ લેવા ખાતર આ વાત કહી.

ભાવડે હસતાં હસતાં કહ્યું : " આ બધી ચર્ચા આપણે નીરાંતે કરશું. પહેલાં તમે પ્રાતઃ કાર્ય આટોપી લ્યો... અરે ભાગુ, ગરમ પાણીની વ્યવસ્થા કરી નાખજે...અને બેનને દાતણ વગેરે આપ....પછી બધા સાથે બેસીને શિરામણ કરીશું....હું જરા બહાર જઈ આવું."

ભાવડ માથે પાઘડી ને બ્હલે બેસ નાખીને તૈયાર થયો. ઘરકામ કરનારી બાઇએ બે કળશ્યમાં પાણી ભરીને બહારનાં ઓટે મૂકયા....દાતણ આપ્યાં.

ભાવડ મીઠાઇ લેવા બહાર ગયો.

બંને સ્નાનાદિથી નિવૃત્ત થઇને વસ્ત્રો બદલી રહ્યાં હતાં ત્યાં ભાવડ મીઠાઇ ને શાકભાજી વગેરે લઇને આવી ગયો.

ભાગ્યવતી અને સુરજ ઓરડામાં શિરામણ કરવા બેઠાં.

ભાવડ મલુકચંદ ઓસરીમાં બેઠા. શિરામણ કરતાં કરતાં મલુકચંદે પ્રશ્ન કર્યો : " હવે કેમ ચાલે છે ?"

" સારું ચાલે છે....મારા જોગું મને મળી રહે છે."

" મેં તો સાંભળ્યું હતું કે આપે કાપડની ફેરી કરવા માંડી હતી..."

" હા . વાણીયાના દિકરાને સુયોગ્ય ધંધો કરવામાં શી ખોટ ? અને જ્યારે પાપકર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે માનવીએ ધૈર્યપૂર્વક રહેવું જોઈએ. આપ તો મારા અંગત અને વડિલ છો...જરૂરિયાત વખતે આપની પાસે ન આવું તો કોની પાસે જઉં ? પરંતુ પડતી વખતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સગાં–સંબંધીઓને પણ પાડવા એ મને ઉચિત નહોતું લાગ્યું...એ સિવાય ગમે તેવી પરિસ્થિતિ આવે છતાં પોતાના ભાવડા પર જ નભાવવાનું મેં નક્કી કર્યું હતું."

આમ વાતો કરતાં કરતાં બંનેએ શિરામણ કરી લીધું. ત્યાર પછી બંને ઊભા થયા અને ભાવડે કહ્યું : "ચાલો....આપણે હાટડીએ જઈએ."

"હા..." કહીને મલુકચંદે પણ પાઘડી ખેસ વગેરે ધારણ કર્યાં.

સાળો બનેવી ફળીયામાં આવ્યા....ડેલી તરફ જતાં જ એક ઢાળીયામાં બાંધેલી ઘોડી અને વછેરા પર મલુકચંદની નજર ગઈ. તે બોલ્યો : "ઘોડી દેખાવડી છે... આપની પાસે જુની ઘોડીઓ હતી એમાંની જ છે કે..."

વચ્ચે જ ભાવડે કહ્યું : "ના ના...એ તો બધાં જાનવર મેં આપી દીધાં હતાં...આ હમણાં જ મેં વેચાતી લીધી છે."

"કેટલામાં ખરીદી ?"

"આપ જ કિંમત આંકોને ?"

"એક સોનૈયો આપ્યો હોવો જોઈએ."

"ના આ ઘોડીના એકસો સોનૈયા આપ્યા હતા..."

"છેતરાઈ ગયા...." મલુકચંદે હસીને કહ્યું.

"મને વ્યાજબી કિંમત લાગી હતી...છતાં છેતરવા કરતાં છેતરાવું એ વધારે સારુ છે...." કહી ભાવડ શેઠ ડેલી બહાર નીકળ્યા.

બંને પેઢીએ ગયા ત્યારે રોજ કરતાં ઘણું મોડું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ગયું હતું અને પરચુરણ ઘરાકી બરાબર જામી હતી. ત્રણેય વાણોતરો ઝડપલેર જોખી જોખીને માલ આપી રહ્યા હતા.

ભાવડ અને મલુકચંદ ઉપર આવ્યા...આમ તો હાટડી જ હતી....સાંકડી પણ ઉંડી વધારે...ભાવડે મલુકચંદને થડે બેસાડયા પોતે પણ બાજુમાં બેસી ગયો.

કોઈ ગ્રાહક દોકડાનું ખરીદે, કોઈ બેપાંચ કપર્દીનું ખરીદે તો કોઈ રૂપાનાણાનું ખરીદે.

એક જ ભાવ ભેળસેળ વગરનો ચોકખો માલ.... તોલમાપમાં જરાયે કંજુસાઈ નહિ....

કોઈ ગોળ માગે, કોઈ સાકર માગે, કોઈ મરચાં માગે, કોઈ ધાણા માગે, કોઈ ધરાખ માગે...કોઈ હિંગળો માગે તો કોઈ હીંગ માગે.

ઝડપલેર જોખાતું જાય ગ્રાહકોને પતાવતા જવાય અને નવાં ગ્રાહકો આવતાં જાય...!

મલુકચંદ તો આ ઘરાકી જોઈને આભો જ બની ગયો...આવી નાની હાટડી...પરચુરણ વેપાર...કોડી દોકડાની ઘરાકી....પણ સહુના વદન પર સંતોષ જ હોય છે...

દિવસનો બીજો પ્રહર પુરો થવા આવ્યો છતાં ઘરાકી એવી ને એવી જ રહી હતી. ભાવડે મલુકચંદને કહ્યું : "ચાલો હવે જમવા જઈએ...."

"પણ આમને આમ...ઘરાક બધાં ઊભાં છે ને..."

"ઈ તો આણસો પતાવશે." કહી ભાવડ ઊભો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એજ વખતે નારાયણ આવ્યો...ભાવડે જોતાં જ કહ્યું : "કાં નારાયણ, ગામતરેથી કયારે આવ્યો ?"

"નાહી ધોઈને સીધો અહીં આવ્યો છું." નીચે ઊભા ઊભા જ નારાયણે કહ્યું. કારણ કે થડા પર બેથી વધારે માણસો બેસી શકે એમ હતું નહિં.

ભાવડ ને મલુકચંદ નીચે ઉતર્યા. મલુકચંદ સામે જોઈને નારાયણે કહ્યું : "શેઠને કયારેક જોયા હોય એમ લાગે છે..."

"તારી યાદ દાસ્ત ઘણી સરસ કહેવાય. મારા બનેવી છે...બેનના લગ્ન વખતે..."

નારાયણે મલુકચંદ સાથે હાથ મીલાવ્યો....ભાવડે નારાયણ પંડિતનો પરિચય આપ્યો. નારાયણે ભાવડ સામે જોઈને કહ્યું : "એક મણ સાકર લેવા આવ્યો છું..."

"તે તું લઈ જઈશ ?"

"ના...મા સાહેબને ત્યાં કાલથી એક અનુષ્ઠાન કરવાનું છે એટલે સાકર ત્યાં મોકલી આપવાની છે."

"તારે ઘેર આવવું છે કે...."

"ના....જમીને મા સાહેબને મળવા જવાનું છે. સાકર સાંજ પહેલાં પહોંચવી જોઈએ."

"વાણોતરને કહી દે ને.... મોકલી આપશે...." ભાવડે કહ્યું.

"સારું....હું હવે રાતે આવીશ." કહી નારાયણ વાણોતર તરફ વળ્યો. ભાવડ અને મલુકચંદ ઘર તરફ ચાલતા થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલુકચંદના મનમાં ભય હતો કે કદાચ વેપાર માટે ભાવડ માગણી કરશે. પરંતુ એની રીતભાત, એના વિચારો, અને ઘરાકી વગેરે જોઈને મલુકચંદના મનને ખાત્રી થઈ કે ભયનું કોઈ કારણ નથી....

બંને ઘેર પહોંચ્યા એટલે સુરજ ઓસરીમાં આવીને ભાઈનો હાથ પકડતાં બોલી: " ભાઈ, તારા પગે સખત ઈજા થઈ તી....દોઢ મહિના સુધી ખાટલે રહેવું પડયું હતું... અને મને સમાચાર પણ ન મોકલ્યા ? "

" બેન, હું તારી મમતા જાણું છું...સમાચાર મોકલું તો મારી ચિંતાનો પાર ન રહે....રડી રડીને તું અડધી થઈ જાય અને મને એવું નહોતું વાગ્યું કે જેથી તને બોલાવવી પડે....શિવુદાદા જેવા કુશળ હાડવૈદે મને ઘણું સારું કરી દીધું છે."

ભાગ્યવતીએ રસોડામાંથી કહ્યું : " ભાઇ–બહેન નીરાંતે વાતો કરજો...પહેલાં ભોજન કરી લ્યો....બપોર પછી તમારે એક કામ કરવાનું છે."

" શું ? "

" મૂળજી બાપાને ત્યાં જવાનું છે."

" વૈદરાજ ? "

" હા . "

" કાં ? "

" આવતી કાલે બેનને બનેવીની તબિયત દેખાડવી છે....મલુકચંદ શેઠ એટલા માટે જ સાથે આવ્યા છે. "

" ભલે હું મૂળજી બાપાને ત્યાં જઈ આવીશ. પણ શરીર તો બેયનાં સ્વચ્છ લાગે છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ઈ તો વૈદરાજ તપાસશે એટલે કહેશે...હવે તમે બંને હાથ પગ ધોઈ લ્યો." ભાગ્યવતીએ રસોડામાંથી કહ્યું.

ભોજનાદિથી નિવૃત્ત થઈને ભાવડે મલુકચંદને આરામ લેવા ઓસરીમાં ખાટલો ઢાળી દીધો....કામવાળીએ ગાદલું બિછાવી દીધું...અને ભાવડ બેઘડી વાતો કરીને હાટડીએ ગયો.

દીછતાં વાળુ પતાવીને ભાગ્યવતી અને સુરજ પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે ગયાં. મલુકચંદને પ્રતિક્રમણ તો આવડતું હતું પણ આવી ક્રિયામાં તેને રસ નહોતો પડતો. માત્ર ધન પાછળ ભમનારાઓને સાત્વિક ધર્મ કરણીમાં રસ પડતો નથી. છતાં પણ તે ભાવડ સાથે પ્રતિક્રમણ કરવા બેસી ગયો.

રાતે ભાવડની ઓસરીમાં બરાબર દાયરો જામ્યો. ધર્મદાસ અને તેનાં પત્ની, ગંગામા, નારાયણ ને દમયંતી આવી પહોંચ્યાં...

વૈદરાજ મૂળજી બાપાને ત્યાં ભાવડ જઈ આવ્યો હતો અને બેન બનેવીએ નરણા રહેવાનું હતું.

જમાઈ આંગણે આવે એટલે વિનોદની માત્રા સ્વભાવિક વધી જાય. પરંતુ ભાવડ વિનોદ કરવામાં રસ નહોતો રાખતો...મૂળથી જ તે ગંભીર હતો...તે જે કંઈ વાત કહેતો તેમાં એક કાળજી અવશ્ય રાખતો કે કોઈનું મન દુઃભાય એવું કહેવું નહિં....અને સાચું કહેતાં અચકાવું નહિં. સાચું કહેતાં કોઈ ને ન રૂચે તો મૌન રહેવું.

પણ નારાયણનો સ્વભાવ વિનોદી હતો. તે જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનોદની પાંખે ઉડતો ત્યારે પોતે મહાન પંડિત છે એ વાત ભૂલી જતો.

વાત વાતમાં તક મળતાં મલુકચંદે ધર્મદાસ સામે જોઈ ને કહ્યું : "નગરશેઠ, તમારા મિત્રે મારા પર મોટો અન્યાય કર્યો છે...."

"કંઈ વાતનો ?"

"એમની પરિસ્થિતિ વિષમ બની ત્યારે મને યાદ પણ ન કર્યો...એનનું ઘર કંઈ પરાયું તો નજ કહેવાયને ?"

ધર્મદાસે કહ્યું : "મલુકચંદ શેઠ, ભાવડ મારો અંગત મિત્ર છે....હું એની રગેરગ જાણું છું ..સાત સાત વરસ સુધી તેણે ભારે કપરા સંયોગો વચ્ચે જીવન વિતાવ્યું હોવા છતાં કોઈ દી એક કોડીની ચીજ પણ ઉધાર લીધી નથી. બેય માણસો એક જ માટીના બનેલાં છે...દુ:ખને પીતાં ને પચાવતાં બંનેને આવડે છે. તમે તો થોડા દૂર હતા.... પણ હું સામે હોવા છતાં મને પણ એક નાની સરખી તક નથી આપી. હું જ્યારે આ અંગે વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે ભાવડ સાચો છે સંબંધ વચ્ચે લેણદેણ આવે એટલે કોઈ વાર સંબંધ કથળે છે...આ તેને આજ પણ ગમતું નથી."

નારાયણ બોલી ઊઠયો : "મલુકચંદશેઠ, તમારા સાળાને એક માત્ર મારાં ભાભી જ સમજી શકયાં છે. એ ખાટલે પડયો હતો, કાપડની ફેરી ભાંગી ગઈ હતી...છતાં બંને માણસો સદાય હસતાં જ રહેતાં. કોઇદી કોઈ વાતની ફરિયાદ નહિં .."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે વચ્ચે જ કહ્યું : "નારાયણ, ફરિયાદ કરવા જેવું જ કંઈ હતું નહિં. માનવી આ બધો પ્રયત્ન શા માટે કરે છે ? માત્ર પેટનો ખાડો પુરવા અને પોતાનો સાંસારિક વ્યવહાર નભાવી રાખવા, એમાં મને કદી અંતરાય આવ્યો નથી. મારી સામે પૈસા કરતાં પરિસ્થિતિનો મુકાબલો કરવો એ મહત્ત્વનું કાર્ય હતું...અને મહાપુરુષોના ઉપદેશે મને માર્ગ ચીંધ્યો હતો. સંતોષ એજ સાચું સુખ છે આ સત્ય પ્રત્યે મને અટલ શ્રદ્ધા હતી અને હું ખરેખર કહું છું કે મને કે તારી ભાભીને કદી અસંતોષનો સ્પર્શ સરખો ય થયો નથી."

આમ આ ચર્ચા પુરુષ વર્ગમાં ચાલતી હતી.... ત્યારે ઓરડામાં બેઠેલી સ્ત્રીઓમાં પણ આવી જ વાતો થઇ રહી હતી.

રાત્રિનો બીજો પ્રહર પુરો થવા આવ્યો એટલે સહુ વિદાય થયા.

સવારે શ્રીજિનપૂજા આદિથી નિવૃત્ત થઈ, ભાવડ, ભાગ્યવતી, સુરજ અને થલુકચંદ મુળજીબાપાને ઘેર ઉપડી ગયા.

ભાવડ અને ભાગ્યવતીએ પણ શિરામણ કરવું ઉચિત નહોતું માન્યું. સુરજના આગ્રહથી બંનેએ થોડું દૂધ પી લીધું હતું.

મુળજીબાપા માત્ર કાંપિલ્યપુરમાં નહિં પણ આસપાસના પ્રદેશમાં એક સમર્થ વૈદ્ય તરીકે પ્રખ્યાત હતા. તેઓનું વય લગભગ સીત્તેરની આસપાસનું હોવા છતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્થ, નરવા અને પ્રભાવશાળી હતા. તેમના બે પુત્રો પણ પરંપરાનો આ ઉપકાર વ્યવસાય કરતા હતા...એ સિવાય મૂળજીબાપાને ત્યાં વૈદું શિખનાર ચાર શિષ્યો પણ રહેતા હતા.

ચારે ય જણ વૈદરાજની ડેલીમાં ગયા. ફળીયું મોટું હતું. ફળિયામાં દવાઓ બનાવવાની એક ભઠ્ઠી હતી... એ સિવાય એક અલગ ઓરડામાં દવાશાળા રાખી હતી. બીજી તરફ દસબાર ગાયો માટેનું એક ઢાળીયું હતું.

મૂળજીબાપા ખુલ્લી ઓસરીમાં ઉઘાડા ડીલે બેઠા હતા...ભાવડને ફળીયામાં દાખલ થયેલો જોતાં જ તેઓ હર્ષભર્યા સ્વરે બોલી ઊઠયા : "આવ દીકરા આવ...હું તારી જ વાટ જોતો બેઠો છું."

ચારેય ઓસરીમાં ગયા. ચારે યે વૈદરાજને નમન કર્યા અને તેની સામે પાથરેલી એક ચટાઈ પર બેસી ગયા.

ગઈ કાલે ભાવડે વૈદરાજને પોતાના બેન બનેવીની તબિયત બતાવવા અંગેની વાત કરી હતી એટલે મૂળજીબાપા બોલ્યા : "બેન, નરણા કોઠે આવી છે ને ?"

"હા દાદા..."

"અને જમાઈરાજ ?"

'હું પણ નરણા કોઠે આવ્યો છું." મલકચંદે કહ્યું.

"સારું કર્યું...બેન, તું અહીં ઓરી આવ."

સુરજ ઊઠીને મૂળજીબાપાની બાજુમાં રાખેલા ચાકળા પર બેઠી. મૂળજીબાપાએ એકવાર સુરજને પગથી તે માથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી નીરખી લીધી. ત્યાર પછી કહ્યું : " તારો ડાબો હાથ લાવ...."

સુરજે ડાબો હાથ લાંબો કર્યો. મૂળજીબાપાએ નાડી પરીક્ષાનો પ્રારંભ કર્યો. આંખો બંધ કરીને તેઓ જાણે નાડી વાટે સુરજની કાયામાં ઉતરી ન રહ્યા હોય !

મલુકચંદ, ભાવડ ને ભાગ્યવતી એક નજરે વૈદબાપા સામે જોઈ રહ્યા હતા. નાડી પરીક્ષા કર્યા પછી મૂળજીબાપાએ સુરજને ત્યાં જ સુવાડી અને પેટની પરીક્ષા કરી....આંખ તપાસી...જીભ જોઈ...હાથ પગના આંગળા તપાસ્યાં... આટલું તપાસ્યા પછી તેઓ બોલી ઊઠયા: " દિકરી, આમતો તું સાવ નિરોગી છે...નાડચમાં ય રોગ નથી. બેએક વાર જન્મીને બાળકો મરી ગયાં છે ? "

" હા દાદા..." સુરજે કહ્યું.

" હું....તારો કોઈ દોષ નથી....ઘરકામ બધું હાથે કરવું પડે છે ? "

" હા..."

" સારું...સારું....આવો જમાઈરાજ..."

સુરજ ભાભી પાસે બેસી ગઇ. મલુકચંદ વૈદબાપા પાસે બેઠા. બાપાએ મલુકચંદનો જમણો હાથ લઈને નાડી પરીક્ષા કરી ..તેઓ ખૂબ ઊંડા ઊતરી ગયા ..ત્યાર પછી જીભ, આંખ વગેરે જોઈને કહ્યું : " ભાવડ, તમે બધા જરા-વાર લીમડાના ઓટે બેસો. હું જમાઈરાજ સાથે કેટલીક વાત કરી લઉં."

ભાવડ, સુરજ ને ભાગ્યવતી ઊઠીને બહાર ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલુકચંદ વૈદરાજના પ્રભાવશાળી વદન સામે જોઈ રહ્યો હતો. વૈદરાજે કહ્યું: "જો ભાઈ, તારી ધાતુમાં સંતાનોત્પાદ તત્વોની ઘણી ખામી છે અને જે કંઈ છે તે અતિ નિર્બળ છે. તને બાળક થાય જ નહિં...થાય તો તે જીવી શકે નહિં. મારી દિકરીમાં કોઈ દોષ નથી. પણ તારી પ્રકૃતિ ભારે ચંચળ છે...નાનપણથી કુટેવ વળગી હતી ને?"

મલુકચંદે મસ્તક નમાવીને સમ્મતિ દર્શાવી.

"પરણ્યા પછી પણ તેં સંયમ પાળ્યો નથી...રાત દિનો વિવેક રાખ્યો નથી...જુવાનીના આ ગાંડપણના પ્રતાપે તારી ધાતુની આ દશા થઈ છે."

"એટલા માટે જ હું આપની પાસે આવ્યો છું."

"તો એકધારી નેવું દિવસ સુધી દવા કરી શકીશ?"

"હા."

"પરેજી ઘણી આકરી છે."

"પાળીશ."

"નહિં પળાય....પહેલી પરેજી છે નેવું દિવસ સુધી બ્રહ્મચર્યનું પાલન, તારી પ્રકૃતિની ચંચળતા જોતાં તારા માટે એ અશકય લાગે છે. જો આટલું તું પાળી શકે તો જરૂર તારા આંગણે દીર્ઘ જીવી બાળક રમતું થઈ જાય."

"હું અવશ્ય પાળીશ."

"તો તારી પત્નીને તારી સાથે ન રાખતો.."

"અહીં મૂકી જઈશ."

"દહીં, છાસ, આમલી અને એવી ખાટી વસ્તુઓ છોડવાની."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"છોડીશ."

"તમારા વાણીયાના અથાણાંને પાપડ પણ નહિં ખાઈ શકાય. શાકભાજી વધારે ન ખાવાં."

"નહિં ખાઉં...."

"મન પ્રસન્ન રાખવું, મોટું રાખવું, ઉદાર રાખવું.... જરૂર તારી મનોકામના પુરી થશે."

"દાદા, તો હું આપનો ઉપકાર કદી નહિં ભૂલું."

"તો એમ કર્યું...હું દોઢ મહિનાની દવા આપીશ. નંદપુર જઈને શરૂ કરજે. બે ત્રણ દિવસની દવા બાકી રહે ત્યારે પાછો અહીં આવી જજે..."

"દવા કેવી રીતે લેવી ને શેમાં લેવી એ બધું..."

વચ્ચે જ ગૌદમાપાએ કહ્યું : "ઈ બધું દવા આપતી વખતે સમજાવીશ. દવા તને પરમ દિવસે આપી શકીશ... હવે બધાને બોલાવી લે."

મલુકચંદે ભાવડ શેઠને બોલાવ્યા. સહુ ઓસરીએ આવ્યા. ગૌદમાપાએ કહ્યું: "ભાવડ, જમાઈ રાજને બધું વિગતે સમજાવી દીધું છે. પરમ દિવસે હું દવા આપીશ... દવાની શરૂઆત નંદપુરમાં જઈને કરવાની છે..."

ઘણા જ સંતોષ સાથે મલુકચંદે વૈદરાજના ચરણ સ્પર્શ કરીને વિદાય લીધી. સુરજે ઊભા થતાં પૂછયું: "દાદા, મારે કાંઈ દવા કરવાની નથી ?"

"ના દિકરી....તને તો વીસ વરસમાંયે કાંઈ રોગ થાય એમ નથી." મૂળજીબાપાએ પ્રસન્ન સ્વરે કહ્યું.

સહુ વિદાય થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળજીબાપાના નિદાન પ્રત્યે મલુકચંદને પુરી શ્રદ્ધા બેસી ગઈ હતી. ભાવડ સીધો હાટડીએ ગયો. ભાગ્યવતી બંનેને લઇને ઘેર આવી. બંને માણસો સાવ નરણા હતાં એટલે ભાગ્યવતીએ શિરામણ કરાવ્યું. પોતે પણ બહેન સાથે બેઠી.

ત્યાર પછી એકાંત મેળવીને મલુકચંદે પત્નીને વૈદરાજે કહેલી સઘળી વાત જણાવી અને પોતે બરાબર ઔષધનું સેવન કરશે એમ પણ જણાવ્યું.

ત્રીજે દિવસે મલુકચંદ ભાવડ સાથે દવા લેવા ગયો. વૈદરાજે ઔષધ તૈયાર રાખ્યું હતું...ઔષધ કેવી રીતે સેવન કરવું એ પણ સમજાવી દીધું. દોઢ મહિનાની દવા લીધા પછી મલુકચંદે વૈદરાજ સમક્ષ એક સુવર્ણમુદ્રા મૂકી પણ મૂળજીબાએ હસતાં હસતાં કહ્યું : " વૈદથી આ રીતે પૈસા ન લેવાય...તમે બરાબર દવા કરો... અને એનું પરિણામ આવે ત્યારે આપ જે આપશો તે હું લઈશ.... "

" દાદા પરિણામ તો..."

વૈદનો ધર્મ છે કે પરિણામ દેખાડયા પછી જ જે આપે તે સ્વીકારાય. ત્યાં સુધી કશું ન લેવાય...અને પરિણામ માટે સંશય રાખવાનું કાંઈ કારણ નથી. તમારું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથ્થ ખાંડાની ધાર જેવું હશે તો એક જ વર્ષમાં તમારા આંગણે બાળક ખેલતું હશે.''

ભાવડે પૂછ્યું : '' બાપા, મારી બહેન ત્રણ મહિના સુધી અહીં જ રહેશે અને મલુકચંદ શેઠ બેચાર દિવસમાં જશે.''

'' ઈ બરાબર છે... અને બીજી સૂચના પછી આપવા કરતાં અત્યારે જ આપી દઉં. સુરજને જ્યારે પાંચમો મહિનો બેસે ત્યારે તેને પિયર મોકલી આપવી.'' વૈદબાપાએ કહ્યું.

મલુકચંદે એ વાતનો સ્વીકાર કર્યો અને બંને નમન કરીને વિદાય થયા.

મલુકચંદ બીજા પાંચ દિન રોકાઈ ગયો. આ પાંચ દિવસના પરિચયથી તે ભાવડ અને ભાગ્યવતીના સ્વભાવને, ધર્મ પ્રેમને અને મોટા મનને બરાબર ઓળખી ગયો....એટલું જ નહિં પણ ભાવડ સાથેની ચર્ચામાં તે એ પણ સમજી શકયો કે ક્ષણભંગુર ધન પાછળ હાય બળતરા કરવી એના જેવું અનિષ્ટ બીજું એક પણ નથી. ધનની પાછળ દોડનારાઓને અને લોભને વશ થઈને ધનને બાથ ભીડીને રહેનારાઓને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. એટલું જ નહિં, પણ અંતકાળે એની વૃત્તિ જડ બની જાય છે. આવતો જન્મ પણ કથળે છે.

આવી અનુપમ પ્રેરણા સાથે મલુકચંદ પત્નીને મુકીને વિદાય થયો અને જતી વખતે તેણે પત્નીને બસો સુવર્ણમુદ્રાઓ આપતાં કહ્યું : '' તારી મરજી પડે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે વાપરજે. તારા ભાઈનું જીવન જોયા પછી મારી આંખ ખુલી ગઈ છે."

પરણ્યા પછી આટલા વરસે આ પ્રમાણે પતિ તરફથી સુવર્ણમુદ્રાની ભેટ મળી હતી. સુરજનું હૃદય ભારે હર્ષિત બની ગયું.

દિવસ જતાં વાર નથી લાગતી. દોઢ મહિનો વાત વાતમાં વીતી ગયો...મલુકચંદ પાછો આવ્યો અને બીજી ઔષધી લઈને ગયો.

મલુકચંદે પોતાની માતાને સઘળી વાત નહોતી કરી. માત્ર દવા કરવાનું જણાવ્યું હતું...મલુકચંદની માના મનમાં એમ હતું કે એકાદ મહિને વહુ પાછી આવશે પણ દોઢ મહિને મલુકચંદ પાછો ગયો ત્યારે માને થયું કે હવે તે વહુને તેડીને જ આવશે...પણ મલુકચંદ એકલો પાછો આવ્યો ત્યારે માથી રહેવાયું નહિં...તેણે કહ્યું: "કેમ મલુકચંદ, વહુને શું પિયરમાં જ રાખવી છે?"

"એવું તમને કોણે કહ્યું?"

"તો પછી તું એકલો પાછો કેમ આવ્યો?"

"મા, આતો મૂળજીબાપાનો પ્રયોગ ચાલે છે, હજી દોઢ મહિના સુધી એને ત્યાં દવા કરવી પડે તેમ છે ને મારે અહીં કરવાની છે."

"હજી દોઢ મહિનો થશે!"

"હા મા, પાંચ પંદર દિ વધારે સમજવા પણ ઓછા નહિં."

"પણ દિકરા હવે મારાં હાડ ધાર્યું કામ આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકતાં નથી....તું સંદેશો મોકલ ને ભાવવને કહેવરાવ કે સુરજને તરત મોકલી આપે...કાંઈ ત્રણ ત્રણ મહિના સુધી પિયરમાં દવા કરવાની ન હોય."

"જુઓ બા, તમને જરાય ઓન્નો ન પડે એટલા માટે ઘર કામ માટે બે બાઈઓ તો રાખી છે...રસોડું બેન સંભાળે છે....પણ મેં રસોયો શોધી રાખ્યો છે... બેચાર દિવસમાં આવી જશે. અને તમારી વહુની દવા ડૉક્ટરની હાજરીમાં કરવાની છે એટલે એને રોકયા વગર છૂટકો ન ગણાય." મલુકચંદે માને સમજ પાડી.

"બોલ્યા ભુખભાવડ ભેગો ચાર આઠ દી રહીને તારો બોટલો વળી ગયો હોય એમ લાગે છે. બેય કામવાળીને રજા આપી દે...રસોયાની પણ કાંઇ જરૂર નથી. એમ કાંઈ મારાં હાડ કાચી માટીનાં નથી સમજ્યો !" માએ કહ્યું.

"મા, તમે ઉમ્મરલાયક થયાં છો. ધરમધ્યાન કરો... વ્રત પચ્ચખાણ કરો અને આવતા ભવનું ભાતું બાંધવા શુભ માર્ગે જે કાંઈ ખરચવું હોય તે ખરચો...તમારી વહુ આવ્યા પછી આપણે બધા ગિરનારજીની યાત્રાએ જશું. આપણા નંદનપુરમાં પંદર વીસ ઘર જૈનોનાં છે પણ એકેય દહેરાસર નથી...મારે તમને એનોયે લહાવો લેવડાવવો છે."

"અરે અભાગિયા, આજ તું તારી માની મશ્કરી કરવા બેઠો છે ?"

"મા, હું સાચું કહું છું...મેં કાંપિલ્યપુરના જિનાલયમાં એક સંકલ્પ પણ કર્યો છે...ડૉક્ટરજીની દવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામ આવે એટલે નંદપુરમાં એક શિખરબંધી દહેરાસર બંધાવવું."

માતા ફાટી નજરે દીકરા સામે જોઈ રહી. ત્યાર પછી બોલી : " મલુકચંદ, દેરાસર બેરાસર કાંઇ નથી કરવું... એમાં કેટલો ખરચ થાય એની તને ખબર છે ? "

" એની ચિંતા તમે કરશો નહિં. ભાવડશેઠે મને અંદાજ આપ્યો છે. વધારેમાં વધારે દસ હજાર સોનૈયાનો ખરચ થશે."

" તઈ એમ કહે ને કે આ બધી ભાવડની જ શીખવણી છે....ઈ તો ભીખારી થીયો ને ભેગો તને ય કરશે. તારું સુખ તારા સાળાની આંખમાં સમાયું લાગતું નથી. એક વાતનો સાચો ફોડ પાડીશ ? "

" પૂછો મા...હું જુઠું નહિં બોલું."

" ભાવડે તારી પાસેથી કેટલા સોનૈયા પડાવ્યા ? "

" એક કોડા પણ નહિં....એના મોટા દલની તમને કયાં ખબર છે ? હાટડી સાવ નાની છે પણ ધંધો કોકને ઈર્ષા કરાવે એવો ચાલે છે. ઘરમાં બે કામવાળીયું રાખી છે...સો સોનૈયા આપીને એક ઘોડી ખરીદી છે... ને બે માણસો પણ રોકયાં છે...વળી દુકાનમાં ત્રણ ત્રણ વાણોતર રાખ્યા છે. એના ભાઈબંધ ધરમદાસ શેઠે હજાર પાંચ હજાર નહિં પણ પાંચ લાખ સોનૈયા આપવા માંડયા હતા પણ ભાવડે એક કોડી સરખી ન લીધી. એના જેવો મરદ ને ટેકીલો પુરુષ મેં કયાંય જોયો નથી."

" અરેરે....જાતે જનમારે મારાં કરમ ફુટયાં લાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે....! દીકરા, દહેરાસર કરનારને ભારે હેરાન થાવું પડે છે...દહેરાસર કરવું સહેલું છે પણ એની આશાતના ભારે હોય છે....કેટલાયને દીકરીએ દીવો નથી રહેતો ..ભલો થઈને તું ભાવડના રવાડે ચડીશમાં ને સુરજને જટ બોલાવી લે....મારે કયાંય જાતરાયે જવું નથી કરવી ને કયાંય જાવું એ નથી. ધરમ કાંઈ ઘોડા કરવામાં નથી. મનમાં જ છે...ને મારું મન નેમનાથ દાદાને ઘડીકેય ભૂલતું નથી."

મલુકચંદ પેઢીએ જવા ઊભો થયો. માએ કહ્યું : "પેઢીએ પછી જાજે....પહેલાં વાત પાકી કરી નાખ."

"કઈ વાત મા.... ?"

"ધનનો ધુમાડો ન કરવાની વાત."

"મા, તમે થોડું'ક નીરાંતે વિચારો. દાટી રાખેલું ધન શું કામનું છે ? છાતી યે કોઈ એક સોનૈયો પણ બંધાવશે નહિ અને વા ખાતાં ખાતાં જવું પડશે. વળી કોઈના પુણ્યોદયે ધન એટલું બધું ભેગું થઈ ગયું છે કે સાત પેઢી સુધી ખૂટે એમ નથી....અને ધન ભેગું કરવા પાછળ મેં મારી આખી જુવાની ખરચી નાખી છે....ના મા, ધનનો સદુપયોગ કરવો જ જોઈએ...જે લક્ષ્મી ચંચળ છે એનો ભરોસો શું કામ રાખવો જોઈએ ? શુભ માર્ગે જેટલું આપણે વાપર્યું તેટલું આપણું ને બાકીનું કોણ જાણે કોના હાથમાં જશે !" આટલું કહીને મલુકચંદ ચાલતો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલુકચંદ જેવો ડેલી બહાર નીકળ્યો કે તરત માએ બુમ મારી : "ઝબક..."

"આવી મા .." કહેતી મલુકચંદની રંડવાળ બહેન જે લગભગ પીસ્તાલીસ વર્ષ ઉપરની હતી તે રસોડામાંથી બહાર આવી.

"તારા ભાઈની વાતું તેં સાંભળી ?"

"હા મા...ઘરમાં તો ભાભીનું કાંઈ ચાલતું નહોતું... પણ બે ય એકલાં પડયાં એટલે ભાઈના મનમાં પલીતો મૂકી દીધો છે....તું તારે નકામી બોલીશમાં આ તો બધો મેંદ્રાનો રંગ છે...પાંચ પંદર દીમાં ઊડી જાશે." ઝબકે કહ્યું.

"ઝબક, મલુકચંદની વાત મને બોદી નથી લાગતી... એક કોડી માટે જે દીકરો પગે ચાલીને ગાઉ ભેાં કાપે ઈ દીકરો આ જ દહેરાસર બંધાવવાની વાતો કરી રહ્યો છે... અરે રે, મારે કાંઈ સાત પાંચ દીકરા નથી...નહિં તો બીજાને ઘેર ચાલી જાત."

"મા, તમે નકામેા બળાપેા કરેામા. બધાને જાત્રા કરાવવાનું ભાઈને મન થયું હોય તો ભલે પુરું કરે...જો ના પાડશેા તો ઈ વળી કાંક વધારે પડતું કરી નાખશે." ઝબકે કહ્યું.

"તું ય ભાઈની વાતમાં દોરવાઈ ગઇ કે શું ? જાત્રા કરવા જાઈ એટલે ઘરની ભાળ કોણ રાખે ? જાતરાતો આવતે ભવ પણ થાશે. પણ ઘરમાં કોક પેાચી જાશે તો બાવીસ હાથનો ચેાફાળ બોઢીને રડવું પડશે." માએ કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મા, તેલ જુએા તેલની ધાર જુએા....એક વાર ભાભીને તેા આવવા દેા." દીકરીએ માને ટાઢા પાડવાનેા પ્રયત્ન કર્યેા.

ભાવડશેઠ સાથે ચર્ચા કરીને મલુકચંદની આંખ ઉઘડી ગઈ હતી. ઔષધ સેવનના ત્રણ મહિના પુરા થાય તે પહેલાં મલુકચંદે ઘણું પરિવર્તન કરી નાખ્યું....એક રથ લીધેા....દસબાર ઘેાડાં ખરીદ્યાં...ચાર દાસીઓ, ચાર સેવકેા રાખ્યા...દુકાનના વાણેાતરેાનેા મશારેા વધારી આપ્યેા અને ઔષધ પ્રયેાગ પુરેા થતાં જ તે જોઈ શકયેા કે પેાતાની કાયામાં નવી તાકાત પ્રગટી છે...સમગ્ર લેાહીમાં પરિવર્તન થયું છે....દૃષ્ટિ શક્તિ તીવ્ર વધી છે....થાકનું તેા નામ નિશાન પણ નથી...

અને પ્રયેાગ પુરેા થયેા કે તરત તે રથ લઈને પત્નીને તેડવા ગયેા.

આ બધું જોઈને માનું મન ભારે બળતું હતું.... પણ મલુકચંદ માની વાત હસીને ઉડાડી દેતેા અને પેાતાની રીતે બધું ગેાઠવ્યા કરતેા.

કાંપિલ્યપુર આવવા માટે ગાડું હેાય તેા રસ્તામાં બે રાત ગાળવી પડે પણ રથ હેાય તેા વહેલી સવારે નીકળેલેા યાત્રિક બે જ સાંજે પહેાંચી જાય અને અશ્વના વિસામા ખાતર કદાચ એક રાત રેાકવું પડે.

મલુકચંદ વચ્ચે રાત રેાકાઈને અશ્વોને વિસામેા આપવા માગતેા હતેા; એટલે તે પહેારદી ચડયે નીકળ્યેા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો અને બીજે દિવસે સૂર્યોદય વખતે જ ભાવડના ઘેર પહોંચી ગયો હતો.

ભાવડ ભાગ્યવતી અને સુરજ શ્રી જિન પૂજા અર્થે દહેરાસર ગયાં હતાં. ઘેર નોકરો હતા. તેઓએ રથમાંનો સરસામાન લઈ લીધો. અશ્વો પણ છોડીને બાંધી દીધા. અને રથ ચાલકે રથને શેરીમાં જ એક તરફ રાખી દીધો. કારણ કે ડેલીમાંથી રથ ફળીમાં આવી શકે તેમ નહોતો.

મલુકચંદ માટે ભાવડનું ઘર પરાયું નહોતું...તેણે દાતણ કરી લીધું....નહાવાનું પાણી કામવાળીએ કાઢી આપ્યું એટલે નાહી, પૂજાનાં કપડાં પહેરી તે જિનમંદિરે જવા ડેલી બહાર નીકળ્યો... ત્યાં જ ભાવડ, ભાગ્યવતી ને સુરજ આવતાં દેખાયાં.

ભાવડે ઉલ્લાસપૂર્વક કહ્યું : "કયારે આવ્યા ?"

"થોડી જ વાર થઈ....નાહીને તૈયાર થયો એટલી જ વાર લાગી."

"ગૌદ બાપાની દવાએ કામ સારું કર્યું લાગે છે....ખરેખર શેઠ, કાયાનો રંગ આખો પલટાઈ ગયો છે..."

"નહિં મને પણ ઘણું જ સારું લાગે છે...થાકનું તો નામ નિશાન નથી રહ્યું."

સુરજ આછી લાજ કાઢીને ત્રાંસી નજરે સ્વામી સામે જોઈ રહી હતી. ભાઈને ઘેર ત્રણ મહિના ને દસ દિવસ થઈ ગયા હતા અને સુરજની કાયા વધારે સોહામણી, સ્વસ્થ અને પ્રફુલ્લ હતી.

મલુકચંદ પૂજા કરવા ચાલતો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ્યવતીએ સ્વામીને અનુલક્ષીને કહ્યું : " તમારા બનેવીની કાયા કંચન જેવી થઈ ગઈ છે. આવતીકાલે મૂળજી-બાપા પાસે જઈ આવીએ."

" હા...." કહી ભાવડ ડેલીમાં દાખલ થયો...બહાર પડેલા રથ પર તેની નજર ગઈ હતી...ફળીયામાં અશ્વોને બાંધેલા જોયા અને તેનો ચાલક લીમડાના ઓટે બેઠો હતો. ભાવડે તેના સામે જોઈ ને કહ્યું : " રથ તમારો છે ? "

" ના....હું તો ચાલક છું. અમારા શેઠનો રથ છે... પંદર દી પહેલાં જ લીધો હતો..."

" સારું....પણ રથ શેરીમાં રાખશું તો છોકરાં કનડશે....ધર્મદાસશેઠની વાડીએ મુકી આવવો પડશે." કહી ભાવડ ઓસરી તરફ ગયો.

શિરામણ માટે ત્રણેય દાતણ કરીને મલુકચંદની વાટ જોવા માંડયા, થોડી વાર પછી મલુકચંદ આવી ગયો.

સાળો બનેવી શિરામણ કરવા બેઠા, મલુકચંદે કહ્યું : " ભાવડ શેઠ, મારાં માતુશ્રી સમજતાં નથી."

" કઇ વાતમાં ? "

" ધનનો સદ્વ્યય થાય એ તેમને ભારે વસમું લાગે છે." મલુકચંદે કહ્યું.

" વરસોનો સ્વભાવ ઘણીવાર માનવીને આડો આવે છે...પરંતુ શુભ કાર્યમાં હિંમત ન ગુમાવવી. વડિલોને વિનય પૂર્વક સમજાવતાં રહેવું....પ્રેમ અને વિનય વડે સહુ કોઈનાં મન જીતી શકાય છે, ધીરે ધીરે મા પણ સમજી જશે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતો કરતાં કરતાં બંનેએ શિરામણ પતાવ્યું.

બીજે દિવસે સવારે ભાવડ ત્રણેયને લઈ ને મૂળજી-આપાને ત્યાં ગયો.

મૂળજીબાપાએ મલુકચંદ સામે જોઇ ને જ ઉલ્લાસ-પૂર્વક તેની પીઠ થાબડી ત્યાર પછી નાડી પરીક્ષા કરીને કહ્યું: "બસ ભાઈ, બધી વાતે ઉત્તમ છે. તેં પરહેજ પાળ-વામાં કયાંય ભૂલ નથી કરી. હવે પ્રયોગની જરૂર નથી. પરેજીની પણ જરૂર નથી. મારી દીકરીને બત્રીસ ગોળીયું આપવાની છે. અડચણના ચોથે દિવસે રોજ સવારે બે ગોળી ગાયના દૂધમાં ગળી જવી, ચાર દિવસ સુધી લેવી. પછી બીજે મહિને...એમ ચાર વખત ઋતુસ્નાન પછી લેવાની છે....જગદંબાની કૃપા તો પહેલી આઠ ગોળીમાં જ ગર્ભસ્થાપન થઈ જશે "

સુરજે પ્રશ્ન કર્યો: "મારે કાંઈ પરેજી પાળવાની ?"

"હા...ચાર દી સુધી દહીં, છાસ ને ખાટા અથાણાં કે એવું ન ખાવું." વૈદબાપાએ કહ્યું.

મલુકચંદે સોનૈયા અંગરખાના ગજવામાંથી કાઢયા. એ જોતાં જ મૂળજીબાપા બોલી ઉઠયા: "કેમ ભાઈ, મારી વાત ભૂલી ગયો ? હજી પરિણામ કયાં આવ્યું છે ? અને વૈદ જો ધંધાદારી બની જાય તો એનું વૈદુ અલડાય અને વૈદને નર્કમાં જવું પડે. પરિણામે આવવા દે...તું સુંદરશેઠનો જમાઈ છો...એટલે મારો પણ જમાઈ કહેવાય....કારણ કે સુંદરશેઠને હું બેય બાળ ગોદીયા હતા."

વૈદરાજના આશિર્વાદ લઈ ને સુરજ ને મલુકચંદ ઊભા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા. આજ ચારેય શિરામણ કર્યા વગર આવ્યાં હતાં એટલે સીધા ઘેર ગયા. ભાગ્યવતીએ ચૂલે મગ ચડાવ્યા હતા.... વઘારીને ઝપાટા બંધ શીરા કરી નાખ્યેા. મગ, શીરા દૂધ ને ખાખરા !

શિરામણ કરીને ભાવડ અને મલુકચંદ હાટડીએ ગયા.

આ વખતે મલુકચંદ આઠ દિવસ રોકાયેા....પેાતાની તબિયત સારી થઈ એના ઉપલક્ષમાં તેણે ભગવંતની અંગ-રચના કરવી અને એક નવકારશી જમાડી.

નવમે દિવસે તે પેાતાની પત્નીને લઈને રથ પાસે ગયેા. ભાવડ શેઠે કહ્યું : " શેઠ, વધુ નહિં તેા વરસમાં એકાદ વાર જરૂર આવતા રહેજો....આ વખતે તમે એટલી માયા લગાડી છે કે અમને બે ય માણસને આઠ દી સુધી અડવું લાગશે."

મલુકચંદે કહ્યું : " વરસમાં એકવાર નહિં પણ બેવાર આવીશ. મેં તમને ગઈ રાતે મારી ભાવના જણાવી હતી..."

" આપની ભાવના જરૂર પુરી થશે, પરંતુ માનું મન જીતવાનેા પ્રયત્ન કરી છૂટજો...એમની અવસ્થા છે....વળી અમુક રીતે જોવેલાં છે....સૌથી પ્રથમ બહેનને પ્રેમભાવથી સમજાવજો."

" ઇ તેા હું ધૈર્યપૂર્વક સમજાવીશ....પરંતુ તમારે બંનેએ આવવું પડશે."

" જરૂર તમારેા સંદેશેા મળતાં જ અમે બંને નીકળી જઈશું."

" હું તમને લેવા માટે રથ જ મેાકલીશ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ના ના...હું રાઘવને લઈને જ આવીશ, સંઘ કાઢવાનો જે દિવસ નક્કી કરો તે દિવસ મને જણાવજો.... અને બને તો સાથે કોઈ મુનિરાજ હોય તો વધારે ઉત્તમ....ધર્મની આરાધના થાય અને વથ્યાવચ્ચનો પણ લાભ મળે."

"કાર્ય હું તમારા પર છોડું છું. અમારું ગામ એવું કથેરૂં છે કે સાધુ મુનિરાજનો યોગ બહુ થતો નથી."

"ભલે....હું પંદરેક દિવસમાં ઇ બાબત અંગે વ્યવસ્થા કરીને જણાવીશ." ભાવડે કહ્યું.

સુરજે ભાભી સામે જોઈને કહ્યું : "ભાભી, મારા ભાઈની બરાબર કાળજી રાખજો...."

ભાગ્યવતી કંઈ ઉત્તર આપે તે પહેલાં જ ભાવડે કહ્યું : "આટલા દી રહી તોય તું કાંઇ સમજી શકી નહિ....? કાળજી તો મારે એની રાખવી પડે છે...."

બારેય હસી પડયાં.

સુરજનાં નયનો સજળ બની ગયાં હતાં.

ભાવડે બેનને પોતાની શક્તિ મુજબ કપડાં કરાવી આપ્યાં હતાં...એક મગમાળા ને ચાર બંગડીઓ કરાવી આપી હતી...

બેને ન લેવા માટે ઘણો આગ્રહ કરેલો પણ ભાઇ ભાભીના સ્નેહ આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ.

રથ ચાલવો શરૂ થાય તે પહેલાં જ મલુકચંદે ભાવડના બંને હાથ પકડી લેતાં કહ્યું : "ભાવડશેઠ, તમારો ઉપકાર હું જિંદગીભર નહિ ભૂલું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મેં તો કાંઈ કર્યું નથી...."

"તમે મને પશુમાંથી માણસ બનાવ્યો છે...જો તમારો આટલો પરિચય ન થયો હોત અને તમારા જેવા માણસોના જીવન જાણવાનો લાભ ન મળ્યો હોત, તો મારી કઈ દશા થાત એ હું કલ્પી શકતો નથી." આટલું કહેતાં કહેતાં મલુકચંદના નયનો સજળ બની ગયાં.

ભાવડના નયનો પણ સજળ બની ગયાં હતાં.... અને ભેટી પડ્યા....

ત્યારપછી રથ વિદાય થયો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચેક દિવસ પછી ભાવડને સમાચાર મળ્યા કે મુનિશ્રી જિનદત્ત મહારાજ અન્ય ત્રણ મુનિવરો સાથે વલ્લભીપુરથી વિહાર કરીને આવતીકાલે સવારે અહીં પધારવાના છે.

આ સમાચારથી ભાવડને ઘણો જ આનંદ થયો. મલુકચંદ શેઠને પોતાને ગામથી ગિરનારજીનો સંઘ કાઢવો છે એમાં અવશ્ય મુનિરાજનો યોગ પ્રાપ્ત થશે.

બીજે દિવસે શ્રી જિનદત્ત મુનિ કાંપિલ્યપુરમાં પધાર્યા. તેઓ વિદ્વાન અને પ્રભાવક હતા. કાંપિલ્યપુર નગરીના જૈનોએ ઉત્સાહ પૂર્વક તેમનું સ્વાગત કર્યું અને તે દિવસે રાતે મુનિશ્રી સમક્ષ ભાવડે ગિરનારજીના સંઘ અંગેની વાત કરી.

નંદનપુરથી ગીરનારજી તીર્થ બહુ દૂર નહોતું.... એથી અઢી દિવસનો જ રસ્તો હતો. અને શ્રી જિનદત્ત મુનિ પણ ગિરનારજી જવાના હતા. તેઓએ ભાવડની પુણ્યભરી વાત સ્વીકારી. ભાવડે તરત એક એપિયાને પત્ર આપીને નંદપુર રવાના કર્યો.

મલુકચંદ પત્નીને લઈ ને ઘેર આવી ગયો હતો. માતાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચહેરો જરા ચડેલો રહેતો હતો. પુત્રમાં આવેલું આ પરિવર્તન તેને ગમતું નહોતું.

બે એક દિવસ પર્યંત માતાનો ટકટકારો ચાલ્યા કર્યો...પરંતુ મલુકચંદે પોતાની વિધવા બહેનને બરાબર સમજાવી દીધી. વિધવાબેનને પણ થયું કે ભાઈ એ આજ સુધી કાળી મજુરી કરીને ખૂબ ધન એકઠું કર્યું છે...એ ધન એમને એમ દટાયેલું રહે તે કરતાં ધર્મના કાર્યમાં વપરાય તો ખોટું નથી. વિધવા બહેને પણ માને સમજાવીને કંઈક ઠંડાં પાડયાં.

એક રાતે મલુકચંદે ભવનના ભંડારમાં રાખેલા મૂલ્યવાન અલંકારોની પેટિકા કાઢીને સુરજને કહ્યું: 'સુરજ, કેટલાય વરસથી આ અલંકારો એમને એમ પેટિકામાં પુરાયેલા પડયા છે. તું આમાંથી ઉત્તમ હોય તે કાઢીને ધારણ કર."

" માને દુઃખ થશે...એમનું મન દુભવવું એ બરાબર નથી."

" ગાંડી, અલંકારોની શોભા પુરી રાખવામાં નથી પણ પહેરવામાં છે." કહી મલુકચંદે પેટિકા ઉઘાડી મુક્તા-મણિની એક માળા કાઢી, વજ્રનાં વલય કાઢયા, વજ્રનો કંઠો કાઢયો, વજ્ર નીલમની મુદ્રિકાઓ કાઢી, મુક્તા માણિ-કય જડેલાં કંકણ કાઢયાં...આમ વરસોથી પુરાયેલા અલંકારો તેણે પોતાના હાથે પત્નીને પહેરાવ્યા.

બીજે દિવસે સવારે સુરજને જોતાં જ માની આંખો ચાર થઈ ગઈ. એક તો સુરજ રૂપાળી ને તંદુરસ્ત હતી—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં મૂલ્યવાન અલંકારો ભળવાથી તે રાજરાણી સમી જણાવા લાગી.

મા કંઈ બોલ્યાં નહિં...પણ મનમાં ભારે વ્યથા અનુભવવા માંડયાં. દીકરો સાસરે જઈને છટકી ગયો છે. માને એક તરફ મૂકી બાયડીનો બની ગયો છે. જરૂર ભાવડે ભુરકી નાખી લાગે છે!

બપોરે મલુકચંદ પેઢીએ જવા તૈયાર થયો ત્યારે માએ બોલાવીને કહ્યું : "ગગા, કોઈનાં લગ્ન આવ્યાં છે?"

"હું સમજ્યો નહિં મા..."

"વહુને આવા મૂલ્યવાન દાગીનાથી શું કામ શણગારી છે?"

મલુકચંદ હસી પડયો ને હસતાં હસતાં બોલ્યો : "મા, આ દાગીનો તો કેટલાય વરસથી એમને એમ પેટીમાં પુરાયેલો પડયો હતો. જો એનો કાંઈ ઉપયોગ ન થાય તો દાગીનાનો અર્થ પણ શું? વળી તમારી વહુ પહેરવા યોગ્ય છે. બુઢાપો આવશે ત્યારે તો આવું કાંઈ પહેરાશે નહિં. વળી ઘરમાં બીજું કોઈ એક માણસ નથી કે જેને દાગીનો પહેરાવી શકાય. મા, તમારી વહુની શોભા ઈ ખરી રીતે તમારી જ શોભા છે. તમે દલ મોટું રાખો...આજ સુધી આપણે જે રીતે જીવ્યાં છીએ તે રીતે પશુ પણ ન જીવે.... નથી કોઈ દી સારાં લુગડાં પહેર્યાં, નથી કોઈ દી અલંકારો ધારણ કર્યા કે નથી કોઈ દી સારું ધાન ખાધું! માત્ર ભેગું કરવામાં જ બધો જન્મારો વિતાવ્યો છે....બોલો, કાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવારે આંખ મીચાઈ જશે એટલે આ ધન ને દાગીના શું કામના ?"

"ઠીક ભાઈ, એકનો એક દીકરો છો એટલે તને શું કહું ? તને જેમ ફાવે એમ કર...." માએ નિરાશા ભર્યા સ્વરે કહ્યું.

એજ સાંજે કાંપિલ્યપુરનો બેપિયો આવી પહોંચ્યો અને મલુકચંદે ભાવડનો કાગળ વાંચ્યો. વાંચીને તે ખુશ ખુશ થઈ ગયો. પ્રથમ તેણે બેપિયાને જમાડ્યો....રાતે વિસામો લેવરાવ્યો ને બીજે દિવસે ભાવડ શેઠ પર કાગળ લખીને બેપિયાને આપ્યો. બેપિયો વિદાય થયો.

કોનો સંદેશો આવ્યો, દીકરો આટલો હરખમાં કેમ આવી ગયો, વગેરે માથી સમજી શકાયું નહિં...તેમણે મલુકચંદને પૂછયું : "શું વાત છે મલુકચંદ ?"

"ભાવડ શેઠનો સંદેશો હતો.... શ્રી જિનદત્ત મુનિ અહીં પધારશે...કાંપિલપુરમાં આઠ દી રોકાવાના છે... એમની નિશ્રામાં ગિરનારજીનો સંઘ કાઢવો છે..."

"શું કહ્યું ? સંઘ કાઢવો છે ?"

"હા મા, મારા પિતાશ્રી પાછળ એક પણ શુભ કાર્ય કરી શકાયું નથી...તેઓ બધું ધન મૂકીને ચાલ્યા ગયા અને મારા જેવો દીકરો પણ ભોરીંગનીમાફક ધનના ઢગલા પર બેસી રહ્યો. 'મા', જેટલું, ધન શુભ કાર્યમાં વપરાય છે, તેટલું જ આપણું છે."

"પણ વાત તો આપણે જાતરાએ જવાની હતી..."

"હા મા...પણ મને થયું કે મારી માને બહેન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંનેને પુરેપુરો લહાવો લેવડાવું. આમને આમ આખી જીંદગી વીતી ગઈ...''

મલુકચંદની મા સમસમીને બેસી રહ્યાં....

અને મલુકચંદે ગામમાં અને આસપાસના ગામડાઓમાં વસતા જૈન પરિવારોને ગિરનારજીના સંઘમાં પધારવાના સંદેશાઓ રવાના કરી દીધા.

મલુકચંદે ધાર્યું હતું કે સંઘમાં સવાસો જેટલાં માણસો થશે. અને તેણે સરસામાન ભેગો કરાવવા માંડયો.

નંદનપુરમાં વસતા જૈન પરિવારો પણ આનંદિત બની ગયા અને રોજ મલુકચંદની માતાને વધાઈ દેવા બેચાર જોરાંઓ આવવા માંડયા.

મહારાજશ્રી પણ પધાર્યા....

ભાવડ શેઠ અને ભાગ્યવતી પણ આવ્યાં....

મહારાજ સાહેબે આસપાસનાં તીર્થ સ્થળોનાં દર્શન કરવાં જોઈએ અને એ રીતે માર્ગ નક્કી કરવો જોઈએ એમ જણાવ્યું. મલુકચંદે વધાવી લીધું.

અઢી દિવસનો જે રસ્તો હતો તે વધીને દસ દિવસનો થઈ ગયો.

અને ભાવડના માથે વ્યવસ્થાનો સઘળો ભાર આવી પડયો.

નિર્ધારિત દિવસે જ્યારે વાજતે ગાજતે છહરીપાળતા સંઘે પ્રસ્થાન કર્યું, ત્યારે સંઘમાં અઢીસો માણસો થઈ ગયાં હતાં અને માર્ગમાંથી પણ પાંચ પચાસ માણસો ભળશે એવી આશા હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના બનેવીનું કાર્ય સુખરૂપ પુરું કરીને ભાવડ અને ભાગ્યવતી પોતાને ઘેર પાછા ફર્યાં ત્યારે એક મહિનો વીતી ગયો હતો. રાઘવ પણ પોતાનાં બધાં કામ બીજાને ભળાવીને સાથે રહ્યો હતો. મલુકચંદે રાઘવને એક સોનાની મગમાળા પહેરાવી હતી.

ભાવડે પણ બેન બનેવીને સંઘપતિના પદ વખતે એક એક સોનાની માળા પહેરાવી હતી.

ભાવડ અને ભાગ્યવતીનાં સંપર્કમાં રહેવાથી મલુકચંદની માતાના સ્વભાવનું ઘણું પરિવર્તન થઈ ચૂકયું હતું.

દિવસો વ્યથિત થવા માંડયા. લક્ષ્મીનો વછેરો પણ દિવસે દિવસે ખીલતો રહ્યો અને ભાવડનો ધંધો પણ એવોને એવો ચાલવા માંડયો.

બીજા સાત મહિના પછી મલુકચંદનો એક સંદેશો આવ્યો. તેમાં લખ્યું હતું કે તમારા બહેનને પાંચમો મહિનો બેઠો છે. તબિયત ઘણી સરસ છે અને હું એકાદ અઠવાડિયામાં તમારી બેનને મૂકવા આવવાનો છું. મૂળજીબાપાને મારાવતી નમઃસ્કાર કરજો અને આ શુભ સમાચાર આપજો.

આ સમાચારથી ભાગ્યવતીને ઘણો જ આનંદ થયો. સ્ત્રી સ્વભાવ મુજબ તેના મનમાં પણ વૈદરાજને તબિયત બતાવવાની ઇચ્છા થયા કરતી....પરંતુ તે પોતાના સ્વામીને કહેતી નહિં.

મલુકચંદ શેઠ સુરજને મૂકવા આવી પહોંચ્યા. ભાવડ અને મલુકચંદ હર્ષથી ભેટી પડયા. મલુકચંદ માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે જ દિવસ રોકાવાનો હતો પણ દસ દિવસ પહેલાં તે નીકળી શકયો નહિં.

મૂળજીબાપાએ સુરજની નાડી પરીક્ષા કરી અને ઘણાં જ ઉલ્લાસ સાથે કહ્યું: "જમાઈરાજ, કંદોરાબંધ દીકરો આવે તો કહેજો કે આયુર્વેદ સાચો છે...."

વૈદરાજે સુરજને રોજ સવારે બે ગોળીયું દૂધમાં લેવાની આપી અને દર પંદર દિવસે નાડી બતાવી જવાની સૂચના આપી.

મલુકચંદ હૈયામાં હર્ષ સંધરીને દસમે દિવસે નંદનપુર તરફ પોતાના રથમાં વિદાય થયો.

ભાવડને ત્યાં બેમાંથી ચાર ગાયો થઈ ગઈ હતી... અને તેણે એક વાડી પણ મેળવી લીધી.

પંદરેક દિવસ પછી એક રાતે નણંદભોજાઈ નીરાંતે વાતો કરતાં ઓસરીમાં બેઠાં હતાં. વાતવાતમાં સુરજે કહ્યું : "ભાભી, મારી એક વાત માનો તો કહું..."

"તમારી વાત ન માનું એવું કદી બને ખરું ?"

"તો એકવાર તમે ને મારા ભાઈ મૂળજીબાપાને તબિયત દેખાડો. તમને પરણ્યાને ઘણા વરસો થઈ ગયાં છે....હજી સુધી ખોળો પણ ભરાયો નથી....પછી આમને આમ ઉપેક્ષા કરવી તે બરાબર ન કહેવાય."

"બેન, મને આવો વિચાર તો બેચાર વાર આવેલો... પણ તમારા ભાઈ ને હું આ અંગે કહી શકું નહિં. તમારા ભાઈ કહે તો મારી ના નથી..."

"મારા ભાઈ ને હું આજે જ કહીશ." સુરજે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ વાળુ, પ્રતિક્રમણ આદી પતાવીને હાટડીએ ગયેા હતેા. જો કે એના આવવાનેા સમય થવા આવ્યેા હતેા. સુરજે ડેલી તરફ નજર કરતાં કહ્યું: "ભાભી, મૂળજી-બાપા એક સમર્થ વૈદ્ય છે...તમારા નણદોઈનેા દોષ દૂર કરી દીધેા અને એનું પરિણામ શું આવ્યું તે તમારી નજર સામે છે. મને તેા શ્રદ્ધા છે કે વૈદ્યબાપા જરૂર નિદાન કરીને માર્ગ બતાવશે."

ભાગ્યવતી કંઈ જવાબ દેવા જાય તે પહેલાં જ ભાવડ ડેલીમાં દાખલ થયેા....સૌથી પ્રથમ તે લક્ષ્મી પાસે ગયેા, વછેરાને પણ હેતથી પંપાળ્યેા...ત્યાર પછી ઓસરીએ આવતાં બેાલ્યેા: "નારાયણ નથી આવ્યેા?"

"ના....કેમ આવવાના હતા?"

"હા. આપણા રાજાએ એને રાજપુરેાહિતનું પદ આપ્યું છે...એની ખુશાલીમાં મીઠાઈ લઈને આવવાનેા હતેા." ભાવડે બેસ પાથરી ખીંટીએ વળગાડ્યાં ને ખાટે બેઠક લીધી.

ભાગ્યવતીએ કહ્યું: "તેા તેા આપણે હરખ કરવા જવું જોઈએ."

"કાલ તું ને બેન જઈ આવજો. મેં તેા હરખ કરી લીધેા છે ને એના બેાઢામાં સાકરનેા ગાંગડેા પણ મૂકી દીધેા હતેા." ભાવડે પ્રસન્ન ભાવે કહ્યું.

સુરજે કહ્યું: "ભાઈ, મારે એક વાત કહેવાની છે."

"એક શું કામ બે વાત કહે ને? તારી ભાભીથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાની હોય તો એને ઓરડામાં મોકલું.” ભાવડે હસતાં હસતાં કહ્યું.

“ના ભાઈ, તું આમ દરેક વાતને હસવામાં લઈ જાય તે બરાબર નથી.”

“ના બહેન....એવું નથી...નારાયણનો સ્વભાવ ગંભીર થતો જાય છે ને એનો વા મને વળગતો હોય એમ લાગે છે. બોલ શું કહેતી હતી? મારા બનેવીને કાંઈ સંદેશો મોકલવો છે?”

“મારી વાત જુદી જ છે. તું માને તો વેણુ કાઢું...”

“તારી વાત નહિ માનું તો કોની તારી ભાભીની માનીશ?” આછા હાસ્ય સહિત ભાવડે કહ્યું.

એવા જ હાસ્ય સહિત સુરજે ઉત્તર આપ્યો: “મારી ભાભીનું તો તું માનતો જ આવ્યો છે....આ તો બેનનો વાત છે.”

“કહે....”

“એકવાર તું ને મારી ભાભી મૂળજીબાપાને નાડી દેખાડો.”

“કાં? અમે બે ય સાજા નરવા છીએ.”

“તને સમજણ કયારે પડશે? પરણ્યાને આટ-આટલાં વરસ થયાં છતાં મારી ભાભીનો ખોળો સાવ સૂનો છે. આવા મહાન વૈદ ઘર આંગણે હોય તો શા માટે પ્રયત્ન ન કરવો?” સુરજે કહ્યું.

“બેન, ખરી વાત તો એ છે કે અર્થ અને કામ એ ભાગ્યાધિન વસ્તુ છે....આ બે વસ્તુની પ્રાપ્તિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષાર્થ પાછો પણ પડે છે...ધર્મ અને મોક્ષ એ પુરુષાર્થાધિન વસ્તુ છે...છતાં તને મેં વેણ આપ્યું છે એટલે તું કહીશ તેદી અમે બેય દેખાડવા આવશું...પણ મેં તને અગાઉથી કહી રાખ્યું છે કે અમારા બેયનાં શરીર નિરોગી છે."

" ભલે...છતાં કોઈ દોષ હોય તો એનો ઉપાય થાય....આપણે આવતી કાલે સવારે જ જશું."

ભાવડે બેનના સંતોષ ખાતર સમ્મતિ દર્શાવી.

એ જ વખતે નારાયણ હાથમાં મીઠાઈની ટોપલી લઈને આવી પહોંચ્યો.

ભાગ્યવતીએ અને સુરજે હરખ વ્યક્ત કર્યો. બે ય મિત્રો વાતોએ વળગ્યા.

બીજે દિવસે સવારે ત્રણેય જણ મૂળજીબાપાને ઘેર ગયા. સૂરજે વૈદ્યરાજને પગે લાગીને ભાઈ ભાભીની નાડી પરીક્ષા કરવાની વાત કહી.

મૂળજીબાપાએ સૌ પ્રથમ ભાગ્યવતીની પરીક્ષા કરી...નાડી, પેટ, જીભ વગેરે જોઈને કહ્યું : "દીકરી, તારા શરીરમાં કોઈ રોગ નથી તેમ બાળકો ન થાય એવો કોઈ દોષ પણ નથી. ભાવડ, હવે તું અહીં આવ."

ભાગ્યવતી ઊભી થઈ ગઈ. ભાવડ ઉઠીને ત્યાં બેઠો. વૈદ્યરાજે ખૂબ જ ચોક્કસાઈથી નાડી પરીક્ષા કરી....પેટ વગેરે તપાસ્યું. ત્યાર પછી પ્રસન્ન ભાવે કહ્યું : "ભાવડ, તારી કાયા સંપૂર્ણ સ્વસ્થ અને રોગ રહિત છે....મને નવાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગે છે કે તારે ત્યાં હજી સુધી કેમ બાળક નથી! અમે આવા સંયોગોમાં કર્મનો કોઈ દોષ કહીએ છીએ. ઔષધિની બંનેમાંથી કોઈને જરૂર નથી. જ્યારે કર્મદોષ નિવૃત્ત થશે ત્યારે જ બાળક થશે."

આ સાંભળીને ભાવડને ઘણો જ આનંદ થયો.

ત્યાર પછી કેટલીક વાતો કરીને ત્રણેય ઘર તરફ વિદાય થયાં. ચાલતાં ચાલતાં ભાવડે બેનને કહ્યું : "કેમ બેન, હું કહેતો હતો એમ જ થયું ને? પણ મને એક મહાપુરુષના કથન પર પુરેપુરી શ્રદ્ધા છે...તારી ભાભીને પણ શ્રદ્ધા છે."

ત્રણેય ઘેર ગયાં.

આનંદમાં દિવસો જવા માંડયા. પુરે મહિને સુરજે પુત્રરત્નનો જન્મ આપ્યો. મૂળજીબાપાનું ભવિષ્ય સાચું પડયું. ભાવડે એક બેપિયા મારફત આ શુભ સંદેશ મલુકચંદને ત્યાં મોકલી આપ્યો.

સુરજને બે બાળકો થયાં હતાં. અને જન્મ્યા પછી ચાર છ ઘટિકા જીવીને મરી ગયાં હતાં. પણ આ બાળક તંદુરસ્ત અને નરવું હતું. પંદર દિવસ પછી મલુકચંદ, તેની માતા અને વિધવા બેન બાળકને રમાડવા આવ્યાં... દાદીમાએ પૌત્રને હૈયા સાથે લઈને ઝુલાવ્યો અને સોનાની પોંચીઓ, સોનાનો કંદોરો, સોનાનોકંઠી વગેરે બાળકને પહેરાવ્યાં.

સુરજની ને બાળકની તબિયત સારી હતી. આઠ દસ દિવસ રોકાઈને મલુકચંદ પોતાની બા બહેનને લઈ ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદાય થયો. જતી વખતે તેણે મૂળજીબાપાને એકસો એક સુવર્ણમુદ્રાઓ અર્પણ કરી.

નાના ભાણેજને ભાવડશેઠે પણ સારી રીતે શણગાર્યો. ચાલીસમું નહાયા પછી બહેન અને ભાણેજને શ્રી જિનેશ્વર ભગવંતના દર્શન કરાવ્યાં....અને પાંચમે મહિને મલુકચંદ પત્ની અને પુત્રને તેડવા આવ્યો.

આ વખતે મલુકચંદે ઘણા જ આગ્રહથી ભાવડને કહ્યું : "ભાવડશેઠ, હવે મારું એક વેણ રાખો..."

"હું તમારા મનની વાત સમજી ગયો છું શેઠ... એવો કોઈ આગ્રહ મને કરશો નહિ. મારી સ્થિતિ ઉત્તરોતર સારી થતી જાય છે...મારો વેપાર પણ સારો ચાલે છે અને આપ તો મારા વિચારો જાણો છો..."

"એ બધું હું જાણું છું...પરંતુ આવા મકાનમાં રહેવું અને પરચુરણ ધંધો કરવો તે પરાણાર નથી. વધુ નહિ તો એક લાખ સોનૈયા મારા થકી રાખો..."

"શેઠ, તમારી લાગણી અપાર છે. પણ મને મારી રીતે જીવવામાં મજા આવે છે...છતાં કોઈ પ્રસંગે જરૂર જેવું જણાશે તો હું જરૂર આપને યાદ કરીશ." ભાવડે કહ્યું.

આ અંગે સુરજે પણ ઘણો આગ્રહ કર્યો પરંતુ ભાવડ પોતાના નિર્ણયમાં અટલ રહ્યો.

જે દિવસે બહેન અને ભાણેજને વિદાય આપવા ભાવડ અને ભાગ્યવતી ગામના પાદર સુધી ગયા તે વખતે ભાવડે કહ્યું : "શેઠ, આપે કરેલો સંકલ્પ ભૂલી ન જતા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ભાવડશેઠ, ઈ સંકલ્પ તો મારા પ્રાણ સાથે જડાયેલો છે. શ્રી જિનમંદિર માટેનું માર્ગદર્શન પણ મુનિરાજ શ્રી જિતદત્ત મહારાજ તરફથી મળવાનું છે." મલુકચંદે કહ્યું.

રથ વિદાય થયો.

બહેન સુખી થઈ એ જાણીને ભાવડ અને ભાગ્યવતીના મનને ખૂબ જ હર્ષ થયો હતો.

બંને ઘેર પાછા આવ્યાં.

અને મહિનાઓ વીતવા માંડયા.

હવે તો લક્ષ્મીનો વછેરો તેજસ્વી તોરી બની ગયો હતો એને પળોટવાનું કાર્ય ભાવડે પોતે સંભાળ્યું... રોજ વહેલી સવારે વછેરાને લઈને તે ગામ બહાર નીકળી જતો.

ધંધો પણ સારો ચાલતો.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પાસે ઉત્તમ વસ્તુ હોય તો ઘણા લોકોને એ જોઈને હર્ષ થતો હોય છે અને કોઈની આંખમાં કણા માફક ખૂંચતી પણ હોય છે.

ભાવડે લક્ષ્મીના વછેરાનું નામ તેજબળ પડયું હતું અને છ છ માસ પર્યંત મહેનત લઈને તેજબળને સર્વશ્રેષ્ઠ બનાવ્યો હતો... એની ચાલ એવી હતી કે ઉપર બેસનારના પેટનું પાણી પણ ન હલે... અને એની ગતિ પણ ધનુષમાંથી છૂટેલા તીર જેવી હતી... ભાવડના ઈશારે તે બધું સમજી જતો.

નંદપુર જવું હોય તો સવારે નીકળેલો માણસ સાંજે પહોંચી શકે... પણ તેજબળ માત્ર એક જ પ્રહરમાં મલુકચંદના આંગણે પહોંચી જતો.

મલુકચંદ શેઠે શિખરબંધી હવેલીસરના નિર્માણનું કાર્ય આરંભી દીધું હોવાથી ભાવડ દર પંદર દિવસે ત્યાં જતો અને એક રાત રોકાઈને પાછો આવી જતો.

આવા તેજસ્વી અશ્વ પર ભાવડને બેઠેલો જોઈને લોકો મોઢામાં આંગળી ઘાલી જતાં. કોઈ કહેતું : "ભાવડ શેઠ ભારે ભાગ્યવંત છે... પુણ્ય વગર આવો અશ્વ મળે નહિ." તો કોઈ કહેતું કે..." કોઈ રાજ રજવાડામાં શોભે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું રતન એક સામાન્ય વેપારીને આંગણે પડયું.'' કોઈ એમ પણ કહેતું કે....'' વેપારી નાની હાટડીનો છે ને ઘોડો રાખ્યો છે કોઈ કરોડપતિને શોભે એવો....શું કળજગ બેઠો છે!''

આમ આખી નગરીમાં અશ્વની ખ્યાતિ કોઇ આશ્ચર્યજનક વસ્તુ માફક ફેલાઈ ગઈ હતી.

શ્યામસિંહ સુધર્યો નહોતો....પણ બીજું કોઈ નવું સાહસ કરી શકયો નહોતો. ભાવડે એક વાર ઝપટમાં લીધા પછી તે હતપ્રભ બની ગયો હતો...જમની સાથેનો એનો ગુપ્ત વ્યવહાર સાવ ભુંસાયો નહોતો.

તે મોટે ભાગે રાજની તહેનાતમાં જ રહેતો અને રાજભવનના કોઈ કામ હોય તે કરતો.

તપનરાજને શરાબી, જુગારી અને વ્યભિચારી લોકો પર ભારે રોષ હતો. તેના નાનકડા રાજ્યમાં શરાબ પીવાનું કોઈ સાહસ કરી શકતું નહિં કે કોઈ બહેન દીકરીની છેડતી કરી શકતું નહિં.

વાળુ પતાવ્યા પછી તપનરાજના ઓરડે તેના ખાસ મિત્રો ને માણસો ભેગાં થતાં. ડાયરા વચ્ચે અલક મલકની વાતો થતી....બીજા પ્રહરની ત્રણેક ઘટિકા વીતે ત્યારે ડાયરો પુરો થતો અને તપનરાજ અંતઃપુરમાં જતો.

તેના રાજ્યમાં પ્રજાને કોઈ વાતનું દુઃખ નહોતું... તપનરાજ પાસે પણ સારું એવું ધન હતું કારણ કે તે ખોટો ખર્ચ કરતો નહોતો અને સાદાઈથી જ રહેતો હતો.

એક રાતે ડાયરો બેઠો હતો...એક મિત્રે વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતમાં કહ્યું : "મહારાજ, આપણી નગરીના ભાવડ શેઠનું નામ તો આપે સાંભળ્યું છે ને ?"

"હા...ભારે પ્રમાણિક ને ટેકીલો છે. ધંધામાં બધું ગુમાવ્યું હોવા છતાં તે અટલ રહ્યા છે....ધર્મિષ્ઠ પણ છે." તપનરાજે કહ્યું.

"છે તો વેપારી પણ અશ્વવિદ્યાનો ભારે જાણકાર છે." બીજાએ કહ્યું.

"મને ખબર છે....એને નાનપણથી જ અશ્વોનો શોખ હતો...અત્યારે તો બિચારો..."

"બાપુ, બિચારો ફિચારો કંઈ નથી...હોં...." શ્યામસિંહે દાવ લેવાની તક મળી હોવાથી કહેવા માંડયું : "એણે સો સોનૈયા આપીને એક ઘોડી ખરીદી હતી....એનો વછેરો આજ તો કોઈ દેવતાઈ અશ્વ બની ગયો છે. આવો ઘોડો કોક સમ્રાટને આંગણે શોભે, આજ એક ભુખ્યારસને આંગણે પડયો છે."

"ઘોડો બહુ સારો છે ?" રાજાએ પોતાના સાળા સામે જોઈને પ્રશ્ન કર્યો.

"બાપુ, એનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી... વા હાર્યે વાતુ કરતો વાજેવાજ ઉડે છે ને અસવારના પેટનું પાણીયે નો હાલે ! સો કોશનો પંથ તો વિસામો લીધા વગર કાપે છે...પણ એનું રૂપ...એનો રંગ.... એની રોનક...બાપુ, સ્વપ્નામાં પણ આવો ઘોડો કોઈએ નહિં જોયો હોય." શ્યામસિંહે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા એક સાથીએ શ્યામસિંહની વાતને ટેકો આપતાં કહ્યું : "શ્યામુભાઈની વાત સો એસો ટકા સાચી છે. આવો ઘોડો તો રાજ દરબારમાં શોભે ! અને ભાવડ શેઠે એને એવો કેળવ્યો છે કે આડો આંક વાળી નાખ્યો છે..."

"એવો સરસ અશ્વ છે ?" રાજાએ આશ્ચર્યભર્યા સ્વરે કહ્યું.

"એના વખાણ જ થઈ શકે નહિં....દેવતાઈ અશ્વ છે...એનું મૂલ થઈ શકે એવું નથી...ભાવડ તો કાંક મુરખ લાગે છે...નહિં તો આ અશ્વ લઈને તે બાણુલાખ માળવાના ધણી પાસે જાય ને ભેટ આપે તો ભાવડની સાત પેઢી તરી જાય !" એક મિત્રે કહ્યું.

"સારો અશ્વ હોય તો આપણે વેંચાતો લઈ લઈએ." તપનરાજે કહ્યું

તરત શ્યામસિંહ બોલી ઊઠ્યો : "બાપુ, ઈ વાતમાં કાંઈ માલ નથી. ભાવડ કોઈ સંચોગોમાં ઘોડાને કાઢે નહિં...જાતનો વાણિયો છે પણ ભારે હઠીલો છે....એણે પોતાની પાયમાલી કરી હોય તો આવી હઠમાં જ કરી છે....છે સાવ ભુખ્યોદારસ પણ વટ રાખે છે કરોડપતિ જેવો !"

એક મિત્રે કહ્યું : "બાપુ, આપ માગોને ભાવડ ન આપે એમ બને જ નહિ...આપ તો નગરીના ધણી છો. આપની વાત ઉથાપવાની એનામાં શી તાકાત ?"

"દેવુભાઈ, ભાવડને તમે હજી ઓળખ્યો નથી.... સીંદરી બળી જાય પણ વળ ન છોડે ! બાપુ માગણી કરશે તો નકામું પાણીમાં જાશે..." શ્યામસિંહે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપનરાજને આ વાત સાંભળીને ચાનક ચડી ગઈ. તેમણે કહ્યું : " મારું વેણ ઉથાપનારો આ નગરીમાં હજી કોઈ જન્મ્યો નથી...કાલ સવારે જ એનું પારખું કરી લઈ....અને જો નહિં આપે તો એક ઘોલ મારીને આંચકી લઈશ...." એક બીજો માખણદાસ તરત બોલી ઊઠ્યો : " બાપુ, આપ તો સમરથ છો. ધારો ઈ કરી શકો...ઘોલતો શું તમે ભાવડ જેવા વાણાને ગામમાંથી પણ તગડી શકો છો....પણ એક વાત સાચી છે કે આવો ઘોડો આપના જેવા રાજાને શોભે....બીજાને નહિં."

આ ચર્ચા ઠીક ઠીક ચાલી અને તપનરાજે ઘોડો મેળવવાની મનથી ગાંઠ વાળી.

માનવી જ્યારે વિવેક વિસરે છે. ત્યારે પોતાનું પદ ગૌરવ પણ ભૂલી જતો હોય છે....આજ સુધી કોઈ દિવસ તપનરાજના મનમાં પ્રજાને ઘોલ મારવાની કલ્પના સરખીયે નહોતી આવી...પણ વાતમાં વટ ઊભો થયો અને રાજાની મતિ દૂષિત બની ગઈ.

શ્યામસિંહના મનમાં એક વાતનો સંતોષ થયો કે આજ આટલા લાંબા વખતે પણ સોગઠી મારવાનો મોકો મળી ગયો છે.

તપનરાજને રાતે નિદ્રા પણ ન આવી.... તેજસ્વી અશ્વના જ વિચારો આવવા માંડ્યા...વાયુવેગી અશ્વ રાજા સિવાય કોઇને આંગણે ન શોભે એવો ગર્વ મનમાં દૃઢ બન્યો અને બીજે દિવસે સવારે જ તેણે એક સૈનિકને ભાવડ શેઠને ત્યાં મોકલ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ અને ભાગ્યવતી પૂજા કરવા ગયાં હતાં. સૈનિક એમની વાટ જોતો ફળીમાં લીમડાના ઓટે બેસી રહ્યો.

ભાવડ અને ભાગ્યવતી પૂજા કરીને આવ્યાં ત્યારે સૈનિકે ઊભા થઈને કહ્યું: "ભાવડશેઠ, હું કયારનો આપની વાટ જોતો બેઠો છું...મહારાજાએ કહેવરાવ્યું છે કે આપનો દેવતાઈ અશ્વ લઈને અત્યારે જ રાજભવનમાં પધારો....મહારાજા આપની વાટ જોતા બેઠા છે."

ભાવડે શાંત સ્વરે કહ્યું: "મહારાજાને કહેજો, હું પચ્ચખાણ પાળીને હમણાં જ આવું છું."

સૈનિક વિદાય થયો.

ભાગ્યવતીએ કહ્યું: "દરબારે તેજબળને સાથે લાવવા કેમ જણાવ્યું હશે?"

"સારી વસ્તુની પ્રસંશા તો થતી જ હોય છે..... દરબારે આપણા ઘોડાનાં વખાણ સાંભળ્યાં હશે એટલે જોવાનું મન થયું હશે." કહી ભાવડ વસ્ત્રો બદલાવવા ઓરડામાં ગયો.

પચ્ચખાણ પાળી, થોડું શિરામણ કરી ભાવડે બેસ બળે નાખ્યો ને પાઘડી માથા પર મૂકી. ત્યાર પછી પત્ની સામે જોઈને કહ્યું: "હું જઉં છું...રાજભવનમાંથી પરબારો હાટડીએ જઈશ."

"તે તેજબળને નથી લઈ જવો?"

"ના....દામુ એને માલીસ કરી રહ્યો છે.... બહુવાર લાગશે...પછી હું દરબારને દેખાડી આવીશ."

"રાજાને ખોટું લાગશે...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એમાં ખોટું શું કામ લાગે ?"

"સ્વામી, રાજા, વાજાં ને વાંદરા ક્યારે વટકે તે કહી શકાય નહિં. આપ તેજબળને લઈને જ જાઓ... એ વધારે સારું છે."

ભાવડે કહ્યું : "રાજા વાટ જોઈને બેઠા છે....મોડું થાશે તો એમને ખોટું નંઈ લાગે ? વળી મારે તેજબળને મૂકવા ઘેર પાછું આવવું પડશે."

"એનો વાંધો નહીં. તેજબળને લઈને જ જાઓ... દામુને પણ સાથે લેતા જાઓ."

"તો એમ કરને...દામુ સાથે તેજબળને મોકલજે હું વહેલો જઉં છું." કહી ભાવડ તેજબળ પાસે ગયો અને તેને માલીસ કરી રહેલા દામુને કહ્યું : "દામુ, કેટલી વાર લાગશે ?"

"બે ઘડી લાગશે કેમ ?"

"તો તું એમ કરજે....હું મહારાજા પાસે જાઉં છું...તું તેજબળને તૈયાર કરીને ત્યાં લઈ આવજે."

"રાજભવનમાં...?"

"હા..." કહી ભાવડ ચાલતો થયો.

ઓરડામાં દરબાર અને તેના બે ખવાસો ભાવડની વાટ જોતા બેઠા હતા. ભાવડને જરા વાર લાગી હતી એટલે રાજાનું લોહી ઉકળાટ અનુભવી રહ્યું હતું....

ત્યાં એક નોકરે આવીને કહ્યું : "ભાવડ શેઠ આવ્યા છે !"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" અહીં લઈ આ ..વ"

થોડી જ વારમાં ભાવડ ઓરડામાં દાખલ થયો અને બે હાથ જોડીને વિનમ્ર સ્વરે બોલ્યો : " કૃપાનાથની કુશળતા ચાહું છું..."

આવો ભાવડશેઠ ..તમારો ધંધો સારો ચાલે છે ને ? "

" આપ જેવા ઉત્તમ રાજાની છત્રછાયામાં રહેનારને ભુખ્યા સુવું નથી પડતું...મારા જોગો ધંધો સારો ચાલે છે." ભાવડે ઊભા ઊભા જ કહ્યું.

શ્યામસિંહ બીજા ઓરડામાં બેઠો હતો. ભાવડને મોઢું દેખાડવા નહોતો ઇચ્છતો...વખતે આગલી વાત યાદ આવી જાય ને ભાવડ મહારાજાને કહી દે તો નવી પંચાત ઊભી થાય.

તપનરાજાએ ભાવડને એક આસન પર બેસવાનું કહ્યું...

ભાવડ સંકોચ સહિત એક ચાકળા પર બેસી ગયો.

તપનરાજાએ કહ્યું : " મારે તમારો અશ્વ જોવો હતો, સાથે લાવ્યા છો ને ? "

" કૃપાળુ, અશ્વને માલીસ ચાલતું હતું એટલે સાથે નથી લાવી શકયો...પણ બેઘડીમાં મારો માણસ અશ્વને લઈને આવી પહોંચશે."

અશ્વને માલિસ ? રાજાને નવાઈ લાગી. તેમણે હસતાં હસતાં કહ્યું : " માલિસ શેનું કરો છો ? "

" એને માટે એક ખાસ તેલ બનાવ્યું છે..."

" ઘોડાનું નામ શું રાખ્યું છે ? "

" તેજબળ..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વાહ, નામ તો ઘણું સરસ રાખ્યું છે. મેં સાંભળ્યું છે કે ઘોડો ભારે કૃપાળો છે...વાયુવેગી છે અને તમે પોતે એને કેળવ્યો છે?"

"હા બાપુ જાતવાન જાનવર છે..."

"મેં સાંભળ્યું છે કે તમે એને વેંચી નાખવા માગો છો..."

"ના રે બાપુ....આવી અસત્ય વાત આપને કોણે કહી? તેજબળ તો દીકરાના પાડનો છે...એને તૈયાર કરવામાં મેં ઘણી મહેનત લીધી છે....આવો સુલક્ષણો પંચ કલ્યાણી અશ્વ માત્ર ઘરની શોભા નથી, જીવનની પણ શોભા છે...તેજબળને વેંચવાનો તો મને વિચાર સરખોયે નથી આવ્યો."

તપનરાજે અશ્વ જોયા પછી માગણી કરવાનો નિર્ણય કર્યો હતો...એટલે તેમણે ભાવડને કેવી રીતે નુકસાન થયું? વગેરે વાતો કાઢી....ભાવડ ટૂંકમાં ઉત્તર આપતો ગયો.

ત્યાં એક નોકરે આવીને કહ્યું: "ભાવડ શેઠનો માણસ ઘોડો લઈ ને આવી ગયો છે."

"ચાલો જોઈએ." કહી તપનરાજ ઊભો થયો. ભાવડ પણ ઊભો થયો. બંને અહાર ચોકમાં આવ્યા.

દામુ તે જબળને લઈ ને ઊભો હતો. તેજબળને જોતાં જ તપનરાજ અવાક્ થઈ ગયો. તેણે ભાવડ સામે જોઈ ને કહ્યું: "શેઠ, અશ્વ દેવતાઈ લાગે છે...મેં જે વખાણ સાંભળ્યાં હતાં તે કરતાં પણ વધારે ઉત્તમ છે....જરા એની જોઉં....?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે હસીને કહ્યું: "મહારાજ, એમાં પૂછવાનું હોય? પણ તેજબળને એડી ન મારતા કે લગામ પણ ન ખેંચતા."

અશ્વને માત્ર ચોકડું જ ચડાવ્યું હતું... દળી કે પલાણ કશું મૂકવામાં આવ્યું નહોતું.

તપનરાજે અશ્વને પગથીયા પાસે લીધો ને પછી તેના પર બેઠક કરી.

રાજભવનના વિશાળ ફળીમાં ચક્કર મારતાં રાજાના મનમાં થયું...આ અશ્વ ગમે તે કિંમતે ખરીદી લેવો જોઈએ....અને ભાવડ વેંચે નહિ તો આંચકી લેવો જોઈએ.

અશ્વ પરથી નીચે ઉતરીને તપનરાજે ભાવડ સામે જોઈને કહ્યું: "ભાવડ શેઠ, ખરેખર અશ્વ ઘણો જ ઉત્તમ છે....આવો, આપણે ઓરડે બેસીને વાતો કરીએ."

ભાવડ ને મહારાજા બેઠકના ઓરડે ગયા.

દામુ તેજબળને લઈને ઘરતરફ ચાલતો થયો. તેને રોકાવાનું કોઈએ નહોતું કહ્યું.

તપનરાજાએ આસન પર બેઠક લઈને કહ્યું: "ભાવડ શેઠ, તેજબળ તો રાજદરબારમાં શોભે એવો છે."

ભાવડે ચાકળા પર બેઠક લેતાં કહ્યું: "હા કૃપાનાથ, અશ્વ ઘણો જાતવાન છે."

"આ અશ્વ મને ગમી ગયો છે. બોલો શું કિંમત લેવી છે?"

આ શબ્દો સાંભળીને ભાવડ ચમક્યો...પરંતુ વિનય ભર્યા સ્વરે બોલ્યો: "કૃપાનાથ, હું વેંચવા ઇચ્છતો જ નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ભાવડ શેઠ, હું તમને માગ્યું મૂલ્ય આપીશ."

" કૃપાનાથ, આવી વસ્તુ કોક વાર મળે છે....આ વેંચવાની વસ્તુ નથી." ભાવડે ઠંડા સ્વરે કહ્યું.

" હું તેજબળના બદલામાં એક લાખ સુવર્ણમુદ્રાઓ આપવા માગું છું...જાતવાન અશ્વ છે....મારા હૈયાને વસી ગયો છે...તમે જો નહિં વેંચો તો મારે આંચકી લેવો પડશે."

ભાવડશેઠ એકદમ ઊભો થઈ ગયો અને બોલી ઊઠયો : " આ કોણ અમારો રાજા બોલે છે ? પ્રજાનો પાલક બોલે છે ? ન્યાય, નીતિ અને ધર્મનો રક્ષક બોલે છે ? મહારાજ, આપના જેવા ન્યાયી રાજાના હૈયામાં આવું વિષ કયાંથી ઉભરાયું ? આજ તો આપ મારો અશ્વ આંચકી લેવાની માગણી કરો છો....આવતી કાલે પ્રજાની કોઈ રૂપવતી વહુ દીકરીને આંચકી લેવાનું મન કરશો....મહારાજ, આપને આ શોભતું નથી, રાજા તો ઉદાર હૈયાનો સ્વામી હોય...ઉત્તમ વસ્તુ પોતાની પ્રજા ભોગવે એનું એને ગૌરવ હોય...જો આજ આપ મારા અશ્વને આંચકી લેશો તો આવતી કાલે આપના કર્મચારીઓ પણ અધર્મ અને અન્યાયના પંથે આગળ વધશે અને બાપદાદાની જે ઈજ્જત આપે જાળવી રાખી છે તે માટીમાં ભળી જશે....એટલું જ નહિં પણ આપની પ્રજા પણ અન્યાય અને અધર્મના માર્ગની પૂજા કરતી થશે..."

" ભાવડ શેઠ ! "

" ક્ષમા કરો મહારાજ, હું આપને સત્ય કહું છું... આપતો જાણો છો કે આખા દેશમાં મહારાજા પરદુઃખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભંજન વીર વિક્રમની આણ વર્તે છે....આપના હાથે થયેલા અન્યાયની એમને ખબર પડશે તો તેનું પરિણામ શું આવશે ? એની આપ કલ્પના કરી લેજો. હું તો આપ સમા ઉદાર દિલના રાજવીની છત્ર છાયામાં રહેતો એક સામાન્ય પ્રજાજન છું....મારામાં એવી કોઈ શક્તિ નથી કે હું આપનો મુકાબલો કરી શકું...આપ આંચકી લેશો તો હું બે આંસુ પાડીને બેસી રહીશ...પણ જનતાના આંસુ એ નાની સૂની ચીજ નથી...એ આંસુ પાછળ તો વિરાટ દાવાનળ પડ્યો હોય છે..અને ઇતિહાસ તરફ નજર કરશો તો જનતાના આંસુ રૂપી દાવાનળમાં તારાજ થઈ ગયેલાં અનેક રાજસિંહાસનો આપની આંખ સામે દેખાશે... કૃપાનાથ, આપના હાથે આપની શોભા નષ્ટ થાય તે મને નથી ગમતું."

રાજાના હૈયા પર ભાવડ શેઠના શબ્દોએ ઉત્તમ અસર કરી હતી. વટનો જે વિષભર્યો રંગ ચડી ગયો હતો તે આ સાત્વિક પુરુષનાં શબ્દામૃત વડે ઉતરી ગયો. તપન-રાજાએ ઊભા થઈને કહ્યું : " ભાવડ શેઠ, તમે આજ મારા પર મોટો ઉપકાર કર્યો છે..મને અન્યાયમાંથી બચાવી લીધો છે....પણ તેજબળ મારા હૈયામાં વસી ગયો છે..."

ભાવડે પ્રસન્ન ભાવે કહ્યું : " કૃપાનાથ, તેજબળ આપના હૈયામાં વસી ગયો હોય તો મારા જેવા નાના માનવીની ભેટ રૂપે આપ સ્વીકારી લ્યો."

" ભાવડશેઠ...."

" હું સત્ય કહું છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" એમ નહિં....મારી વાત રાખો ને તમે જે માગશો તે આપીશ."

" નહિં કૃપાનાથ...હું આનો સોદો તો નહિ જ કરું...અશ્વ આપને આપું છું....ભેટ રાખવામાં સંકોચ હોય તો આપ એક કોડી મોકલશો તો પણ હું એને આશિર્વાદ રૂપ માની લઈશ.'

રાજા ઊભો થઈ ગયો અને ભાવડને ભેટી પડતાં બોલ્યો : " આજ હું ધન્ય બની ગયો....મારી પ્રજા આવી ઉદાર અને જાગૃત છે એ જ મારા માટે ગૌરવની વાત છે."

રાજાએ ઘણા જ ઉલ્લાસ પૂર્વક ભાવડનો હાથ પકડી લીધો. બંને નીચે ગયા ત્યારે દામુ અશ્વ લઈ ચાલ્યો ગયો હતો. ભાવડે કહ્યું : " દામુ તેજબળને લઈ ગયો લાગે છે...હું ઘેર જઈને શુભ ચોઘડીએ અશ્વને લઈ આવીશ."

ભાવડ નમન કરીને વિદાય થયો. હાટડીએ ન જતાં તે સીધો ઘેર આવ્યો. પત્નીને સઘળી વાત કરી. ત્યાર પછી અશ્વને તૈયાર કરી ચોઘડીયું સારું હોવાથી ભાવડ તેના પર સવાર થઈને રાજભવનમાં પહોંચી ગયો.

રાજા ઘણો જ પ્રસન્ન બની ગયો. મહારાજાના હાથમાં પોતાનો પ્રિય અશ્વ સોંપીને ભાવડ સીધો હાટડીએ ગયો.

તપનરાજાએ ભાવડના ઘેર સવાલાખ સુવર્ણમુદ્રાઓની થેલીઓ, ઉત્તમ પોષાક, ઉત્તમ અલંકારો વગેરેના થાળ ભરીને કારભારી સાથે રવાના કર્યા

શ્યામસિંહની સોગઠી ઊંધી પડી. તે સમસમીને બેસી રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ દિવસે સમગ્ર નગરીમાં વાત ફેલાઈ ગઈ.... આપણા રાજાએ સવા લાખ સોનૈયા આપીને ભાવડશેઠનો તેજબળ ખરીદી લીધો.

આ સમાચાર સાંભળીને સૌથી પ્રથમ ધર્મદાસ ભાવડ પાસે હર્ષ વ્યક્ત કરવા ગયો...બીજા મિત્રો પણ હર્ષ વ્યક્ત કરવા આવ્યા.

એજ રીતે તપનરાજ પાસે પણ લોકો હર્ષ વ્યક્ત કરવા ગયા.

ભાવડને મુનિરાજ શ્રી યતિદાદાના શબ્દો યાદ આવ્યા.

લક્ષ્મી સગર્ભા હતી એને એકાદ મહિનામાં ઠાણુ આપે તેમ હતી. ભાવડ લક્ષ્મીની ખૂબ જ કાળજી રાખતો હતો.

સારા નસીબે એનું મૂળ મકાન જ દેણા પેટે આપ્યું હતું તેના માલિકે દસ હજાર સુવર્ણમુદ્રામાં તે મકાન ભાવડને પાછું આપ્યું.

ભાવડે મકાનને રંગરોગાન કરાવવા માંડયા.

એક મહિનામાં લક્ષ્મીએ ઉત્તમ પ્રકારના વચ્છેરાને જન્મ આપ્યો. આ વછેરો પણ પંચકલ્યાણી હતો.

અને એક શુભ દિવસે ભાવડ પોતાના મૂળ મકાનમાં રહેવા ગયો. આ પ્રસંગે તેણે નોકારસી જમાડી...રાઘવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સપરિવાર આવી પહોંચ્યો. બેન બનેવી ને ભાણેજ પણ આવ્યા....

નંદપુરના દહેરાસરનું કામ હજી ચાલતું હતું... ફાગણ શુદિ ત્રીજના દિવસે પ્રતિષ્ઠાનું મુરત હતું....એ વખતે શ્રી જિનદત્ત મુનિ પધારવાના હતા.

રાજા તરફથી સવા લાખ સોનૈયા મળ્યા હતા, પણ ભાવડે પોતાની નાની હાટડી ન બદલાવી...અને આ સોનૈયાનો ઉપયોગ તેણે બીજી રીતે કરવાનો વિચાર્યો.

તેણે ઉત્તમ પ્રકારના વછેરાઓ ખરીદવા શરૂ કર્યા...

પત્નીએ એક દિવસ કહ્યું: " સ્વામી, મને એક વાત નથી સમજાતી ? "

" કઈ વાત ભાગુ ? "

" વછેરાઓ ભેગા કરીને શું કરવા ઇચ્છો છો ? "

" ભાગુ, તું તો જાણે છે કે અશ્વ વિદ્યા મને પ્રાપ્ત થયેલી છે. એ વિદ્યાનો કંઈક ઉપયોગ કરું તો સારું એમ લાગવાથી ઉત્તમ પ્રકારના અશ્વો તૈયાર કરવાની મારી ભાવના છે. તેજબળની કિંમત સારી મળી છે....એ પૈસા હું ધંધામાં રોકવા નથી માંગતો."

પત્નીએ વિરોધ ન કર્યો.

મહા વદિ દસમના દિવસે ભાવડ અને ભાગ્યવતી નંદપુર ગયાં. ભાવડે ત્યાં બે નોકારસી કરી. ત્રીજના દિવસે અપૂર્વ ધામધૂમથી શ્રી મુનિસુવ્રત સ્વામીની શ્યામવરણ અને સૌમ્ય સુંદર પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિષ્ઠા વખતે જે પળે ભગવંતને સુવર્ણ શલાકા વડે અંજન કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું તે વખતે દીવ્ય પુષ્પોની વૃષ્ટિ થઈ દુંદુભી વાગવા માંડયા....જીવનમાં કદી સાંભળવામાં ન આવ્યા હોય એવા દૈવી વાજીંત્રો એક પ્રહર સુધી વાગ્યાં.

આ ચમત્કાર જોઈને નંદપુરના લોકો ચકિત બની ગયાં અને ઘણા પરિવારોએ શ્રી જિનદત્ત મહારાજ સમક્ષ શ્રાવકધર્મ અંગિકાર કર્યો.

આમ નંદપુરમાં ઉત્તમ પુરુષના હાથે શ્રી જિન મંદિરની પ્રતિષ્ઠા થઈ ગઈ.

પરંતુ બે દિવસ પછી મૂળચંદના માતુશ્રી નવકાર-મંત્રની આરાધના કરતાં કરતાં અવસાન પામ્યાં.

ભાવડ અને ભાગ્યવતી થોડા દિવસ રોકાઈ ગયાં... ત્યાર પછી બેન બનેવીની રજા લઈને કાંપિલ્યપુર આવી ગયા.

બે વરસ પછી લક્ષ્મીએ પુનઃ એક ઉત્તમ લક્ષણવાળો પંચકલ્યાણી વચ્છેરાને જન્મ આપ્યો.

આ બે વરસમાં ભાવડે સોએક જેટલા વછેરાઓ ખરીદ્યા હતા...અને બધા એક સરખા રંગના હતા.

તપનરાજાએ નગરી બહાર અશ્વશાળા બાંધવા માટે ભાવડ શેઠને મેં માગી જમીન આપી. આ કાળ એવો હતો કે જમિનના વેંચાણ થતાં નહિં....જમિન જનતાની કહેવાતી. રાજા એનું નિયંત્રણ કરતો. આર્ય સંસ્કૃતિનો એક આદર્શ એ હતો કે જ્યાં જેનો જન્મ થયો હોય ત્યાં તે માનવીને જમિનનો અધિકાર સ્વયં પ્રાપ્ત થાય છે.

ભાવડે એક સુંદર અશ્વશાળા બંધાવી...વીસ જેટલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણસોને અશ્વશાળાની વ્યવસ્થા માટે રાખ્યા અને પોતે જાતે અશ્વને કેળવવા શ્રમ લેવા માંડ્યો. પોતાના હાથ નીચે તેણે પાંચ જુવાનોને તૈયાર કર્યા હતા અને ભાવડની સૂચના મુજબ તેઓ અશ્વોને પલોટતા હતા.

ત્રણ વર્ષમાં તો એક જ રંગના એક સરખી ચાલના એકસો એકાવન અશ્વ થઈ ગયા.

આટલા વખત સુધી ધૈર્ય રાખી રહેલી ભાગ્યવતીએ સ્વામીને એક દિવસ કહ્યું : "સ્વામી, આપે તો બાવાજીની લંગોટી જેવું કર્યું...દોઢસો પોણાબસો અશ્વો થઈ ગયા છે...આ પરિગ્રહ પાછળ આપને સમય પણ મળતો નથી."

"પ્રિયે, મારું કાર્ય મેં પુરું કર્યું છે....પાંચ સાથીઓને મેં અશ્વવિદ્યામાં તૈયાર કર્યા છે...હવે મારે અશ્વો ખરીદવા નથી."

"પરંતુ આ છે એનું શું કરશો ?"

ભાવડ આછું હસ્યો અને હસતાં હસતાં બોલ્યો : "પ્રિયે, જે યતિશ્રીએ મને અશ્વવિદ્યા શીખવી હતી.... તેમણે મને એક વિચિત્ર ઔષધ પ્રયોગ બતાવ્યો હતો. એ ઔષધ પ્રયોગ વડે એક સરખા રૂપરંગના અશ્વો બનાવી શકાતા હતા. આ પ્રયોગ અજમાવવાની મને કોઈ તક નહોતી મળી....પરંતુ તેજબળ જે ધન આપી ગયો તે ધનના પ્રભાવે મને આ પ્રયોગ અજમાવવાનું મન થયું. પ્રયોગ ખરેખર સિદ્ધ છે...એક સરખા રંગના એકસો એકાવન અશ્વો તૈયાર થઈ ગયા છે...રંગમાં સમાનતા તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નજ હોય....પણ આ ઔષધ પ્રયોગ વડે સમાનતા આવી શકી છે."

"પણ આતો એક વિરાટ અશ્વસેના તૈયાર થઈ જઈ છે...સવાલાખ સોનૈયામાંથી હવે ભાગ્યે જ પાંચ હજાર સોનૈયા બચ્ચા હશે."

"ભાગુ, કોઈ વાતે મુંઝાવાની જરૂર નથી...મારી ગણતરી બહાર કંઈ નથી."

"પણ આ સોનાનું શું કરશો ?"

"સારે સારે ઠેકાણે ભેટ મોકલી આપીશ..."

"એમ કરવા જતાં દીકરાની માફક સાચવેલા ઘોડા કોઈ સ્થળે દુઃખી પણ થાય અને એવા એકસો એકાવન ઠેકાણાં ગોતતાં બીજા બે વરસ વીતી જાય."

"તો શું કરવું ?"

"મને એક વિચાર આવ્યો છે."

"કહેને...."

"બધા અશ્વો એક રંગના છે એ એક આશ્ચર્ય તો છે જ...વળી બધાય ઉત્તમ લક્ષણવાળા, વાયુવેગી અને તેજસ્વી છે. જો કોઈ રાજદરબારમાં ભેટ આપો તો બધા અશ્વો એક સરખા સુખથી રહી શકે..."

"તારો વિચાર ઉત્તમ છે..." કહી ભાવડ વિચારમાં પડી ગયો...પછી બોલ્યો : "ભાગુ, તેં સરસ રસ્તો દેખાડયો છે....હું અવંતિનગરી જાઉં અને મહારાજા વિક્રમાદિત્યને એકસો બાવન અશ્વો ભેટ આપું. એકસો એકાવન એકરંગી ને બાવનમો આપણી લખ્ખીનો શાહુ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એટલે બધે દૂર જશો ?"

"આરામથી જઈશ તો એક મહિનો પહોંચતા... અઠવાડીયું ત્યાં રહીશ ને વળતાં લખ્ખીના કનક પર પાછો આવીશ એટલે વીસમે દિવસે ઘેર...બે મહિના થશે... આ ભવન તને એકલીને રહેવામાં મોટું જણાય તો તું પણ સાથે આવ...."

"હું અશ્વ પર એટલી લાંબી મુસાફરી કરી શકું નહિં...એ કરતાં બહેનને ને ભાણેજને અહીં તેડાવીએ. એનને ચોથો મહિનો ચાલે છે...કે પાંચમો બેઠો હશે..." ભાગ્યવતીએ કહ્યું.

ભાવડને આ વિચાર ગમી ગયો. અને બે દિવસ પછી તે શાહુ પર સવાર થઈને નંદપુર રવાના થયો.

ત્યાં પહોંચ્યા પછી તે જાણી શકયો કે મલુકચંદ શેઠ પણ સુરજને બેચાર દિવસમાં જ મૂકવા આવવાનું વિચારતા હતા.

ભાવડ ત્રણ દિવસ બહેનને ત્યાં રહ્યો. વીસમા તીર્થપતિ શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવંતની ત્રણ દિવસ ઉલ્લાસ પૂર્વક ભક્તિ કરી અને ચોથે દિવસે બહેન તથા ભાણેજને રથમાં બેસાડી પોતે રવાના થયો.

ઘેર આવ્યા પછી પંદર દિવસમાં જ ભાવડે પ્રવાસની તૈયારી કરી લીધી. વીસ માણસો, એકસો એકાવન એકરંગી અશ્વો, શાહુ, કનક અને જેમને અશ્વોવિદ્યા શીખવાડી હતી તે પાંચેય સાગરીતોને લઈને ભાવડ ત્રણ નવકાર મંત્ર ગણીને અવંતિ તરફ રવાના થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મદાસ, તેનાં પત્ની નારાયણ દમંયતો, રાઘવ, સુરજ, ભાગ્યવતી, નાનો ભાણેજ તેમજ નગરીના કેટલાક ગૃહસ્થો અને તપનરાજ ભાવડને વેાળાવવા આવ્યા હતા.

વિક્રમના રાજકાળમાં પ્રવાસ ઘણેા જ નિર્ભય બની ગયેા હતેા....માર્ગમાં ઠેર ઠેર વાવેા, કુવાઓ, પરબો, ધર્મ-શાળાઓ વગેરે ચાલતાં હેાવાથી પ્રવાસીઓને કેાઈ પ્રકારની વિટંબના ભેાગવવાની રહેતી નહેાતી.

અન્ન, ઘી, તેલ, ગેાળ, વગેરે દ્રવ્યેા એટલાં સસ્તાં હતાં કે માનવી એક સેાનૈયામાં અવંતિ સુધી પહેાંચી શકતેા ને પાછેા વળી શકતેા.

જ્યાં જ્યાં ભાવડશેઠના અશ્વોની વણઝાર નીકળતી ત્યાં ત્યાં એકરંગી અશ્વો જોઈને આશ્ચર્યનું મેાજું ફરી વળતું.

ગણત્રી મુજબ ભાવડ બરાબર એક મહિને અવંતિ નગરી પહેાંચી ગયેા. તેણે નગરી બહાર પડાવ નાખ્યેા. ચેામાસું બેસવાને હજી બે મહિનાની વાર હતી. એક વિશાળ ઉપવનમાં ભાવડને આશ્રય મળી ગયેા.

સમગ્ર ભારત વર્ષમાં સૌરાષ્ટ્રનાં અશ્વો વખણાતાં હતાં...સૌરાષ્ટ્ર પછી ગાંધારના અશ્વોની ગણત્રી થતી.... પરંતુ રૂપરંગમાં, સુંદરતામાં અને લેાંઠકાઈમાં સૌરાષ્ટ્રના અશ્વો ખૂબ પંકાતા હતા.

એકરંગી એકસેા એકાવન અશ્વો લઈને કેાઈ સૌરાષ્ટ્રનેા શેઠીયેા આવ્યેા છે એ સમાચાર વાયુવેગે નગરીમાં પ્રસરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા. અને આશ્ચર્ય નિહાળવા જનતાના ટોળે ટોળાં ઉપવનમાં આવવા માંડયાં.

બીજે દિવસે ભાવડ એકલો મહારાજ વિક્રમાદિત્યને મળવા માટે રાજભવન તરફ ગયો. આવ્યો તે દિવસે તેણે તપાસ કરી લીધી હતી કે મહારાજ વિક્રમાદિત્ય સૂર્યોદય પછી રાજભવનમાં કોઈપણ મુલાકાતીને મળી શકે છે.

વીર વિક્રમ સડસઠ વર્ષનો થયો હતો...એનો પ્રિય મહાપ્રતિહાર અજયસેન થોડા વર્ષો પહેલાં જ મૃત્યુ પામ્યો હોવાથી એની જગ્યાએ તેનો પુત્ર કીર્તિસેન ગોઠવાયો હતો.

ભાવડશેઠ પ્રથમ મહાપ્રતિહારને મળ્યા અને મહારાજાધિરાજને મળવાની ઈચ્છા દર્શાવી.

થોડી જ વારમાં કીર્તિસેન ભાવડ શેઠને સમ્રાટ વિક્રમાદિત્યના ખંડમાં લઈ ગયો.

મહારાજ વિક્રમાદિત્યને જોતાં જ ભાવડે ત્રણવાર નમન કર્યું...તેણે કલ્પ્યું હતું કે મહારાજ વીરવિક્રમ સડસઠ વર્ષના વૃદ્ધ હશે...પણ વીર વિક્રમના મસ્તક પર એક પણ શ્વેત વાળ નહોતો. તેમ જ એમની કાયા સ્વસ્થ અને સુદૃઢ હતી.

વીરવિક્રમે ભાવડશેઠને એક આસન પર બેસાડીને કુશળ પૂછયા અને મળવા આવવાનું કારણ જાણવા પ્રશ્ન કર્યો.

ભાવડે આસન પરથી ઊભા થઈ વિનમ્ર સ્વરે કહ્યું : "કૃપાનાથ, હું એક કાર્ય માટે આવ્યો છું....સૌરાષ્ટ્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલી કાંપિલ્યપુર નગરીથી કેવળ આપના દર્શને આવ્યો છું.”

“હું ધન્ય બન્યો....આપનું શુભ નામ?”

“ભાવડ....કૃપાનાથ, મારી પાસે એક જ રંગના, તેજસ્વી અને ઉત્તમ લક્ષણોવાળા એકસો એકાવન અશ્વો છે. હું તો એક નાનો વ્યાપારી છું.... વણીક છું પણ મને અશ્વવિદ્યાનું જ્ઞાન નાનપણથી મળ્યું હતું....એ શોખ ખાતર મેં જાતે અશ્વોને કેળવીને સર્વશ્રેષ્ઠ બનાવ્યા છે....આ એકસોએકાવન અશ્વો સમ્રાટની અશ્વ શાળામાં શોભે એવા હોવાથી હું આપની પાસે આપના ચરણમાં વિનમ્ર ભેટરૂપે દેવા આવ્યો છું.”

વીર વિક્રમે ગઈ રાતે જ કોઈ સૌરાષ્ટ્રવાસી એકસો-એકાવન એકરંગી અશ્વો સાથે પાદરમાં આવ્યો છે તે વાત કોટવાળ પાસેથી સાંભળી હતી અને આજ મધ્યાહ્ન પછી તેણે અશ્વો જોવાનો વિચાર પણ કર્યો હતો. વીરવિક્રમે કહ્યું: “ભાવડ શેઠ, ગઈ રાતે જ મેં આ વાત સાંભળી હતી અને આજ મધ્યાહ્ન પછી હું તમારા પડાવ સ્થળે આવવાનો હતો...હવે હું અત્યારે જ તમારી સાથે આવીશ. પણ ભેટરૂપે....”

વચ્ચે જ ભાવડે કહ્યું: “કૃપાનાથ, આ તો મારી સાધનાનો ઉપહાર છે...આપ કશું ન બોલશો....”

વીર વિક્રમ આછું હસ્યો. તેણે મહાપ્રતિહારને બોલાવીને કહ્યું: “મારો રથ તૈયાર કરો...અને મહામંત્રીને તથા આપણા મુખ્ય અશ્વપાલકને નગરીની બહાર જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકરંગી અશ્વો આવ્યા છે ત્યાં સત્વર આવે તેવો સંદેશો મોકલી દે."

વીર વિક્રમાદિત્યની એક પરિચારિકા ગ્રીષ્મ પાનકનાં પાત્રો લઈને આવી. વીર વિક્રમે જાતે ઊભા થઈ ભાવડને પાનકનું એક પાત્ર આપ્યું...

અને બે ઘટિકા પછી પરદુઃખભંજન રાજરાજેશ્વર સમ્રાટ વિક્રમાદિત્ય ભાવડને લઈને વિદાય થયા.

ઉપવનમાં રથ પહોંચ્યો અને બંને નીચે ઉતર્યા... ત્યાં મહામંત્રી ભટ્ટમાત્ર, અને અશ્વપાલક મિહિરસેન આવી પહોંચ્યા.

એકસો એકાવન એકરંગી અશ્વો જોઈને વીર વિક્રમના આશ્ચર્યનો પાર ન રહ્યો....અશ્વપાલક મિહિરસેન પણ નાચી ઊઠ્યો.

વીર વિક્રમના મનમાં થયું, લાખ લાખ સોનૈયા આપતાં પણ આવા અશ્વો મળે નહિં.

બધા અશ્વોનું નિરિક્ષણ કર્યા પછી વીર વિક્રમે ભાવડશેઠના ખભે હાથ મૂકીને કહ્યું : "ભાવડશેઠ, તમને ધન્યવાદ આપવા જેવા મારી પાસે શબ્દો નથી. ખરેખર તમે કોઈને શકય ન હોય એવી સાધના કરી છે...મારી અશ્વશાળા વિરાટ છે....એમાં હજારો અશ્વો છે....પણ એકરંગી અશ્વો દસથી વધારે નહિં હોય ..ભાવડશેઠ, આવી મૂલ્યવાન વસ્તુ ભેટ તરીકે સ્વીકારવી એ..."

વચ્ચે જ ભાવડે વીર વિક્રમના ચરણ પર બંને હાથ મૂકીને કહ્યું : "કૃપાનાથ, સાધનાનું મૂલ્ય જ ન હોય...હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સામાન્ય સ્થિતિનો વણિક છું. આવા તેજસ્વી અશ્વો મારા જેવાને ત્યાં લાંબો સમય નભી શકે નહિ. અને એતો આપત્તમા મહાપુરુષના દ્વારે જ શોભે ને સુખી થાય. આ અશ્વોનું મૂલ્ય લેવાની કલ્પના સરખીયે કર્યા વગર હું દિકરા તરીકે સાચવેલા અશ્વોના સુખ ખાતર આટલો લાંબો પ્રવાસ કરીને આપના ચરણકમળ સમક્ષ આવ્યો છું...આ ગરીબ વણિકની પ્રાર્થનાનો સત્કાર કરો...આપતો સમર્થ છો, ભારત વર્ષના સમ્રાટ છો...આપે અનેકની ભાવનાને સત્કારી છે....મારી આટલી ભાવના અવશ્ય સત્કારો... અને મારી પાસે શાહુ નામનો એક દેવાંશી અશ્વ છે...એ હું આપનાં પોતાના ઉપયોગ માટે ભેટ આપું છું....એ અશ્વ પંચકલ્યાણી છે....અતિ ઉત્તમ છે."

"કયાં છે ?"

તરત ભાવડે ત્યાં ઊભેલા પોતાના સાગરીતને આજ્ઞા કરી....થોડી જ પળોમાં શાહુને દોરીને ભાવડનો સાગરીત આવી પહોંચ્યો.

અશ્વપાલ મિહિરસેનના મુખમાંથી નીકળી ગયું... 'વાહ !'

'અને વીર વિક્રમ પણ પોતાની ઊર્મિને રોકી શક્યો નહિ....અશ્વની લગામ પકડી એક જ છલાંગે તે શાહુ પર સવાર થઈ ગયો.

ભાવડે કહ્યું : "કૃપાનાથ, એને એડી મારશો નહિ .. ઈશારાથી જ ચાલશે."

વીર વિક્રમે એક ઘટિકા પર્યંત શાહુને ફેરવ્યો....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની ચાલ પાણીના રેલા જેવી હતી. વીર વિક્રમ પ્રસન્ન મન સાથે પાછો આવ્યો અને અશ્વ પરથી નીચે ઉતરતાં બોલ્યો : " ભાવડશેઠ, તમારી સાધનાનું હું અપમાન નથી કરતો... પણ તમારે મારી ભાવનાને આદર આપવો પડશે."

" આજ્ઞા કરો કૃપાનાથ. "

" પહેલાં તો તમે ને તમારા બધા માણસો મારા અતિથિવાસમાં આવો, પછી રાજસભામાં તમારા જેવા અશ્વવિદ્યાના જાણકારનું બહુમાન કરવાની મને એક તક આપો."

ભાવડે મસ્તક નમાવ્યું.

બધા અશ્વો અશ્વશાળામાં લઈ જવાની વીર વિક્રમે અશ્વપાલને આજ્ઞા કરી અને શાહુને રાજભવનની અશ્વ-શાળામાં રાખવાની સૂચના કરી.

વીર વિક્રમ ભાવડને પોતાની સાથે જ રથમાં લઈ ગયો

ભાવડશેઠને પોતાના પચ્ચીસ માણસો સાથે સમ્રાટ વિક્રમાદિત્યના ભવ્ય અતિથિવાસમાં આદર ભર્યો ઉતારો મળ્યો.

ભાવડ શેઠ પાસે કનક નામનો અશ્વ રહી ગયો હતો તે તેમણે અતિથિવાસમાં રાખ્યો.

સંધ્યા વખતે ભાવડશેઠ અવંતિ પાર્શ્વનાથ ભગ-વંતના દર્શનાર્થે ગયા...ત્યાં તેને સમાચાર મળ્યા કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજ યતિદાદા અત્રે બિરાજે છે અને થોડા દિવસ પછી પૂર્વ ભારત તરફ વિહાર કરવાનાં છે.

આ સમાચારથી ભાવડને ઘણો જ હર્ષ થયો. અવંતિ પાર્શ્વનાથ ભગવંતના ભાવપૂર્વક દર્શન કરીને ભાવડ સીધો ઉપારામાગાર તરફ પૂછતો પૂછતો ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરદુઃખભંજન વીર વિક્રમે ભાવડ શેઠની મહેમાનગતિ કરવામાં મણા ન રાખી. બે દિવસ પછી એક રાતે વીર વિક્રમે ભાવડ શેઠને પોતાની પાસે બોલાવ્યા. વાત વાતમાં તેઓશ્રીએ ભાવડશેઠના જીવન અંગેની સઘળી માહિતી મેળવી લીધી. આખી વાત સાંભળ્યા પછી વીર વિક્રમને ખાત્રી થઈ કે આ વણિક ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખનારો ટેકીલો અને પ્રમાણિક છે.

અવંતીનગરીમાં ભાવડને ચાર દિવસ થઈ ગયા. આ ચાર દિવસમાં ભાવડે અવંતિની બજારો, અવંતિનો વ્યાપાર અને અવંતિના વિવિધ મંદિરો નિહાળ્યાં. સાથોસાથ યતિદાદાની સેવાનો લાભ મેળવ્યો. યતિદાદા ભાવડશેઠ પર અતિ પ્રસન્ન બન્યા.

ભગવાન મહાકાલનું નૂતન મંદિર અતિ ભવ્ય હતું.... એમાં બિરાજમાન કરેલું જ્યોતિર્લિંગ પણ તેજના પુંજ સમાન હતું. ક્ષિપ્રાના તટે આવેલાં આ મંદિર પાસે પાંચ ઉત્તમ પ્રકારની ધર્મશાળાઓ હતી...એક ધર્મશાળા રાજ્યની હતી અને ત્યાં કોઈ પણ યાત્રિકને પાકું સીધું અપાતું હતું.

પાંચમે દિવસે ભાવડશેઠે વીર વિક્રમને નમન કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનતિભર્યા સ્વરે કહ્યું: "કૃપાનાથ, હવે મને વિદાય આપવાની કૃપા કરો...ઘણે દૂર જવું છે....માથે ચોમાસું આવી રહ્યું છે."

વીર વિક્રમે મધુર હાસ્ય સહિત કહ્યું : "ભાવડશેઠ, તમે મને મારી ભાવનાના સત્કારનું વચન આપ્યું છે એ વાત કેમ ભૂલી જાઓ છો ?"

" કૃપાનાથ, આપની ભાવનાનો તો હું પળેપળે અનુભવ કરી રહ્યો છું...."

" તમારી મુશ્કેલી હું સમજું છું....ચારેક દિવસ પછી રાજસભામાં તમારું બહુમાન કરવાનું મેં નક્કી કર્યું છે..."

ભાવડ કશું બોલી શક્યો નહિ. તેના મનમાં થયું... મેં એવું કોઈ મોટું કાર્ય નથી કર્યું કે બહુમાનનો અધિકારી બની શકું...પણ આ શબ્દો મોઢામાંથી બહાર નીકળ્યા નહિ.

વીર વિક્રમે ભાવડને મૌન જોઈ ને કહ્યું : " કેમ, શું વિચારી રહ્યા છો ? "

" બાસ કઈ નહિ... હું એક સામાન્ય વણિક છું... મેં એવું કોઇ મહાન કાર્ય કર્યું નથી...બહુમાનનો અધિકાર મારા જેવાને કેવી રીતે શોભે ? "

" ભાવડશેઠ, રાજાનો ધર્મ છે કે કલાકાર, વિદ્વાન અને સાત્વિક વૃત્તિના સજ્જનોનું બહુમાન કરવું જોઈએ. જો રાજા આ રીતે બહુમાન ન કરે તો જનતામાં સંસ્કારનો પ્રકાશ ટકીશકે નહિ." વીરવિક્રમે કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડે બે હાથ જોડીને મસ્તક નમવ્યું.

ચાર દિવસ પછી મહામંત્રી પોતે ભાવડને રાજસભામાં લેવા માટે રથ લઈને આવી પહોંચ્યા.

ભાવડે સૌરાષ્ટ્રની જાડી ધોતી, કસોવાળું લાંબું અંગરખું, સોનેરી છેડાવાળો ખેસ અને પાઘડી ધારણ કર્યાં હતાં.

મહામંત્રી આદરપૂર્વક ભાવડશેઠને લઈને રાજસભાના વિરાટ મંડપમાં આવી પહોંચ્યા.

વીર વિક્રમની પટ્ટમહિષિ કમલા રાણી થોડાં વર્ષો પહેલાં જ મૃત્યુ પામી હતી. એના સ્થાને મહારાજા શાલિવાહનની કન્યા સુકુમારી આવી હતી...પરંતુ તે પોતાના પુત્ર સાથે પ્રતિષ્ઠાનપુર ગઈ હતી....એટલે કલાવતીને લઈને વીર વિક્રમ રાજસભામાં આવી પહોંચ્યો.

રાજસભાના સહુ કોઈ આવી ગયા હતા.

મહારાજ વીર વિક્રમનો જયનાદ ગાજી ઊઠ્યો.

રાજપુરોહિતે ઊભા થઈ સ્વસ્તિ વાચન કર્યું...

બંદિજનોએ યશગાથા લલકારી.

સભાનું કામ શરૂ થઈ ગયું. જનતામાંથી કોઈ પણ ફરિયાદ આવતી જ નહોતી...કારણ કે જ્યાં સુયોગ્ય રાજવ્યવસ્થા હોય છે, જ્યાં રાજકારોબાર નિર્મળ હોય છે, જ્યાં રાજા પોતે પોતાને જનતાનો રક્ષક માનતો હોય છે, ત્યાં કોઈ પ્રકારની ફરિયાદ રહેતી જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય કામકાજ પુરું થયા પછી વયોવૃદ્ધ મહામંત્રી ભટ્ટમાત્ર ઊભા થયા અને બોલ્યા : "મહાનુભાવો, આપણા રાજરાજેશ્વર મહારાજા શ્રી વિક્રમાદિત્ય મહારાજ આજ એક એવા માનવીનું બહુમાન કરવા ઇચ્છે છે કે જે માનવીએ પોતાના પ્રથમ યૌવનના કાળમાં ભયંકર વિપત્તિને એક મરદ માફક ઝીલી લીધી હતી. વ્યાપાર ખેડવા જતાં તેમના બારે ય વહાણોએ જલસમાધિ લીધી અને લેણદારોને કોડીએ કોડી ચૂકવી આપતાં પોતાનાં ઘરબાર દરદાગીના વગેરે તમામ સંપત્તિ વેચી નાખી....એટલું જ નહિં પણ કોઈની પાસેથી ઉધાર ન લેવું કે યાચના ન કરવી એવી ટેકને વળગી રહ્યા અને ધર્મની પવિત્ર છાયાને એક પળ માટે પણ ન છોડી. જે પુરુષ પાસે લાખો સોનૈયા હતા તે પુરુષે ખભે કાપડની પોટલી લઈને પાંચસાત કોશ ચાલીને ફેરી કરવી શરૂ કરી. છ છ વરસ પર્યંત તેમણે ફેરી કરી અને ગરીબાઈને કર્મરાજાનો આશિર્વાદ માની વિપત્તિકાળને હર્ષપૂર્વક વધાવી લીધો. તેઓનું નામ છે ભાવડ શાહ અને આપણા તાબાના કાંપિલ્યપુર નગરના રાજા તપનનાં તેઓ એક પ્રજાજન છે.

"ભાવડશેઠને નાનપણથી અશ્વવિદ્યાનો શોખ લાગેલો અને એક મુનિવરશ્રીએ એમને અશ્વવિદ્યાનું જ્ઞાન આપેલું. તેઓ ઉત્તમ પ્રકારના અશ્વવિદ્યા વિશારદ છે...ફેરી કરતાં એકવાર કોઈને બચાવવા જતાં તેઓનો પગ ભાંગી ગયો... બે મહિના ખાટલાવશ રહ્યા અને થોડા દિવસથી અત્રે બિરાજતા પરમપુજ્ય મુનિરાજશ્રી યતિદાદાના તેઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશિર્વાદ પ્રાપ્ત થયા. ભાવડ શેઠે એક નાની હાટડી માંડી. જે આજ પણ છે. તેઓએ એક 'લક્ખી' નામની ઘોડી લીધી. તેને ઉત્તમ વછેરો આવ્યો. ભાવડ શેઠે તેનું નામ તેજબળ રાખ્યું અને એ અશ્વને જાતે તાલિમ આપી. તેજબળની તપનરાજે માગણી કરી...ભાવડશેઠે રાજાની માગણી સ્વીકારી અને તપનરાજે સવાલાખ સોનૈયા અર્પણ કર્યા. આથી ભાવડ શેઠની પરિસ્થિતિનું પરિવર્તન શરૂ થયું... પણ તેમણે એ ધન વેપારમાં ન રોકતાં ઉત્તમ જાતિના અશ્વો નિર્માણ કરવામાં રોકયું...ધીરેધીરે તેઓએ એકરંગી એકસો એકાવન અશ્વો તૈયાર કર્યા...જે તેઓએ ઘણા જ ભાવપૂર્વક સમ્રાટના ચરણ કમળમાં કોઈપણ પ્રકારની આશા રાખ્યા વગર સમર્પિત કર્યા. તે સિવાય લક્ખીનો શાહુ નામનો બીજો અશ્વ જે અત્યુત્તમ છે તે રાજરાજેશ્વરને ભેટ કર્યો. આમ જેની લાખ લાખ સુવર્ણ મુદ્રાઓની કિંમત પણ ઓછી લાગે એવા એકસો બાવન અશ્વો કોઈપણ પ્રકારની આશા રાખ્યા વગર અર્પણ કરનારા ભાવડ શાહની સાધના અને ભાવનાનું બહુમાન કરવા રાજરાજેશ્વર આજ રાજસભા સમક્ષ પોતાનો ઉરભાવ વ્યક્ત કરશે."

આટલું કહીને મહામંત્રી પોતાના આસન પર બેસી ગયા.

મહારાજ વીરવિક્રમાદિત્ય પંચદંડવાળા સિંહાસન પરથી ઊભા થયા, જરા આગળ આવીને બોલ્યાઃ "મારા પ્રિય પ્રજાજનો, સત્વશિલની સંપત્તિવાળા પ્રમાણિક અને સાધક પુરુષોની ભાવનાનો સત્કાર કરવો એ રાજાનો ધર્મ છે...કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે રાજ્યની સાચી શોભા અને સંપત્તિ આવા પુરુષોમાં જ પડી છે.” ત્યારપછી તેમણે ભાવડ શેઠ સામે જોઈને કહ્યું “ ભાવડ શેઠ, આવો....આપ સમા નિષ્ઠાવાન પુરુષના દર્શન કરીને મારી રાજસભા આજે ધન્ય બનશે.”

ભાવડ શેઠ સંકોચવશ ઊભા થયા અને મહારાજ પાસે નમન કરીને ઊભા રહ્યા.

એજ વખતે ચારપાંચ પરિચારિકાઓ કૌશેય વસ્ત્રોથી ઢાંકેલા થાળ લઈને એક તરફ ઊભી રહી.

મહારાજાએ પ્રથમ પરિચારિકાના હાથમાં રહેલા થાળનું કૌશેય દૂર કરી એક તામ્રપત્ર કાઢયું અને ભાવડના હાથમાં મૂકતાં કહ્યું : “ ભાવડ શેઠ, સૌરાષ્ટ્રનાં સાગરકાંઠે આવેલું મધુમતિ બંદર (મહુવા) અગિયાર ગામ સહિત હું આપને વંશપરંપરા ભોગવટો કરી શકો એ ભાવના સાથે અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.”

ભાવડ શેઠ બોલી ઊઠયા : “ કૃપાનાથ...! ”

વીર વિક્રમે તેના બભા પર હાથ મૂકતાં કહ્યું : “ આજથી આપ મારા મિત્ર બન્યા છો. મધુમતિમાં મારો વહિવટદાર રહે છે, તેને મેં સંદેશો મોકલી આપ્યો છે, તો આપનું સ્વાગત કરવા કાંપિલ્યપુર નગરમાં આવશે...આજથી આપ મધુમતિના રક્ષક બનો છો...મધુમતિમાં આવેલો રાજમહેલ આજથી આપનો બને છે.”

ભાવડશેઠ કશું બોલી શકયા નહિં...તેમનાં નયનો સજળ બની ગયાં હતાં....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી મહારાજાએ એક રત્નહાર પહેરાવ્યો અને એક તલવાર અર્પણ કરી...બીજા થાળોમાં પોષાક હતો...અલંકારો હતા અને વિવિધ સામગ્રી હતી.

રાજસભાએ રાજરાજેશ્વરનો જયનાદ પોકાર્યો.

રાજસભા ઘણા જ હર્ષ સાથે પુરી થઈ.

ત્યારપછી ભાવડ ઉતારે આવ્યા અને ત્યાંથી સીધા યતિદાદાને મળવા ગયા.

આવતી કાલે સવારે યતિદાદા પૂર્વભારત તરફ વિહાર કરવાના હતા.

ભાવડે યતિદાદાના ચરણમાં મસ્તક મૂકીને કહ્યું: "ભગવંત, મહારાજાએ મારા પર પરિગ્રહનો વિરાટ બોજ મૂકી દીધો. હું શું કરું? એમનો પ્રેમભાવ જોઈને હું કંઈ પણ બોલી શકયો નહતો. કૃપાળુ, આપ મને માર્ગદર્શન આપો....આતો મારી કલ્પના બહારનું બની ગયું."

યતિદાદાએ ભાવડની પીઠ થાબડીને કહ્યું: "ભાવડ, મને બધા સમાચાર મળી ગયા છે. કર્મરાજાની પ્રત્યેક ક્રિયા કલ્પનાથી પર હોય છે. તારે તો એમ જ માનવું જોઇએ કે એક જૈન...અહિંસક જૈનના હાથમાં નાનું રાજ્ય આવ્યું છે....આ પરિગ્રહ ને બોજો વિચારીશ નહિં....જનતા અને ધર્મની સેવા કરવાની તને મોટી તક મળી છે...જો તું રાજમદમાં ડૂબી જઈશ તો આ પરિગ્રહ તને ડુબાડશે.... અને તું કેવળ વહિવટ કર્તા બનીને શુભ કાર્યો કરતો રહીશ, તો મહાન પુણ્યનું ઉપાર્જન કરવા ભાગ્યવંત બનીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડ, તને યાદ છે મેં તને કહ્યું હતું કે તારા પુત્રના હાથે એક મહાન તીર્થનો ઉદ્ધાર થશે."

"હા ભગવંત...મને યાદ છે."

"તો એમ સમજી લેજે કે આજે જે કંઈ બન્યું છે તે તેની પૂર્વભૂમિકા છે." યતિદાદાએ ટુંકમાં કહ્યું :

ભાવડ યતિદાદાના ચરણમાં ઢળી પડયો.

યતિદાદાએ કહ્યું : "ભાવડ, ધર્મથી શ્રેષ્ઠ સંપત્તિ જગતમાં એક પણ નથી. ત્યાગથી મહાન સાધના પણ બીજી કોઈ નથી. આ બે વસ્તુને તું હંમેશ હૈયા સાથે જડી રાખજે."

થોડી વાર મનમાં ગુરુદેવના ચરણકમળનું ધ્યાન ધરીને ભાવડે કહ્યું : "ભગવંત, આપ સૌરાષ્ટ્રમાં કયારે પધારશો ?"

યતિદાદા આછું હસ્યા...કશું બોલ્યા નહિં.

ભાવડે કહ્યું : "કૃપામય, આપે મારા પ્રશ્નનો..."

વચ્ચે જ પ્રસન્ન સ્વરે યતિદાદા બોલ્યા : "ભાવડ, કાયાનો એટલો બધો વિશ્વાસ હું કેવી રીતે રાખી શકું ? આ દેહ ક્ષણ ભંગુર છે....એ સત્ય સહુએ યાદ રાખવું જોઈએ. અને ત્યાગીઓ આવતી કાલની કોઈ ચિંતા કરી શકતા નથી. તું ધર્મમાં દૃઢ રહેજે...શ્રી જિનેશ્વર ભગવંતની વાણીમાં શ્રદ્ધાળુ રહેજે...સદ્ધર્મની સદાય પ્રભાવના કરતો રહેજે."

ભાવડ ગળગળો થઈ ગયો. તેણે ખેસના છેડા વડે પોતાના લોચન લૂછયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી વંદના કરીને તે વિદાય થયો.

બીજે દિવસે યતિદાદાને વોળાવવા અર્થે મહારાજ વિક્રમાદિત્ય પોતાના પરિવાર સાથે આવ્યા...

ભાવડ અને તેના માણસો આવ્યા...

નગરીના હજારો નરનાર આવ્યાં...

નગરીથી એક કોષ પર્યંત સહુ પગે ચાલતા મુનિરાજની સાથે ગયા.

યતિદાદાએ સહુને માંગલિક સંભળાવીને જીવનનું સાચું બળ ધર્મ છે, જીંદગીનો સાચો સહારો ધર્મ છે અને જીંદગીનું સૌંદર્ય પણ ધર્મ છે એવો ઉપદેશ આપ્યો.

જેમને કોઈ પ્રત્યે રાગ નથી કોઈ દ્વેષ નથી કે અંતરમાં કોઈ ભૌતિક કામના નથી, એવા યતિદાદા પોતાના બંને શિષ્યો સાથે શ્રી જિનશાસનો જયનાદ સાંભળતા સાંભળતા ચાલતા થયા.

હજારો નરનાર આ મહાપુરુષને જતા જોઈ રહ્યા.

બે દિવસ વધુ રોકાઈને ભાવડશેઠ પણ વિદાય થયા. વિદાય વખતે સમ્રાટ વિક્રમાદિત્યે પાંચ રથ, વીસ સૈનિકો, સારું એવું દ્રવ્ય વગેરે સાથે આપ્યું.

ભાવડશેઠ દરમજલ કરતા કરતા પચીસમા દિવસે કાંપિલ્યપુર નગરીના પાદરમાં પહોંચ્યા.

ભાવડશેઠ પાદરમાં આવી પહોંચ્યાની જાણ થતાં જ મધુમતિનો વહિવટદાર, તપનરાજ, કારભારીઓ, નગરીના શેઠીયાઓ, બીજા સેંકડો નરનાર, રાજપુરોહિત નારાયણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના વયોવૃદ્ધ પિતાશ્રી, દમયંતિ, ભાગ્યવતી અને સાતમા મહિનામાં આવેલી બેન સુરજ વગેરે ભાવડશેઠના સ્વાગત માટે આવી પહોંચ્યા.

તપનરાજાએ ઉલ્લાસપૂર્વક ભાવડશેઠનો સત્કાર કર્યો.

ભાગ્યવતી પોતાના પ્રિય સ્વામીના ચરણમાં નમી પડી. લગભગ અઢીમાસના વિયોગ પછી બંનેની પ્રેમાળ દૃષ્ટિ મળી.

બહેને ભાઈનાં ઓવારણા લીધાં.

આપત્તિ કાળમાં જે શેઠિયાઓએ ભાવડને કદી મળવાનું પણ વિચાર્યું નહોતું તે બધા અત્યારે ભાવડ શેઠનો ઉલ્લાસપૂર્વક જયનાદ ગજવવા માંડયા.

પાંચેક દિવસ કાંપિલ્યપુરમાં રહીને ભાવડ પોતાની પત્ની, બહેન, ભાણેજ અને ઘર વખરી સહિત મધુમતિ તરફ વિદાય થયો.

પોતાની હાટડી તેણે મુનિમ અને વાણોતરોને આપી દીધી.

પોતાનું મોટું ભવન શ્રી સંઘને અર્પણ કર્યું.

જે નાના મકાનમાં દુઃખને વિશ્રામ મળ્યો હતો તે ગંગામાના પુત્રને આપી દીધું.

રાઘવ અને મલુકચંદને ખેપિયા દ્વારા ખબર મોકલ્યા હોવાથી તેઓ પણ આવી ગયા હતા અને રાઘવની ભાવનાને સત્કારવા ભાવડ ભાગ્યવતી અને મલુકચંદ એક ટંક તેના ઘેર જમી આવ્યા હતા. ભાવડે રાઘવને સપરિવાર મધુમતિ આવવાનું નિમંત્રણ આપ્યું....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવડશેઠ મધુમતિ પહોંચ્યા ત્યારે દરબારગઢ તરીકે ઓળખાતો રાજમહેલ શણગારાઈને તૈયાર થઈ ચૂકયો હતો.

તપનરાજનો રાજપુરોહિત નારાયણ સાથે હતો. તેણે શુભ મુહૂર્તે મંત્રોચ્ચાર સહિત ભવન પ્રવેશ કરાવ્યો... અને એક શુભ દિવસે નગરજનોની સભા વચ્ચે ભાવડને રાજતિલક કરવામાં આવ્યું.

મહારાજા વિક્રમાદિત્યના વહિવટદારને જ મુખ્ય કારભારી તરીકે રોકી રાખ્યો.

જનતા તરફથી વિવિધ ભેટો આવવા માંડી.

ભાવડે સૌથી પ્રથમ મધુમતિ તાલુકામાં સર્વ જીવોને અભયદાન આપવાનો પડહ વગડાવ્યો અને આમતો હિંસા બહુ અલ્પ હતી...છતાં કોઈપણ પ્રાણિની હિંસા બંધ કરાવી.

જનતા ઉપર કોઈ વધારે પડતું કરભારણ હતું જ નહિ...એ સિવાય મધુમતિ બંદરનો વેપાર ઘણો જ ધીકતો હતો.

ચારેક દિવસ રોકાઈ મલુકચંદ અને રાઘવ વિદાય થયા.

ત્યાર પછી વહિવટદાર મંગળચંદ સાથે ભાવડે મધુમતિ તાલુકાના અગિયાર ગામોની મુલાકાત લીધી...

દિવસો આનંદથી પસાર થવા માંડયા. એક વેપારીના હાથમાં રાજયનો વહિવટ આવ્યો હતો...પણ ભાવડે સુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખ બધું નિહાળ્યું હોવાથી કોઈ પ્રજાજનને કોઇ વાતનું દુઃખ ન થાય એની પુરતી કાળજી રાખવી શરૂ કરી.

સુરજે બીજા પુત્રને જન્મ આપ્યો...

પંદર દિવસ પછી લક્ખીએ પણ એક વછેરાનો પ્રસવ કર્યો.

ભાવડે પોતાના બનેવીને આ શુભ સમાચાર બેપિયા મારફત મોકલી દીધા.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધુમતિની રાજગાદી પર આવ્યાને એક વર્ષ વીતી ગયું હતું. રાઘવ પોતાની સ્થાનિક જમીન બંને નાના-ભાઈ ઓને સોંપીને પોતાના નાના પરિવાર સાથે મધુમતિ આવી ગયો હતો અને ભાવડ શેઠે તેને બે કોસના અખૂટ જળવાળી એક ઉત્તમ વાડી અને રહેણાક માટે ખોરડાં આપ્યાં હતાં.

એક જ વર્ષના ટૂંકા ગાળામાં ભાવડ શાહ પ્રજા વચ્ચે ખૂબજ લોકપ્રિય બની ગયા હતા. તેઓએ પોતાનો વેશ વેપારી જેવો જ સાદો રાખ્યો હતો અને કોઈ પ્રકારનો રાજસી ઠાઠમાઠ દૂર રાખ્યો હતો. પ્રજાનાં સુખદુઃખ એજ પોતાના સુખદુઃખ છે એવા મંત્ર સાથે તે રાજકારોબાર ચલાવી રહ્યો હતો.

નાના મોટા ગુનાઓ તો દરેક રાજ્યમાં થતા જ હોય છે. આવા ગુનાઓ જો રાજા ધર્મિષ્ઠ અને સત્વશિલ હોય તો ઓછા બને છે....પરંતુ રાજા પોતે અધાર્મિક, દુરાચારી અને સ્વાર્થી હોય તો પ્રજાજીવન પણ એ અનિષ્ટનું આરાધક બનવા માંડે છે. ભાવડ શેઠ ગુનેગારોને સમજાવતા અને ક્ષમા આપીને એના હૃદયમાં પશ્ચાતાપનો અગ્નિ પ્રગટાવતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર એકજ વર્ષમાં ભાવડ શેઠની ખ્યાતિ ચારે દિશાએ પ્રસરી ગઈ અને એનું પરિણામ આવ્યું બંદરના વેપારની ખીલવણીમાં. એક તો બંદર નિર્ભયતાવાળું હતું. રાજ્યની કોઈ ડખલ નહોતી...બહારથી આવતા માલ પરની જકાત પણ સાવ સ્વલ્પ હતી આથી વેપારીઓ આ બંદર તરફ આકર્ષાયા અને મધુમતિનું બંદર ગુંજતું બની ગયું.

પોષ મહિનાની રાત હતી. ભાવડેશેઠ કચેરીમાંથી હજી આવ્યા નહોતા. ભાગ્યવતી રાહ જોતી એક આસન પર બેઠી હતી. રાત્રિનો બીજો પ્રહર ચાલતો હતો. આજ તેના મનમાં અનેક વિચારો આવ્યા કરતા હતા. વાતવાતમાં વર્ષો વીતી રહ્યાં હતાં....ગઈ કાલે પોતે પરણીને આવી ત્યારે ચૌદ વરસની હતી... આજ એ વાત પર જાણે એક યુગ પસાર થઈ ગયો હતો....યૌવનકાળ તો દુઃખ વચ્ચે વિત્યો હતો...અને આજ ઓગણ ચાલીસમું વરસ બેસી ગયું હતું. ઓહ્, કાળ કેવી રીતે ચાલ્યો જાય છે એની કલ્પના માનવીને જાણે આવતી જ નથી....

આવા વિચારો વચ્ચે તે ડુબેલી હતી ત્યાં ભાવડ શેઠ આવ્યાના સમાચાર એક દાસી આપી ગઈ.

ભાગ્યવતી ઊભી થઈ....તે પોતાના ખંડમાં જાય તે પહેલાં જ ભાવડશેઠ આવ્યા અને પ્રસન્ન સ્વરે બોલ્યા : 'કેમ ભાગુ, આજ તારો ચહેરો મને ઉદાસ કેમ લાગે છે ?"

ભાગ્યવતી આછું હસી અને મધુર સ્વરે બોલી : "સ્વામી, આજ ભૂતકાળનું સ્મરણ થયું હતું...."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શું યાદ આવ્યું હતું ? પેલા નાના ઘરમાં એક ખાટલા પર હું પગની વેદના વચ્ચે પડયો રહેતો હતો તે કે રોજ સવારે તારા મધુર હાસ્યનું પાથેય લઈને કાપડની ફેરી કરવા જતો હતો તે ?" કહેતો કહેતો ભાવડ પત્ની સાથે શયનખંડમાં ગયો.

ભાવડે બેસ, પાઘડી, અંગરખું કાઢયાં અને ઠંડી હોવાથી એક ચાદર શરીર પર વીંટવા માંડી. ભાગ્યવતીએ કશો ઉત્તર ન આપ્યો હોવાથી ભાવડે પુનઃ કહ્યું : "શું યાદ આવ્યું હતું ?"

"આપે સહુને કંઈ ને કંઈ આપ્યું....પણ આપના અર્ધા અંગને જ સાવ ભૂલી ગયા ?" પલંગ પર બેસતાં ભાગ્યવતીએ મધુર હાસ્ય સહિત કહ્યું.

ભાવડ તેની સામે ઊભો રહ્યો અને પત્નીના ખભા પર એક હાથ મૂકીને બોલ્યો, "ભાગુ, હું પોતે જ તને અર્પણ થઈ ચૂકેલ છું....પછી શું આપું ? ખરી રીતે તો હું જે કંઈ આપું છું એ તું જ આપે છે...કારણ કે મારા સુખદુઃખ, પ્રેરણા, હાસ્ય જે કંઈ છે તે તું જ છે."

"છતાં મારા મનની ઇચ્છાતો આપેજાણવી જોઈએને?"

"અવશ્ય....એ મારું પહેલું કર્તવ્ય છે...કહે પ્રિયે, તારી કઈ ઇચ્છા પુરી કરું ?"

"વચન આપો તો કહું..."

"વચન આપું છું...મારા નિયમને અનુકુળ હશે એવી તારી કોઈપણ ઇચ્છા હું પુરી કરીશ."

"ફરી ન જતા..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આવો સંશય શા માટે ? કહે..." કહી ભાવડ બાજુમાં બેસી ગયો.

ભાગ્યવતીએ ધીર ગંભીર છતાં મધુર સ્વરે કહ્યું : "આપ મારા માટે બહેન લાવો."

"બહેન...?" ભાવડને આશ્ચર્ય થયું.

"હા...એક બાળક વગરનું સમગ્ર જીવન સાવ સૂનું છે...બરાડ ભૂમિ જેવું. આપ વૃદ્ધ બનો તે પહેલાં.."

વચ્ચે જ ભાવડે ભાગ્યવતીને બાહુબંધનમાં જકડી લેતાં કહ્યું : "ભાગુ, તારી આ ઇચ્છા હું કેવી રીતે પુરી કરી શકું ? તને શું યાદ નથી. મેં એક પત્ની વ્રતની પ્રતિજ્ઞા લીધી છે...?"

"સ્વામી..."

"હું સત્ય કહું છું ભાગુ...અને બાળક થવા અંગે મારા દિલમાં કોઈ પ્રકારનો સંશય નથી. યતિદાદા સમા મહાપુરુષનું કથન તું કેમ ભૂલી જાય છે ?"

"હું એ કથનને સિદ્ધ કરવા અર્થે જ કહું છું..."

"તારા દ્વારા જ એમનું કથન સિદ્ધ થશે. હું તો મહાપુરુષની વાણી પ્રત્યે પળ માટેય અશ્રદ્ધા નથી સેવતો.... તને આવો વિચાર આજ કેમ આવ્યો ?" ભાવડે પ્રેમળ સ્વરે કહ્યું.

ભાગ્યવતી કશું બોલી નહિં. એના નયનો સજળ થઇ ગયાં હતાં. તેણે સ્વામીના ઉછરંગમાં મોઢું છૂપાવી દીધું. ભાવડે તેના વાંસા પર હાથ પંપાળતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું : " ભાગુ, આજ આપણા કારભારી મંગળચંદે પણ મને કહ્યું હતું કે આપે કોઈ કુશળ વૈદ્ય પાસે પરીક્ષા કરાવી. મેં એને કહ્યું હતું...મંગળ, અમારા બંનેમાં કોઈ દોષ નથી...કર્મનું વાદળ એના સમયે દૂર થશે...અને કદાચ દૂર ન થાય તો અમે બંને સાવ નિશ્ચિંત છીએ."

ભાગ્યવતી સ્વામીના અંતરમાં રમતા પ્રેમભાવને નિહાળી રહી.

બીજા છ મહિના વીતી ગયા. સાથે સાથ કર્મના વાદળ પણ વિખરાયાં. ભાગ્યવતી ચાલીસમાં વર્ષે સગર્ભા થઈ. તેને પાંચમો મહિનો બેઠો એટલે ભાવડે ભાગ્યવતીની માતાને બોલાવ્યાં અને પોતાની બહેનને તેડાવી.

બહેન પોતાના બંને પુત્રો સાથે પોતાના સ્વામીને લઈને આવી પહોંચી.

ભાગ્યવતીનાં સાઠ વર્ષનાં મા પણ આવી પહોંચ્યાં.

અને સગર્ભાવસ્થાનો કાળ પુરો થતાં ભાગ્યવતીએ શ્રેષ્ઠ, સુંદર અને સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો.

ભાવડશાએ સમગ્ર નગરીમાં મીઠાઈ વહેંચી... યાચકોને દાન આપ્યું...

યતિદાદાનું ભાવથી સ્મરણ કર્યું.

નામકરણ વિધિ વખતે ભાવડશેઠે નગરીને જમાડી.

નારાયણ પંડિતના વરદ્ હસ્તે નામકરણ વિધિ થયો અને સુરજે બાળકનું નામ પાડ્યું જાવડકુમાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસંહાર

ધર્મમાં દૃઢ રહેનારને દુઃખ પણ સુખનું કારણ બને છે અને ધર્મ માર્ગે અટલ રહેનાર હસતાં હસતાં વિપત્તિઓને પચાવી શકે છે. કારણ કે ધર્મનો આશ્રય લેનારાઓનું ધર્મ પોતે જ રક્ષણ કરે છે ..આ સત્ય આ જ કાલનું નથી...અનંતયુગથી ચાલ્યું આવે છે.

ભાવડશેઠ અને ભાગ્યવતીએ ધર્મના શરણાનો એક પળ માટે પણ ત્યાગ કર્યો નહોતો...દુઃખમાં તેઓ કંટાળ્યા નહોતાં ..સુખમાં તેઓ છકી ગયાં નહોતાં.

જાવડ પાંચ વર્ષનો થયો. તેનું નિશાળ ગરણું ઘણા જ ઉત્સવપૂર્વક થયું.. અર્થાત્ ભાવડ શાહે પુત્રને જ્ઞાન આપવાની પહેલી પળ ઉલ્લાસ પૂર્વક ઉજવી.

જાવડકુમાર પાંચ વર્ષનો જ હતો પરંતુ તેના કપાળની રેખાઓ શ્રેષ્ઠ અને તેજસ્વી હતી.

સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કેવળ સૌરાષ્ટ્રમાં જ નહિ બલ્કે સારાય ગુજરાતમાં **શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી**ની નવલકથાઓ હોંશે હોંશે વંચાય છે. આજ સુધીમાં તેઓશ્રીની એકસો પંચોતેર નવલકથાઓ પ્રગટથઈચુકી છે સાત વર્ષ પર્યંત પ્રસિદ્ધ દૈનિક અખબાર 'જયહિંદ'માં અગ્રલેખો લખ્યા છે. જનસત્તા, ગુજરાત સમાચાર, ફુલછાબ, જયહિંદમાં એમની નવલકથાઓ ધારાવાહિક રૂપે પ્રગટ થઇ ચૂકી છે. સુઘોષા અને કલ્યાણ જેવા સંરકારી સામાયિકોમાં વાર્તા અને અગ્રલેખો લખી ચૂકયા છે. આરોગ્યના લેખો નિયમિત રૂપે જયહિંદ ફુલછાબમાં લખીને જેઓએ આયુર્વેદની પ્રતિષ્ઠા દીપાવી છે.

સદાચાર, આર્ય સંરકૃતિ, ધર્મ અને સાદાઇભર્યું જેમનું જીવન હતું તે શ્રી ધામીભાઇનો જન્મ તેમના વતન પાટણ (ઉ. ગુ.) માં સંવત ૧૯૬૧ના જેઠ સુદિ અગિયારસના રોજ થયેલો અને સંવત ૨૦૩૭ ફાગણ વદ તેરસને ગુરૂવારે (તા. ૨-૪-૧૯૮૧) આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી. ત્યારે તેમની વય છોતેર વર્ષની હતી.

—નવયુગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org